અનુક્રમણિકા

વિભાગ – ૧

અ.ક્ર.	વિષય	શબ્દો	પાન નં.
૧	છાક	શ્યામ ચલ કુંજનમેં આયે દૌર	૧
૨		જહાં ગોપાલ તહાં જુરે સબ સબ ગ્વાલ	૨
૩		ચહુંદિશ હરિત ભૂમિ વન માંહ	૪
૪		અપને હાથ પાતનકો છતના કોઉ	૬
૫		બાદર ઝૂમ રહે ચહૂં ઓર	૭
૬		વિરાજત સઘનકુંજકી ઓટ	૭
૭		ગ્વાલન પ્રેમ પ્રીત રંગભીની	૯
૮		ગહેરી સઘન અતી શ્યામ ઢાક હી છાંહ	૧૦
૯		આઈ જૂ શ્યામઘટા ઘનઘોર ચહુંદિશ તેં	૧૨
૧૦		સખી મોહે કરો ઉનકી છકીહારી	૧૩
૧૧	રાજભોગદર્શન	સખી અબ મોપેં રહ્યો ન જાય	૧૫
૧૨		કોઈ માઈ કેસેં હી જો કહો	૧૮
૧૩		યહ ઋતુ આઈ વર્ષન પિય વિન હિયરા ધરકેં	૧૯
૧૪		હમારે માઈ શ્યામાજૂકો રાજ	૨૦
૧૫		યહ પાવસ ઋતુ આઈ	૨૨
૧૬		મેહેલ આયે લાલ તનકી તપત ગઈ	૨૩
૧૭		ઐસેમાઈ ચહૂં દિશ તેં ઘનઘોરેં	૨૪
૧૮		સખીરી વર્ષન લાગ્યો સાવન	૨૫
૧૯		અદ્‌ભૂત કૌતુક દેખ સખીરી વૃંદાવન	૨૭
૨૦		પ્યારી કે ગાવત કોકિલા મુખ મુંદ રહે	૨૯
૨૧		ઘુમઘુમ ઘટા આઈ ઝૂમઝૂમ લતા રહી	૨૯
૨૨		નારી વે ઐસી ડરપત ઘનતેં	૩૧
૨૩		સખીરી બન હી રહીયે જાય	૩૩
૨૪	દાન	કોઉ માઈ લેહોરી ગોપાલેં	૩૪
૨૫	સંધ્યા સમય	લાલ માયી ભિજત આયે ગેહ	૩૬
૨૬	(સંધ્યા આરતી)	સખીરી અબ ક્યોં ન બરખત મેહ	૩૭
૨૭		ગાય સબ ગોવર્ધનવેં આઈ	૩૭
૨૮		માધો ભલો બન્યો આવે હો દેખત જીય ભાવે હો	૩૯
૨૯		લાડીલો લડયાય બુલાવત ધેનુ	૪૦
૩૦		વનતેં આવત હે ગોપાલ	૪૧
૩૧		દેખ બદરીયા સાવનકી	૪૨
૩૨		લાલ માયી ભીજત આયે ગેહ	૪૩
૩૩		લાલ નેક ગૈયા હમારી ઘેરો	૪૪
૩૪		લાલકી શોભા કહત ન આવે	૪૫
૩૫	માન	કબ હી કહેતી પ્યારી અજહૂ ન રીસ ગઈ	૪૭
૩૬	સંવત્સર	ચૈત્રમાસ સંવત્સર પરિવા નયો	૪૮

અ.ક્ર.	વિષય	શબ્દો	પાન નં.
૩૭	ગનગોર	ઠાડે કુંજદ્વાર પીય પ્યારી કરત	૪૯
૩૮		ધન્ય વૃંદા વિપિન ધન્ય ગોકુલગામ	૫૧
૩૯	શ્રીયમુનાજીની વધાઈ	જયજય શ્રીસુરજા કલિન્દ નન્દીની	૫૨
૪૦	શ્રીયદુનાથજીની વધાઈ	શ્રીવિઠ્ઠલગૃહ મંગલચાર	૫૩
૪૧	શ્રીરામનવમીની વધાઈ	વન્દો અવધ ગોકુલ ગામ ઈતે રાજત	૫૪
૪૨	પવિત્રા	પવિત્રા પહરત ગિરિધરલાલ	૫૬

વિભાગ – ૨

૪૩	શ્રીમહાપ્રભુજીની વધાઈ	શ્રીવલ્લભનાથકૌ રૂપ કહા કહો	૬૧
૪૪		હોં યાચક શ્રીવલ્લભ તીહારો યાચન	૬૨
૪૫		શ્રીવલ્લભ તજ અપનો ઠાકુર કહો	૬૨
૪૬		પ્રીત બંધી શ્રીવલ્લભ પદસોં ઔર ન	૬૩
૪૭		ભક્તિસુધા બરખત હી પ્રકટે શ્રીવલ્લભ દ્વિજરાજ	૬૫
૪૮		પ્રેમરસ ભૂતલ પ્રકટ ભયો	૬૬
૪૯		સુનોરી આજ નવલ વધાયો હે	૬૬
૫૦		જોપેં શ્રીવલ્લભ પ્રકટ ન હોતે	૬૭
૫૧	નિત્યનાં પદ - શિતકાળ	જપ તપ તીરથ નેમ ધરમ વ્રત	૬૯
૫૨		ચરણ લગ્યો ચિત્ત મેરો શ્રીવલ્લભ ચરણ	૭૦
૫૩		શ્રીવલ્લભ ચાહે સોઈ કરે	૭૨
૫૪	શ્રીગુસાંઈજીનું પદ	શ્રીવિઠ્ઠલેશ વિઠ્ઠલેશ વિઠ્ઠલેશ કહી રે	૭૪
૫૫	શ્રીગોકુળનાથજીનું પદ	પ્રાત હી શ્રીગોકુલેશ ગોકુલેશ નામ	૭૫
૫૬		પ્રાતસમે શ્રીવલ્લભ સુતકો ઉઠત હી	૭૬
૫૭	શ્રીયમુનાજીનું પદ	દીન જાન મોહી દીજે યમુના	૭૭
૫૮		તુમ સમ ઔર ન કોઈ શ્રીયમુનાજી	૭૯
૫૯	જગાયવે કે પદ	ભોર ભયે જાગો નંદનન્દ સંગ	૮૦
૬૦		ઊઠો મેરે લાલ ગોપાળ લાડલે રજની	૮૨
૬૧		મેં જાન્યો જાગી કન્હાઈ તાતે યશુમતિ	૮૩
૬૨	કલેઉ	મૈયા મોહી માખન મિશ્રી ભાવે	૮૫
૬૩	વ્રતચર્યા	હરિયશ ગાવત ચલી વ્રજસુંદરી નદી યમુનાકે તીર	૮૭
૬૪		યમુનાતટ દેખે નંદનંદન	૮૯
૬૫		બનત નહિ યમુનાજીકો નહિવો	૯૧
૬૬	ખંડીતા	જરીકે જરાયવેકો તાતે તન તાયવેકૂં	૯૨
૬૭		નખ કહાં લાગે વન વાનરા લગાયે નખ	૯૪
૬૮		આવન કહ ગયે અજહૂ ન આયે	૯૫
૬૯		પ્યારી તેરી પૂતરી કાજર હૂં તે	૯૬
૭૦	ઘટાનાં પદ (શિતકાલ)	પીરેઈ કુંડલ નુપૂર પીરે પીરો	૯૭
૭૧		બાંકે આસન બાંકે સિંઘાસન	૯૮
૭૨	શિતકાલનાં પદ(શૃંગાર)	ફૂગ્યો ફેંટા સખી લલિત લાલકે શિશ પર	૧૦૦
૭૩		છબીલો લાલ દુહત ધેનુ ધોરી	૧૦૧
૭૪		દેખો સખી ઠાડો મદન ગોપાલ	૧૦૨

અ.ક્ર.	વિષય	શબ્દો	પાન નં.
૭૫		ભલે પાઉ ધારે મોરે અંગના યશોદા	૧૦૩
૭૬		આજ બને મોહન રંગભીને	૧૦૫
૭૭		પૂછત જનની કહાંતે આયે	૧૦૬
૭૮		સૂધેં ન બોલ કહા ઈતરાને	૧૦૮
૭૯	ભોજન (શિતકાલ)	કહું અકેલે પાએ પ્રીતમ લે બેઠી વે ગોપી ગોદ	૧૦૯
૮૦		જેંવત કાન્હ નંદજૂકી કનિયાં	૧૧૦
૮૧		મોહન જેંવત હૈરી અબ જીન જાઓ તીવારી	૧૧૨
૮૨		જેવોં મેરે કુંવર કન્હાઈ	૧૧૩
૮૩		ખીચરી ભોર હી રૂચી દેન	૧૧૫
૮૪		અરી તું બાર બાર ઉઝક ઉઝક આવે	૧૧૬
૮૫		પરોસત ગોપી ઘુંઘટ મારેં	૧૧૮
૮૬		ગ્વાલન કરતેં કોર છૂડાવત	૧૧૯
૮૭		જસોદા પેડે પેડે ડોલે	૧૨૧
૮૮		હરિકો ટેરત હે નંદરાની	૧૨૨
૮૯	હિલગ	મેરો મન બાવરો ભયો	૧૨૫
૯૦	ભોગ સમય	આજ સખી તોહી લાગી હે યહ રટ	૧૨૭
૯૧		હંસત હંસત લાલન આયે રી મેરે અંગના	૧૨૮
૯૨		પ્રીતમ પ્રીતિ હીતેં પૈયે	૧૨૯
૯૩		લાલન નાહીં નેરી કાહૂ કે વસકે	૧૩૦
૯૪		મોહન મોહની ધાલી સિરપર જોઈ	૧૩૧
૯૫		આજ બનઠન લાલન આયેરી તેરે	૧૩૨
૯૬		ઝૂઠી મીઠી બતીયાં લલન મનુહાર કરન આયે	૧૩૩
૯૭		રૂપ દેખ નયના પલક લાગે નહિ	૧૩૪
૯૮		મોહન નયન હૂ તે નહિ ટરત	૧૩૫
૯૯	ગાય બુલાયવે કે પદ	ગોવિંદ ગિરિ ચઢ ટેરત ગાય	૧૩૬
૧૦૦		ટેર હો ટેર કદંબ ચઢ દૂર જાત હૈ ગૈયાં	૧૩૭
૧૦૧	ભોગ સમય	હમેં વ્રજરાજ લાડીલેસોં કાજ	૧૪૦
૧૦૨		હોં તો ભઈ વિરહ ખિલાનો અવધિ	૧૪૧
૧૦૩	આવની કે પદ	આગે ગાય, પાછે ગાય, ઈત ગાય, ઉત ગાય	૧૪૨
૧૦૪		હાંકે હટક હટક, ગાય ઠઠક ઠઠક રહી	૧૪૪
૧૦૫		ગૌરજ રાજત સાંવલ અંગ	૧૪૫
૧૦૬		ધરે ટેઢી પાગ ટેઢી ચંદ્રિકા ટેઢે ત્રિભંગી લાલ	૧૪૮
૧૦૭		મોંસો ક્યોં ન બોલે રે નંદકે લાલ	૧૫૦
૧૦૮		વરજૂ કોટિ ઘુંઘટકી ઓટ	૧૫૧
૧૦૯		મોહન નેક સુનાવહુ ગોરી	૧૫૨
૧૧૦		કનક કુંડલ કપોલમંડિત ગૌરજ છૂરત સુકેશ	૧૫૪
૧૧૧		આવો મેરે ગોવિન્દ ગોકુલકે ચન્દા	૧૫૪
૧૧૨		મૈયા યા તે ભઈ અબેર	૧૫૬
૧૧૩		કમલમુખ શોભિત સુંદર વેનુ	૧૫૮

અ.ક્ર.	વિષય	શબ્દો	પાન નં.
૧૧૪		આવત કલ્હી સાંઝ, દેખ્યોરી ગાયનમાંઝ	૧૫૮
૧૧૫		કોન રસ ગોપીન લીનો ઘુંટ	૧૬૧
૧૧૬		ચલ સખી ચલ અહો વ્રજ પેંઠ	૧૬૩
૧૧૭		બનતે આવત ગાવત ગોરી	૧૬૪
૧૧૮		પરમ રસ પાયો વ્રજકી નારી	૧૬૫
૧૧૯		નંદનંદન ગો-ધન સંગ આવત	૧૬૭
૧૨૦		આવૈ માઈ નંદનંદન સુખ દૈનુ	૧૬૮
૧૨૧		બ્રજકી બીથી નિપટ સાંકરી	૧૭૦
૧૨૨		મોહન નટવર વપુ કાછૈ આવત ગોધન	૧૭૧
૧૨૩		મેરે રી મનમોહન ભાઈ	૧૭૩
૧૨૪		એ આજ કૌન બન ચરાઈ	૧૭૪
૧૨૫	શયન દર્શન	જાન્યોં પ્રીતકો મરમ	૧૭૬
૧૨૬		લોચન લાલચી ભયે	૧૭૭
૧૨૭		પ્યારે પૈયા પરન ન દીની	૧૭૮
૧૨૮		મિલે કી ફૂલ નયનાહી કહે દેત તેરે	૧૭૯
૧૨૯		ચલે અનત, ધોખે આયે	૧૭૯
૧૩૦	માન - શિતકાલ	આજબની વૃષભાનકુંવરી દૂતી અંચલવારત	૧૮૦
૧૩૧		અરી તૂ કાહે અનમની બોલત નાહીં બુલાયેં	૧૮૨
૧૩૨		આવત જાત હૌં તો હાર પરીરી	૧૮૩
૧૩૩		માન ન ઘટયો આલી તેરો ઘટજુ ગઈ સવ રેન	૧૮૪
૧૩૪	પોઢવેકા પદ	સખીયન રુચિ રુચિ સેજ બનાઈ	૧૮૪
૧૩૫		સોવત નીંદ આય ગઈ સ્યામહીં	૧૮૬
૧૩૬		પોઢી રહી પીય સંગ પ્યારી	૧૮૭

વિભાગ – ૩

૧૩૭	ઉરાહને કે પદ	તેરે રી લાલ મેરો માખન ખાયો	૧૯૧
૧૩૮		અપનો ગામ લેહુ નંદરાની, બડે બાપકી બેટી	૧૯૨
૧૩૯		ગારી મતી દીજો મો ગરીબની કો જાયો હૈ	૧૯૪
૧૪૦		મહરિ તો હી બડી કૃપન મૈ પાઈ	૧૯૫
૧૪૧		મહરિ તુમ વ્રજ ચાહત કછુ ઓર	૧૯૬
૧૪૨		ગ્વાલિની આપ તન દેખ મેરે લાલન દેખરી	૧૯૮
૧૪૩		કાહે આય ન દેખિયે રાનીજૂ અપને સૂત કે કરમ	૧૯૯
૧૪૪		દિન દિન દેન ઉરહાનો આવે	૧૯૯
૧૪૫		મૈયા મૈ નહિ માખન ખાયો	૨૦૧
૧૪૬		સુનો ધોં અપને સુતકી બાત	૨૦૩
૧૪૭		માનોં યાકે બાબાકી હૈ કોઉ ચેરી	૨૦૪
૧૪૮		લિયો મેરે હાથ તે છિડાઈ	૨૦૫
૧૪૯		ભાજ ગયો મેરો ભાજન ફોર	૨૦૭
૧૫૦		લોગન કીતહૂ ઝૂઝત બોરી	૨૦૮
૧૫૧		ભલી યહ ખેલવેકી બાન	૨૦૯

અ.ક્ર.	વિષય	શબ્દો	પાન નં.
૧૫૨		ભૂલી ઉહરાને કો દૈવો	૨૧૦
૧૫૩		યશોદા વરજત કાહે ન માઈ	૨૧૧
૧૫૪		તેરી સોં સુન સુનરી મૈયા	૨૧૨
૧૫૫		તેરે ભવન ભાવન ગોરી કબરી કરન ગયો	૨૧૪
૧૫૬		જૂઠે હી દોષ ગોપાલ લગાવત	૨૧૪
૧૫૭		યશોદા ચંચલ તેરો પૂત	૨૧૫
૧૫૮		યશોદા કહાં લોં કીજે કાન	૨૧૬
૧૫૯		કાહે ન બરજત હો નંદરાની	૨૧૭
૧૬૦		ઐસે લરીકનકો આદેશ દીજે	૨૧૮
૧૬૧		મેરો હરિ ગંગાકો સો પાન્યો	૨૧૯
૧૬૨		કબહૂ અકેલે પાય પ્રીતમ	૨૨૦
૧૬૩		સયાને કબ લગી હોઈ હૌ લાલ	૨૨૧
૧૬૪	છાક કે પદ	અકેલી વન-વન ડોલી રહી	૨૨૧
૧૬૫	પલકનની ભાવના	મેરે પલકનસોં મગ ઝારું	૨૨૩
૧૬૬	રાજભોગ દર્શન	ચિતવત રહત સદા ગોકુલતન	૨૨૪
૧૬૭	(ઉષ્ણકાળ)	બૈઠે હરિ રાધા સંગ, કુંજભવન અપને રંગ	૨૨૫
૧૬૮		બલબલ હોં કુંવરી રાધિકા નંદસુવન	૨૨૭
૧૬૯		તા દિન તે મોહી અધિક ચટપટી	૨૨૮
૧૭૦		આનંદ સિંધુ બઢયો હરિતનમેં	૨૨૯
૧૭૧		નંદનંદન નવલકુંવર વ્રજવર સૌભાગ્યસીમ	૨૩૦
૧૭૨		ચલોકીન દેખન કુંજ કૂટી	૨૩૧
૧૭૩		ઐસી પ્રીતિ કહું નહિ દેખી	૨૩૩
૧૭૪	આવની કે પદ	દેખી ગોપાલકી આવની	૨૩૫
૧૭૫		મુરલી અરૂન અધર ધરે આવત હરિ હરે હરે	૨૩૬
૧૭૬		ઝુક રહી સુન મુરલી કે ટેર	૨૩૭
૧૭૭		દેખન દેત બૈરીન પલકેં	૨૩૮
૧૭૮		દેખોરી આવત હૈ ગોપાલ ગોપ ગાયન	૨૩૯
૧૭૯		વે દેખો આવત હૈ ગિરિધારી	૨૪૦
૧૮૦		હરિમારગ જોવત ભઈ સાંઝ	૨૪૧
૧૮૧		મોહન તીલક ગોરોચન મોહન મોહન લલાટ	૨૪૧
૧૮૨		દુહું દિસ છોર દુમાલેકી અતિ નિકી	૨૪૨
૧૮૩		આજ લાલ ટિપારે છબિ અતી બની	૨૪૩
૧૮૪		સોહત કનક કુસુમ કરન	૨૪૪
૧૮૫		ગાયનકે પાછેં નટવર કાછેં કાછે	૨૪૪
૧૮૬		વનતેં આવત નટવરલાલ	૨૪૫
૧૮૭	આશ્રય	લગે જો શ્રીવૃંદાવન કો રંગ	૨૪૬
૧૮૮	વસંત બહાર	લહેકન લાગી બસંતબહાર સખી ત્યોં	૨૪૭
૧૮૯		લલિત બાલાપન ગયોરી અબ આયો	૨૪૮
૧૯૦		નઈરી ઋતુકો આગમ ભયો સજની જબતેં	૨૪૯

અ.ક્ર.	વિષય	શબ્દો	પાન નં.
૧૯૧		બિધાતા અબલનકોં સુખ દી જૈ	૨૫૦
૧૯૨		ભોર ભોર કાન તુ મેરો કહ્યો માન	૨૫૧
૧૯૩		પ્રીતમ કો કછુ દોષ નહિ રી યહ તો શીત વેરી હમારો	૨૫૧
૧૯૪		સૂની રી તૂ ક્યોં ભઈ હે નચીલી કરી કૈ	૨૫૨
૧૯૫		સહજ પ્રીતિ ગોપાલેં ભાવે	૨૫૪
૧૯૬	વસંત પાલને	જસોદા નહિ બરજે અપનો કાન્હ અપનો	૨૫૬
૧૯૭	ધમાર કે પદ	રાધાવર ખેલત હોરી નંદગામ કે ગ્વાર ઈતે	૨૫૭
૧૯૮		નેહ લગ્યો મેરો સ્યામ સુંદરસોં	૨૬૨
૧૯૯	દ્વિતીય પાટ	લાલ નેક દેખીયે ભવન હમારો	૨૬૪
૨૦૦	વર્ષાકાલ - છાક	દેખો ભૈયા ચહુંદિશ છાયે બાદર	૨૬૫

।।શ્રીહરિઃ।।

કમલદલ-

ભગવત્ કીર્તન રહસ્ય

વિભાગ-૪

- વર્ષાકાલ
- સંવત્સર
- ગનગોર
- શ્રીયમુનાજીની વધાઈ
- શ્રીયદુનાથજીની વધાઈ
- રામનવમીની વધાઈ
- પવિત્રા

દેવેન્દ્ર શાહ
ભરૂચ

છાક

(૧) મલ્હાર ૨/૪૧૯

શ્યામ ચલ કુંજનમેં આયે દૌર
ઊંચે ચઢી ટેરત ગ્વાલન કોં આવો સબે મેરી ઓર ૧
ગાયન ટેર દઈ બલદાઉન ચોંકી ચમકી આઈ ઈક કોર
નંદદાસ પ્રભુ ભોજન કરવે કોં બૈઠે સખા મંડલી જોર ૨

ભાવાર્થ :

શ્યામ સ્વયં કુંજમાં (ઘટાટોપ વનમાં) દોડીને પધાર્યા. કેમકે ગોપ બાળકો દેખાતા નથી, જેથી કોઈક કુંજમાં જ હશે તેમ માનીને કુંજમાં જે ઊંચું વૃક્ષ હતું તેના પર ચઢી જઈને ગ્વાલબાલને બૂમ મારવા લાગ્યા કે હું અહીંયા છું, મારી પાસે આવો. ભોજનનો સમય થઈ ગયો છે, મનેય ભૂખ લાગી છે. તમને શું ભૂખ નથી લાગી?

શ્યામ (શૃંગાર રસનાયક) પ્રભુને સર્વ લોકો અચલ-વ્યાપક માને છે પણ આપ તો સાકાર-વ્યાપક છે, જેથી સ્વકીય જનોને ચલ સ્વરૂપ બતાવતા અંતરંગ જગા-કુંજમાં પધારે છે અને પ્રભુ ભક્તો પ્રતિ લાલાયિત હોવાથી દોડતા પધારે છે. પોતાના અધરામૃતનું પાન કરાવવા માટે ભોજનના મીસે ચાહે છે, તેથી ઊંચે ચઢે છે.

બ્રાહ્મણોમાંય ઊંચા તેવા પંડિત તેથીય ઊંચા તેવા વેદાદિ શાસ્ત્રોને સારી રીતે જાણનાર અને તેથીય ઊંચા તેવા સર્વના સંદેહો દૂર કરવા માટે સમર્થ અને તેથીય ઊંચા શ્રીકૃષ્ણ માટે પ્રેમવાળા અને તેથીય ઊંચા એવા કૃષ્ણની સેવા-સ્મરણમાં સદા તત્પર તેવા શ્રી આચાર્ય મહાપ્રભુ રૂપે ઊંચા સ્થાને બિરાજી સ્વકીય દૈવી-પુષ્ટિજીવોને પૂકારે છે આ માટે આપ સ્વયં ચાલીને દોડીને પધારે છે. એકવાર નહિ ત્રણ ત્રણ વાર ભૂમિની પ્રદક્ષિણા કરે છે, ભક્તોને શોધવા - બોલાવવા. આપની અમૃતમય વાણીનું દાન કરે છે. પોતાની પાસે બોલાવવા ચાહે છે કેમકે આ બધાઓ મોહવશ કોઈક વિષય-કુંજમાં મગ્ન છે. તેમની તેવી નિષ્ઠાનો ભંગ કરવા માટે ઊંચા અવાજે (ટેર) બોલવાની જરૂર છે. (૧)

જેવી બળદેવજીએ ગાયોને ટેર દીધી ત્યારે ગાયો ચોંકી-ચમકીને એક ઠેકાણે આવી ગઈ.

મર્યાદા જીવોને, મર્યાદાવેશી પુરૂષોત્તમ બળદેવજી સમાન અન્ય આચાર્યો,

મધ્વાચાર્ય, નિંબકાચાર્ય, રામાનુજાચાર્ય વગેરેએ કડક શબ્દોમાં પોતાની મર્યાદા અનુસરવા ઠપકાના સૂરમાં બોલાવ્યા અને તેવા જ ગ્રંથોને સંભળાવ્યા જેથી તેઓ પણ તેમની સમક્ષ આવી ગયા.

જ્યારે પ્રભુએ તો ગોપબાળો - પુષ્ટિ ભક્તોને પ્રેમ ભાવે ટેર કરી હતી. જેથી તેઓ ચોંકીને કે ચમકીને ન્હોતા આવ્યા પણ આકર્ષાઈને આવ્યા હતા.

નંદદાસજી આ લીલાના દર્શન કરી રહ્યા છે તે આગળ આપણને વર્ણન કરે છે કે ત્યાર પછી પ્રભુ ભોજન કરવા બેઠા, પોતાની સખા મંડલીને સાથે રાખીને.

નંદદાસજીને સ્વાનુભવ છે કે પોતે પહેલાં કેવા સંસારાસક્ત હતા ? અને તેમાંથી કેવા ભગવદભક્ત થઈ ગયા ? તે માટે શ્રીગુંસાઈજીએ પ્રેમની ટેર જ કરી હતી! જાઓ સામે કાંઠે એક બ્રાહ્મણ છે તે ભૂખ્યો છે, તેને તેડી લાવો... તે ભોજન નંદદાસજીને યાદ છે કેમકે તે ભોજન પછી તેમની દિશા સંસાર પ્રતિથી ભગવાન પ્રતિ થઈ ગઈ. તેમને પ્રભુમાં સખ્યભાવ હતો માટે તો નિકટ-નિપટ શબ્દ વાપર્યો હતો અને આપની ભક્તિ ગોપ્ય-અનન્ય હતી માટે તો પ્રાણ છોડવામાં પણ ગૌરવ હતું. રૂપમંજરી તો તેમના ભક્તિભાવને વધારનાર બળ (શક્તિ) હતું. પ્રભુ પોતાના સ્વકીયોની સાથે ભોગ ભોગવે છે અને ભક્તો પણ પ્રભુને સાથે રાખી વિષયોને ભોગવે છે, આ જ સમર્પણ ભાવ છે. પ્રભુ ભોજનને મીસે પોતાના વચનામૃત તથા જૂઠન આરોગાવે છે.

શ્રીઆચાર્યજી પણ પોતાની વાણીથી જીવને પ્રેમરસનો સ્વાદ ચખાડે છે. અવાજે (ટેર) બોલવાની જરૂર છે. (૨)

(૨) મલ્હાર ૨/૪૧૯

જહાં ગોપાલ તહાં જુરે સબ સબ ગ્વાલ
પનવારે અપને લે ઉઠ ધાયેં તીહી કાલ ૧
ભોજન સબ નિકી વિધ કીનો પાતર સજકે લાયો
કછુ અરોગ કુંજનમેં લીજો મોહન સબન સુનાયો ૨
કુકે કર કર, ડારત વ્યંજન કૌતિક અંબર છાયો
ચતુર્ભુજ પ્રભુ ગિરિધર અચવાવન માનો સુરપતિ ઝર લાયો ૩

ભાવાર્થ :

જ્યાં ગોપાલ-કૃષ્ણ બિરાજયા છે ત્યાં બધા ગ્વાલબાલ ટોળે વળી ગયા. કેમકે જે ગ્વાલ છે એટલે કે જે પ્રભુના સ્વકીય છે તે તો જ્યાં તેમના ભાવનું પોષણ કરનાર

પ્રભુ બિરાજે ત્યાં જ ટોળે વળે અને તેમાં કોઈ જ બાકી ન રહે (સબસબ) જ્યાં ફૂલ હોય ત્યાં જ ભ્રમર જાય, જ્યાં નાદ હોય ત્યાં જ હરણી દોડે.

ગ્વાલ જે પાણી (જળ) પીવા માટેનું પાત્ર યમુનાજીમાંથી ભરી લાવ્યા હતા તેની સમેત, પ્રભુ પાસે લઈને ધાયા, પોતે જ્યાં બેઠા હતા ત્યાંથી ઊઠીને દોડયા. જે દૈવીજીવ છે તે તો જ્યાં જ્યાં પ્રભુનો અનસાર મળે ત્યાં ક્ષણ પણ ગુમાવ્યા વગર દોડી જાય. પોતાના ભાવરૂપ યમુનાજળને સાથે લઈને. પ્રભુ છાક રૂપે પોષણ આપે તેનાથી પોતાના ભાવાધિકાર રૂપે પોતાની અવસ્થા બંધાય (પ્રેમ/આસક્તિ/ વ્યસન). ભક્ત પ્રભુની સેવા તનુ-વિત્તજાથી અને ભગવદ્કથા શ્રવણ સ્મરણ ચિંતન કરી હંમેશાં પ્રભુની નિકટતાનો પ્રયાસ કરે તો પ્રભુ પણ તેના ભાવનું પોષણ કરે જ. (૧)

બધા ગ્વાલબાલ તથા (કૃષ્ણે) ગોપાલે સાથે મળીને આનંદપૂર્વક ભોજન કર્યું. પ્રભુનું અપાર માહાત્મ્ય હોવા છતાં પ્રભુ ભક્તવશ્યતાને કારણે સખ્યભાવ પ્રકટ કરીને સાથે બેસીને જ ભોજન કરે છે અને મજાક-હંસી કરે છે જેથી ભક્તના ભાવનું વિશેષ પોષણ થાય છે, પ્રભુના સ્નેહને કારણે.

પરંતુ એક ગ્વાલ એક નૂતન પાતર સજાવીને લાવ્યો અને ત્યારે બધાં જ ગ્વાલબાલ પ્રભુને વિનતી કરે છે કે આપ હવે આ ભોજન કુંજમાં સ્વામિનીજી સહિત આરોગો. ભક્ત ભગવાનનું માહાત્મ્ય ભૂલવા પણ નથી ચાહતો જેથી મર્યાદારૂપે એક જુદી પાતર સજાવી લાવ્યા અને કહ્યું આપ તો મોહન છો, મનુષ્ય લીલા કરીને અમને મોહ પમાડો છો પણ અમે એમ મોહ પામીયે તેવા નથી કેમકે આપના શ્રીહસ્તેથી જ અમોએ ભોજન કર્યું છે. આપ ગોપાલ છો તો અમે ગ્વાલ છીએ ! માટે આપના સુખનો વિચાર ભક્તે અવશ્ય કરવો જોઈએ. આપ એકાંતમાં પધારી પ્રત્યેક ભક્તના મનોરથ પૂરા કર્યા. (૨)

સાથે સાથે જે જે ભક્ત પ્રભુને જે આરોગાવવા માગતા હતા તે તે વ્યંજન પાતરમાં પધરાવવા લાગ્યા. આવી અલૌકિક લીલાના પડઘા દૂર દૂર આકાશમાં પડયા. ગ્વાલબાળના મનોરથ પૂરા થતા હોઈ દરેક જોસ જોસથી હરખની ચિચીયારી પાડવા લાગ્યા. આ અલૌકિક ધ્વનિ અંબરમાં છવાઈ ગયો. ત્યારે સૂરપતિને લાગ્યું. આ મહોત્સવનો પણ લાભ લઈ લઉં અને મારા અપરાધની ગ્લાનીને કંઈક ધોઈ નાંખવા પ્રયાસ કરું. વ્રજમાં મૂશળધાર વર્ષા કરીને મેં વ્રજવાસી અને વ્રજ પતિ સૌને ઘણા નારાજ કર્યા હતા. તો સૌને રાજી કરવાનો પ્રયાસ કરું. પ્રભુનું માહાત્મ્ય હું સમજ્યો છું. (ચતુર્ભુજ પ્રભુ) અને ગિરિધર થઈને જેમને મારો ગર્વ તોડયો

તેમનું સુખ વિચારીને ધીરે ધીરે વર્ષા કરવા લાગ્યો કે જેથી વ્રજભક્તો ગ્વાલબાલ ભોજન પછી આચવન કરે અને પ્રભુ પણ આચમન કરે.

જલ લેવા માટે કોઈને જવું ન પડે ! આમેય મેં આ સર્વને ઘણો શ્રમ આપ્યો છે! (૩)

(૩) મલ્હાર   ૨/૪૧૯

ચહુંદિશ હરિત ભૂમિ વન માંહ
જોર મંડલી જેમન લાગે બેઠ કદંબકી છાંહ ૧
ઘુમડ ઘટા છટા દામિની કી બરનત બરની ન જાય
યહ સુખ શ્યામ તિહારે સંગ બિન ઓર અનત કહું નાંય ૨
ધન્ય ધન્ય ગ્વાલ બાલ હરિ જિનકે કોર લે લે ખાય
પરમાનંદ બ્રહ્માદિક વિસ્મિત સિર ધૂની ધૂની પછતાય ૩

ભાવાર્થ :

વનમાં પ્રભુ ગોપ બાળકો સાથે છાક આરોગે છે તે સમયનું વિવરણ કરે છે.

વનમાં ચારે દિશામાં ભૂમિ હરિત છે. ઘટા ઉમડી-ઘુમડીની અંધકાર કરી રહી છે તો વચ્ચે વચ્ચે વિજળીના જાતભાતના આકારની છટા ક્ષણાર્ધ માટે દર્શાય છે કે જેનું વર્ણન થઈ શકે તેમ નથી. (૧)

ત્યારે દરેક ગ્વાલબાલ મનમાં વિચારે છે કે પ્રભુના સંગે બેસીને ભોજન લેવું તે પ્રકારનું સુખ, પોતાનું કેવું અહોભાગ્ય છે! સાક્ષાત્ ભોજન કરતાં કરતાં દર્શન કરવા અને પ્રભુના જમ્યા પહેલા પ્રસાદ લેવા રૂપ મર્યાદાનો ભંગ પ્રભુ જ કરાવે છે. આવું સુખ તો શાસ્ત્રમાં પણ નથી કે અનુભવમાં પણ ક્યાંય નથી. (૨)

અને આ અનેરા દર્શનનો લ્હાવો લેતાં બ્રહ્મા વગેરે અધિકારી દેવો વિચારે છે કે આ ગ્વાલબાલ ધન્ય છે! એટલે કે મહા ભાગ્યવાન છે કેમકે તેમના કાર્ય તો તેવા નથી કે નથી તેમનું કૂળ તેવું, છતાં હરિ કે જે બ્રહ્માદિક પર્યંત સર્વના દુઃખહર્તા છે, તે ગોપબાલના હાથમાંના કોળીયા લઈ લઈને ખાય છે. ભગવાનને તો ભક્ત આદરપૂર્વક ભોગ ધરે જ્યારે અહીં તો ભગવાન ભક્તના હાથમાંથી ઝૂંટવીને અનાદર પૂર્વક ખાય છે કે જે હરિ નિષ્કામ-નિર્ગુણ છે.

પ્રભુની આ લીલા બ્રહ્મા વને પણ સમજાતી નથી કેમકે વેદને અનેક વખત ફેરવીને જોઈ લેવા છતાં આ પ્રકારની લીલાનો ક્યાંય ઉલ્લેખ મળતો નથી. તેથી તો પોતાના સીરને ધુણાવતા જાય છે. સાથે સાથે પસ્તાવો કરે છે કે બ્રહ્મા જેવા અધિકારી થવા છતાં આવી ધન્યતા અમોને પ્રાપ્ત ન થઈ ! અને આ અનધિકારી

ગોપબાળકો અકલ્પ્ય સુખને પ્રાપ્ત કરી રહ્યા છે. અમે શા માટે આ બ્રહ્મપદ છોડીને આ વ્રજમાં ગોપબાળ ન થયા ? તેમ વિચારી વિચારીને પસ્તાવો કરે છે. (૩)

હવે કીર્તનમાં પ્રભુનું ધર્મ સહિતનું સ્વરૂપ જોઈએ.

(૧) ઐશ્વર્ય (૨) વીર્ય (૩) યશ (૪) શ્રી (૫) જ્ઞાન (૬) વૈરાગ્ય (૭) ધર્મી

હરીતભૂમિવાળું વન તે પ્રભુના **ઐશ્વર્ય**નાં દર્શન કરાવે છે.

ચારેકોર સ્વચ્છ આકાશ-ઘાડું કાળું થયું અને છતાં તેમાં દામિની ચમકે તે પ્રભુના **વીર્ય**ના દર્શન છે.

શ્યામના સંગનું સુખ સમાન બીજું કોઈ સુખ નથી તે પ્રભુનો **યશ.**

એક ગોળાકાર મંડલીમાં કંદબની નીચે બિરાજવું તે **'શ્રી'** શોભારૂપ છે.

બ્રહ્માજીને જ્ઞાન થયું કે પ્રભુ ગ્વાલબાલના શ્રીહસ્તમાંથી કોર લઈ લઈ ભોજન કરે છે. આ સર્વતોધિક કૃપાયુક્ત લીલા થઈ જે સર્વશ્રેષ્ઠ છે. આ પ્રભુની **જ્ઞાન**રૂપ લીલા છે.

બ્રહ્માજીને મર્યાદા શાસ્ત્રમાં પ્રભુની આ લીલા જોવા પણ નથી મળતી તેથી તેમને બ્રહ્માપદમાંથી વૈરાગ્ય આવે છે આ પ્રભુનો **વૈરાગ્ય**ગુણ પ્રકટે છે.

અને જે સ્વયં પરમાનંદ છે તે **ધર્મી** છે.

હવે રસનો વિચાર કરીએ તો -

હરિતભૂમિ - શૃંગાર રસ

ઘુમડ ઘટા છટા દામિની કી - રૌદ્રરસ

જોરમંડલી જેમન બૈઠ - હાસ્યરસ

યહ સુખ શ્યામસંગ અનત કહું નાય - શાંતરસ

ધન્ય ધન્ય... વીરરસ (મર્યાદા ઉલ્લંઘન રૂપ વીરત્વ)

બ્રહ્માદિક વિસ્મિત - અદ્ભૂતરસ

(૪) મલ્હાર ૨/૪૧૯

અપને હાથ પાતનકો છતના કોઉ ઢાંપ ડલા પર દીજે હો
સુન બલરામ શ્યામ જીત ચલી હોં તીત આગે વ્હેં લીજે હો ૧
પવન કોર બુંદ લાગી ટપકન અબ અવાર ક્યોં કીજે હો
નંદદાસ પ્રભુ ફિર ન સ્વાદ કહું જો વ્યંજન રસ ભીજે હો ૨

ભાવાર્થ :

વરસાદ પડવા લાગ્યો એટલે એક (સખી) બીજાને કહે છે કે, પોતાના હાથ રૂપ પાત્રનું છત્ર બનાવીને આ (ડલા) દડિયા પર ઢાંકી દો અને પછી સાંભળો, બલરામ તથા શ્યામ જ્યાં હોય ત્યાં ચાલો અને ત્યાં આગળ આરોગાવવા માટે તે (સામગ્રીને) લઈ લ્યો. (૧)

જૂઓ તો ખરા, પવન જોરમાં ચાલે છે. તેથી આપણે વૃક્ષ નીચે છીએ તો પણ ટપકાં પડવા લાગ્યા છે. માટે હવે અવેર શા માટે કરવી ? જે વ્યંજન જળથી ભિંજાઈ જાય તેમાં પછી સ્વાદ ન આવે માટે જલ્દી કરો. (૨)

વિશેષ ભાવાર્થ :

જે પતિત છે (પતન-પડેલો) તેને પણ કોઈ ભગવદીય સ્વહસ્તે (સ્વયં) આશ્રય આપે, તેના ડલા (મસ્તક) પર હાથ ધરી દે તો તેના પાતક ઢંકાઈ જશે, તેવું ભગવદીયનું સામર્થ્ય છે. (જૂઓ ગદાધરદાસની માધવદાસ પર કૃપા થઈ, વાસુદેવદાસ છકડા પર કૃષ્ણદાસે કૃપા કરી તેમ) ત્યારબાદ તે ભક્ત ભગવદ્ ગુણગાનનું શ્રવણ કરે (સુન) અને બલરામ તથા શ્યામ એટલે કે મર્યાદા પૂર્વક સ્નેહના માર્ગે ચાલે (ભક્તિ કરે) માહાત્મ્ય જ્ઞાન પૂર્વસ્તુ સર્વતોધિક સુદઢ સ્નેહની રીતે તેને પ્રભુ સન્મુખ કરે... (તીત આગે વ્હેં લીજે)

પછી ભગવદીયની કૃપા (પવન) ઝાપટથી તેનામાં રસની બુંદો ટપકવા લાગે ત્યારે ભગવદીય પ્રભુને વિનતી કરે છે - પ્રભુ હવે શા માટે અવેર કરો છો ? આ જે પાતકી હતો તે હવે આપને લાયક રસરૂપ થઈ ગયો છે. તેનો આપની સેવામાં વિનિયોગ કરો. કેમકે તે હવે સારી રીતે સમજી ગયો છે કે (ફિર) જન્મ-મરણના ફેરામાં સ્વાદ નથી. કે જેવો સ્વાદ રસયુક્ત વચનો (વ્યંજન)માં છે. ભગવદ્ ગુણગાનમાં છે અને આ રસમાં ભીંજાયેલ સામગ્રી જેવા થઈ ગયા છે. તેને આપનો કરી લો. તેનો સ્વાદ લઈ લો. (સમય ગયે પછતાયે.) આપ નહિ આપના સંબંધથી તે દઢ થઈ જશે. જો અદઢ રહી જશે તો કેવી એ ગતિ થાય ? માટે જલ્દી કૃપા કરો.

(૫) મલ્હાર ૨/૪૨૦

બાદર ઝૂમ રહે ચહૂં ઓર
સજલ શ્યામઘન બરખત ઉનયે ઉમડ ઘુમડ ઘનઘોર ૧
છાક સંવારત જસોદા મૈયા ભોજન રાખે જોર
સુરશ્યામ હિત જિંહીં તિંહીં વિધ કરી ચલી આતુર મન દોર ૨

ભાવાર્થ :

ચારેબાજુ વાદળ ઝૂમી રહ્યા છે. જલથી ભરપૂર કાળાં ઘન વાદળ ધીમે ધીમે (ઉનયે) વરસી રહ્યા છે ખૂબ જ વાદળ ઉમટીને આવી પણ રહ્યા છે જેથી ભારે વર્ષા થશે. (૧)

પોતાના લાલ માટે છાક મોકલવાની તૈયારી યશોદામાતા કરી રહ્યા છે અને બધી જ જાતનાં ભોજન ગોઠવી દીધા છે. ગોપી પણ શ્યામના સુખ માટે ગમે તે પરિસ્થિતિમાં પણ છાક પહોંચાડવા માટે ખૂબ જ આતુર મનથી દોડતી જવા લાગી છે. (૨)

વિશેષ ભાવાર્થ :

પ્રભુની કૃપા છે તે તો જીવની રૂચિ ઉપરથી જણાય છે કેમકે પ્રભુના પ્રત્યેક કાર્યમાં તે પ્રવૃત્ત થવા ચાહે છે અને પ્રભુ તો પ્રાણરક્ષક છે, ભાવરક્ષક છે તેથી તેવા શ્યામ પણ પોતાની વિશેષ કૃપા વરસાવી રહ્યા છે. પ્રભુ ખૂબ કૃપા કરશે જ તેવો જીવને વિશ્વાસ પણ થઈ રહ્યો છે. (૧)

પ્રભુ હિતરૂપ ઉપદેશ કે ''આ જીવ પર પ્રભુ કૃપા કરશે.'' તેવો સંદેશ શ્રીમહાપ્રભુ સાથે આ જીવને પ્રભુ મોકલી રહ્યા છે. જેમ પ્રભુએ ઉદ્ધવ સાથે સંદેશ મોકલીને ઉદ્ધવ પર કૃપા કરી હતી. પ્રભુ સુખાર્થ જેને આનંદ આવે છે તેવો જીવ, ગુરૂ આજ્ઞાને દરેક પ્રકારે માથે ચડાવી (માથે છાક પધરાવી) ખૂબ જ આતુરતાપૂર્વક મનને પ્રભુમાં જોડીને પ્રભુગામી બની રહે છે. ૨

(૬) મલ્હાર ૨/૪૨૦

વિરાજત સઘનકુંજકી ઓટ
ઈત જેંવત મંડલ મધ્ય માધો ઉઠે મેઘકે કોટ ૧
ન્હેની ન્હેની બુંદન બરખન લાગ્યો રૂચિ ઉપજાવન કાજ
વરખા રીતુ વિલસત નંદનંદન સંગ લીયે સકલ સમાજ ૨

ભાવાર્થ :

વર્ષાઋતુ બરાબર જામેલી હોવાથી માધવે પોતાની મંડળી સહિત ખૂબ જ ગાઢી કુંજ કે જે આરામ કરવા લાયક છે ત્યાં બિરાજેલા છે. એકબાજુ પોતાના મંડલની મધ્યમાં બિરાજીને માધવ જમી રહ્યા છે તો બીજુ બાજુ વાદળોના કોટ-સમૂહ આવી રહ્યા છે. (૧)

તેની શરૂઆત રૂપે નાના નાના બુંદ મેઘમાંથી પડવા લાગ્યા. તેના કારણે તો સૌને ભોજનમાં રૂચિ ઉપજી. જાણે કે રૂચિ ઉપજાવવા માટે જ આ મેઘબિંદુ ન પડતા હોય ! એક બાજુ વર્ષાઋતુ પોતાના સમાજ-મેઘ-હરિયાળી-જલ-મોર-કોયલ આદિ પક્ષી અને અન્ય સાથે મંડળીમાં વિલાસ કરી રહી છે અને આ બાજુ નંદનંદન પોતાના સકલ સમાજ સહિત વિલાસ કરી રહ્યા છે.

પુષ્ટિપ્રભુ સર્વ કોઈ સાથે વિહાર-વિલાસ કે ભોજન નથી કરતા પરંતુ પોતાની મંડલી સાથે જ કરે છે અને તે પણ સર્વ કોઈની નજર ન પડે તેવા એકાંત મનોરમ સ્થળે કે કોઈ ત્યાં આવી પણ ન શકે, તેવી સઘનકુંજમાં. (કુંજ એ નાની-કુદરતી-પ્રાઈવેટ જગા ગણાય છે.)

પ્રભુ પોતાની મંડલીમાં બિરાજીને જ ભોજન કરે છે. આ મંડલીનો અને પ્રભુનો અપરાધ અગાઉ કર્યો હોવાથી મેઘને ઘણી ગ્લાની છે તેથી તો વર્ષાઋતુમાં નાની નાની બુંદ વરસાવીને તેમને પ્રમોદ કરાવે છે. પ્રમોદને કારણે ભૂખ ઉઘડે છે, આ ઉદ્દીપન વિભાવ છે, ભાવની વૃદ્ધિના ઉપાય છે. પ્રભુનો ભક્તો પ્રતિ અને ભક્તોનો પ્રભુ પ્રતિ પ્રેમ ઉભરાય. રસ માણવામાં આનંદ આવે તેવા ઉપાય છે. આ મેઘ ગરમીની ઋતુમાં પ્રભુના ઉપર છાયા બનીને સાથે સાથે સખાની જેમ ચાલે છે. મેઘને યાદ આવે છે કે ગિરિરાજજીને અન્નકૂટ ધર્યો અને પ્રભુ ગિરિરાજ રૂપે આરોગ્યા ત્યારે જ ઈંદ્રની પ્રેરણાથી અમારામાં પ્રભુ પ્રતિ દ્વેષ ભાવ પ્રકટ થયો હતો માટે અત્યારે પ્રભુ જમે છે ત્યારે હું તે દ્વેષભાવનાને બદલે હવે પ્રેમ ભાવે વરસું. અને તેનાં કારણે મારી ભક્તિમાં રૂચિ થાય. મને માહાત્મ્યજ્ઞાન તો સ્ફૂર્યું છે હવે સ્નેહની વર્ષા કરીશ તો તે ભક્તિ થઈ જશે. પ્રભુને શ્રમ ન થાય માટે નાની નાની બુંદો જ પડે છે. પોતાના પ્રેમની અભિવ્યક્તિ પ્રભુ આગળ આ બુંદો થકી કરે છે. પ્રભુને પણ ભક્તની આવી ભક્તિ જોઈને ભક્ત પ્રતિ રૂચિ પ્રકટે છે અને જતાવે છે હવે તો અધિક ભોજન કરશું એટલે કે તમારો પ્રેમ પણ ઘાડો થશે, અધિક્તા પામશે. મતલબ કે તેની અવસ્થા આસક્તિ, વ્યસનરૂપે વિસ્તરશે. મેઘ અને સખામંડલી બંનેમાં એકસાથે પ્રભુ આ રીતે ભક્તિ વિકસાવે છે.

ભક્તિનો વિકાસ એ જ તો વરખા ઋતુનો વિલાસ છે. વરખા ઋતુમાં ગોપીજનો, સખામંડળી, ગાયો, નંદ-યશોદા વગેરે સૌના પ્રેમબીજને આપ અંકુરિત કરે છે. જે છોડ છે તેમની ડાળી-પાન મજબુત થાય છે. આ પ્રેમજળના પોષણથી પ્રભુ સર્વ સ્વકીયો માટે મેઘ બને છે, વરખા ઋતુ બને છે. કેમકે પ્રભુ નંદનંદન-લાડીલા છે. પ્રભુ સર્વને સંગે લે છે એટલે કે સંગ-સ્વરૂપાનંદ આપે છે.

પ્રભુ આ અંગસૃષ્ટિને જ પોતાનો સમાજ ગણે છે. બાકી સર્વ તો આપની પ્રજા માત્ર છે.

અહીં પ્રભુસ્વરૂપને માધો કહેતાં મધુર. જેથી ભક્ત-ભ્રમર હોય તે જ આપની મંડલીમાં આવે અને પ્રભુ તેમને પોતાના આનંદ રસનું પાન કરાવે. આ વર્ષાઋતુ પૂરી થયેથી સ્વચ્છ શરદ ઋતુ આવતાં જ પ્રભુ અલૌકિક પૂર્ણદાન કરવાના છે, તેની આ બધી પૂર્વભૂમિકા છે. (૨)

(૭) મલ્હાર ૨/૪૨૦

ગ્વાલન પ્રેમ પ્રીત રંગભીની
છાક ચલી લેં નંદનંદન પેં ચંચલ ચપલ ગતિ કીની ૧
કરીકે પાક જતનસોં રાખ્યોં ઉપર કામરી દીની
ચાર પાંચ જુરી જુથ આય મિલી એકસંગ કરી લીની ૨
ઉદિત ભઈ બરખા ઉત બરખત વગી ચલી ઊઠી ધાઈ
બરખા રીતુ કે ગીત ગાન સુન સૂરશ્યામ પેં આઈ ૩

ભાવાર્થ :

વર્ષા ઋતુ સૌને ભિંજવવા જ આવી છે તથા ભીંજાવાથી તો પોષણ મળે છે, આનંદ મળે છે, રૂપ ખીલી ઉઠે છે સૃષ્ટિનું! પણ આ વ્રજની ગ્વાલન તો પ્રભુ પ્રતિનો પ્રેમ અને પ્રભુની ગ્વાલન પ્રતિની પ્રીત આ બંને ભેગાં મળતાં એક નવી જ ભાત નવો જ રંગ બન્યો છે. તેનાથી તે ભીંજાઈ ગઈ છે. તેવી ભાવભીની ગ્વાલન પ્રભુની પ્રસન્નતા અર્થે છાક લઈને ચાલી છે. ભાત ભાતની ભાવ-વાનગીઓ છે તેના શીર પર! તેની ગતિ ચંચલ છે એટલે કે પ્રભુ માટે શું કરું અને શું ન કરું તેનો જ સતત વિચાર છે અને ચપળતા છે તેથી તો બધા જ ભાવ સારી સાચી દિશામાં કરે છે. તેથી તેની ગતિને ચંચલ-ચપલ કહી છે. (૧)

તે સાવચેતી, અગમચેતી પણ રાખે છે. જેથી તો દરેક ચીજ તેને જતનથી-કાળજીપૂર્વક પકવી છે. તેનો ભાવ કાચો નથી પક્વ છે અને તે પક્વતામાં પણ

સાવચેતી છૂપાયેલી છે. વળી તે છાક ભીંજાઈ ન જાય કે પક્ષી, ધૂળ વગેરેથી બચાવવા તેના પર કામળી ઢાંકી દીધી છે. તેના પકવ ભાવને પણ દૂષિત નજરોથી બચાવવાના ઉપાય તેને કર્યા છે. તે એકલી પણ નથી જતી પણ તેના સમાનભાવવાળી ચાર-પાંચને સાથે રાખીને ચાલી છે. જેથી કૃષ્ણલીલાના ગુણગાન થઈ શકે. એકાંત સેવવાની તો જ્ઞાનમાર્ગની રીત હશે પણ આ તો ભક્તિ માર્ગ છે. ભક્તિવર્ધિનીમાં શ્રીઆચાર્યજી આજ્ઞા કરે છે - એકાંત બાધને આમંત્રિત કરે છે માટે તેમ ન કરવું.

શ્રી આચાર્યજી સંન્યાસનિર્ણયમાં આજ્ઞા કરે છે ઘર છોડનારા માટે

અતઃ આદૌ ભક્તિમાર્ગે કર્તવ્યાદ્ વિચારણા
શ્રવણાદિ-પ્રસિધ્યર્થં કર્તવ્યઃ ચેત્ સ ન ઇષ્ય તે
સહાય સંગ સાધ્યત્વાત્ સાધનાનાં ચ રક્ષણાત્
અભિમાનાત્ નિયોગાત્ ચ તદ્ ધર્મૈશ્ચ વિરોધતઃ

કથાશ્રવણમાં પ્રવૃત્તિ કરવા માટે પ્રેરકના સંગની જરૂર છે તથા શ્રવણ વગેરેમાં સાધનોની જરૂર છે, નહિ કે ત્યાગ માટે. આમ સમાન શીલવાળી સખીઓ સાથે ગુણગાન કરતી નીકળેલી ગોપીઓને પાછી સહાયક વરખા ઋતુ બની, કેમકે તે તેમના ભાવને ઉદ્દીપ્ત કરનાર છે અને તેમની ચાલને ઝડપી બનાવનાર છે. તેથી વેગથી પ્રભુ પ્રતિ વહેવા લાગી. વરખા ઋતુ પણ જાણે તેમના ગુણગાન સાથે સુર મિલાવતી હોય તેમ ગીત-ગાન કરતી હતી.

પ્રભુ પ્રતિ જવામાં આવા જીવની ગતિ વધે તેમાં આશ્ચર્ય શું અને તે પ્રભુને મળી તેમને પ્રસન્ન કરી દે એ જ એનો મુકામ...! (૨) (૩)

(૮) મલ્હાર ૨/૪૨૦

ગહેરી સઘન અતી શ્યામ ઢાક હી છાંહ આઈ છાક
કાહેકો કરત અવાર
ઉમડઘુમડ રૂમઝુમ ચહુંદિશતે ઘટા આઈ
નિધરક ભયે ડોલત દેખો નિહાર ૧
હાં હાં કહી ભલી બાત ટેરી ગ્વાલ કીની પાંત
અર્જુન તુમ લેહો ભૈયા પનવારો દેહો ડાર
કુંભનદાસ પ્રભુ ગોવરધનધરન લાલ છાક વાંટ
આજ્ઞા દીજે જેવન લાગેં તીહી વાર ૨

ભાવાર્થ :

મોટા ગોપ કહે છે કે જૂઓ આ શ્યામઢાક પાસે છાક આવી ગઈ છે અને આ જગા પણ સઘન છે. જેથી વરષા પણ ન ટપકે અને જગા ગહેરી કહેતાં ઉંડી છે જેથી અન્ય પશુ-પક્ષી વગેરે ન આવે, એવી અહીં છાંય છે. વળી વાદળો તો ભરપૂર ઉમડ-ઘુમડ ચારે દીશાથી આવી રહ્યા છે અને રૂમઝુમ કહેતાં તેનો પવનનો અવાજ પણ આવી રહ્યો છે. અથવા તો નાની બુંદો પણ પડતી જણાય છે અને આ ઘન તો જાણે બેરોકટોક ડોલતા ડોલતા આવે છે તે તો જૂઓ. (૧)

ત્યારે બીજા ગોપબાળકો પણ આ વાત સાથે સહમત થઈને કહે છે. હા.. હા... તમે સારી-સાચી વાત કહી. જેથી બૂમો પાડી પાડી બધાંની પંગત પાડી દીધી, બેસાડી દીધા અને વડા ગોપે આજ્ઞા કરી કે અર્જુન, તુ જળ પીવાના દડીયા બધાની સામે નાખી દે.

હવે તો ગોવરધનલાલ છાક વાંટી દે અને આજ્ઞા આપી દે કે તુરત જમવા લાગી જઈએ. આવી લીલાના દર્શન કુંભનદાસજી કરી રહ્યા છે. (૨)

વિશેષ ભાવાર્થ :

શ્રીવલ્લભનો આશ્રય તથા શ્યામ-કૃષ્ણનો આશ્રય કે જે ગહેરી-ઢાક ખૂબ જ ઊંડો તથા સઘન-સંપૂર્ણ આશ્રય છે તથા વિશેષમાં આપણા ભાવના પોષણ રૂપ છાક-વચનામૃત-અધરામૃત પણ પીરસાશે. તો પછી હવે આપણે બીજા કોની રાહ જોઈ રહ્યા છીએ ?

વળી, આપણા આ પુષ્ટિભક્તિમાર્ગને માણવામાં વિક્ષેપ રૂપ ઘટા-કાળા વાદળો કે જે કૃષ્ણ (કાળા) નામથી આપણને છેતરશે. તે આવે છે તો પ્રહાર કરવા (ઉમડ-ઘુમડ) પણ દેખાવ એવો કરે છે કે જાણે વલ્લભની વાણી કે વલ્લભનું નામ લે છે - તેમ રૂમઝુમ કરતા મનને પ્રસન્ન કરવાનો દેખાડો કરે છે પણ હકીકત તેવી નથી કેમકે તેઓનો ઉદ્દેશ ભક્તિ નથી યશ-કામ છે. નહિં કે ચતુઃશ્લોકીમાં બતાવેલ કૃષ્ણકામ-કૃષ્ણયશ વગેરે છે.

આ વંચકતા જાણી લીધી અને સૌ ભોળા વૈષ્ણવો પાસે ખૂલ્લી કરી ત્યારે બધા કહે - કે તમે સારી વાત કરી. તેથી બધાં વૈષ્ણવો એક જૂથમાં રહેવા લાગ્યા કે જેથી અન્ય સંગ ન થાય તથા અર્જુન નામક કૃષ્ણ સખાને આજ્ઞા કરી કે તમે બધાને પનવારો આપો એટલે કે કૃષ્ણાધરામૃતની પાત્રતા રૂપ સદુપદેશ સમજાવો અને જે પાત્ર હશે તેને કુંભનદાસના પ્રભુ કે જે ગોવર્ધનધરણ છે તેવા લાલ ‘છાક’

પોતાના અધરામૃતનું દાન સ્વયં કરશે તથા જ્યારે શ્રીવલ્લભ આજ્ઞા કરે ત્યારે એટલે કે સાંપ્રદાયિક મર્યાદાનુસાર વલ્લભના ઉપદેશ-આજ્ઞાનુસાર જ પ્રભુનો ભજનાનંદનો લાભ લેવાનો છે. સ્વતંત્ર રીતે નહિ, કેમકે પ્રભુ પુષ્ટિ કરે તે પુષ્ટિ માર્ગ અને ભક્તિ માર્ગાનુસાર ભગવાન પુષ્ટિ કરે તે પુષ્ટિભક્તિ માર્ગ અને તે જ વલ્લભનો માર્ગ.

(૯) મલ્હાર ૨/૪૨૧

આઈ જૂ શ્યામઘટા ઘનઘોર ચહુંદિશ તેં, બરખત આવત બડી બડી બુંદી
બોહો પ્રકાર બિંજન પઠયે નાના વિધ સંવાર બેઠે હો ફેલાય
કેસે લાગે હો અબ દોના પાતર ગુંદન ૧
પ્રબલ પ્રકાશ આકાશ ભયે આય મીલ્યો ચમચમાત વીજ
લગત ડરપાવત ઉન્દન
નંદદાસ પ્રભુ સંકેત પત વડવાન દીયે
લાય ડલા ભાજનપર આતુરકે લાગે મુંદન ૨

ભાવાર્થ :

પ્રભુ અને વ્રજગોપો ભોજનની તૈયારી કરી રહ્યા છે, છાક આવી ગઈ છે એટલામાં જ ઘનઘોર શ્યામઘટા ચારેબાજુથી આવી ચડી અને મોટા મોટા બુંદ પડવા લાગ્યા. ત્યારે આ બાજુ માતાજીએ તથા વ્રજાંગનાઓએ ઘણા ઘણા પ્રકારનાં ભોજન મોકલ્યા હતા તે બધાંને સારી રીતે ગોઠવીને ફેલાવીને બધાં વિચાર કરવા લાગ્યા કે હવે દોના અને પાતર કેવી રીતે મૂકવા? એટલે કે ભોજન કઈ રીતે કરવું અને તૈયાર સામગ્રીને કેવી રીતે વરસાદથી બચાવવી ? (૧)

વળી આકાશમાં તો ખૂબ જ જોરદાર વીજળીના ચમકારા થાય છે અને તે ઉંદર જેવી ડરપોક, સૌને ડરાવી રહી છે. બધાં જગા છોડી શકવાની પણ હિંમત નથી કરી શકતા. ત્યારે નંદદાસજીના પ્રભુએ બધાની મુશ્કેલી દૂર કરી દીધી. સંકેત માત્રમાં વડના વૃક્ષ પોતાનાં પાન ભોજન ઉપર ખેરવી દીધા. તેથી ખૂબ જ ઝડપથી ભોજન ઢંકાઈ ગયું અથવા પ્રભુએ સંકેત વનના પાન લાવી દીધા એટલે સૌએ મળીને ઝડપથી-ત્વરાથી ભોજનને ઢાંકી (મુંદી) દીધું. (૨)

(૧૦) મલ્હાર ૨/૪૨૪

સખી મોહે કરો ઉનકી છકીહારી
કર ભોજન બહુ ભાંતિ ભાંતિ કે મોહે દેહો તુમ સીર પર ધારી ૧
હોં છકી હારી હો છકી હારી ચલ મન મિલી દોઉન કો ટેટોરી
આવો હોં વ્રજરાજ લડે તેં તુમ જેવોં હોં રહુ વદન નિહારી ૨
વદન નિહારી સમ્હારી અપની બલી બલિહારી હોં વારી
શ્રીવિઠ્ઠલ ગિરિધરન સુરભી કો ટહે હૂંક કરું કહારી ૩

ભાવાર્થ :

મને શ્યામના દર્શનની બહુ જ તાલાવેલી જાગી છે માટે હે સખી, મને શ્યામની છકી હારી-છાક લઈ જનારી કરો અથવા હે સખી કંઈક કરો કે હું લાલના પ્રેમમાં છકેલી રહું.

તમે સૌ પ્રભુને પ્રિય તેવા જાત જાતના ભોજન તૈયાર કરો અને તે બધાને ટોપલામાં સજાવીને મારા શીર પર મૂકી આપો. પ્રભુને પ્રિય શું શું છે તે મને કહો કેમકે હું તો અબૂધ છું, અજ્ઞાન છું પણ આપ સૌ જાણો છો તો કૃપા કરી કહો તો હું તે સર્વને મારા શરીર પર તથા બુદ્ધિમાં ધારણ કરીશ. (૧)

પછી તો હું 'છકીહારી' તમારા માટે છાક લઈને આવી છું તેમ વનમાં ચાલતી ચાલતી, તેમનામાં મગ્નચિત્ત થઈને (મન મિલી) બંનેય ભાઈ શ્યામ-રામને બૂમ પાડતી ફરીશ.

મારામાંની કંઈક લૌકિકતાને કારણે હું છકેલી રહેતી હોઉં તો આપના સામર્થ્ય આગળ તો હારેલી જ છું, તેમ વારંવાર વાણીથી અને મનથી બંનેથી જોરશોરથી કહેતી ચાલીશ.

પછી હું બૂમ પાડવા છતાં આપ મારી ટેર નહિ સાંભળો તો હું કહીશ કે હે વ્રજરાજ, નંદરાયજીના લાડીલા તમે પધારીને ભોજન કરો ત્યારે હું આપના વંદન કમળના રસને ભ્રમરની જેમ પીતી રહીશ. કેમકે નંદજીનું નામ લેતાં વેંત તો આપ પધારશોજ. (૨)

મારું અભિમાન મેં છોડયું છે અને આપ તો નંદરાયજીના લાડીલા છો તો તે લાડ-વ્હાલને યાદ કરી અમારા પરનો ક્રોધ દૂર કરો અને પધારો. આપના સુખમાં જ અમારો આનંદ છે. (આપ જેવો) મને તો આપના વદન કમળમાં પ્રકટ થતો

સંતોષ જ જોવાથી રાહત-આનંદ થશે. આપનું વદનકમલ નિહાળવામાં હું મારું ભાન ન ખોઈ બેસું તે પણ મારે સમ્હાલવાનું છે, તે માટે હું સભાન પણ રહીશ કેમકે આપને શું ભોજન કરવું છે તે મારે પીરસતા રહેવાનું છે. મારા આ સદ્ભાગ્ય માટે આપની કૃપા જ કારણભૂત હોવાથી હું આપ પર વારી જઈશ. હવે ગોપીને ભાન થાય છે કે તે તો પ્રભુ સાથેની લીલા ચિંતનમાં જ આ બધું વિચારી રહી છે. તેની ટેર સાંભળીને પણ આપ છાક ઉતરાવી લેવા પધાર્યા નથી તેથી કહે છે હે વિઠ્ઠલ, હે ગિરિધર, મારું દુઃખ દૂર કરવા એટલું તો કહો કે આપ સુરભી-ગાયોને કઈ જગાએથી હાંક મારી રહ્યા છો ? તો હું તે સ્થળેથી આપની ભાળ મેળવું. વળી એમ કહે છે કે - હું પણ આપની સુરભી ગાય છું મને શા માટે આપ હૂંફ નથી મારતા ? હું તો સુરભીની જેમ જ આપના તરફ દોડતી આવી રહી છું. જેમ સુરભી પાસે દૂધ રૂપ ભોજન છે તેમ મારે માથે પણ આપના માટે છાક-ભોજન છે માટે પ્રભુ કૃપા વિચારીને મારા નામનો પૂકાર પણ કરો. મને કૃતાર્થ કરો. (૩)

વિશેષ ભાવાર્થ :

અહીં જીવ મહાપ્રભુને કહે છે કે આપ તો પ્રભુના પ્રિય (સખી) છો. આપ કૃપા કરી મને એવા પ્રભુપ્રેમનું દાન કરો કે હું પણ પ્રભુ (ઉનકી)માં છકેલો રહું. મારી આસક્તિ દૃઢ થાય.

પ્રભુના ગુણગાન-નામ-રૂપ-લીલાની અનેક યશગાથાઓ રૂપ ભોજન કરાવીને મારા શીર ઉપર આ પ્રભુને પધરાવી દો એટલે કે મારે માત્ર એમનો જ આશ્રય રહે તથા મારી બુદ્ધિ (શિર) ઉપર આપ જ બિરાજેલા રહે.

બુદ્ધિ પ્રેરક કૃષ્ણસ્ય પાદપદ્મં પ્રસિદતુ

હું તનસેવાથી (હોં છકી હારી) અને મારા જ ધનની સેવાથી (બીજીવાર હોં છકી હારી) તથા સાથે મનથી પણ (ચલ મન) આમ બધું મળતાં માનસી સિદ્ધ થાય અને મારી વાણીમાંથી પ્રભુનામ સિવાય કંઈ સ્ફૂરે નહિ. (ટેટોરી) આવા પ્રભુ મારી પર કૃપા કરી સાક્ષાત્ સામે ભક્તોધ્ધારક સ્વરૂપે પ્રકટ થઈ જાય કે જે ત્રિલોકના નાથ છે તે ગોકુલના રાજા નંદરાયના લાડીલા પુત્ર રૂપે પધારે અને હું આપને મારા હસ્તથી જમાડું કે જે પૂરા બ્રહ્માંડના સર્વનું પોષણ કરી રહ્યા છે. બસ પ્રભુની સન્મુખ બેસીને આપના દર્શન કરતાં મારો આપમાં નિરોધ સિદ્ધ થઈ જાય, જેવી રીતે વ્રજલીલામાં ગોવર્ધન ધારણ લીલા કરી ત્યારે ૭ દિવસ સન્મુખ રહેવાથી વ્રજભક્તોનો નિરોધ સિદ્ધ થયો હતો. પણ અહીં તો શ્રીવલ્લભની કૃપાથી આપને

જમાડતાં, દર્શન કરતાં આપમાં મારું ચિત્ત લાગી જાય અને આપનું મારામાં. કેમકે આપ પણ મારું વદન નિહારો. (ટૂંક ૩ માં ફરી 'વદન નિહારો' છે) છો ત્યારે આપે મને આપની જાણીને સંભાળી લીધી છે. તેમ શ્રીવલ્લભને મનાવી કહું છું, કે મને આપના બલથી જ આ શક્ય બની શકે છે માટે તો હું આપ પર તથા પરમ કૃપાળુ પ્રભુ ઉપર બલિહારી જાઉં છું, વારી જાઉં છું.

પ્રભુએ તો મને આપની પ્રિય તેવી સુરભી ગાય જેવું સ્થાન આપ્યું હોય તેમ જણાય છે, કેમકે પ્રભુ મારા નામની ટેર કરી રહ્યા હોય હાંક મારી રહ્યા. સાચે જ પ્રભુ વિઠ્ઠલ છે, મારા અજ્ઞાનને દૂર કરનાર છે અને મારા પર અનુગ્રહ કરનાર છે. મને ભક્તિ રૂપ દાન કરનાર ગિરિધર પણ છે.

હું આપ માટે બલિહારી જવા સિવાય શું કરી શકું ?

રાજભોગદર્શન

(૧૧) મલ્હાર **૨/૪૨૭**

સખી અબ મોપેં રહ્યો ન જાય
ચલિ રી ઉનહીં પે જૈયે જહાં ચરાવત ગાય ૧
અંગઅંગકી સબ સુધી ભૂલી દેખત નંદકીશોર
મેરો મન હરિ લિયો તબ હી કો જબ ચિતયેં યહ ઓર ૨
ન્હેની ન્હેની બુંદ પરત બાદરકી નેક હૂં ઘર ન સુહાય
શ્રીવિઠ્ઠલ ગિરિધરન લાલકોં અબકેં આન મિલાય ૩

ભાવાર્થ :

ગોપી પોતાના સમાન ભાવવાળી સખીને પોતાના મનની વાત કહે છે.

હે સખી અત્યાર સુધી તો ધીરજ ધરી પરંતુ હવે મારાથી તેમના વગર રહી શકાય તેમ નથી, આ આસક્તિની દશા છે. જેમાં ભક્તને ભગવાનની જ માત્ર તલપ લાગે છે. હવે ઘર બેઠાં પ્રભુ પધારશે તેવી આશ ઠગારી છે માટે ચાલ હવે તો તેમની પાસે સામે ચાલીને જઈએ. એ ક્યાં હશે ? તેની મને ખબર છે કેમકે તેઓ તો ગાયો ચરાવતા વનમાં હશે. પુષ્ટિપ્રભુ તો ભક્તોના ભાવનું પોષણ જ સતત કર્યા કરે છે. પ્રભુ કયાં હશે ? તે મુકામ તો ભક્તોની પાસે હશે, તે જ જવાબ છે. શ્રીમદ્ ભાગવતમાં પ્રભુ કૃષ્ણનું ભૂતલ પર પધારવું તે ભક્તોના વિરહ દુઃખને દૂર કરવા માટે જ છે. બાકી બધાં તો વ્યૂહ દ્વારા થઈ શકે તેવાં કાર્યો છે. (૧)

ગોપીની દશા હવે તો વધારે વિકટ થઈ રહી છે તેની પ્રેમ દશા આસક્તિમાંથી વ્યસનાવસ્થાને ધારણ કરે છે. તેથી તો પોતાના સર્વ અંગની સૂધીબુધ ખોઈ બેસે છે અને ત્યાં બેઠે જ પ્રભુને શોધે છે. (દેખત). જેમકે નંદનો કીશોર હોવાથી ગોકુલ પાછો પધારતો હોય! કીશોરીના પ્રેમને જાણીને પધારતો હોય! નંદ કહેતાં તેને ગોકુળની, યશોદાજીના ઘરની લીલા સ્મૃતિમાં આવે છે અને કિશોર કહેતાં ગોપીજનો સાથેની લીલામાં ખોવાઈ જાય છે. આમ ભગવલ્લીલાના ચિંતનને કારણે ફરી પાછી થોડીક સુધી પાછી આવે છે.

ભગવદ્ ગુણગાનથી વિરહ શાંત થાય છે. તે પંચપદ્યાનિ ગ્રંથની ટીકા તથા નિરોધ લક્ષણ ગ્રંથથી સમજી શકાય તેમ છે. પ્રભુ જ ભક્તની વિકળ લીલામાં તેને તેમ કરવા પ્રેરે છે. અન્યથા પ્રભુનો સાક્ષાત્ સંયોગ થતાં પહેલાંજ તેના પ્રાણ તેના દેહને છોડીને પ્રભુ પ્રતિ દોડી જાય ! લીલા ભાવના અને ભાવભાવનાના ચક્ર ચાલવાને લીધે પ્રભુ સાક્ષાત્ પ્રકટ થાય છે. સ્વરૂપ ભાવનામાં પ્રભુની સ્થિતિ થતાં વારમાં જ. ગોપી હવે પોતાની સખીને વાત માંડીને કહે છે કે - આ નંદકિશોર વગર હું નથી રહી શકતી, તેવું થવાનું કારણ એ છે કે એક વેળા મારી દૃષ્ટિ તેમના પર પડી અને તેમની દૃષ્ટિ મારા પર પડી ત્યારે દૃષ્ટિ સમેત આપ મારા ચિત્તમાં બિરાજી ગયા. ત્યારથી તેમને મારું મન જ હરિ લીધું છે.

મન જ બધી ઈંદ્રિયોનો રાજા છે તેમ ભગવાન સ્વયં ગીતાજીમાં આજ્ઞા કરે છે. હવે મારું મન હરાઈ ગયા પછી મારી દશા આવી થાય તેમાં શું આશ્ચર્ય ?

સિદ્ધાંતમુક્તાવલીમાં શ્રીઆચાર્યજી આજ્ઞા કરે છે. ચેતસ્ તત્ પ્રવણં સેવા. ચિત્તનું પરોવાઈ જવું તે સેવા. એટલે કે ભગવાન ચિત્તમાં બિરાજે પછી અંતઃકરણના સર્વ દોષો નિવૃત્ત થઈ જાય. તેથી પ્રપંચની વિસ્મૃતિ થઈ જાય અને ભગવદ્પ્રેમ ભગવદાસક્તિમાં વિકસીત થઈ જાય ત્યારે પ્રભુમાં મન અટકી જાય, નિરોધ સિદ્ધ થાય. આ જ માનસી સેવા. બધાં અંગો સ્વતઃ પ્રભુની સેવા કર્યા કરે, મનની આજ્ઞાની હવે જરૂર ન રહે. (૨)

આ જે વર્ષાની નાની નાની બુંદો આકાશમાંના વાદળમાંથી પડે છે ત્યારે તો મને ઘર સ્હેજે ગમતું નથી. તેથી તો હું તને વિનંતી કરું છું સખી, કે મારાથી રહેવાતું નથી મને એમની પાસે લઈ ચાલ.

ભક્ત ભગવાનમાં આસક્ત થઈ જાય ત્યારે ભગવાન પણ ભક્તમાં આસક્ત થઈ જાય છે અને ત્યારે ભગવાન જે વાદળ સમાન મેઘશ્યામ છે તે ભક્ત ઉપર કૃપાના

બુંદ વરસાવે છે. ભક્તના ભાવને પોતાનો ભાવ ચખાડે છે. સાનુભવ જતાવે છે. રસના બુંદ કે જે અમૃત કરતાં પણ અધિક છે તેવા ભજનાનંદરૂપ રસનો સાનુભવ કરાવે છે. ત્યારે થોડુંક ચારણ મળે પછી અધિકની આશા જન્મે અને તે ન મળે તો વિહવળતા વધે તેમ ગોપીને પણ વિહવળતા વધી છે તેને ઘર-સંસાર ત્રાસજનક લાગે છે. લોક-વેદ ફીકાં જ નહિ પણ કડવાં લાગે છે. ભક્તિવર્ધિનીમાં શ્રીઆચાર્યજી આજ્ઞા કરે છે.

ગૃહસ્થાનાં બાધકત્વં અનાત્મત્વં ચ ભાસતે
યદા સ્યાદ્ વ્યસનં કૃષ્ણે કૃતાર્થઃ સ્યાત્ તદૈવહિ
તાદૃશસ્યાપિ સતતં ગૃહસ્થાનં વિનાશકમ્
ત્યાગં કૃત્વા યતેદ્યસ્તુ તદર્થાર્થૈક માનસઃ

જ્યારે ગૃહ બાધક અને અનાત્મ લાગે ત્યારે જાણવું કે હવે આ વ્યસનદશા પક્વ અવસ્થા છે અને આ જ તો ફળદશા છે. તેવા માટે તો ઘરમાં રહેવું તે પોતાનો વિનાશ કરવા જેવું છે તેથી તેને તો લોક વેદનો ત્યાગ કરી, ક્યાં પ્રભુ પ્રાપ્ત થાય તે જ માનસમાં રાખી વિચરણ કરવું જોઈએ. પ્રભુને શોધવાના ભાવ સાથે અત્યંત વિરહદશાની અનુભૂતિ કરવી જોઈએ. આમ થતાં સંયોગ-વિપ્રયોગ-સંયોગનું ચક્ર ચાલશે.

ગોપીજનો પણ ફલ પ્રકરણમાં આ રીતે જ પ્રભુને શોધવા ફર્યા ત્યારે પ્રભુ પ્રાપ્ત થયા અને સ્વરૂપાનંદનું દાન કર્યું.

બસ ગોપી તો હવે વનમાં જવા નીકળી પડી છે. કોઈ સખી સાથે નથી છતાં ભ્રમવશ કહ્યા કરે છે કે તું હવે મને પ્રભુની સાથે મિલન કરાવી દે, એ પ્રભુ કે જે પોતાના ભક્તની સાથે જ બિરાજે છે શ્રીસહિત. મારા જેવી આંધળીની દૃષ્ટિ છે આપ તો એટલે કે આપ શ્રીવિઠ્ઠલ છે અને આપે મારી અનેક વખત રક્ષા કરી છે. ઈંદ્રના કોપ વખતે ગિરિધારીએ રક્ષા પણ કરી અને આપના સ્વરૂપના દર્શન સાત દિવસ કરાવતા રહ્યા. પૂરા સંયોગ રસનું સતત દાન કર્યું. વનમાં પધારીને વિયોગ ન્હોતો કરાવ્યો ? તે વખતે આટલી બધી કૃપા કરવાવાળા આપ વિઠ્ઠલ ગિરિધર છો. હે સખી, જો તું મને તેમની પાસે લઈ જઈશ તો તે મને પણ મળવા ઈચ્છતા જ હશે.

આમ ગોપી પ્રભુ વિરહમાં જલ્પના કરે છે.

ગદ્યમંત્રમાં પણ આ જ વાત શ્રીઆચાર્યજી દૈવીજીવના હૃદયમાં સ્થાપવા માંગે છે

કે જીવ પ્રભુથી સહસ્ત્ર પરિવત્સરથી વિખૂટો પડી ગયો છે. પોતાના પરમ પ્રિયથી વિખૂટા પડવા છતાં તેને સંબંધનું અજ્ઞાન છે. તેથી તાપ-કલેશ પણ થતો નથી. તેથી સંબંધ યાદ કરાવે છે. આમ પ્રભુનો પ્રેમ પ્રાપ્ત કરવા માટે જીવને પ્રભુની આર્તી જોઈએ, તે બતાવે છે. (૩)

(૧૨) મલ્હાર ૨/૪૨૭

કોઈ માઈ કેસેં હી જો કહો
નવરંગ ગિરિધરલાલ લાડીલો મમ કુચ બીચ રહો. ૧
જે નહિ જાનત મરમ હિલગકી અપની દેહ દહો
પિયસંગમકી શ્રમજલ સરિતા મેરે ઉરહી વહો. ૨
નવનિકુંજનાયક મનમોહન કોમલ કર જો ગહો.
સુન **કૃષ્ણદાસ** વિલાસ-વારનિધિ મેરે જીવન હો. ૩

ભાવાર્થ :

ગોપી પોતાની આત્મીય સખીને પોતાના મનનો ભાવ પ્રદર્શિત કરે છે, કેમકે લોકો તો ગોપીને અનેક પ્રકારે મહેણાં-ટોણાં મારે છે, સમજાવે છે, દબાણ કરે છે. કેમકે આ ગોપીને કૃષ્ણ સિવાય કોઈમાં સ્નેહ નથી. તેથી પોતાની સખીને તે કહે છે - જેને જે કહેવું હોય તે ભલે કહે.

પરંતુ જે નવરંગ છે એટલે કે નવે પ્રકારના રસથી પૂર્ણ છે એટલે કે પૂર્ણરસ છે અને રસપૂર્ણ છે અથવા કહો કે જેનામાં દરેક ક્ષણે નવીનતા છે અથવા નવનો અંક પૂર્ણાંક હોવાથી તે અનેક પ્રકારનાં ચરિત્રો વાળો છે અથવા જેનાં ચરિત્રોમાં સ્હેજે ઉણપ નથી એટલે કે દોષરહિત ચરિત્રવાળો છે. તે રંગીન છે એટલે કે આકર્ષક છે. વળી તે ગિરિધર છે એટલે કે મહાસમર્થ છે, ગર્વિષ્ટનો ગર્વ હરનારા છે, ભક્તો-સ્વકીયોના સર્વદુઃખોને હરનારા છે, સ્કીયોને પોતાનામાં નિરૂદ્ધ કરનારા છે, સૃષ્ટિને ધારણ કરનારા છે, ભક્તરક્ષક છે, ભક્તોના ગિરિ સમાન પાપોના ભારને વહન કરનાર છે. આવા સર્વમાહાત્મ્યયુક્ત હોવા છતાં તે તો અમારો લાલ છે. અમારો બાળક છે અથવા અમારું પ્રિયપાત્ર છે, લાડીલો છે. અમારા સ્નેહનું પાત્ર છે. માર હ્દયમાં જે તે સર્વદા બિરાજેલો છે. (૧)

જે કોઈ આ હિલગ-સ્નેહના અર્થને નથી સમજતા-જાણતા તેઓએ દેહ લીધો તે શું કામનો ? દેહનાશ લાયક જ ગણાય અથવા તો તેમનામાં ભલે મારા માટે ઈર્ષ્યાની આગ ભડકતી રહે. પરંતુ પ્રભુ પ્રત્યેના અતિશય સ્નેહને કારણે પ્રિય સંગમ સમયે શ્રમજલની સરિતા મારા હ્દયમાં વહે તેવી વિનંતી છે.

સ્મરશ્રમ જલાનુભિઃ સકલ ગાત્રજૈ સંગમઃ (યમુનાષ્ટક) ત્યાં તો સ્મરશ્રમના જલના બિંદુની કથા છે. જ્યારે અહીં તો તેની સરિતાની વાત છે આનંદ અને પરમાનંદની જેમ. પરોક્ષ અને પ્રત્યક્ષની જેમ. (૨)

પ્રભુ તો મનને મોહ પમાડનાર છે. મોહ પામેલા મનને બીજા પ્રત્યે સદ્‌ભાવ કઈ રીતે રહે ? આવા પ્રભુ મારી નૂતન નિકુંજના નાયક છે. મારો પ્રેમ અછૂતો છે તેથી તે નૂતન-નવીન છે. અને આ મારો દેહ તે જ નિકુંજ છે કે જે ગુપ્ત છે અને સર્વસુખ આપનાર છે. મારા (નવ) સર્વ અંગો પ્રભુને સુખ આપનાર બની રહે તેવી હરિયાળી આ કુંજ છે અને આ કુંજનાં અધિકારી (નાયક) ગિરિધરલાલ જ છે. અન્યને આ હૃદયમાં પ્રવેશવાનો અધિકાર જ નથી. એવા પ્રભુ અતિશય કોમળ છે, કમળ જેવા. કેમકે આપના ચરણ, હસ્ત, મુખ, હૃદય, સર્વની ઉપમા કમળથી અપાય છે. તેવા હે પ્રભુ, મારા હસ્તનું ગ્રહણ કરો, મારું પાણીગ્રહણ કરો. મારું કાંઈ સામર્થ્ય નથી. જેથી મને બચાવો. કૃષ્ણદાસ આ લીલાનાં દર્શન કરે છે અને આપણાને કરાવે છે અને કૃપા કરી કહે છે કે સાંભળ, જીવને સુખ આપતી ક્રિડા જે વિલાસ છે તે તો જલના બિંદુ જેવી છે પણ આ પ્રભુ તો બિંદુઓના જલના મહાસાગર છે, વિલાસોનો ભંડાર છે. આવા પ્રભુ મારું જીવન બની રહો. મારી સ્થિતિ બની રહો અથવા જીવન કહેતાં પ્રાણ, તેથી મારા પ્રાણ બની રહો. એટલે કે પ્રાણ વગર દેહ રહે તો શું કામનો ? પ્રાણ વગર તો દેહ બાળવા લાયક જ. માટે મારા સર્વસ્વ તેવા પ્રભુ મારા પ્રાણસમ બની રહો. (૩)

(૧૩) મલ્હાર ૨/૪૨૭

યહ ઋતુ આઈ વર્ષન પિય વિન હિયરા ધરકેં
ઘનકી ગરજ ઓર લરજ મોરન કી સુન સુન છતીયાં દરકે ૧
કોંન ભાંત કરું કેસે ધીરજ ધરું પિયમૂરતી મેરે હિયમેં અરકે
ઉનકી મિલન રહી મેરે મન, રોમ રોમમેં ભરકે ૨
તેસીય ઘટા અંધિયારી તેસી ચરેન કારી તે સીઈ પપૈયા પીઉ પીઉ રરકે
શ્રીવિઠ્ઠલ ગિરિધરકી વિરહની નિસદિન વહ વિધિ કરકેં ૩

ભાવાર્થ :

આ ઋતુ વરસવા માટે આવી ગઈ છે પણ હું તો પીયા વગરની એકલી છું જેથી મારું હૈયું ધડકવા લાગી ગયું છે. એટલા માટે કે પીય નહિ આવે તેવો મને ડર લાગે છે. વર્ષા જ્યારે વરસે ત્યારે તો બધાંના પીય પોતાની સાથે જ હોય જેમ

કેપંખી, પશુ, વહાણવટી, વૈશ્ય, ક્ષત્રિય-લડનારા, બ્રાહ્મણો. મારા જ પીય ઘરે નથી અને ઘન તો એવો ગરજે છે કે તૂટી પડશે કેમકે મોરના ટહૂકા પણ તેની સાબિતી પૂરે છે. આ ઘન-મોરના અવાજ સાંભળીને મારી છાતી દળાઈ રહી છે. (૧)

મને ગભરાટ થાય છે તેથી રસ્તો નથી સૂઝતો કે શું પ્રકાર કરું તો પીય આવે ? અને જો નથી આવતા તો મારી ધરીજ પણ ખૂટી ગઈ છે અને જો નથી આવતા તો પ્રાણ પણ ચાલી જાય પણ મારા પ્રાણરૂપ તો પીયમૂરતી છે અને તે તો હૃદયમાં અટકી રહી છે તેથી પ્રાણ પણ નથી જતા મારા મનમાં એક માત્ર પીયાના મીલનની જ રટ છે તે મારા પ્રત્યેક રોમમાં ભડકાની જેમ પ્રકટી રહી છે. (૨)

જેવા મારા ભાગ્ય છે તેવી જ આ વાદળાંની ઘટા પણ અંધકારમય છે અને તેવી જ રાત્રી પણ અંધકારમય છે અને મારા જેવા સમદુઃખીયા એક પપૈયા નામક પક્ષી છે તે પણ પીઉ-પીઉની રટ લગાવીને બેઠા છે. મારા ગળામાંથી સ્વર પણ નથી નીકળતો.

શ્રીવિઠ્ઠલ કે જે સૌને જ્ઞાન આપનારા છે અને ગિરિધર આંખોમાં આંખો પરોવી નિરોધ સિદ્ધ કરી આપનારા છે તથા વ્રજભક્તોના પર્વત જેવડા દુઃખોને ધારણ કરવાવાળા છે તે શું મારી ગત નથી જાણતા ? કે મારું દુઃખ જ નથી હરતા. હું તો દિવસ-રાત આપના વિરહે કરી આ પ્રમાણે દુઃખી થઈ રહી છું. શા માટે મારા પર કૃપાની વર્ષા વરસાવતા ઋતુરૂપ થઈને નથી પધારતા ? આ પ્રેમરસ વર્ષારસ એમ જ વેડફાઈ રહ્યો છે અને હું તો ‘જલમેં મીન પીયાસી’ જેવી જ રહી છું. આમ વિજ્ઞપ્તિ કરી રહી છે. (૩)

(૧૪) મલ્હાર ૨/૪૨૭

હમારે માઈ શ્યામાજૂકો રાજ
જાકે આધીન સદા હી સાંવરો યા વ્રજ કો શિરતાજ ૧
યહ જોરી અવિચલ શ્રીવૃંદાવન નહિ ઔરનસોં કાજ
શ્રીવિઠ્ઠલ વિપીન બિહારીન કે સંગ જ્યો જલધર સંગ ગાજ ૨

ભાવાર્થ :

હે સખી (માઈ) અમારે ત્યાં તો શ્યામાજી (રાધાજી)નું રાજ છે. કેમકે આ વ્રજનો જે શિરતાજ છે, સર્વોપરી છે તે સાંવરા તનુવાળો શ્યામ, શ્યામાજીને સદા માટે આધિન છે. (૧)

આ વૃંદાવનમાં એટલે કે જ્યાં વૃંદાઓ (સ્ત્રીઓ) જ છે તેથી રાજ્ય પણ તેમનું જ

હોય અને તેમાં આ શ્યામ-શ્યામાની જોડી જ અમારા હ્રદયનું (વૃંદાવન) સર્વસ્વ છે, અવિચલ છે તે ચલિત થાય તેમ નથી. અમારે માટે તે સિવાય બધું જ અન્ય છે તેથી અમારે તે કોઈનું કંઈ કામ નથી.

પ્રભુ વીપીન વિહારી છે. જેમ ભ્રમર એકથી બીજા ફૂલ ઉપર વિહાર કરે છે તેમ આ સાંવરો પણ આ વૃંદાવન રૂપ વિપીન (ઉપવન)માં વિહાર કરે છે. ત્યારે જે જોડી બને છે તે જાણે ગાજતો ઘન-વાદળની સાથે ચમકતી-દામિની હોય તેમ લાગે છે. વાદળ આકાશમાં વિહાર કરે છે અને જુદી જુદી દામિનીનો સંગ કરે છે અને અવાજ કરીને પોતાની પ્રસન્નતા વ્યક્ત કરે છે, તેમ પ્રભુ સર્વ વૃંદાઓને ખુશ કરે છે તથા રસની ઝરીઓ વરસાવે છે.

વિજળીને કારણે તો ઘનની શોભા વધે છે. શિર શ્યામનું પણ તાજરૂપ શ્યામા-(વિજળી)-કહેવાયા. શ્યામા એટલે શ્યામવર્ણ નહિ પણ શૃંગારરૂપ. શૃંગાર તે તો રસનો રાજા છે માટે શ્યામાજુકો રાજ. (૩)

વિશેષ ભાવાર્થ :

અમે તો શ્રીવલ્લભનો (શ્યામા-પ્રભુને પ્રિય) રાજમાં છીએ. તેમની આન સ્વીકારીએ છીએ.

કેમકે પ્રભુ આપશ્રીને હંમેશ માટે આધીન છે, શ્રીવલ્લભ (યા) દૈવીજીવોને (વ્રજ) માટે શિરતાજ છે, સર્વોપરી છે. (૧)

સર્વ કંઈ ચલાયમાન છે, મર્ત્ય છે. જે અવિચલ છે નિત્ય છે (અવિચલ) તે તો આ શ્રીવલ્લભ અને કૃષ્ણની જોડી છે અને દૈવીજીવોના સમૂહને (વૃંદાવનને) તેમના સિવાય બીજા કોઈનું કંઈ જ કામ નથી.

(શ્યામા) શ્રી વલ્લભની કૃપાને કારણે તો આ શ્રીવિઠ્ઠલ (ઠાકોરજી) અમારા જેવા ઉપવન (અમે મુખ્ય વન નથી) છીએ છતાં અમારી સંગ વિહાર કરે છે અને તે પણ ગાજી ગાજીને ખૂલ્લે આમ (ગાજ). જેવી રીતે જલને કોઈ ધારણ કરનાર - આશ્રય આપનાર જોઈએ, કોઈ ધરા (પૃથ્વી) જોઈએ તેમ અમારા જેવા દ્રવિત ભાવવાળાને આ ઘનીભૂત પ્રભુએ આશ્રય આપ્યો છે. નિઃસાધનજીવોને સંગ પ્રભુએ દામોદર લીલા કરી છે. આવી કૃપા શ્રીવલ્લભ-(શ્યામાજી) વગર કોણ કરે ? માટે તો અમારા માટે તો તેમનું જ રાજ છે.

(૧૫) મલ્હાર ૨/૪૨૮

યહ પાવસ ઋતુ આઈ
ન્હેની ન્હેની બુંદન વર્ષત રીમઝીમ પવન ચલત પૂરવાઈ ૧
હરી ભૂમિ પર અરૂણ દેખીયત દામિની અતિ દરસાઈ
તસઈ ચાતક રટત શ્રવણ સૂન વિકલ હોત અધિકાઈ ૨
કર વિચાર સબે મિલ સજની યહ નિશ્ચય ઠહેરાઈ
શ્રીવિઠ્ઠલ ગિરિધરન લાલકો મિલેં કુંજલન જાઈ ૩

ભાવાર્થ :

આ વર્ષાઋતુ આવી ગઈ છે કેમકે નાની નાની બુંદો વરસી રહી છે. રીમઝીમ અવાજ થાય છે કેમકે પૂર્વ દિશામાંથી પવન પણ વહી રહ્યો છે. (૧)

આકાશમાં વિજળી પણ થઈ રહી છે અને તેના કારણે આ હરિયાળી ભૂમિમાં ક્ષણ માટે અરૂણ રંગ ખૂબ પ્રસરેલો દેખાય છે. વળી આ ચાતક પક્ષી પણ તેને લાયક સ્વાતિજલ માટે વિરહની રટ લગાવી બેઠું છે. તેનું દુઃખ સાંભળીને અમને પણ પ્રભુ વિરહ થઈ રહ્યો છે અને ખૂબ જ વિકલતા થઈ રહી છે. (૨)

આ વિકળતા શાંત કરવાનો ઉપાય અમે બધી સખીઓએ સાથે મળીને વિચાર્યો તો એક જ વાત નિશ્ચિત થઈ ચાલો આપણે હવે વૃંદાવન કુંજવન પ્રતિ જઈએ કે અને શ્રીવિઠ્ઠલ ગિરિધરલાલને મળીએ. તેમના મિલનથી જ અમારો વિરહતાપ મટશે. (૩)

વિશિષ્ટ ભાવાર્થ :

આ પાવસ - વર્ષાઋતુ આવી છે તે અમારા માટે પાવનકારી છે. (પાવન) અગ્નિ જેમ શુદ્ધ કરે તેમ શુદ્ધ કરનારી છે. તાપ ભાવ વધારનારી છે ‘પાવસ’ અક્ષરોનો જુદા જુદા શબ્દો બનાવી અર્થ કરવામાં આવે છે. (પાંવ) પ્રભુના ચરણારવિંદને પ્રાપ્ત કરાવી આપનારી છે. (પાસ) પ્રભુ સાથે બંધાઈ જવા માટેનો છે અને પ્રભુ સ્વયં ભક્તના સ્નેહને કારણે બંધાઈ જવામાં પણ પ્રસન્નતા માણે છે. (પાસ) પ્રભુની નજીક લઈ જનારી છે કે પ્રભુ આ ઋતુમાં સમીપ આવવા ઈચ્છે છે કે આ એક અધિકાર પ્રાપ્ત કરાવનાર છે. (પ્રભુની સેવાનો અવસર આપે છે.) (વસ) પ્રભુ ભક્તને વશ કરે છે પછી ભક્ત પ્રભુને વશ કરે છે અથવા પ્રભુની સાથે જ રહેવાનો મોકો આપનાર છે. આ ઋતુ એટલી બધી સુખકારી છે કે ..... પ્રભુના સ્નેહની ફૂહારથી મારા અંગ ભિંજાય છે. અને સાથે નૃત્ય અને મધુર સ્વરનું ગાન થઈ રહ્યું છે. (રીમઝીમ). (પૂરબ) પવિત્ર દિશામાંથી મારા ભાગ્યનો જાણે ઉદય

થઈ રહ્યો છે તે પવન સંદેશો કહી જાય છે. કેમકે પવન પ્રભુના પ્રેમજળને લઈ આવ્યો છે. પવન તો ગુરૂદેવ કે ભગવદીય છે. તે વિના આ પ્રભુ પ્રેમ મારા ભાગ્યમાં ન હોત. (૧)

મારા હરિયાળા થયેલા જીવનમાં (હરિત ભૂમિ પર) કોમળતા આવી ગઈ છે, શોભા થઈ ગઈ છે, ગુલાબી છવાઈ ગઈ (અરૂણ દેખીયત) કેમકે શ્રીમહાપ્રભુ રૂપ સ્વામિનીજીની અતિકૃપા જ પ્રકટ થઈ ગઈ છે. (દામિની અતિ દરસાઈ) આ મારાં ભાગ્યનો રણકાર સાંભળીને અનન્યાશ્રિત ચાતક ખૂબ જ વિકળ થઈને રટણ કરવા લાગ્યા. (૨)

અમારા આ ભાગ્યને વિશેષ ખિલવવા માટે સર્વ ભક્તોએ મળી વિચાર કર્યો, નિશ્ચય કર્યો કે હવે તો આ પ્રેમસભર પાવસ ઋતુમાં પ્રભુ સાથે ખૂબ આનંદ પામવા માટે, જ્યાં અનેક કુંજો છે તેવા એકાંત વનમાં જઈએ, અને ત્યાં પ્રભુને મળીને ઉત્સવનો આનંદ મનાવીએ.

(૧૬) મલ્હાર ૨/૪૨૮

મેહેલ આયે લાલ તનકી તપત ગઈ
નયનન મગ ઝારું પલકન પાંપન ડારું કર રાખોં ઉર માલ ૧
મુખ દેખેં સુખ હોત સખીરી પ્રેમપ્રીતિ પ્રતિપાલ
સુરશ્યામ પ્રભુ વેગ દરશ દીયો નિરખ ભઈ હોં નિહાલ ૨

ભાવાર્થ :

ગોપી પોતાની સખીને પોતાના હૃદયનો ભાવ કહે છે કે જો લાલ મારા મહેલે પધારે તો જ મારા તનનો વિરહ તાપ જાય. જો કે વિરહ તો મનનો ભાવ છે પણ તે વધી તન સુધી પહોંચી ગયો છે, જેથી મને કોઈ વાતમાં મન નથી લાગતું. આપ જો પધારે તો આપના પધારવાના મારગને હું મારી આંખોથી વાળી ઝૂડીને સાફ કરું. પ્રભુને બિરાજવા લાયક મારું તન થાય માટે મારી દૃષ્ટિને પ્રભુને લાયક બનાવું. દૃષ્ટિ થકી મારી અંદર ઘૂસતા દોષોને ઘૂસવા ન દઉં અને જે દોષ છે તેને દૃષ્ટિથી દૂર કરી દઉં. આપના મારગ ઉપર મારી પલકોની ચાદર બિછાવી દઉં. મારી દૃષ્ટિ આપના મારગ પર પથરાઈ રહી છે. અને આપના સ્વાગત માટે આપના હૃદય પ્રદેશ પર ધરવા માટે માળા બનાવી રાખું અથવા તો મારા કર (હસ્ત) રૂપ માળા આપના કંઠમાં ધરી દઉં. એટલે કે આપને આલીંગન કરી હું જ આપની માળા રૂપ બની આપના હૃદયમાં સ્થાન ગ્રહણ કરું. (૧)

મને તો આપનું મુખકમળ દેખું તો જ સુખ થાય તેમ છે. અથવા તો મને ખબર છે

કે મારા પ્રભુને મારું મુખ જોવાથી જ સુખ થાય છે કેમ કે મારી (પ્રેમ) પ્રીતિના પાલક આપ જ છે. કયા પાલકને પોતાના પાલ્યને નિરખવાની ઈચ્છા ન થયા કરે ? એટલા માટે હે શ્યામ, હે દેવ, હે સમર્થ, આપ ક્ષણનો પણ વિલંબ કર્યા વગર વેગથી ઉતાવળેથી એટલે કે જેમ હું તલપાપડ છું, તેમ પ્રતિઘોષ કરો અને મને દરશન આપો. મારી સમક્ષ પ્રકટ થઈ જાઓ. કેમકે હું મારું કલ્યાણ કૃતાર્થતા આપના દર્શનમાં જ જાણું છું, સમજું છું. માટે મારી વિનંતીને કાને ધરો. (૨)

(૧૭) મલ્હાર ૨/૪૨૮

ઐસેમાઈ ચહૂં દિશ તેં ઘનઘોરેં
માનોં મત્ત મદનકે હાથી બલકર બંધન તોરેં ૧
શ્યામ અંગ પર ચુંબત ગંડમદ વરખત ઘોરેં ઘોરેં.
ધાવત પવન મહાવત લીયેં મુરત ન અંકુશ મોરેં ૨
બગપંગતિ માનોં દંત ડાઢનતેં અવધિ સરોવર ફોરેં
વનબલ જલ ઉમગી નયન મધ્ય કુચ કંચુકી બંધ તોરેં ૩
તબ તીહીં સમેં આન એરાવત વ્રજપતિસોં કર જોરે
અબસુન સૂરશ્યામ બિન યહ ગતિ ગરજત ગાત જેસેં કોરેં ૪

ભાવાર્થ :

આ કીર્તનમાં સુરદાસજીએ ત્રણ વસ્તુ સાથે લીધી છે. જેમાં ઘન-વરસાદની સરખામણી હાથી સાથે અને હાથીની સરખામણી પ્રભુ સાથે કરી છે.

ગોપી પોતાની સખીને કહે છે જોને આ ચારે દિશાથી ઘન-વાદળો ઘેરાઈને આવી રહ્યા છે કે જેવી રીતે મદન એટલે કે કામાતુર થવાના કારણે હાથી જેમ મત્ત થઈને આવે તેમ. આ હાથી તેના પર જે પણ બંધનો હોય તેને તોડી નાખે છે. (૧)

હવે આ જ સ્થિતિનું વિગતે વર્ણન કરે છે કે આ હાથીનો વર્ણશ્યામ છે. તેના મસ્તકની બંને બાજુથી ગંડમદ ઝરી રહ્યો છે, ટપકી રહ્યો છે કે સ્પર્શી રહ્યો છે. તેવી રીતે આ વાદળો પણ મત્ત હાથીની જેમ ઘસમસતા આવી રહ્યા છે તથા ધીમે ધીમે વરસી રહ્યો છે. પવનના કારણે આ ઘન દોડે છે તેમ અહીં મહાવત હાથીને દોડાવી રહ્યો છે. પરંતુ તે મહાવતના અંકુશના કાબુમાં નથી. આ ઘન પણ પવનના અંકુશમાં નથી. (૨)

આ ઘનની વચ્ચે જે બગલાઓ (લાઈનસર) પંક્તિબદ્ધ ઉડી રહ્યા છે તે જાણે હાથીના બે વિશાળ દંતશૂળ હોય તેમ જણાય છે. વરસાદને કારણે સરોવર તેની પાળો તોડીને બહાર વહી રહ્યા છે. અથવા જાણે લાગે છે કે આ હાથી પોતાના દંતશૂળથી સરોવરની પાળો તોડી રહ્યો છે.

પરંતુ ગોપીનો ભાવ તો જુઓ - કે આંખમાં આંસુ ઉભરાઈ ગયાં. કે પ્રભુ શ્યામઘન પૂર્ણસ્વરૂપે ચારે દિશાએથી કામદેવોના પણ નાયક સમાન તથા પોતે જ રચેલ ધર્મોની પાળો બંધનોને તોડીને, મર્યાદા તોડીને પુષ્ટિના ભાવથી ધસમસતા નિરકુંશ પણે એટલે કે સ્વતંત્રતયા અમારા તરફ પધારી રહ્યા છે. પુષ્ટિ અને ભક્તિ નામક બે દાઢોથી આપ સર્વ બંધનો તોડીને અમારા જેવી નિઃસાધન સ્ત્રીઓ પ્રતિ પધારે છે. ત્યારે અતિશય હર્ષના કારણે અમારી આંખોમાં સહજતાથી બળવગર (વનબલ) (બિનબલ) અશ્રુના પૂર ઉભરાઈ રહ્યા છે અને અમારી છાતી આ ગૌરવને - સૌભાગ્યના કારણે ફૂલી સમાતી ન હોવાથી અમારી કંચૂકીના બંધ પણ તૂટી રહ્યા છે અને તે વખતે આ વ્રજવનિતા વ્રજપતિની સામે હાથ જોડીને પ્રાર્થના કરે છે કે અમારા મનોરથો પૂર્ણ કરો. જેમ આ મદમસ્ત હાથી સમક્ષ હાથિણી નમ્રતા પૂર્વક આવીને ઉભી રહી જાય તેમ ! સૂરદાસજી આપણાને સૂચિત કરે છે કે જૂઓ આ ગોપીજનોનો કેવો ભાવ છે, કેવી દૈન્યતા છે ? કે પ્રભુ વગર તેમની દશા આવી થઈ ગઈ છે ! અથવા ગોપી પ્રભુને કહે છે કે સાંભળો શ્યામ, તમારા વગર અમારી આ ગતિ એટલા માટે થઈ છે કે તમે તો માત્ર મેઘની જેમ ગરજો જ છો પણ મેઘની જેમ વરસતા નથી. અમારા ગાત્ર દેહ તો આપના સ્વરૂપાનંદ વગર કોરા-સૂકા જ રહ્યા છે. અમારા પર વરસીને અમારા ભાવનું પોષણ કરો. (૪)

રેફ. - તામસ પ્રકરણ અધ્યાય-૫ શ્લોક ૨૩
શ્રીગોપીજનોના કુચકુમકુમ વડે ભગવાને ધારણ કરેલી વનમાલા રંગાઈ ગઈ છે. હાથિણીઓની સાથે હાથી ન્હાવાને નદીમાં પ્રવેશ કરે અને પાળાઓને તોડી નાખે તેમ અંગ-સંગથી ચોળાઈ ગયેલી માળાના સુગંધના લોભથી ગાયક ભ્રમરો જેમની પાછળ ચાલ્યા આવે છે તેવા ભગવાન એ ગોપીજનોના શ્રમને નિવૃત્ત કરવાના હેતુથી એમની સાથે આ શ્રીયમુનાજીના જલમાં ન્હાવાને પધાર્યા. ત્યાં કોઈપણ મર્યાદાનો વિચાર ન કરતાં જલક્રીડા કરવા લાગ્યા.

(૧૮) મલ્હાર ૨/૪૨૮

સખીરી વર્ષન લાગ્યો સાવન
ગરજત ગગન દામિની ચમકત, રિઝાય લેહું મનભાવન ૧
નાચત મોર સકલ મદમાતે કોકીલ પીક બોલત હેં રીઝવન
ચહુંદિશ રાગ મલ્હાર સરત સ્વર મગ્ન ભયે સબ ગાવન ૨
સુન રાધે એક વિકટ ભઈ ઋતુ વિન વ્રજનાથ નહિ સુખપાવન
જાય મિલી ગોવિન્દ પ્રભુકોં જબ વિરહવ્યથા જો નસાવન ૩

ભાવાર્થ :

ગોપી પોતાની સખી રાધિકાજીને કહે છે કે - હે સખી, જો ને આ શ્રાવણ માસ જ વરસવા લાગ્યો છે અને આ તો વિષ્ણુ-પ્રભુનો માસ છે. પ્રભુ કૃપા જ કરી રહ્યા છે અથવા આ જ તો યજ્ઞની સામગ્રી છે. એટલે કે પ્રભુ પ્રાપ્તિ માટે જે વિરહ યજ્ઞ આપણે માંડી બેઠા છીએ તેની સામગ્રી એટલે કે જે જરૂરી છે તે છે. અથવા કહો કે આ 'યજમાન' છે. એટલે કે પૂરી સૃષ્ટિના યજમાન પ્રભુ છે બાકી સર્વ તો મહેમાન છે. આવે અને જાય. તેવા પ્રભુ રૂપ આ વર્ષા છે. આવા પ્રભુ જ્યારે પધારે ત્યારે તેમના સત્કાર માટે આકાશ (દેવો દુદુંભિ વગાડી રહ્યા છે) ગરજીને શંખનાદ કરે છે અને વિજળી ચમકી રહી છે એટલે જાણે કે દેવ-અપ્સરાઓ નૃત્ય કરી રહી છે. આવા તારા મનભાવન (પ્રિય)ને તું રીઝાવી લે, પ્રસન્ન કરી દે, મનાવી લે. આ સારો મોકો છે, પોતાનો કરી લેવાને. (૧)

તૂ જો, સર્વ કોઈ પોતાના જોડીદારને રિઝવે છે... જેમ કે મોર નાચીને, કોયલ તથા મોર ટહૂકો કરીને રિઝવે છે. આ બધાનો મદ પ્રેમ-કામ- ઉભરાઈને છલકાઈ રહ્યો છે. સ્વર રૂપે કે નૃત્ય રૂપે. આ બધા જ મલ્હાર રાગ ગાવામાં પોતાના મનને પોતાના પ્રિયમાં જોડી રહ્યા છે. (૨)

હે રાધે આપણા-વ્રજનાનાથ તો આપણાથી ઘણે દૂર વનમાં છે અને ઋતુ જ એવી છે કે અમારું મન તેમના વગર વિહ્વળ થઈ ગયું છે કેમકે આ ચારેબાજુનું વાતાવરણ પણ અમારા પ્રેમને ઉદિત કરી રહ્યું છે. હવે તો અમારા વ્રજનાથ વગર અમને કોઈ સુખ નથી અને તે સુખ તો પરમ પવિત્ર કરનારું અલૌકિક છે. (પાવન) હવે તો આપણે આપણા દુ:ખને નશાવનાર ગોવિન્દ પાસે જઈએ. અગાઉ ઈંદ્રકોપ વખતે પણ તેઓ જ આપણા રક્ષક-પોષક બન્યા હતા, તેથી આપણા આ વિરહ દુ:ખ-વ્યથાને ભગાવવા વાળા કે નાશ કરવાવાળા સમર્થ (પ્રભુ) તો તે જ માત્ર છે. તેથી ચાલો આપણે વનમાં જઈને તેમને મળીયે. આમ ગોપીઓ આ ઋતુમાં પ્રભુની નિકટતા થાય તે માટેના ઉપાયો કરી રહી છે. (૩)

વિશેષ ભાવાર્થ :

કૃપાનિધિ શ્રીમહાપ્રભુની કૃપા આપણા પર વરસી રહી છે. આપનાં વચનો વેદ-સૂત્ર-ગીતા-ભાગવતની એકસૂત્રતા વાળા હોવાથી ખૂબ પ્રબળ છે અને આપનાં ઉપદેશક પ્રકરણ ષોડશ ગ્રંથો વિજળીની જેમ ખૂબજ ઉજ્વળતા પાથરી, રસ્તાને સૂઝાડનાર છે. પછી તો આપણે પ્રભુને રીઝવી દેવાના છે અને તે માર્ગ તો તનુ-વિત્તથી પ્રેમપૂર્વક કરાતી સેવા છે. તો તે મનભાવન થશે. એટલે કે પ્રભુ આપણા મનને પસંદ કરશે. માનસી સિદ્ધ થશે. સાથે સાથે આપણે પ્રભુને રીઝવવા નૃત્ય

કરીએ, મદમત્ત થઈને કોયલ-મોરની જેમ આપનાં કીર્તન ગાઈને પણ રીઝવીએ. આમ સેવા-કથા બંને પ્રકારે રીઝવીએ અને પ્રભુની સેવા-કથા મગ્ન થઈને કરીએ. 'ચેતસ તત્ પ્રવણં સેવા' મનનો નિરોધ પ્રભુમાં તથા ઈંદ્રિયોનો નિરોધ પણ પ્રભુમાં કરી દઈએ અને ઋતુ (કાલાધીન) એટલે સંસારમાં ડૂબેલાઓ આપણા માટે વિકટ ત્યાજ્ય છે. હા નાથ ! હા મહાભૂજ... તેવી વ્યથા થાય, તેવી વિકટ વિરહ વ્યથા થાય, પ્રભુના સાક્ષાત્કાર વગર કોઈ જ આનંદ આપનારું નથી તેમ થાય ત્યારે ગોવિન્દ પ્રભુ સામે ચાલીને મળી જશે અને આપણી વિરહ વ્યથાને દૂર કરશે જ, કેમકે આપ ગોવિંદ પણ છે અને પ્રભુ પણ છે.

(૧૯) મલ્હાર ૨/૪૨૯

અદ્ભૂત કૌતુક દેખ સખીરી વૃંદાવન નભ હોડ પરીરી
ઉત ઘન ઉદીત સોહત સૌદામિની ઈતહી રાધિકા મુદીત હરિરી ૧
ઉત બગપાંતિ સુહાત સુસુંદર વામ વિશાલ દ્વે દિશા ખરીરી
ઉત ઘન ગરજે, ઈતિ મુરલી ધુની વે જલધર યે અમૃત ભરીરી ૨
ઉત ઈન્દ્રધનુષ ઈતે વનમાલા અતિ વિચિત્ર હરિ કંઠ ધરીરી
સુરદાસ પ્રભુકુંવરી રાધિકા ઘનકી શોભા દૂર કરીરી ૩

ભાવાર્થ :

ગોપી પોતાની સખીને કહે છે કે જો તો : આ કેવું કૌતુક છે ? જાણે કે હરિફાઈ લાગી હોય ચડિયાતાપણાની! જેમાં એક બાજુ નભ-આકાશ છે અને બીજી બાજુ વૃંદાવન છે. ત્યાં નભમાં જળ ભરેલ વાદળ પ્રકટ થયા છે અને તે વાદળ સુંદર વિજળીથી શોભાયમાન લાગે છે અને અહીં વૃંદાવનમાં રાધિકાજી પ્રભુને પ્રસન્ન કરી રહ્યા છે અથવા બંને પ્રસન્નમૂર્તિ છે. ઠાકોરજી ઘન અને રાધિકા દામીની. (૧)

ત્યાં નભમાં બગલાઓની પંક્તિઓ ઉડી રહી છે તે ખૂબ સુંદર શોભી રહી છે. જ્યારે વૃંદાવનમાં પ્રભુને ડાબે પડખે પાંખ પ્રસારતી બે દિશા સમાન શ્રીરાધિકાની ભૂજાઓ છે જેમાં એક ભૂજ ફેલાઈને પ્રભુના સ્કંધ પર છે અને બીજી ભૂજા વિહાર માટે પ્રસરેલ છે. નભમાં ઘન ગર્જના કરી રહેલ છે તો વૃંદાવનમાં મુરલીનો મધુર ધ્વનિ પ્રભુ વહાવી રહ્યા છે. નભમાં જે ઘન છે તે તો જલથી ભરેલા છે. જ્યારે વૃંદાવનમાં પ્રભુ તો અમૃતથી પૂર્ણ ભરેલા રસરૂપ છે. (૨)

નભમાં ઈંદ્રધનુષની શોભા છે તો - વૃંદાવનમાં પ્રભુએ ભાતભાતના પુષ્પો ગુંથેલી વનમાળા પોતાના કંઠમાં ધરી છે. એટલે કે સ્વકીયોને હૃદય ઉપર ધારણ કર્યા છે. આમ આપ સ્નેહને પ્રકટ કરે છે. જ્યારે ઈંદ્રધનુથી તો માહાત્મ્ય માત્ર પ્રકટ થાય

છે. સુરદાસના પ્રભુ ઘનશ્યામ અને કુંવરી રાધિકારૂપ વૃંદાવને નભની શોભાને ઝાંખી પાડી દીધી છે, એમ સખીઓ પરસ્પર સંવાદ કરીને ઘણી પ્રસન્ન થઈ. તો બીજી સખીઓ કહે અરે પણ એથીય આગળ વધીને જૂઓને કે શ્રીરાધિકાજીએ ઘનશ્યામ કૃષ્ણાની શોભાને ઝાંખી પાડી દીધી છે કેમકે પ્રભુ ઘન છે તો રાધાજી વૃંદાવનની શોભા છે. તે ઘનશ્યામ તો શ્યામ છે. જ્યારે રાધિકાજી તો ચમકીલા છે. ઘનશ્યામ તો ઠગારા છે - સ્વાર્થી બગલા જેવા જ્યારે રાધિકાજી તો વિશાળ છે જાણે કે દિશાઓ... તેવા ઉદાર. ઘનશ્યામનો અવાજ તો ઘન જેવો ગરજીલો છે જ્યારે રાધાજી તો મુરલી છે, મનભાવત મીઠો અવાજ છે. ઘનશ્યામની વનમાળા તો ઈંદ્રધનુની જેમ ક્ષણમાં કરમાઈ જાય જ્યારે હરિએ જેમને કંઠમાં ધાર્યા છે તેવા રાધિકાજી તો નિત્ય નૂતન નૂતન ભાવવાળા વિકસીત છે.

આમ આપણાં કુંવરી રાધિકાએ ઘનશ્યામ પ્રભુની શોભાને ઝાંખી પાડી દીધી છે. કેમકે રાધિકા તો 'શ્રી' છે અને પ્રભુના નામની આગળ લાગે છે અને પ્રભુનું નામ તો રાધાજીને અનુસરનારું છે.

આ હોડ પડી તેમાં અમારાં રાધાજી જીતી ગયા છે. પરબ્રહ્મ, પરમાત્મા ભગવાન કૃષ્ણને આનાથી મોટું કૌતુક કયું હોય ?

ભક્તને વશ ભગવાન થઈ જાય તેવો પુષ્ટિભક્તિ માર્ગ, આશ્ચર્યરૂપ કૌતુકરૂપ નથી? (૩)

(૨૦) મલ્હાર ૨/૪૨૯

પ્યારી કે ગાવત કોકિલા મુખ મુંદ રહે
પિયકે ગાવત કોકિલા મુખ મુંદ રહે સબ
નાગરીકે રસ ગિરિધરન રસિકવર મુરલી મલ્હાર રાગ અલાપ્યો મધુરે જબ ૧
દંપતિ તાહી સુનત લલિતાદિક વારત હે તનમન ફેરત હેં અંચલ તબ
ચતુર્ભુજ પ્રભુ કો નિરખ સુખ દંપતિ કહેત કહી ધોં કીજે રહીરી ભવન સબ ૨

ભાવાર્થ :

યુગલ સ્વરૂપ પોતાની પ્રેમ મસ્તીમાં એકબીજાને પ્રસન્ન કરવા ગાન કરી રહ્યા છે તે લીલાનાં દર્શન ચતુર્ભુજદાસ કરી રહ્યા છે અને આપણને કરાવી રહ્યા છે.

જ્યારે પ્રભુનાં પ્યારી રાધાજી મધુર ગાન ગાય છે ત્યારે જે પંચમ સ્વર માટે પ્રસિદ્ધ છે તેવાં કોકીલ પક્ષીઓ પોતાનું ગાવાનું થંભાવી દઈને આ ગાનના રસને કર્ણ દ્વારા પી રહ્યા છે. આ અદ્ભૂતગાનથી આશ્ચર્યચકિત તેમની આંખો બંધ થઈ જાય છે. અને જ્યારે રાધાના પીય ગાય છે ત્યારે બાકીના સર્વ પક્ષીગણો આ સ્વર

સાંભળીને પોતાનાં નયનોને બંધ કરી એકમાત્ર આ ગાનને ચિત્તમાં પ્રવેશ માટે યોજના કરે છે તથા સર્વનાગરીઓ માટે જે રસરૂપ છે તેવા સર્વના ચિત્તનો નિરોધ કરનારા ગિરિધરન કે જે સર્વ રસિકોમાં શ્રેષ્ઠ છે તેવા રસિકવરે પોતાની મુરલીમાંથી મધુરો મલ્હાર રાગ જ્યારે આલાપ્યો ત્યારે રસતૃષિત સર્વ કોઈને પ્રપંચની વિસ્મૃતિ થઈ ગઈ અને રસયુગલમાં આસક્તિ થઈ ગઈ. (૧)

આ દંપતિના સંમિલિત તાન જ્યારે લલિતા વ. સખીઓએ સાંભળ્યા, પીધા ત્યારે હૃદય ભરાઈ આવ્યું અને આમની શું સેવા કરીએ ? તેવા અહોભાવથી પોતાના તન-મનને સમર્પિત કરી દીધા અને પોતાનો ખોળો ફેલાવીને પ્રભુની આવી જ કૃપાને ઝીલતા-માંગતા રહ્યા આ દંપતિ સુખને ચતુર્ભુજદાસનાપ્રભુના દર્શન કરવાને સારું આ વ્રજભક્તો મનમાં પોતાની જાતને કહે છે - હવે આ (ભવન) - ઘરમાં રહીને શું કરવાનું ? શું પામવાનું ? ચાલો જ્યાં આ રાધે અને કૃષ્ણ-દંપતિ સુખ પામે છે ત્યાં જઈને નિરખવાનો લ્હાવો લઈએ. (૨)

(૨૧) મલ્હાર ૨/૪૩૦

ઘુમઘુમ ઘટા આઈ ઝૂમઝૂમ લતા રહી
ભૂમિ હરિયાળી લાગે સુભગ સુહાઈ
તહાં બૈઠે પિય-પ્યારી ભૂષણ છબી ન્યારી ન્યારી
મુખકી ઉજીયારી માનોં ચાંદનીસી છાઈ ૧
તનન તનન તાન લેત, પ્યારી કરતાલ દેત
ગાવત મલ્હાર રાગ અતિ મન ભાઈ
શ્રીવિઠ્ઠલ ગિરિધારીલાલ લખ મોહી વ્રજકી બાલ
રીઝ રીઝ રહે દોઉ કંઠ લપટાઈ ૨

ભાવાર્થ :

બરખા ઋતુ તેના પૂર્ણ સ્વરૂપે છે. તેથી તો આકાશમાં વાદળોની ઘટા ઉમડી ઘુમડીને આવી રહી છે તથા પવન પણ એવો વહે છે. જેના લીધે લતા-વેલ પણ હાલી રહી છે. (ઘનશ્યામ પ્રભુ પોતાના પૂર્ણ સ્વરૂપે પૂર્ણ દાન કરવા પ્રમેય કરીને સામેથી દોડતા પધારી રહ્યા છે. ત્યારે આ લતા રૂપ ભક્તો કે જે ગુરૂના સહારે કે મુખ્ય સખીના સહારે છે તે સૌ પોતાના મહાભાગ્ય જાણીને ઝૂમવા લાગ્યા, નાચી ઉઠયા)

ત્યારે ચારેબાજુની ભૂમિ પણ હરિયાળી છે. અને ભૂમિ પણ સુંદર રીતે શોભાયમાન લાગી રહી છે.

(પ્રભુના ચરણસ્પર્શથી ભૂમિ હરિમય-હરિયાળી થઈ ગઈ અને પોતાનું સૌભાગ્ય થવાને લીધે શોભવા લાગી) આવી ભૂમિ ઉપર પ્રભુ અને રાધિકાજી બિરાજ્યા છે. આપનાં ભૂષણો તથા આપની આકૃતિ ખૂબ જ નૂતન લાગતી હતી.

(તે ઉત્તમ ભૂમિ ઉપર પ્રભુ અને આપને પ્રિય તેવા ઉત્તમ ભક્ત બિરાજ્યા. પ્યારી-ભક્ત (પ્રકટ સ્ત્રીભાવ) તો પ્રભુના આભૂષણ રૂપ છે. જેથી પ્રભુ હંમેશા તેમને પોતાના કંઠમાં માળા રૂપે ધારણ કરી રાખે છે.

વનમાં પણ સાથે જ હોય છે પરોક્ષતાથી અને વ્રજમાં તો સાક્ષાત્ સાથે હોય છે.

(પ્રભુનો ભક્ત પ્રતિનો આટલો બધો સ્નેહ વેદ-ઉપનિષદ, ગીતા વગેરે શાસ્ત્રોમાં ક્યાંય પ્રસિદ્ધ નથી. તેથી બ્રહ્મા પર્યંત સૌને પ્રભુનું આ સ્વરૂપ નિરાળું જ લાગે છે.) આ બિરાજેલ બંને સ્વરૂપોના મુખની ક્રાન્તિ એટલી રમણીય છે અને પ્રકાશવાન છે કે જાણે ઘોર અંધકારમાં ચાંદની છવાઈ ગઈ હોય. આમેય ઘનઘોર ઘટાને કારણે અંધકાર તો છવાઈ જ ગયો છે.

(ભક્ત અને ભગવાનની આ સ્નેહાત્મક લીલાનો પ્રકાશ તો આપ બંનેના મુખારવિંદમાંથી પ્રકટે છે કે જે મુખારવિંદ તો શ્રીઆચાર્ય મહાપ્રભુજી છે કે જ્યારે માયાવાદના ઘોર અંધકારમાં જીવો ભટકી રહ્યા હતા ત્યારે શરદની ચાંદની જેવી સ્વચ્છ શુભ્ર પ્રકાશ આપે ફેલાવ્યો અને સાંપ્રતતાળમાં પણ આપનાં વચનામૃત. બુદ્ધિમાં ભરેલ ખોટા ખ્યાલ, સંશય વગેરે દૂર કરનારા છે. (૧)

શરદની ચાંદની સમાન નિર્મળ અને પ્રકાશમાન પ્રભુ તથા સ્વામિનીજી હવે સ્વરના શાસ્ત્રીય તાન લે છે). કંઠથી અને સાથે સાથે પ્યારીના હાથમાં હાથથી તાળી દઈને તાલની મિલાવટ કરે છે. સાથે સાથે ઋતુ અનૂકુળ મલ્હાર રાગની શબ્દાવલી છેડે છે જે બંનેના મનને અતિ પ્રસન્ન કરે છે.

(આ પ્રભુ હવે ભક્ત સાથે લીલા કરે છે ત્યારે પોતાની અંદરથી સ્વર પ્રકટ કરે છે અંતઃકરણને જોડે છે. તેથી સાથે કરતાલ દેતાં ક્રિયાને જોડે છે. અને મલ્હાર રાગ ગાય છે એટલે વાણીને-(શબ્દને) પણ જોડે છે. આમ આ લીલા મનસા-કર્મણા-વાચા થઈ રહી છે. તેથી તે ભક્ત-ભગવાન તથા તેના દર્શન કરનાર સૌના મનને પ્રસન્ન કરી દે છે અને આ ત્રણ જોડાય ત્યારે જ તે પુરૂષાત્તમની પૂર્ણ લીલા પૂર્ણાનંદ પ્રકટાવે છે!

આવા શ્રીવિઠ્ઠલ ગિરિધરલાલપ્રભુસ્વરૂપના દર્શન રાધારાણી એકટક કરી રહી છે. આ વ્રજનીબાળા રાધાજી પ્રભુ ઉપર માહી પડી, અને મોહ છે તે સુધ-બુધની વિસ્મૃતિ કરાવી દે છે. તેથી તેમને લોક-વેદ તુચ્છ ભાસે છે અથવા કહો કે ભાસતા

જ નથી. તેથી એકબીજાના કંઠમાં ભૂજા પરોવીને આલિંગનમાં સમાઈ જાય છે કેમકે બંનેઉ એકબીજા ઉપર રીઝી રહ્યા છે, પ્રેમાનંદ વરસાવી રહ્યા છે. પ્રસન્નતાની બોછારથી ભિંજવી રહ્યા છે, ભિંજાઈ રહ્યા છે.

વિશિષ્ટ ભાવાર્થ :

(પ્રભુ જ્યારે ભક્તના મનના તાપ-દુઃખ-અજ્ઞાનને દૂર કરી પોતાનું માહાત્મ્યજ્ઞાન તેની બુદ્ધિમાં પ્રકટ કરે છે, એ વિઠ્ઠલનું દાન છે અને જ્યારે તેના મનનો નિરોધ સિદ્ધ કરી દે છે, એ ગિરિધરલાલની કૃતિ છે. ત્યારે ભક્ત નિઃસાધન થઈ જાય છે, તેનાં બધાં સાધન પ્રભુ સિદ્ધ કરે છે આવો ભક્ત જે સંસારની જનેતા માયાથી મોહિત હતો તે પ્રભુસંગથી માયાના પાશમાંથી છૂટયો અને પ્રભુના પાસમાં બંધાયો. પ્રભુએ તેની મન-બુદ્ધિને કબજે કર્યા તેથી તેવો જીવ મોહિત થઈ ગયો પછી તેના માટે કૃષ્ણ સિવાય કંઈ રહ્યું નહિ. તેથી તે પ્રભુથી બંધાયો અને તેને પ્રભુને બાંધ્યા. એમ પરસ્પર એકાકાર થવા છતાં એક કૃપાનંદ વરસાવનાર હતો અને બીજો તે કૃપારસને માણનારો હતો. એક પ્રેમરસને રેલાવનાર હતો અને બીજો પ્રેમરસને પીનાર હતો. બંને ભગવાન-ભક્ત આનંદ સાગરમાં વિહાર કરતા હતા. એકબીજાના કંઠને લપટાઈને એકબીજાના આત્માને લપટાઈને આત્મામાં આત્મા લુપ્ત ન્હોતો)

(આવી ભક્ત-ભગવાનની અનોખી-ન્યારી લીલા આ ભૂતલ ઉપર સુહાઈ રહી છે.) (૨)

(૨૨) મલ્હાર ૨/૪૩૦

નારી વે ઐસી ડરપત ઘનતેં
યહ કહી મૌન રહી પહર ઈકલૌં અંગુરી કાટ દશનનતેં ૧
ભાંત ભાંતકી સબ સુધી કીની કછુ સુધી કીની મનતેં
વૈસેમેં ગરજત સુન શ્રવણન ભૂલ ગઈ સબ તનતેં ૨
નયન ઉઘાર વદન જબ દેખત બિછુરે સબ ચેનનતેં
શ્રીવિઠ્ઠલ ગિરિધર બિન બિહાલ નિપટ ભઈ નયનનતેં ૩

ભાવાર્થ :

ગોપીને પોતાના શ્યામ માટે અતિશય સ્નેહ છે અને તેમને નાનકડા બાળક જાણે છે. તેથી તે નારી પોતાની સખીને કહે છે કે - અત્યારે ઘન ગાજી રહ્યો છે અને તે તો (પ્રભુ) વનમાં છે અને તે તો ઘનથી એવા ડરે છે કે વાત ન પૂછો ! (વે ઐસી ડરપત ઘનતેં) હવે તેની પાસે કોઈ ઉપાય પણ નથી છતાં મનમાં કંઈક ઉપાય મળે

તે માટે ચૂપચાપ એક પ્રહર સુધી વિચારવા લાગી. (યહ કહી મૌન રહી. પ્રહર ઈકલૌ) અને પ્રશ્ન સુલઝાવવા માટે પોતાની દશે આંગળીના નખ દાંતથી કાપી લીધા (આવું વિચારમગ્ન દશામાં હંમેશા બને છે.) (૧)

બીજી ગોપીએ તેને જાતજાતની રીતે હિંમત આપી અને તેથી તેના મનનું કંઈક અંશે સમાધાન થયું. એટલામાં જ તેના કાને મોટા મોટા અવાજ બૂમો-ગોકીરાના પડયા કેમકે વનમાંથી ગોવાળો પાછા આવી ગયા હોય તેમ જણાયું. ત્યારે તે પોતાના દેહની સુધ પણ ભૂલી ગઈ, મતલબ કે થોડી વાર પહેલાની દેહની સ્થિતિ બદલાઈ ગઈ. (૨)

તે પોતે જે આંખો બંધ કરીને વિચારતી હતી તે હવે આંખો ખોલીને પ્રભુના વદન કમળના દર્શન કર્યા ત્યારે વિરહ દુઃખવાળા તેમને ચેન પ્રાપ્ત થયું. (બિછુરે સબ ચેનન તે) આ શ્રીવિઠ્ઠલ ગિરિધર પ્રભુ વગર તો બેહાલ થઈ ગયાં હતા તેમને પ્રભુના દર્શનને લીધે નયનોથી જ સંયોગ પ્રાપ્ત થયો. (૩)

વિશેષ ભાવાર્થ :

નારી કહેતાં જીવભાવવાળો આત્મા. ઘન કહેતાં સંસાર. જેનામાં જીવભાવ પ્રબળ છે તે અધ્યાસોથી ગ્રસ્ત છે. માયાની પક્કડમાં છે તે સંસારથી ખૂબ ડરી રહ્યો છે, છૂટવા માગે છે પણ કંઈ ઉપાય મળતો નથી. તપ-ધ્યાન કર્યું પણ કંઈ ન વળ્યું (મૌન રહી). દેહને અનેક પ્રકારે કષ્ટ આપવાના ઉપાય કર્યા. (અંગુરી કાટ દશનન તે) પોતાની જ આંગળીના નખ પોતાના જ દાંતથી કાપ્યા.

જ્ઞાનમાર્ગ પણ અપનાવ્યો. (ભાંત ભાંત કી સબ સુધી કીની) અને યોગમાર્ગ પણ અપનાવી જોયો. (કછુ સુધી કીની મનતેં) મનથી ત્યાગ તે યોગ અને બહારનો ત્યાગ તે સાંખ્યજ્ઞાન. પણ આ બધાં ઉપાયો કરવા છતાં જે ભય હતો તે દૂર ન થયો. અભયતા પ્રાપ્ત ન થઈ.

પરંતુ જ્યારે જીવ આખરે થાકી-હારીને પ્રભુને શરણે થયો અને પ્રભુએ પોતાના ધીર-ગંભિર સ્વરથી ''મા શુચઃ'' તેમ કહ્યું. (વૈસેમેં ગરજત સુન શ્રવણન) અર્જુન ભક્ત હતો છતાં લોક-વેદમાં કહેલા પાપ વગેરેથી કેટલો ડરતો હતો ? તેમાંથી છૂટવાનો ઉપાય તેને ન્હોતો સૂઝતો. હતાશ થઈ ગયો હતો. પણ જ્યારે તેણે કહ્યું. ''હવે આપ કહેશો તેમ જ કરીશ.''

અને પછી તો બાકીનું બધું ભૂલી ગયો. માત્ર શરણાગત રહ્યો. (ભૂલી ગઈ સબ તનતે) આ શરણાગતિ પછીનું ચરણ શ્રીમહાપ્રભુજીએ સમર્પણ કહ્યું છે તે તો ગુરૂ જ્યારે અજ્ઞાન દૂર કરે અને નયન ઉઘાડે ત્યારે પ્રભુના શ્રીમુખના દર્શનમાં

રૂચિ ઉપજે. અને ત્યારે સહસ્ત્ર પરિવત્સરથી બિછુર્યાની સભાનતા થાય. (બિછુરે સબ ચેનનતે) કે મારી ચેન-અભયતા ચાલી ગઈ હતી. તે હવે મળી. અમે શ્રીવિઠ્ઠલ-ગિરિધર વગર આજ સુધી બેહાલ ભટકતા હતા. સમર્પણ પહેલાં, જ્યારે અમારી દૃષ્ટિ ન્હોતી મળી ત્યારે આવી હાલત હતી. પણ હવે નયન ખૂલતાં માહાત્મ્યજ્ઞાન થતાં અને વદનદર્શન થતાં સ્નેહ ઉપજ્યો. તેથી ભક્તિ થઈ ગઈ છે. સમર્પણ સિદ્ધ થઈ ગયું છે.

(૨૩) મલ્હાર ૨/૪૩૨

સખીરી બન હી રહીયે જાય
ઘન ગરજત બરસત સગરે દિન ક્યોં ઘર બૈઠી ડરાય ૧
કરો વિચાર સબે મિલ ઐસો ઈતનો કર ઠહેરાય
ઉનહીં ઓર લે ચલ તૂ મોંકું કહા રહી સોચાય ૨
પપૈયા બોલ સૂનત યા વનમેં ત્યોં મોંકુ ઉદકાય
શ્રીવિઠ્ઠલ ગિરિધરનલાલ સંગ આજ મોંહી કો ભિજાય ૩

ભાવાર્થ :

હે સખી, હવે નહિ ચાલે, હવે તો વનમાં જઈને જ રહીશું. નહિ જવા માટેના તું અનેક બહાણા આપી રહી છે કે ઘન ગરજે છે, આખા દિવસનો વરસાદ પડી રહ્યો છે વગેરે વગેરે કહીને તું મને ઘરમાં જ બેસાડી રાખીને ડરાવી રહી છે. (૧)

તો વળી પાછી કહે છે કે ચાલો આપણે બધાં બેસીને વિચાર કરીએ... અથવા તો કહે છે કે - આ પ્રકારે જઈએ શું ? અથવા કહે છે - આટલું કરીને જઈએ... આમ અનેક પ્રકારો કરીને તું ટાળી રહી છે.

બસ - હવે તો તું મને તેમના પ્રતિ લઈ ચાલ. હવે તૂં શાનો વિચાર કરી રહી છે ? હવે કયું બહાણું વિચારી રહી છે ? (૨)

જો હવે હું જ તને કહું કે ક્યાં જવાનું છે તે ? જે વનમાં પપૈયા બોલતાં સંભળાય છે તે વનમાં મને લઈ જા. હવે તો મારે ભિંજાવું જ છે, કેમકે ભિંજાઈ જવાનું બહાણું પણ ન શોધતી. આજે તો મારે શ્રીવિઠ્ઠલ ગિરિધરલાલની સાથે જ ભિંજાવું છે. આ મારું કામ તું જ કરી શકે તેમ છે માટે હવે તો વનમાં જઈને જ રહીયે. (૩)

વિશિષ્ટ ભાવાર્થ :

હે સખી વનમાં જવાનું રહેવા દે... ('બન હી જાય' રહેવા દે) તું એટલે કે તુ આ પ્રપંચ જગતને છોડીને સંન્યાસ ગ્રહણ કરવાની વાત કરે છે ? જગતથી ભાગવાની

વાત કરે છે ? અને તું એમ કહી કહીને ડરાવે છે કે ઘરમાં તો અહંતારૂપ ઘન હુંકારો કરતો ગરજ્યા કરે છે અને મમતારૂપ જલ ચારે બાજુ જીવનભર વરસ્યા કરે છે ? શા માટે ઘરથી ડરાવે છે ? અને તુ તો બેઠી છે, વનમાં જવાની તત્પરતા તો છે નહિ. સાધુ તો બેસે નહિ ચાલ્યા કરે, ઘરવાળા તો બેસે-સુવે. આપણને પૂર્ણ વૈરાગ્ય થયો નથી કે નથી દૃઢ બીજભાવ થયો, પછી વાસનાના ઘાંસડાં પોટલાં ઉઠાવીને વનમાં જવાનો શું મતલબ ? માટે આ બાબતે જે બીજા યુગોમાં કરતા આવ્યા હતા તેવું કળીકાળમાં કરવું જોઈએ કે નહિ તે બાબતે બધાં મળીને શ્રી આચાર્ય વચનો બાબતે વિચારો. પહેલાં અહીં ઘરમાં એવું કરવું જોઈએ કે પ્રભુ પ્રતિનો ભાવ આપણામાં સ્થિર થાય. (ઠહેરાય). તેમ થવા માટે આપણી દિશા તેમના પ્રતિ જ હોવી જોઈએ. એટલે કે ‘કૃષ્ણ જ માત્ર તાત્પર્ય’ હોવું જોઈએ. (ઉન્હીં ઓર લે ચલ) આપણી કૃતિ પણ તેવી અને સોચ પણ તેવી જોઈએ.

જ્યાં પપૈયાના બોલ સંભળાય એટલે કે વિરહમાં તડપતી વૃંદાઓ જ્યાં ગોપીગીત ગાતી હોય તેવા વનમાં આપણે પણ પહેલાં ભિંજાવાનું છે. અને વિરહમાં ભિંજાયા પછી જ શ્રીવિઠ્ઠલ કે જે આપણા અજ્ઞાનને દૂર કરી પ્રકાશ રૂપે રાહબર થશે અને જે આપણો આ વિરહ દુઃખનો ભાર ઉપાડી લેશે (ગિરિધર) અને આપણને સતત સંગનું સુખ આપશે અને આપણને કહેશે કે તારા પ્રેમથી તું મને ભિંજવી દે. આમ પરસ્પર પ્રેમથી ભિંજાઈ જઈશું.

દાન

(૨૪) મલ્હાર ૨/૪૨૮

કોઉ માઈ લેહોરી ગોપાલેં
દધિકો નામ શામધન સુંદર બિસર ગયો વ્રજબાલેં ૧
મટુકી શીશ ભ્રમત વ્રજવીથન બોલત વચન રસાલે
ઉફનત તક્ર ચુંબત ચહું દિશતેં મન અટક્યો નંદલાલે ૨
હંસ મુસક્યાય ઓટ ઠાડી વ્હે ચલત ઉલટી ચાલેં
સૂરશ્યામ બિન ઓર ન ભાવે વહ વિરહીન બેહાલેં ૩

ભાવાર્થ :

ગોપી પોતાનામાં થયેલ ભગવદાવેશને કારણે લોક-વેદને વિસરી ગઈ છે. તેને તો સર્વત્ર કૃષ્ણલીલાના જ દર્શન થાય છે. અરે ! લીલાનું એક પાત્ર તે બની ગઈ છે. તેથી ઘરેથી તો દધિ વેચવાને તેનાં ઘરવાળાઓએ મોકલી છે પણ તે તો

પોતાનામાં રહેલ છલોછલ ગોપાલને વહેંચવા નીકળી છે. કહે છે ગાયોના દૂધ-દહીંથી ય આગળ વધીને આ ગાયોનું પોષણ કરનાર જે છે તેને લઈ લો. પછી દધિ-દૂધથી પોષણ થવાને બદલે ગોપાલ જ તમારું પાલન-પોષણ કરશે. સાધનો છૂટી જશે. ગોપાલ જ તમારા સાધન બની જશે. તેથી તો દધિને અનેક નામે વહેંચવા નીકળી છે. જો કોઈને શામ જોઈતો હોય એટલે કે સર્વ રંગો જેમાં શોષાઈ જાય તેવો રંગ અથવા શૃંગાર ભાવવાળો રંગ, તો તે લો, કોઈને તૃષા હોય ચાહે તે ભજનાનંદરૂપ હોય, અધરામૃત રૂપ હોય. તો તેવા જળનો ભરેલો ઘન-વાદળ પણ છે મારી પાસે. જો કોઈને સુંદરતા ગમતી હોય તો પૂરા વિશ્વની સુંદરતા જેનામાં ભરી પડી છે. તે સુંદર પણ મારી પાસે છે. આ અનેક નામો પ્રભુના તેને યાદ આવે છે પણ તે દધિ નામ ભૂલી ગઈ છે. પ્રપંચ વિસ્મૃતિ થઈ ગઈ છે, ભગવદાસક્તિ થઈ ગઈ છે. એવો નિરોધ આ વ્રજબાળાને થઈ ગયો છે અને વ્રજ એટલે ચાલવું. તેથી આ બાળા પણ પ્રભુના સંકીર્તન કરતી ફર્યા કરે છે. જાણે કે સાધુના લક્ષણો ગ્રહી લીધા હોય! અથવા પ્રભુના વિરહમાં ઘર છોડીને નિકળી ગયેલ ભક્તિમાર્ગીય સંન્યાસીની હોય અથવા વ્યસનાવસ્થા પછીની દશા થઈ હોય. (જૂઓ ભ.વ. અને સં.નિર્ણય) (૧)

તેના શીશ પર મટુકી છે. એટલે કે જેમાં તેનો શ્યામ બિરાજે છે તે વૈકુંઠ લઈને તે ફરી રહી છે. (મટુકી શીશ ભ્રમત) અથવા સર્વશ્રેષ્ઠ તેના માટે શીશ-પ્રાણ નથી પણ મટુકીમાંનો શામ છે માટે તો શીશ પર ધારણ કરે છે. આજે જગતનો નાથ ગોકુલનો નાથ બન્યો છે અને તેથી વ્રજની કેડીઓ પર ફરી રહી છે. કૃષ્ણ તો પ્રેમની સાંકડી ગલીમાં મળશે નહી કે કર્મ-જ્ઞાન-ઉપાસના-મર્યાદાભક્તિ રૂપ વિશાળ માર્ગો પર, તે આ ગોપી જાણે છે અને તેથી તો પુષ્ટિ ભક્તિમાં જે મુખ્ય રસ છે, તે તેની વાણીનો વિષય બન્યો છે. ભગવાનના નામ પણ રસયુક્ત છે વ્રજમાં તો ! આ ગોપી પાસે જે સ્નેહ છે તે તેના શીર ઉપર છે. તે જ રસ છે અને તે જ કૃષ્ણ છે તે કૃષ્ણ ગોપીના પ્રેમને કારણે ઉભરાઈને તેના અંગે અંગને ભિંજવવા તેની સર્વ ઈંદ્રિયોને ભિંજવવા ઉભરાઈ રહ્યો છે. ચારે દિશાથી રસ-તક્ર ઉભરાઈ રહ્યું છે કેમકે ગોપીનું મન નંદલાલમાં અટકી ગયું છે. નિરોધ-માનસી સિદ્ધ થયાં છે. જેનું મન પ્રભુમાં અટકે તેને પ્રભુ ભિંજવી દે પોતાના રસથી, તે જ તો પુષ્ટિ ભક્તિમાર્ગ છે. ભક્તિ જીવની અને પુષ્ટિ પ્રભુની. (૨)

ત્યારે ગોપીના રોમેરોમ હસી ઉઠયા અને એકાંતમાં ઉભી રહી ગઈ. તેને લાગે છે કે સામેથી પ્રભુ પધારી રહ્યા છે તેના રસને આરોગવા. ગોપી વિચારે છે શું સાચે જ પ્રભુ મારા પ્રતિ કૃપા કરે છે ? જેથી થોડાંક ડગલાં ઉલટાં ચાલે છે. જો પ્રમાણ હશે તો પ્રભુ આગળ નહિ વધે અને જો પ્રમેય હશે તો તે મારી ચાલ નહિ જૂએ.

કદાચ એમ હોય કે ગોપી પ્રભુને વધારે લલચાવવા ઉલટી ચાલે છે, મુખ નથી ફેરવતી, ચાલ જ ફેરવે છે તથા સંતાઈ પણ જાય છે. (ઓટ ઠોડી દેં) અથવા કહો કે સંસારીઓને મન આની ચાલ બધી ઉલટી જણાય છે. પરંતુ તેને પ્રભુ વગર - બીજું કંઈ જ નથી ગમતું અને તે તો પ્રભુ વિરહથી બાવરી બની ગયેલી છે. તેથી આવું નાટક કેટલું લાંબુ ચાલે ? ગોપીના સૂર ''કોઈ ગોપાલ લો...'' તે શ્યામને પહોંચી ગયા. તેથી હવે તો સૂરશ્યામ એક થઈ ગયા. (૩)

સંધ્યા સમય (સંધ્યા આરતી)

(૨૫) મલ્હાર

લાલ માયી ભિજત આયે ગેહ
પીત દુમાલો અધિક બિરાજત, કલગી અધિક સ્નેહ ૧
ગરજત ગગન મૃદંગ બજાવત, પવન ઝકોરત મેહ
શ્રીવિઠ્ઠલગિરિધરનલાલકી - ઝલકત સાંવરી દેહ ૨

ભાવાર્થ :

જોને માઈ, વનમાંથી ગાયો ચરાવીને લાલન ભીંજાઈને આવ્યા છે. (લાગે છે કે વનમાં પણ આપના સ્નેહીઓએ આપને ભીંજવી દીધા છે.) હવે ઘરે આવ્યા છે. (એટલે કે આવો જ સ્નેહ અહીં પણ આપજો.)

આપના મસ્તક ઉપર પીળા રંગનો દુમાલો. ઉત્તમ પ્રકારે બિરાજે છે. પીળો રંગ નૂતન-નવીન-ચિત્રવિચિત્રનું પ્રતિક છે. જેથી તે પ્રકારે આપની સર્વ પ્રકારે સેવા થઈ હોય તેમ લાગે છે. મસ્તક જ આખા દેહનું પ્રતિક હોવાથી, દુમાલાથી પ્રભુની સેવા થઈ જેથી પૂરા શ્રીઅંગની સેવા થઈ ! અને તેની ઉપર કલગી બિરાજે છે તે તો અધિકત્વ છે, સ્નેહ રૂપ છે. સ્નેહથી કરેલ આપની સેવાથી આપને પ્રેમથી ભીંજવ્યા છે. (૧)

તેથી તો આવા ભાગ્યશાલી વ્રજવાસીઓની પ્રસંશા કરતાં ગગન એટલે કે સ્વર્ગના દેવો વગેરે મોટા અવાજે જય હો... ના નાદ સાથે મૃદંગ બજાવે છે. રાસમાં મૃદંગ ખાસ આવે છે. અને પવન દૂરથી અમૃત વર્ષાનાં છાંટણાંથી અભિષેક કરી પૂજા કરે છે. આવાં શ્રીવિઠ્ઠલનાં પરમપ્રિય ગિરિધરલાલનો સાંવરો દેહ શોભી રહ્યો છે. (૨)

(૨૬) મલ્હાર

સખીરી અબ ક્યોં ન બરખત મેહ
જ્યોં લોં પીય આવે બનતેં ઘર તોલોં વીચનેક દેહ ૧
નાતર મોહી લે ચલી ભિજત હી છાંડ દેઉ યહ ગેહ
અરી સુંદરી તેરે પ્રીતમ આયે, કાહેકો કરત સંદેહ ? ૨
ભિજી પાઘ ભીજ્યો ઉપરેનાં ભિજ રહે સબ આપ
શ્રીવિઠ્ઠલગિરિધરન લાલસોં કર ભિજ્યોં હી મિલાપ ૩

ભાવાર્થ :

પ્રભુ વિરહમાં અતિ તપ્ત તેવી ગોપી પોતાની સખીને કહે છે. આ વરસાદ વરસતો બંધ કેમ નથી રહેતો ? કેમકે જો આ કારણસર પ્રભુ ઘરે ન આવે કે મોડા આવે. (વનમાંથી) ત્યાં સુધીમાં તો આ દેહ થોડોક જ રહેશે પ્રાણ જવાની અણી પર રહેશે. (૧)

બીજા ઉપાય તરીકે તું મને ભિંજાતાં જ વનમાં લઈ જા, નહિ તો આ ઘર (કે દેહ) છોડવા પણ હું તૈયાર છું. આવી અધિરાઈ ભરી યાચના કરે છે ત્યારે સખી કહે છે. - અરે સુંદરી, તું શા માટે આપના આવવા બાબતનો સંદેહ કરે છે ? જો તો ખરી તારા પ્રીતમ આવ્યા છે. તેમનાં પાઘ-ઉપરણા અને પોતે આખા જ ભિંજાઈ ગયા છે. (૨)

હવે તું તે ગિરિધરલાલની સાથે મિલાપ પણ ભિંજાયેલા છે શ્રીઅંગથી જ કર.

પ્રભુ તો આનંદ-પ્રેમરૂપ હોવાથી નિઃસાધન જીવોના પ્રેમથી ભિંજાઈ જાય છે. આવા પ્રેમરસથી ભીંજાયેલાનો મિલાપ પણ પ્રેમ-ભીનો જ કરવો. (૩)

(૨૭) મલ્હાર

ગાય સબ ગોવર્ધનવેં આઈ
બછરા ચરાવત શ્રીનંદનંદન વેણુ બજાય બુલાઈ ૧
ઘેરી ન ધીરત ગોપ બાલક પેં અતિ આતુર વ્હેં ધાઈ
બાઢી પ્રીત મદનમોહનસોં દૂધકી નદી બહાઈ ૨
નિરખ સ્વરૂપ વ્રજરાજકુંવરકો નયનન નિરખ નિકાઈ (સીરાઈ)
કુંભનદાસ પ્રભુકે સન્મુખ ઠાડી ભઈ માનો ચિત્ર લીખાઈ ૩

ભાવાર્થ :

ગોવર્ધન પર્વત પર ગાયો ચરતી હતી. શ્રીપ્રભુ તો નાનાં વાછરડાંને ચરાવે છે,

ગોકુલની પાસેજ. સાંજનો ઘરે જવાનો સમય થઈ ગયો છે. જેથી પ્રભુએ વેણું બજાવીને સૌને બોલાવવા અવાજ દીધો. (૧)

ગોપ બાળકોથી જે ઘેરી ઘેરાતી નથી તેવી ગાયો ખૂબ આતુરતાપૂર્વક દોડવા લાગી. ગાયોને પ્રભુ પર એટલો પ્રેમ વધ્યો કે દૂધ શ્રવવા લાગ્યું કે જેની નદી બનીને વહેવા લાગી. (૨)

વ્રજરાજકુંવરનું સ્વરૂપ નિરખીને ગાયોની આંખોમાં ટાઢક થઈ એટલું જ નહિ તે પ્રભુને પોતાની આંખોથી પૂરા પી લેવા માંગતી હોય તેમ એકટક થઈ ગઈ. ચિત્રવત્ સ્થિર થઈ ગઈ, નિરોધ થઈ ગયો. સર્વ ઈંદ્રિયો પ્રભુ સાથે જોડાઈ ગઈ. (૩)

વિશેષ ભાવ :

ઈંદ્રિયોવાળા જીવ (ગાય) જ્યાં પોતાની ઈંદ્રિયો પોસાય તેવા સ્થળે (સંસાર) (ગોવર્ધન) ચરી રહી હતી. પ્રભુ તો દૂર દૂર નંદનંદન રૂપે નાના વાછરડાંનું (નિ:સાધન જીવોને) ખુદ પોષણ કરી રહ્યા છે.

પ્રભુને દયા ઉપજી ત્યારે પેલા દૈવી પુષ્ટિ જીવો, જે દૂર દૂર સંસાર મગ્ન છે તેમના માટે શ્રીઆચાર્યજીને ભૂતલ પર મોકલ્યા (વેણુ રૂપે) ભગવાનના મુખારવિંદ રૂપે આ વલ્લભના વચનામૃતોથી જે દૈવીપુષ્ટિ જીવો હતા તે ખૂબજ આતુરતાથી દોડવા લાગ્યા. બ્રહ્મસંબંધથી તેમને ભાન થઈ ગયું કે આપણે તો સહસ્ત્ર પરિવત્સરથી સંસારમગ્ન છીએ. હવે સાંજ વેળા થઈ છે. આપણા મૂળધામમાં પાછા જવાનો સમય થઈ ગયો છે. આ સંસારી જીવો કે જે કર્મ-જ્ઞાન-ઉપાસના (તેમ અનેક ગોપો) દ્વારા ઘેરાતા ન્હોતા. સંસાર છોડી ભગવાન તરફ આવતા ન્હોતા. તે જ જીવો ખૂબ જ આતુરતાપૂર્વક ધસમસતા પ્રભુગામી થઈ ગયા ! અને શ્રીવલ્લભના સેવા-કથાની સાધના દ્વારા તેમનામાં શ્રીમદનમોહન પ્રભુમાં સહજ પ્રીતિ વધવા લાગી તે એટલી હદે કે રસરૂપ (દૂધ) પ્રેમ છલકાઈ જવા લાગ્યો, ક્યાંક વ્યસનદશા રૂપે તો ક્યાંક કીર્તનરૂપે તો ક્યાંક વિરહવેદના રૂપે તો ક્યાંક લોક-વેદ-વિસ્મૃતિ રૂપે ! અને આ રસ, નદી વહે તેમ વહેવા લાગ્યો. તેના સંગે અનેક અન્ય જીવોનું કલ્યાણ થઈ ગયું. વિરહ પછી પ્રાપ્ત સંયોગ રસમાં મગ્ન આ જીવો વ્રજરાજકુમાર (ત્રિલોકનો નાથ ગોકુલપતિ થયો તેવા અલૌકિક ન ભૂતો ન ભવિષ્યતિ) સ્વરૂપને નિરખતાં નિરખતાં આ ભક્તોના પૂરા અંગમાં શિતલતા છવાઈ ગઈ. વિરહનો તાપ પૂર્ણ શાંત થઈ ગયો. તેની ચરમસીમા તો એટલી થઈ ગઈ કે જે ચંચલ હતા કે જ્યારે સંસારી હતા તે રસરૂપ સ્થિર થયા જે રસરૂપ કંઈક સ્થિર છતાં વહેતા હતા તેવા હવે ઘનરૂપ સ્થિર થઈ ગયા, ચિત્ર જેવા સ્થિર. પ્રભુમાં તેમની સર્વ વૃત્તિ

સ્થિર થઈ ગઈ. જાણે ફ્રીઝ્ડ વોટરમાંથી આઈસ થઈ ગયા! નિરોધ સિધ્ધ થઈ ગયો. આનું જ નામ પ્રભુની સન્મુખતા.

(૨૮) મલ્હાર

માધો ભલો બન્યો આવે હો દેખત જીય ભાવે હો
મોરપંખકે ચંદુવા નીકે માથે બાંધ લીયે
ગુંજાફલકે હાર બનાયે સબ શૃંગાર કીયે ૧
કુંડલ બિચ કદંબ મંજૂરી ચૂરણ કુંતલ સોહે
મૃગમદ તીલક ભોંહ મન્મથ ધનુ દેખત સબ જગ મોહે ૨
શ્યામ ક્લેવર ગૌરજ મંડિત કોમલ કમલદલ ભાલ
પરમાનંદ પ્રભુ ગોપ વેષધર કૂજત વેણુ રસાલ ૩

ભાવાર્થ :

આ કૃષ્ણ કે જે પરબ્રહ્મ ભગવાન નારાયણ છે. એ ખૂબ જ સુંદર વેશ ધારણ કરીને આવી રહ્યો છે. જેમના દર્શન કરતાં જ આત્મામાં તેમના પ્રતિ ભાવ પ્રકટે છે. એમનું સૌંદર્ય શાના છે ? મસ્તક પર મોર ચંદ્રિકા ધારણ કરી છે. (નિષ્કામ પ્રેમ જેના માટે સર્વશ્રેષ્ઠ ભૂષણ છે) કે જેને આપ શ્રીઅંગના સર્વશ્રેષ્ઠ અંગ શીશ પર ધારણ કરે છે. (૧)

જેમણે ગુંજાફળની માળા શ્રીકંઠમાં ધારણ કરી છે. વનની ક્ષુદ્ર વેલી પર થતા આ ગુંજા જે સર્વને સુલભ હોઈ શકે. આવા નિઃસાધન જીવો ભલે તે તામસ (શ્યામ) હોય, રાજસ (લાલ) હોય કે સાત્વિક (સફેદ) હોય પણ તેમને આપ કંઠમાં તથા હૃદય પર ધારણ કરી સખ્યભાવનું દાન પણ કરે છે. આ શૃંગારને આપ પૂર્ણ શૃંગાર કહે છે. શૃંગાર ભાવનું પૂર્ણ દાન આ ભક્તોને આપ આપો છો.

કુંડળની વચ્ચેની જગામાં કદંબની તાજી મંજૂરી (માંઝર) જેનો ફૂલ તથા ફળ પ્રાપ્તિના ભાવમાં ઉત્સુક્તા છે. તેવા જીવો. શ્રવણના અધિકારીઓ આપણા કુંડલમાં બિરાજે છે. શીરની બેઠક ઉપર વાળ બિરાજે છે. વેદની અનેક શાખાઓની જેમ આપના ભાલમાં મૃગમદનું (કસ્તુરી) તીલક શોભે છે. આપની ભ્રમર જાણે કામદેવનું ધનુષ્ય હોય તેમ જણાય છે.

આપના ભક્તો કસ્તુરી (આપની) સુવાસથી આકર્ષાઈને ભ્રમણ કરી રહ્યા છે. જે આપના ભાલ પર બિરાજે છે અને આપ કોઈને પ્રમેય કરીને મોહિત કરો છો કામદેવ તો ધનુષ્ય પર બાણ ચડાવી મારે એટલે જીવ મોહીત થાય, પણ આપ તો માત્ર ધનુષ્ય જ ધારણ કરો અને જીવ મોહીત થાય છે. આપની ભ્રમર આવા

ધનુષ્ય જેવી છે. જેનાથી આપ તો કૃપાકટાક્ષ કરીને જ જીવને આપના તરફ આકર્ષિત કરી દોડતો કરી દો છો. (૨)

આપની દેહાકૃતિ શ્યામ વર્ણની છે, બધા જ રસ જેમાં સમાઈ જાય છે. બધા જ રંગ જેમાં સમાઈ જાય તેવા આપ છો. તેવા દેહ ઉપર ગોરજ મંડીત થઈ છે. ઈંદ્રિયોવાળા સેંકડો અંશરૂપ-રજરૂપ જીવો (ગોરજ) આપના દેહનું સ્પર્શસુખ માણી રહ્યા છે. આપ એવા કૃપાળુ છો કે ક્ષુદ્ર તેવી રજ સમાન જીવોને આપના દેહ પર ધારણ કરો છો અથવા કહો કે આ સૃષ્ટિના ધારણ કરનાર આપ જ છો. આપની વિશેષ કૃપા તો એ છે કે આપે કોમળ કમલપત્રની માળા ધારણ કરી છે. આ દલ કોમળ, સુવાસીત અને શુદ્ધ છે. આ એવા ભક્તો છે જે હંમેશા આપના સુખ અને આપની પ્રસન્નતા ઈચ્છી રહ્યા છે. ''શુદ્ધા પ્રેમ્ણાતિ દુર્લભાઃ'' (પુ.પ્ર.મ.) ગોપીજનો-ભક્તો માલારૂપે આપના હૃદય પર બિરાજે છે. ત્રણે પ્રકારના સાત્વિક સફેદ (શુદ્ધ), રાજસ લાલ (કોમળ) તામસ કાળા (સુવાસીત) ભક્તોના ભાવ છે. જે માલારૂપે એક થયા છે માટે નિર્ગુણ છે.

આવા પ્રભુ આનંદરૂપ જ નહિ પણ પરમાનંદ રૂપે વ્રજમાં બિરાજ્યા છે, તે એટલા માટે કે વ્રજભક્તોનો પ્રેમ સ્વીકારવા આપ પણ તેમના જેવા ગોપ બની ગયા અને ગોપોનો પ્રેમ સિદ્ધ કરી દેવા માટે આપ પોતાના રસરૂપ (પરમ આનંદ) ને સ્વરરૂપ બનાવી વહાવી રહ્યા છે. આ પ્રકારે એક સાથે અનેક ભક્તો સાથે ક્રીડા કરી રહ્યા છો. આપની વાણીને (વેદને) વિશિષ્ટ સ્વરૂપે (પુષ્ટિ ભક્તિરૂપે) પ્રકટ કરી રહ્યા છો. (૩)

(૨૯) મલ્હાર

લાડીલો લડયાચ બુલાવત ધેનુ
ચઢકદંબ ધૂમર ધૌરી કાજર પીયરી પૂરત મધુર સ્વર બેનુ ૧
ચૂચકારત પોછત સુંદરકર સકલ સુભગ સુખ એન
ગોવિંદ પ્રભુ કો મુખારવિંદ દેખ હૂંફ હૂંફ સબ શ્રવત સ્તન પયફેન ૨

ભાવાર્થ :

જે સકલ વ્રજભક્તોના (ગોપી, પશુ, પંખી, ગોપ, વનસ્પતિ, જડ વગેરે સર્વના) લાડીલા છે તે ધેનુને (ગાય) ઈંદ્રિયોવાળાને કે પૂરી જડસૃષ્ટિને (પૃથ્વી) પૂકારે છે. વેદવાણી પ્રકટ કરી સન્માર્ગ બતાવે છે અને તે પણ કદંબ વૃક્ષ ઉપર ચઢીને આ બધાં (કદ) અસન્માર્ગથી, (કદન) વિનાશ માર્ગથી બહાર કાઢી (કદપ) સન્માનીય માર્ગ પર લાવવા માટે આપ પૂકારે છે. ત્યારે ભિન્ન ભિન્ન પ્રકારની ગાયો (જીવો

વગેરે) કોઈ ધૂમર, ધૌરી, કાજરી-શ્યામ, પીળી વગેરેને આ બોલાવવાની રીત પણ વેણુના (મહાપ્રભુ) મધુર સ્વરથી પ્રસન્ન કરીને છે, આજ્ઞાવાચક કે ઉપદેશાત્મક નથી. સામવેદની ઋચા સુંદર ગાનમય છે તેમાં આપની પ્રિય વેણુમાંથી (વેદ)માંથી નિકળતા સ્વર (અક્ષરમાલા) મધુર-મીઠા સ્વાસ્થ્યપ્રદ છે. (૧)

જ્યારે તે ગાયો નજીક આવે છે ત્યારે પ્રભુ તેમને ચૂચકારે છે. (અજ્ઞાનીને પ્રસન્ન કરે છે) તો કોઈને લૂછે છે (તેનામાં રહેલા દોષોને દૂર કરે છે) અને તે પણ સ્વયં પોતાના હસ્તકમલથી. આ સ્પર્શ પૂરી સૃષ્ટિના સૌભાગ્યથી પણ વિશેષ છે. ગાયો પ્રભુની સેવા કરે છે તો પ્રભુ તેમને સ્વઅંગ સુખ પ્રદાન કરે છે. આવા ગોવિંદ (ગાયોના પતિ-રક્ષક) જીવનાસ્વામીપ્રભુનું મુખારવિંદ (શ્રીમહાપ્રભુ)ને નિરખીને ગાયોનાં સ્તનમાંથી દૂધ શ્રવવા લાગે છે. શ્રીપ્રભુનું મુખારવિંદ જ જીવમાં ભાવ છલકાઈ દેવા સમર્થ છે. જેથી ગાયો પોતાનો આનંદ (કીર્તનથી) હૂંક-હૂંક કરીને પ્રકટ કરે છે અને પોતાના હૃદયનો ભાવ છલકાવી દે છે. જે ભાવનું (દૂધ) પ્રભુ પાન કરે છે. (૨)

(૩૦) મલ્હાર ૨/૪૩૫

વનતેં આવત હે ગોપાલ
નેંક સમઝ ચલ વનહી દીખાઉં અતી પ્યારો નંદલાલ ૧
ભીજત હી અપની ગાયન સબ આજ સંવારી લાયો
તેરે વચનનકો મોહી અચરજ કોને જાય સૂનાયો ૨
અબ તો દાટા નીકી લાગત હે દેખત નંદકીશોર
શ્રીવિઠ્ઠલ ગિરિધરનકો મીલવોં ઔર બોલેંગે મોર ૩

ભાવાર્થ :

સખી પ્રભુની મુખ્ય પ્રિયાને કહે છે કે તું ધીરજ રાખ, વનથી ગોપાલ આવી જ રહ્યા છે. તે બીજે ક્યાંય પધાર્યા નથી. તને જે અતિ પ્યારો નંદલાલ છે તેને ભરોસો ન બેસતો હોય તો તને વનમાં લઈ જઈને બતાવું. થોડીક વાત તો સમજ. (૧)

પોતે ભીંજાઈને વરસતા વરસાદમાં પણ પોતાની ગાયોને આજે સંવારી (સંભાળીને) લાવ્યો છે. તને આવા અવિશ્વાસવાળા વચનો કોને કહ્યા ? મને તો આશ્ચર્ય થાય છે. (૨)

જો નંદકીશોર કદાચ પધાર્યા છે તેથી આ ઘટા (વાતાવરણ) પણ સુંદર-મનોહર લાગે છે અને મિલાપના સંકેતરૂપે મોર પણ બોલશે. વર્ષા પૂર્વે જેમ મોર બોલે છે તેમ શ્રીવિઠ્ઠલ ગિરિધરનો મિલાપ હવે સહજમાં છે. (૩)

અન્ય ભાવાર્થ :

વિરહી ભક્ત પ્રભુ વગર ખૂબજ આતુર થઈ ગયા છે અને સંયોગ માટે ઝૂરી રહ્યા છે ત્યારે તેની સખી કે જેનો રસ સ્થિર થયેલો છે તેવી ગોપી કહે છે આ નંદલાલ તે જ તો આપણી ઈંદ્રિયોનું પાલન કરવાવાળા છે, તે ગોપાલ છે. વનમાં ચાલ એટલે કે સંસાર (ઘર)થી દૂર ચાલ તો તને તે દેખાડું પણ તેના માટે (નેક સમઝ) થોડીક સમજણની જરૂર છે. બુદ્ધિને સમજાવ્યા વગર સંસાર છૂટવો બહુ દુષ્કર છે. ત્યાં તને પ્યારો નંદલાલ બતાવું. તે જ આત્માનો પણ આત્મા છે તે જ માત્ર પ્યારો છે અને તે સારસ્વત કલ્પના વ્રજમાં રહેલો નંદલાલ જ છે. બીજો કોઈ નહિ. (પ્યારો નંદલાલ)

આ તો પુષ્ટિપ્રભુ છે તે તારા શુદ્ધ વિરહથી-શુદ્ધ પ્રેમથી તે ભિંજાઈ ગયો છે તે પોતાનાં, સ્વજન સમાન ગાયોને ભેગી કરીને, પોતાના પરિકર સાથે આવી રહ્યો છે. હે સખી, તારા આ સંશયવાળા વચનોથી તો મને આશ્ચર્ય થાય છે કે તને એમ કેમ થયું કે પ્રભુ પુષ્ટિપ્રભુ નથી ? તારો અવાજ તેના સુધી નહિ પહોંચે ? તું નિઃસાધન છે તો શું થયું ? તે તો સર્વસાધન છે ને ? તને ક્યા માર્ગવાળાએ આવા દુઃસંગયુક્ત વચનોથી ભરમાવી ?

પરંતુ આ પ્રભુ તો એવા સર્વદુઃખહારી હરિ છે કે મનના સંશય, દુઃખ વગેરે આપના સ્વરૂપ માત્રથી જ હરિ લે છે. તેથી તો આવા નંદજીના કિશોર, કોટી મન્મથ મન્મથના દર્શન થતાં જ જે ઘટા બિહામણી લાગતી હતી તે હવે સુંદર લાગે છે. અને જેમ વર્ષા થતાં મોર આનંદથી ટહૂકી ઉઠે. તેમ આપણાં રોમે રોમ ટહૂકી ઉઠે છે. કેમકે શ્રીવિઠ્ઠલની કૃપાથી આપણાં અજ્ઞાનના અંધકાર દૂર થયા છે અને વર્ષાઋતુના જલના કોપથી આપણું રક્ષણ કરનાર, આપણા માટે આપણા પાપોનો પહાડ ઉઠાવીને ગિરિધર બનીને આપણું રક્ષણ કરી રહ્યા છે અને આપણી આંખોમાં આંખો પરોવીને આપણો નિરોધ સિદ્ધ કરી રહ્યા છે, પ્રમેય બળથી.

(૩૧) મલ્હાર ૨/૪૩૫

દેખ બદરીયા સાવનકી
ઈકટક વ્હૈ ઠાડી મગ જોવત મનમોહનકે આવનકી ૧
દામિની દમક ઘન ગરજન લાગ્યો મંદ મંદ વરસા વનકી
તેસેઈ પીઉ પીઉ રટત પપૈયા વિરહની વિરહ જગાવનકી ૨
કોકીલ કૂક પરીશ્રવનનમેં બગ પંગતિ દરસાવનકી
શ્રીવિઠ્ઠલ ગિરીધરનલાલ વીન તનકી તપત બઢાવનકી ૩

ભાવાર્થ :

ગોપી મદનમોહન પ્રભુના પધારવાની એકીટશે રસ્તા ઉપર જોતી જોતી ઉભી રહીને રાહ જોઈ રહી છે. કેમકે જેમ શ્રાવણમાં વાદળ દેખાય છે તો વર્ષા થશેજ. તેમ પ્રભુ પધારશેજ. (૧)

તેના નિશાનીરૂપે વીજળી ચમકી રહી છે, મેઘ ગરજી રહ્યો છે. જેથી મંદ મંદ વર્ષા થશે. પપૈયા પણ પીઉ... પીઉ... અવાજ કરે છે જેથી મને પણ મારા પ્રિય પ્રભુ પીયૂજી યાદ આવે છે અને વિરહની વ્યથા વધી રહી છે. (૨)

કોયલનો તીણો સૂર કાનમાં પેસી રહ્યો છે તથા આકાશમાં બગલાની પંક્તિઓ દેખાઈ રહી છે. આ બધું નિરખીને તનનો તાપ વધી રહ્યો છે પણ આ નિશાનીઓથી લાગે છે કે મારા પ્રભુ હવે જરૂર પધારશે જ. (૩)

(૩૨) મલ્હાર ૨/૪૩૫

લાલ માયી ભીજત આયે ગેહ
હાથ લકૂટીયા કામર ખોઈ ખૂંદત કીચ સનેહ ૧
નિશ અંધીયારી હાથ (મગ) નહિ સૂઝત પવન ઝકોરત મેહ
સૂરદાસ દામિની કે દમકે લખી સાંવરી દેહ ૨

ભાવાર્થ :

સંધ્યાનો સમય વહી રહ્યો છે, ઘોર વર્ષા થઈ રહી છે ત્યારે ગોપી પ્રભુની રાહ જોતી ઉભી છે. ત્યારે તેને અણસાર થાય છે કે પ્રભુ વનમાંથી પધાર્યા ત્યારે તે પોતાની વડી સખીને કહે છે - ઓ હો ! આ લાલ તો પૂરેપૂરા ભીંજાઈને આવ્યા છે.

આગળ જોતાં તેને ખ્યાલ આવે છે કે પ્રભુના હાથમાં છડી પણ નથી અને કામર પણ નથી અને ચરણકમલ તો ચીકણા કાદવથી ખરડાઈ ગયા છે. જેથી લાગે છે કે લકૂટી-કામર બંને ગુમાવી આવ્યા છે ! (૧)

અંધારું એટલું થઈ ગયું છે કે જાણે રાત પડી ગઈ હોય ! અથવા કહો કે રાત પડી ત્યારે પધાર્યા છે અને વરસાદ તો પવન સાથે ખૂબ જ વેગમાં પડે છે અને અંધારુ એટલું છે કે પોતનો હાથ / માર્ગ પણ જોઈ શકાતો નથી. તેવા સંજોગોમાં લકૂટી-કાંબળ ઉડી જઈ ખોવાઈ ગઈ હોય ! આ તો વિજળીના ચમકારામાં અમને આપના સઘળા સ્વરૂપનું દર્શન થયું. જેથી ખ્યાલ આવ્યો કે આપ પધાર્યા છો. (૨)

અન્ય ભાવાર્થ :

પુષ્ટિ પ્રભુ તો પ્રેમથી હંમેશા ભિંજાયેલા રહે છે. જ્યારે પણ તેવો કોઈ ભક્ત આપની આર્તી કરે, તીવ્ર સ્મરણ કરે ત્યારે આપ કર્મનાં ફળ આપવાવાળા દંડને તથા આપના મૂળ સ્વરૂપને છૂપાવનારી માયા રૂપ કંબલને પણ દૂર કરીને, વિસરી જઈને - ખોઈ નાખીને સ્નેહના કીચલમાં રસબસ થઈ, ચાલી પણ ન શકાય તેવી વિહવલ દશાવાળા થઈ જાઓ છો. (૧)

તે વેળા કાળ પણ બાધક નથી થતો. કર્મના બાધક કલિના પ્રભાવમાં કોઈને સન્માર્ગ હાથવેંત દૂર હોવા છતાં પણ દેખાય નહિ કે સન્માર્ગ સૂઝે નહિ પણ આપ તો ભક્તની સામે દોડી આવો છો જેથી ભક્તને કાલ-કર્મ-સ્વભાવ (માયા) કંઈ જ બાધક થતું નથી. લૌકિક-વૈદિક અનેક વિટંબણા, પવન અને વર્ષાની જેમ તૂટી પડે તો પણ ફીકર નહિ. કેમકે આ બધાની વચ્ચે પણ પોતાના માહાત્મ્ય રૂપ વીજળીનો એક ચમકારો માત્ર કરી દે એ તો જ સમજદાર (ભક્ત) માટે ઈશારો (ચમકારો) જ કાફી છે. (૨)

ત્યારે ભક્ત સ્નેહ ભિંજ્યા પ્રભુના સાંવળા દેહને ઓળખી જાય છે કે આ તો મારો સાંવરીયો (સ્વામી) છે. જે મારા પર કૃપા કરવા ત્રણ લોક છોડીના આ નાનાસા ગોકુળીયામાં એક નિઃસાધન ક્ષુદ્ર ગોપી માટે પધાર્યા છે. આપ તો સૂર છે અને હું તો આપની જનમ જનમની દાસી છું, તેવી સભાનતા સાથે આપને સજલ નેત્રે સ્નેહથી ભીંજવી દે છે. (૩)

(૩૩) મલ્હાર ૨/૪૩૬

લાલ નેક ગૈયા હમારી ઘેરો
ખિરક તે દૂર નિકલ ગઈ આગે હેરી દેકીન ટેરો ૧
મેરી ટેર સૂનત હી શ્રવણન ટેર રહી બહુ તેરો
શ્રીવિઠ્ઠલ ગિરિધરન લાલકે રૂપબદન તન હેરો ૨

ભાવાર્થ :

સંધ્યા સમયે પ્રભુ ગાયોની સાથે ગોકુળમાં પધાર્યા છે અને દરેક ગોપીની ગાયો પોત પોતાની ખિરકમાં જઈ રહી છે ત્યાં એક ગોપી પ્રભુને અવાજ દઈને કહી રહી છે કે હે લાલ, જૂઓ આ મારી ગાયો તો મારી ખીરકમાં આવવાને બદલે દૂર ચાલી ગઈ છે. તેને આપ જરા ઘેરીને અહીં હેરી દઈને બૂમ પાડીને મોકલો. મારી ટેર કરતા તેને આપની ટેર સાંભળવી છે. આ બહાણે લાલ થોડો સમય ત્યાં રોકાય, કંઈ વાત થાય, તેના સ્વરૂપ લાવણ્યનું પાન થાય. તે તો ઈરાદો છે ગોપીનો.

તેથી તો આપના સ્વરૂપ ઉપર તે વારી જાય છે !

(ગાય મારો અવાજ સાંભળતાં જ તમને કંઈક કહી ટેર-ભાંભરી રહી છે.)

મારો અવાજ સાંભળતાં વેંત તે જ ભાંભરી રહી છે એટલે કે મને કંઈક પ્રત્યુત્તર આપી રહી છે જે મને સમજાતો નથી.

વિશિષ્ટ ભાવાર્થ :

હે લાલ આ મારી ઈંદ્રિયોનું પાલન-પોષણ-રક્ષણ કરનાર ગોપાલ તો આપ છો. આપ જ તેને ચરાવી રહ્યા છો. છતાં પણ હું માનું છું કે આ ઈંદ્રિયો તો મારી છે. મૂલતઃ તો તે પ્રભુગામી છે. જેથી તે મારા ખીરક-સંસારથી આપના સહવાસને લીધે-કે ઉપકારવશ કે પ્રેમવશ તે (મારી ખીરક) સંસારથી દૂર નીકળી ગઈ છે. પણ તે એટલી દૂર ન નીકળી જાય કે (જ્ઞાન માર્ગે) કે આપનો સાથ (ભક્તિ) પણ છોડી દે માટે આપ તેને પૂકારો અને તે માટે જરૂર પડે તો આપ પુષ્ટિ કરીને થોડાક આગળ જાઓ શ્રમ લો. (૧)

આ ઈંદ્રિયો હવે મારા કહ્યામાં નથી, મારી પાસે કોઈ સાધન નથી કે હું અધિકાર કરી શકું. અધિકાર છૂટે તો જ દાસભાવ આવે. જેથી મારો પ્રયાસ પણ મિથ્યા છે. તે તો પ્રભુગામી જ બની ગઈ છે. આપનું રૂપ, મુખારવિંદ અને દેહવિગ્રહ એવો છે કે સૂધ-બૂધ ખોવરાવી દે છે. જેથી તે ઈંદ્રિયો સૂધ-બુધ ખોઈ બેઠેલી પોતાના સંસારમાં કઈ રીતે આવે ? (૨)

(૩૪) મલ્હાર ૨/૪૩૬

લાલકી શોભા કહત ન આવે
સંધ્યા સમે ખિરક મેં દોડે અપની ગાય દુહાવે ૧
લાલ પાગ શિર ઉપર સોહે મોરચંદ છબી પાંવે
મોસો કહ્યો સૂન જા તૂ બાતેં છતના બુંદ બચાવે ૨
લટકત ચલત જબ હી ઘર અપને યુવતીન બોલ સુનાવે
શ્રીવિઠ્ઠલ ગિરિધરન લાલ છબિ યશોમતી કે જીય ભાવે ૩

ભાવાર્થ :

પ્રભુ નંદગૃહના ખીરકમાં સાંજે બિરાજ્યા છે ત્યારે આપનું સૌંદર્ય એવું છે કે તેનું વર્ણન જ ન થઈ શકે. નાનકડા પ્રભુ ઊભા ઊભા જ પોતાની ગાયને દોહી રહ્યા છે. (૧)

હું ત્યાં પ્રભુની આ લીલા નિરખું છું ત્યારે આપ આજ્ઞા કરે છે કે તું મારી વાત

સાંભળ અને મારા ઉપર છતમાંથી જે વરસતા જલના બુંદ પડે છે. તેનાથી મને બચાવ. મારા પર ન પડે તેમ છાંયો કર. (૨)

દોહન થઈ ગયા પછી લટક-મટક ચાલથી આપ પોતાના ઘરમાં જતાં જતાં યુવતીઓને કંઈક વચનો સંભળાવે છે. ત્યારે દૂર ઊભેલા યશોદાજી આ પ્રભુનું યુવતીઓ સાથે વાતો કરતું દૃશ્ય જોઈ ખૂબ જ આનંદીત થાય છે તથા પ્રભુનો તેવા રૂપને જોઈ ખૂબ પ્રસન્ન થાય છે. (૩)

વિશિષ્ટ ભાવાર્થ :

સંધ્યાનો સમય એટલે આર્તી નો સમય. કેમકે પંખીઓના બચ્ચાં પોતાના માત-પિતાની રાહ જોતા હોય, વાછરડાં ગાયની, પત્ની પતિની... આમ વિરહ-આર્તી તથા મિલાપનો સમય. એટલે કે અતી પ્રસન્નતાનો સમય સંધ્યાનો છે. જ્યારે જ્યારે પ્રભુ પ્રતિ પ્રેમ પ્રાકટય થાય ત્યારે પ્રભુ પોતાનું સૌંદર્ય પૂરે પૂરું પ્રકટ કરે છે અને ત્યારે પ્રભુ પોતાના અંગ સમા (પુષ્ટિ કાયેન નિશ્ચિત), ઈંદ્રિયસમા જીવની (ગાય-ઈંદ્રિય) સાથે એકલા જ તેની અંદર રહેલા પ્રેમરસ (ગો-રસ)નું દોહન પોતે કરે છે. જીવનું કોઈ સામર્થ્ય નથી કે પોતાનામાં પ્રેમબીજ મૂકે કે તેને પ્રકટાવે.

ત્યારે ભગવાનના શ્રીમસ્તક ઉપર અનુરાગ (લાલ) રૂપ પાગ શોભી રહી છે અને તેમાં નિષ્કામતા (મોરપીચ્છ) રૂપ પીંછું શોભામાં અભિવૃદ્ધિ કરે છે એ દર્શાવીને આપ પોતાની અપેક્ષા પણ તેવી જ નિષ્કામ સ્નેહની છે તેમ જતાવે છે. આપ આજ્ઞા કરે છે કે ''ભગવત્સુખાર્થે જ તારું જીવન છે.'' તે જ ફળ છે. (કાયે ન તુ ફલં પુષ્ટૌ) સેવા કર તથા મારી જ કથા સાંભળ. હું કહું છું તે સાંભળ એટલે કે સેવા-કથાથી જ મારી સન્મુખ રહી શકીશ. અને જ્યારે પોતે પોતાની ક્રિડા સંકેલી નિજધામમાં પધાર્યા ત્યારે આ સ્ત્રીભાવવાળા જીવોને પોતાના મુખારવિંદ (શ્રીવલ્લભ) થકી બોલ સંભળાવે છે. (વાક્પતિ દ્વારા ઉપદેશ તથા સુબોધિનીથી ભગવત્ કથા.)

જેમની મતિ પ્રભુના યશમાં જ લીન છે. તેવાઓ તો અજ્ઞાનરૂપ અંધકારને દૂર કરનાર શ્રીવિઠ્ઠલ તથા શરણ જવાને યોગ્ય તેવા શ્રીકૃષ્ણમાં જ પોતાના આત્માની પ્રસન્નતા રાખે છે.

માન

(૩૫) મલ્હાર ૨/૪૪૨

કબ હી કહેતી પ્યારી અજહૂ ન રીસ ગઈ
મોહની મૌનધર કહત કછૂનરી
કાનન કછૂ કરત સન્મુખ લેરત જ્યોં જ્યોં
વરજી ત્યોં ત્યોં ભઈ અતી દૂનરી ૧
બાવરી ભઈરી પ્યારી મેરે જાને પિય કહ્યો કહા
કાહૂકો ન કહ્યો માને તુવ હૃદો સુનરી
ગોવિન્દ પ્રભુ પ્રિય ચરણપરસ
આંકોભર મિલ રંગ રહ્યો જેસેં હરદ ચૂનરી ૨

ભાવાર્થ :

શ્રીરાધાજી શ્રીઠાકોરજી માન કરી ગયા છે તે છોડાવવા એક સખી આપને કહે છે - હું કેટલા સમયથી હે પ્યારી તને સમજાવું છું પણ હજુ સુધી તારી રીસ ન ગઈ ? તારું મૌન પણ એમને મોહ કરાવે છે. ભ્રમ કરાવે છે કે સાચી રીસ છે કે ખોટી ? કેમકે તુ કાંઈ કહેતી પણ નથી. અમે જેમ જેમ તને વધારે નમતા આવીએ છીએ તેમ તેમ તું તો કંઈ કાને જ ધરતી નથી, સાંભળતી જ નથી. અને જો તને લડીએ-ખિજાઈએ છીએ તો તો બમણી રીસ કરે છે. (૧)

હવે ફરી સમજાવે છે અને કારણ જાણવા પ્રયાસ કરે છે કે હે પ્યારી, તું તો બાવરી-ગાંડી થઈ છે શું ? તને એવું તો પ્રિયએ શું કહ્યું ? એ તો કહે. તું કોઈનું કહ્યું માનતી નથી બસ તારા મનની (હૈયાની) વાત જ સાંભળે છે, મનમાની કરે છે.

તું હવે જા... ગોવિન્દ પ્રભુ પિયુના ચરણનો સ્પર્શ કરી લે અને જેમ હલદી-ચૂનો મળે તો રતુમડો રંગ ઉભરે તેમ તેમને અંકમાં ભરી લે. હલદી-ચૂનાની જેમ એક થઈ જા તુ હલદી જેવા વર્ણની છે અને તે ચૂના સમાન નિર્ગુણ (સફેદ) તેમ છતાં અનુરાગને ધારણ કરશે જ તેવા કૃપાળું અને ભક્ત વત્સલ છે. (૨)

સંવત્સર

(૩૬) રાગ – સારંગ ૨/૨૪૪

ચૈત્રમાસ સંવત્સર પરિવા નયો પરવ માન્યો હે આજ
નૂતન લાડ લડાવત સબ વિધિ શ્રીવલ્લભ શ્રીવિઠ્ઠલ મહારાજ ૧
નયે બસન મણિગન આભૂષણ ધરત નયે અસન નયે રૂચિ ઉપજાય
અચમન કરી મુખ પોંછી બસનતે બીરી દેત સુગંધ મીલાય ૨
વિવિધ ફૂલમંડલી મનોહર આંગન મોતીન ચોક પુરાય
આરતી કરત જૂ માત જશોદા ન્યોછાવર કરી અતી સચુ પાય ૩
નવદલ નિમ્બ મધુ મિશ્રી લે દેત સબનકોં મન હરખાય
બ્રહ્મદાસકોં માલા બીડા દેત પ્રભુ અતી નિકટ બુલાય ૪

ભાવાર્થ :

આ કીર્તનમાં બે વસ્તુ મુખ્યતઃ બતાવી છે

૧. આજના દિનની પ્રભુની સેવાનો પ્રકાર

૨. આજે સર્વ કંઈ નૂતન ધરાય છે.

આજે સંવત્સરનો પ્રથમ દિન છે, જે ચૈત્રમાસના પ્રથમ પક્ષનો પ્રથમ દિન છે. જેમ વૃક્ષ પર અનેક પાન હોય તેમ વર્ષના પણ અનેક દિવસ હોય છે. સૌથી ઉપરનું કૂમળું પાન તે પ્રથમ પર્વ, ફમગો છે. આ ફણગેલ-પ્રકટેલ પર્ણ ખૂબ જ કોમળ, સ્વરૂપવાન હોય છે. તેવી જ રીતે આજનો દિવસ પણ પરબ-પુણ્યકાળ છે. તેવા નવા પર્ણાંકૂર સમાન કોમલ આપણા લાલન પ્રભુ પણ છે. આપના પધારવાથી જ આપણું નૂતન સાચું જીવન શરૂ થાય છે. આવા નંદ-નંદનને શ્રીવલ્લભ તથા શ્રીવિઠ્ઠલ બન્ને આચાર્ય બધા જ પ્રકારે નૂતન-નવા નવા લાડ લડાવે છે. (૧)

આપણા માર્ગની સેવાનો એ પ્રકાર છે જેમાં વિવિધ પ્રકાર બતાવે છે અને નાવીન્ય બતાવે છે. આપ વસ્ત્રો પણ નૂતન, મણિજડીત માળાનાં આભૂષણો ધરે છે. આ પ્રકારે પ્રભુ આપણામાં નવી રૂચિ ઉપજાવે છે. આજ સુધી તો લોકોમાં રૂચિ હતી પણ હવે પ્રભુમાં રૂચિ જાગે છે માટે તે નવા પ્રકારની છે.

ભક્તિનું પ્રથમ ચરણ રૂચિથી શરૂ થાય છે અને તે વિકાસ પામતાં પામતાં પ્રેમ-આસક્તિ-વ્યસન-સર્વાત્મ ભાવનાં રૂપ ધારણ કરે છે. રૂચિ બહુ જ કોમળ હોય

છે. રૂચિભંગ ન થાય તેની ઘણી કાળજી લેવી જોઈએ. તે આસક્તિ થવા સુધી જરૂર છે. કેમ કે આસકત્યા સ્યાદ્ ગૃહારુચિ.

ભોગ-રાજભોગની વાત અહીં ગુપ્ત રાખી છે. અન્યથા ઉપપત્તિના ન્યાયથી ભોજન તો કર્યું છે નહિ તો ત્યાર પછી વસ્ત્રથી મુખ પોંછીને સુગંધયુક્ત બિરી કેમ ધરાવે ? સુગંધયુક્ત બિરી પણ નૂતન રૂચિ પ્રકટાવવા માટે. (૨)

ત્યારબાદ વિવિધ ફૂલોથી આચ્છાદિત ફૂલમંડલી રચવામાં આવે છે તે મનને હરિ લે તેવી હોય (રૂચિ) અને આંગણામાં મોતીનો ચોક પૂરવામાં આવે. માતા યશોદાના ભાવથી. ત્યારબાદ પ્રભુની આરતિ ઉતારે છે અને માતા લાલને નજર ન લાગે માટે અથવા તો પોતાની અતી પ્રસન્નતા પ્રકટ કરવા ન્યોછાવર કરે છે. ભેટ સોગાદ વગેરે વહેંચાય છે. (૩)

લીમડાના નૂતન દલને સાકરમાં મિશ્રીત કરીને લેવામાં આવે છે અને આપવામાં પણ આવે છે. તેમ કરવાથી દોષ દૂર થાય છે અને મન પ્રફૂલ્લિત થાય છે. બહારથી કડવા લાગે પણ દોષ દૂર કરનારા શ્રીઆચાર્યજીના માર્ગના સિદ્ધાંતો તે કૂમળા નિમ પાન છે. સાથે સાથે ભગવદ્ સુખાર્થ સેવાનો પ્રકાર તે મિશ્રી સમાન છે. તે બન્નેનો સમન્વય આજના નૂતન દિને પ્રતિજ્ઞા પૂર્વક કરવાનો છે. કૃષ્ણ જ બ્રહ્મ છે તે સમજ પણ જરૂરી છે અન્યથા પ્રભુનો દોષ થવાનો સંભવ છે. તેવા બ્રહ્મદાસને પ્રભુ કૃપા કરીને ખૂબ જ નિકટ બોલાવીને માલા તથા બીડાથી પોતાનો ભાવ પ્રકટ કરે છે કે તું મારો છે. (૪)

ગનગોર

(૩૭) રાગ – ખટ ૨/૨૪૪

ઠાડે કુંજદ્વાર પીય પ્યારી કરત પરસ્પર હસહસ બતીયાં
રંગીલી તીજ ગનગોર ભોર સજ આંઈ ઘર ઘરતેં સબ સખીયાં ૧
કરત આરતી અતી રસમાતી ગાવત ગીત નિરખ મુખ અખીયાં
કૃષ્ણદાસ પ્રભુ ચતુર નાગરી કહાબરનોં નાંહી મેરી ગતીયાં ૨

ભાવાર્થ :

ચૈત્ર સુદ ત્રીજ ગનગોરનો લોકઉત્સવ વ્રજમાં મનાવાય છે. હમણાં જ વસંત ઋતુ ગઈ છે અને ગ્રિષ્મનાં પગરણ થયા છે. વસંતની મજા માણી લેવાનો આ છેલ્લો

મોકો છે તેથી તો આ રંગીલા તીજ છે. પ્રભુ વ્રજભક્તો સાથે રંગીન ભાવોને માણી લેવા ચાહે છે. તેથી દરરોજ જુદા જુદા રંગના વસ્ત્રો સૌ ધારણ કરે છે.

પ્રભુએ ગિરિરાજની કંદરામાં આવેલી કુંજમાં શયન કર્યું છે. આપ તથા શ્રીસ્વામિનીજી કુંજના દ્વાર પર ઠાડા છે અને પરસ્પર હસી-હસીને રસનું આદાન પ્રદાન કરતાં વાતો કરી રહ્યા છે. દ્વારે ઠાડા છે તેથી સ્વકીય ભક્તોની રાહ જૂએ છે અને વાતમાં પણ તેઓ જ હોય કેમ કે આપ બન્ને ભક્તવત્સલ છે. આજે ગનગોરની રંગીલી તીજ છે. તેથી સવારના પહોરમાં જ ઘર-ઘરથી સખીઓ સજીધજીને આવી છે. (૧)

રાત્રીભરનો સમય પ્રભુ વિરહમાં વીત્યો હોવાથી સૌ ખૂબ જ રસસભર હૈયે આપ બન્નેની આરતી ઉતારે છે અને આપનાં મુખકમળ નિરખી નિરખીને ગીતો ગાય છે. અથવા આરતી કરતી વખતે ગોપીજનોની આંખો મુખ બનીને ભાવપૂર્વક મૂંગા ગીત ગાય છે અથવા દંપતિના મુખ નિરખતાં, આંખો ગાય છે. અથવા શ્રીપ્રભુના મુખ અને આંખો નિરખતાં નિરખતાં ગાય છે. કેમ કે પ્રભુની આંખો કેવો પ્રતિભાવ આપે છે તદનુસાર સ્વયંસ્ફૂરિત ગીતો ગાય છે. કૃષ્ણદાસજી કહે છે કે આ ગીતોમાં અને પ્રભુના મુખ અને (નયન) અખીયાંમાં પ્રકટ થતો અનુભાવ બન્ને ચતુરાઈ ભર્યા છે.

અથવા દીપ દેહલી ન્યાયથી પ્રભુ ચતુર અને ચતુર નાગરી તેમ બન્ને ચતુર છે. તેથી નાગરીનાં પ્રત્યુત્તર રૂપ ઉત્તરો પણ ચતુરાઈ ભર્યાં છે. ગોપીજનો ચતુર છે તેનો ઈશારો તો તેમને પ્રભુએ પાછા જાઓ... કહ્યું ત્યારે દશપ્રશ્નના દશ ઉત્તર આપ્યા તેથી થયો છે. ગોપીગીતમાં પણ ચતુરાઈ પ્રકટે છે. પ્રભુ ફરી પ્રકટ થયા ત્યારે યમુનાપુલીનની સભામાં પણ જે પ્રશ્નો પૂછ્યા ત્યાં પણ ચતુરાઈ છે. વેણુગીત, ભ્રમરગીત, યુગલગીત બધે જ ભોળી ગોપીઓની ચતુરાઈ પ્રકટ થઈ જાય છે. શ્રુતિરૂપા, ઋષિરૂપા ગમે તેટલી છૂપાઈને ભોળી ગોપી બને પણ તેમની ચતુરાઈ પ્રકટ થઈ જ જાય!

કૃષ્ણદાસ કહે છે આ ચતુરાઈનું વર્ણન કરવાનું મારું, સામર્થ્ય નથી. બસ હું તો ઓવારી જાઉં એટલું જ! આ ચતુરાઈ પ્રભુદત્ત છે તેથી તેનું વર્ણન કરવા કોઈ જ સમર્થ નથી. (૨)

(૩૮) રાગ – કેદારો ૨/૨૫૦

ધન્ય વૃંદા વિપિન ધન્ય ગોકુલગામ
ધન્ય રાધા કૌન ગૌર તૈં પૂજી
ધન્ય બડભાગ્ય સૌભાગ્ય તેરો સુજસ
રસિક નંદનંદન કી તૂ બહૂજી ૧
ચક્ર ચુડામણિ રૂપ ગુણ આગરી
નાહી ત્રિભુવન વામ તોસી દૂજી
કૃષ્ણદાસની નાથ સાથ બિલસન સદા
તોહી સમ નાહી નવનારી સૂઝી ૨

ભાવાર્થ :

કૃષ્ણદાસજી રાધાજીના ભાગ્યનાં વખાણ કરતાં કહે છે કે વૃંદા-તુલસીના બગીચા જેવું વૃંદાવન કે જે મહેકી રહ્યું હોય અથવા જે વૃંદા-સ્ત્રી બાગની સમાન ખૂબ જ શોભાયમાન હોય. અથવા વૃંદાવનને ધન્ય છે કેમ કે તે શ્રીરાધાજીનું ધામ છે કૃષ્ણનું ગામ ગોકુલ પણ ધન્ય છે. હે રાધા તને ધન્ય છે, તેં એવી તે કેવી રીતે અથવા કઈ ગોર, દેવી-દૂતીને પૂજી કે તારું મહાભાગ્ય ધન્ય થયું ? તારા સૌભાગ્યના શું યશ ગાવાં ? કેમ કે રસોવૈસઃ રસિક કે જે ભૂતલ પર નંદનંદન રૂપે પ્રકટ થયો છે તેની તૂ બહુજી બની ગઈ. ! (૧)

તે ચક્રને ધારણ કરતો ચૂડામણિ છે, તો તું રૂપ અને ગુણની ખાણ છે. ત્રણે ભુવનમાં તારા સમાન બીજી કોઈ સ્ત્રી (વામ) છે નહીં. કૃષ્ણદાસજી કહે છે કે મારા નાથ કૃષ્ણ, તારી સાથે સદા વિલાસ કરે છે, ક્રિડા કરે છે. તેમને તારી સમાન કોઈ નૂતનતાયુક્ત નારી મળી જ નહીં. તમો બન્ને અનૂપમ છો. એકબીજાના માટે જ છો. તમોને ધન્ય હો ! (૨)

શ્રીયમુનાજીની વધાઈ

(૩૯) રાગ – બિલાવલ ૨/૨૫૨

જયજય શ્રીસુરજા કલિન્દ નન્દીની
ગુલ્મલતા તરૂ સુવાસ કુંજ કુસુમ મોદ મત્ત
ગુંજન અલી સુભગ પુલીન વાયુ મન્દિની ૧
હરિ સમાન ધર્મ શિલ કાન્ત મન્જુલ જલદ નીલ
કટીનિતંબ ભેદત નિત ગતિ ઉતંગની
સિકતાજનું મુક્તાફલ કંકણયુત ભૂજતરંગ
કમલન ઉપહાર લેત પિયા ચરણ વંદિની ૨
શ્રીગોપેન્દ્ર ગોપી સંગમ શ્રમજલકણ
સિકત સંગ અતિ તરંગ નિરખરસ સુફંદિની
છિતસ્વામી ગિરિવરધર નંદનંદન આનંદકંદ
યમુનેજન દુરિત હરણ દુઃખ નિકંદીની ૩

ભાવાર્થ :

છિતસ્વામી શ્રીયમુનાજીની સ્તુતિ કરે છે. જેમાં યમુનાષ્ટક સાથે ઘણી બધી સંગતિ છે. સૂર-સૂર્ય-આદિનારાયણનાં પુત્રી (સુરજ) કલિન્દ પર્વત પર અવતરણ કરે છે- (કલિન્દનંદીની) તેવાં શ્રીયમુનાજીનો જય હો. (શ્લોક ૨) તેવાં શ્રીયમુનાજીના કિનારે ગુલ્મલતામાંથી તથા વૃક્ષોમાંથી તથા કુંજોમાં કુસુમ ખિલ્યા છે તેની સુવાસ ખૂબ જ સુખ આપનારી તથા (મત્ત) ઉત્સાહ વધારનારી છે. તેનાથી આકર્ષાઈને ભમરા ગુંજારવ કરે છે અન વાયુ મંદ મંદ વહી રહ્યો છે જે સુવાસનું વહન કરે છે. (યમુનાષ્ટક-૧). (૧)

શ્રીયમુનાજીનું સ્વરૂપ વર્ણવે છે.

આપના ગુણધર્મ શિલ-ચરિત્ર સર્વકંઈ હરિના સમાન છે. નિલવર્ણના કમલ સમાન આકર્ષક આપનો વર્ણ છે. કટી સમાન આપનો પ્રવાહ તથા નિતંબ સમાન તટ છે અને ગતિ ઉત્તમ પ્રકારની ઊંચી-નીચી છે. વાલુકી (સિકતા)ને લીધે જે તરંગ થાય છે તે જાણે કંકણમાં મોતી (મુક્તાફળ) જડેલાં હોય જે હાથમાં ધરેલા હોય તેમ જણાય છે. (તરંગ ભૂજકંકણ પ્રકટમુક્તિકા વાલુકા) (શ્લોક-૩)

એવાં શ્રીયમુનાજી કમલોનો ઉપહાર લઈને જાય છે તેનો પીયા-પ્રભુ સ્વીકાર કરે

છે (લેત) યમુનાજીનો દાસભાવ હોવાથી આપ પ્રભુને ચરણવંદના કરે છે. (૨)

ગોપોના ઈન્દ્ર (ગોવિન્દ) તથા ગોપીના મહારાસ પછી જે શ્રમજલ થયાં તે જલક્રિડા વેળા શ્રીયમુનાજીમાં સમરસ થયા. તેથી (શ્રીગોપેન્દ્ર ગોપી સંગમ શ્રમજલકણ).

ખૂબ જ રોમાંચિત અંગોવાળાં શ્રીયમુનાજીનું આ સ્વરૂપ રસરૂપ તથા રહસ્યમય છે (શ્લોક-૮).

છીતસ્વામીજી કહે છે શ્રીગિરિવરધરણ (લીલા કરનાર) નંદનંદન આનંદના સમૂહરૂપ છે અને શ્રીયમુનાજી આવા પ્રભુની પ્રાપ્તિમાં આડે આવતાં દુરિતનું હરણ કરીને પ્રભુમિલનના તાપ રૂપ દુઃખનું નિકંદન કરનારાં છે. આવાં શ્રીયમુનાજીનો જય હો. (શ્લોક ૯) (૩)

શ્રીયદુનાથજીની વધાઈ

(૪૦) રાગ – સારંગ ૨/૨૨૮

શ્રીવિઠ્ઠલગૃહ મંગલચાર
માતારૂક્મિણી કુખી પ્રકટ ભયે
શ્રીયદુનાથ છઠ્ઠે સુકુમાર ૧
જયજયકાર ભયો ભૂવિ ઉપર બજત બીન મુરલી કરતાર
દ્વારે ભિર વિપ્ર ગુણીયનકી ગાવત યશ પાવન નરનાર ૨
દેત દાન અતીહી મન ફૂલેં શ્રીવિઠ્ઠલ મન બડે ઉદાર
સુનકે આન પર્યો દ્વારે યહ રસિકદાસકી ઓર નિહાર ૩

ભાવાર્થ :

આજે ચૈત્ર સુદ છઠે શ્રીયદુનાથજી - શ્રીવિઠ્ઠલેશના છઠ્ઠા લાલનનું માતા રૂક્મિણીજીના કૂખે અવતરણ થયું છે તેથી શ્રીવિઠ્ઠલેશના ગૃહમાં મંગલ મંગલ થઈ ગયું છે. ચારે પુરૂષાર્થો ભક્તિમય બની ગયા છે (મંગલચાર) (૧)

આપના પ્રાકટ્યથી ભૂતલ પર જયજયકારના ઘોષ થઈ રહ્યા છે અને બીન, મુરલી, કરતાર વ. વિવિધ વાજિંત્રો વગાડીને ખુશી પ્રકટ થઈ રહી છે. (૨)

શ્રીગુસાંઈજીના દ્વારે વિપ્ર અને ગુણીજન (ભાટ-ચારણ) વ.ની ભીડ થઈ ગઈ છે તે વિપ્રો વેદ-સ્તુતિથી યદુનાથનો યશ ગાય છે અને ગુણીજન પ્રાકૃત ભાષામાં ગુણગાન ગાય છે. આ યશગાન કાને પડતાં જ નર-નારી પાવન પવિત્ર થઈ જાય

છે એટલે કે તેમનાં પાપનો ક્ષય થઈ જાય છે. તથા સુપાત્ર બને છે. શ્રીગુસાંઈજી મનના બહુ ઉદાર છે તેથી પ્રસન્ન મનથી તથા હરખાઈને તે સર્વને ધણું દાન કરે છે. રસિકદાસ (મટ્ટુલાલજી) કહે છે આ પ્રાકટ્ય સાંભળીને હું પણ આપના દ્વારે આવ્યો છું. અપેક્ષા એટલી જ છે કે આપ (શ્રીગુસાંઈજી તથા શ્રીયદુનાથજી) મારા પ્રતિ કૃપા દ્દષ્ટિ કરીને જૂએ... (૩)

શ્રીરામનવમીની વધાઈ

(૪૧) રાગ – સારંગ ૨/૨૫૯

વન્દો અવધ ગોકુલ ગામ ઈતે રાજત જાનકીવર ઉતેં શ્યામાશ્યામ ૧
ઈતે સરયૂ વહત નિર્મલ ઉતે યમુનાનિર હરત કલિ વિષ યુગલમૂરત
જાન જનકી પીર ૨
ઈતે શવરી સ્વર્ગ દીનો ચિત્રકૂટ બનાઈ
ઉતે કુબ્જા રૂપ દીનો ચન્દન ચારુ ધિસ લાઈ ૩
ઈતે ખેવત સખા તારે બેઠી કે રઘુરાઈ
ઉતે કરનખ ભૂપ તારે કર ગહે યદુરાઈ ૪
ઈતે સારંગપાની સોહે લલિત લછમન ધીર
ઉતે મુરલીકર વિરાજે હલગહે બલવીર ૫
ઈતે ગૌતમ ધરનીકી ગતિ કીની રામ સુજાન
ઉતે દ્રૌપદી લાજ રાખી દ્વારકાપતિ કાન્હ ૬
ધીર સાગર રામ મૂરત કરે ગિધ નિહાલ
ઉતે ગજ વૈકુંઠ પઠયો દોરી કે નંદલાલ ૭
કબહૂ બાવાનંદકે ઘર જાત માખન ખાત
તનક ભોજન કરો વિલમો કહત કૌશલ્યા માત ૮
ભક્ત હેત અવતાર લીનેં ધરી દોઉ અવતાર
દાસ **તુલસી** શરણ આયેકો ઉતારે પાર ૯

ભાવાર્થ :

આ કીર્તનના રચયિતા તુલસીદાસજી છે કૃષ્ણ અવતાર તથા રામઅવતારમાં જે તે લીલા કરીને શરણે આવેલા ભક્તોને પ્રભુએ તાર્યા છે તેનીસંગતિ કરી છે. આપ મર્યાદા ભક્ત હોવા છતાં આપને પુષ્ટિના દર્શન આ બન્ને અવતારમાં થયા છે.

પણ આપની મર્યાદાદૃષ્ટિ અનુસાર આ કીર્તનના શબ્દો છે.

મંગલાચરણ કરતાં અવધ-અયોધ્યા અને ગોકુલગામ બન્નેને વંદન કરે છે. અવધ રામજીની જેમ કાનામાત્ર વગરનું સરળ છે. નગર છે જ્યારે ગોકુલ થોડાંક વળાંકવાળુ નાનકડું ગામડું છે. અહીં એટલે શ્રીરામજી સંબંધે અને તેહીં એટલે કૃષ્ણ સંબંધે સમજવું. અહીં જાનકી જેમને માત્રને (વર) શ્રેષ્ઠ ગણે છે તે બિરાજે છે અને ત્યાં (શ્રીકૃષ્ણ) શ્યામા-શ્યામ યુગલ બિરાજે છે. અહીં જાનકી-વર કહેતાં માત્ર રામજીનો ઉલ્લેખ છે. જાનકીજી વિશેષણ રૂપે છે. જ્યારે શ્યામા-શ્યામ કહેતાં બન્નેયને સમાનતા - કર્તા તરીકે બતાવ્યા છે. (૧)

અહીંયા સરયૂ નિર્મલ વહે છે. તે તો શ્રીરામજીના ચરિત્ર અનુસાર નિર્મલ છે અને ત્યાં યમુનાના જળ છે. યમ-દોષીને સજા કરનાર છે પણ યમુના તેમાંથી છોડાવાનર છે. મર્યાદામાં શુદ્ધસત્વ આવશ્યક છે, પુષ્ટિમાં દોષોને ભગવદ્કૃપા દૂર કરે છે. પરંતુ બન્નેય મૂરત-સ્વરૂપ રામચંદ્રજી અને કૃષ્ણચંદ્રજી કલિકાળના વિષ-દોષોને હરવાવાળા છે, કેમ કે આપના ભક્તોની પીડાને આપ પોતાની પીડા જાણે છે. ભક્તો આપના (જાન) પ્રાણ છે. વળી કલી કહેતાં કાલીય નાગના વિષથી જે ગાયો અને ગોપો મૃત્યુ પામ્યા હતા તેમનાં દુઃખ ટાળવા આપે તેઓને જીવીત કર્યા અને કાલીયનાગને યમુનાના ધરામાંથી હટાવ્યો. આ પ્રકારે ગોકુલના જીવોનું દુઃખ કાયમી ટળ્યું. (૨)

શબરી પર રામજીએ જૂઠન બોર આરોગીને પોતે પુષ્ટિભાવ પ્રકટ કર્યો પોતે ચિત્રકૂટમાં કૂટી બનાવીને રહ્યા. રામના દર્શન અને સેવા તે જ શબરી માટે સ્વર્ગ બાકી તો શબરીને મૃત્યુ પછી રામચરણ શરણ જ છે! જ્યારે આ બાજુ કુબ્જાએ પ્રભુસેવાની તત્પરતા બતાવી તો તેની કુરૂપતા દૂર કરી અને તેને કામાસક્તિ હતી તેથી આધિભૌતિક રૂપનું દાન કર્યું. (કુબ્જાએ ચંદન-ચર્યા પ્રભુને કરી). (૩)

અહીં રઘુનાથજીએ કેવટની નાવમાં બિરાજીને તેને હૃદય સરસો ચાંપીને તેના દાસભાવને સખ્યમાં પલટીને, સહજમાં કોઈ સાધન કર્યા વગર તાર્યો અને ત્યાં કૃષ્ણે જરાસંધની કેદમાં જે ૨૦૮૦૦ રાજાઓ હતા તેમને યુધિષ્ઠિરના યજ્ઞ મિસે જરાસંઘને હરાવી-મરાવીને તાર્યા અને તે તો સહજ પોતાના કરના નખ સ્પર્શ માત્રથી! તથા તેમને ભક્તિ આપી આપે તાર્યા. નખસ્પર્શથી તાર્યા અને ગ્રહ્યા હાથપકડીને. (૪)

રામચંદ્રજી આજાનબાહુ સારંગપાણી છે જેમના બંધુ લક્ષ્મણ અનૂજ ધીરજવાન

છે તેથી તો વનનાં દુઃખ સહ્યાં તો ત્યાં કૃષ્ણનાં ભૂજમાં મુરલી બિરાજે છે અને બલવીરે હળનું આયુધ ધારણ કરનાર અધીર ક્રોધીત છે, કેમ કે સંકર્ષણ વ્યૂહનું કાર્ય જ અસૂરનાશ છે. (૫)

અહીંયા રામચંદ્રજીએ ગૌતમ પત્ની અહલ્યાનો ઉદ્ધાર કર્યો (શિલામાંથી નારી કરી). રામજીના માર્ગમાં આવનારનો ઉદ્ધાર અને ત્યાં કૃષ્ણે તો દ્રૌપદીના 'કાન્હ' નામના પોકાર માત્રથી દ્વારકાથી દોડીને હસ્તિનાપૂર આવી ચીરપૂરીને લાજ રાખી છે. (૬)

રામજી ધૈર્યના સાગર છે. તેમણે પક્ષીરાજ ગીધને ન્યાલ કરી દીધો છે. ઘણી કૃપા કરી ઉદ્ધાર્યો તો પેલી બાજુ નંદલાલ પ્રતિ પોકાર કરનાર ગજરાજ કે જેને મગરે પકડયો છે. ગજરાજે શરણાગતિ સ્વીકારીને આપે તેને વૈકુંઠગતિ આપી છે. (૭)

આ જ બાબા નંદને ત્યાં જઈ માખણ ખાય છે તો પ્રભુ ક્યારેક કૌશલ્યાને ભોજન કરાવવા માટે કાલાવાલાં કરાવે છે. (૮)

આ બન્ને રામ અને કૃષ્ણનો અવતાર ભક્તોના હિત માટે જ છે. તુલસીદાસ પણ શરણે આવેલા છે. આ પ્રભુ શરણ આવેલાને પાર ઉતારનારા છે. (૯)

પવિત્રા

(૪૨) સારંગ ૨/૫૪૧

પવિત્રા પહરત ગિરિધરલાલ
રૂચિર પાટકે ફોંદના કરી રહી પહરાવત સબ બાલ ૧
આસપાસ સબ સખામંડલી માનો કમલ અલી માલ
કુંભનદાસ પ્રભુ ત્રિભુવન મોહન ગોવર્ધનધરલાલ ૨

ભાવાર્થ :

શ્રીગિરિધરલાલ પવિત્રા ધારણ કરવા માટે બની ઠનીને બિરાજ્યા છે એટલે કે આજે આપે પોતાના સ્વકીયોનો પવિત્ર કરી દેવાનો નિશ્ચય કર્યો છે, પુષ્ટિ વરસાવીને. જાણે અજાણે કે સહજતાથી જે કંઈ પંચવિધ દોષો અંદર-બહારના છે, તેમને ગંગાના પ્રવાહ મેળવતાં જેમ તે દોષો નિવૃત્ત થાય તેમ આજે કોઈજ પ્રયાસ વગર આપે સૌને પવિત્ર કરવા ધાર્યું છે. કેમકે તે સૌને ગિરિધરલાલમાં પૂર્ણ આશ્રય છે અને પૂર્ણ સ્નેહ છે. આપની સારસ્વતકલ્પની ગોવર્ધનધરણ લીલામાં

ભક્ત તરફથી તથા આપ તરફથી પ્રકટ થયેલ તે ભાવો હતા. શ્રીમહાપ્રભુજીના લાલ (બાલ) શ્રીગોપીનાથજી-ગુંસાઈજી તથા શ્રીગુંસાઈજીના સર્વ લાલ અતી સુંદર (રૂચિ) ગમી જાય તેવા (જે શ્રીનાથજીને ગમે અને સ્વયંને ગમે) તેવા વસ્ત્રથી રંગબેરંગી પતંગીયા જેવા રંગના, તેવા આકારના ફોંદના જેવા તૈયાર કરી કરીને આપને પહેરાવે છે.

વર્ષના બધાજ દિવસોમાં સેવા કરનારાથી સેવામાં કંઈક દોષ, કમી, આલસ્ય રહી જાય, રંચક માત્ર પણ પ્રભુને અસુખ થયું હોય પણ, ભક્તવસ્તલતાને કારણે પ્રભુતે જતાવે નહિ તો પણ ભક્તને સદા થયા કરે કે શું પ્રભુને મારી સેવા રૂચે છે ? તેનો જવાબ આજે પ્રભુ આપી દે છે. તારી વરસ ભરની સેવા મને (ગમી) છે. આમ આપ પણ રૂચિર પાટકે ફોદના ને સ્વીકારે છે. તેથી બધાંનાં જ હૈયાં આનંદપૂર્ણ થઈ જાય છે.

શ્રીગુંસાઈજી માટે પ્રભુસુખ સર્વસ્વ હતું. તેથી તો શ્રીગુંસાઈજી શ્રીગિરિધરજીને કહે છે. ધોંધીના નૃત્ય પર શ્રી નવનીતપ્રિયજીએ તાલ આપ્યો તો માત્ર કડાં શું કામ ? સર્વસ્વ ન્યોછાવર ન કરી દઈએ ? આ દિવસ તેવા સમર્પણનો છે, સર્વસ્વ સમર્પણનો. મથુરાના સતઘરામાં ગુંસાઈજીના સર્વ બાળકોએ સર્વસ્વ સમર્પણ કર્યું હતું, બેટીજીની રહી ગયેલી વારી આપે માંગીને લીધી, તેવા પુષ્ટિનાં દર્શન કરાવ્યા હતા. તે સમર્પણના આનંદનો ઉત્સવ આજે બાળકો ઉજવી રહ્યા છે. (૧)

શ્રીઠાકોરજીની આસપાસ અષ્ટસખાની મંડલી બિરાજી છે તે સર્વ પણ પ્રભુરૂપ કમલના પ્રતિ આકર્ષિત ભ્રમર જેવા છે. તે પોતાની ભગવદ્આસક્તિને પ્રયાસ છતાં પણ રોકી નથી શકતા. ગોવિંદ સ્વામી કાનબાઈને કહે છે - મન તો તેમનામાં લાગી ગયું છે શું કરીએ ? મનતો એક જ છે, હવે દીકરીમાં કઈ રીતે લગાવું ? કુંભનદાસ પણ દીકરા-કૃષ્ણદાસના મૃત્યુથી નહિ પણ પ્રભુનો વિયોગ થશે તેના કારણે મૂર્છાવશ થયા છે. ગુંસાઈજી કુંભનદાસની આસક્તિ જાણે છે તેથી તો કહે છે ''તારો પરદેશ થઈ ચૂક્યો... જા...'' ચત્રભૂજદાસ કેવા વિરહથી સતઘરામાં પધારેલા શ્રીનાથજીની રાહ જોઈ રહ્યા છે. ''લાલ તુમ બીન રહ્યો ન જાય'' ગોપાલદાસ પણ લલાના ગાય છે. આવા સખામંડલીનાં ભાવો છે. કમલની આસપાસ જેમ ભ્રમર માલાની જેમ વીંટળાઈ જાય છે તેમ પ્રભુના ભક્તો મુખકમળના દર્શનાર્થે રાસમંડલીની જેમ પ્રભુની ફરતે વીંટળાઈ વળે છે. જેમ ભમરા કમળના મધુરસનું પાન કરે છે તેમ ભક્તો પ્રભુના સ્વરૂપાનંદનું પાન કરે છે. જેમ ભ્રમર ગંજારવ કરે છે તેમ ભક્તો ભગવદ્કીર્તન કરે છે. આ ભક્તો રસના કુંભ છે, કુંભન છે અને પ્રભુના દાસ છે તેથી કુંભનદાસ છે. તે કહે છે કે આ પ્રભુ ત્રણે ભુવનને એટલે કે ત્રણે ભુવનના જનોને આકર્ષિત કરે છે.

અધિકારાનુસાર ત્રણ લોક એટલે પ્રવાહી સૃષ્ટિ, મર્યાદા સૃષ્ટિ અને દૈવીસૃષ્ટિ પ્રવાહી સૃષ્ટિ માટે આપ જગત બનીને આકર્ષી છે.

મર્યાદાસૃષ્ટિ માટે આપ જ્ઞાનરૂપ બન્યા અને અક્ષર બ્રહ્મરૂપે આકર્ષી છે અને પુષ્ટિ સૃષ્ટિ માટે આપ કૃષ્ણ ગોવર્ધનધારી બનીને આકર્ષો છો. પરંતુ આ દાસજનોને તો આપ મોહમાં હંમેશા નાખી દો છો તેથી તો આપ માહાત્મ્ય જણાવો છો છતાં તેઓ મોહવશ-સ્નેહવશ આપના માહાત્મ્યને વીસરી જઈને માત્ર આપ પર સ્નેહ વરસાવવા લાગી જાય છે તે એટલા માટે કે ભક્તોની ઈંદ્રિયોનું પોષણ કરનાર તથા ભક્તોના આશ્રયરૂપ (ઘર) આપ બની ગયા. છતાં આપ તેમના લાલન (લાલ) બની ગયા છો. તેમનાથી પાલન પામતા અને લાલાયીત રહો છો આવા ગોવર્ધનધર-ગિરિધર પ્રભુ આજે પવિત્રા ધારણ કરવા તત્પર થઈને બિરાજ્યા છે, પ્રમેય કરવા માટે.

પ્રભુએ ગોવર્ધનને ધારીને ઈંદ્રનો મોહ દૂર કર્યો (મોહ-ન) બ્રહ્માજીએ વાછરડાં-ગ્વાલબાલને ચોર્યા છતાં પ્રભુ સર્વ બનીને લીલા કરતા રહ્યા આમ બ્રહ્માજીનો મોહ દૂર કર્યો. મહાદેવજીને મોહ અજ્ઞાનવશ નહિ પણ કુતૂહલવશ થયો હતો તેથી મોહિનીરૂપનાં દર્શન ઈચ્છયાં, છતાં પણ રૂપ પર મોહિત થઈ ગયા ત્યારે પ્રભુએ ભક્ત મહાદેવનો મોહ દૂર કર્યો. નારદજીને વિષયો પર મોહ થયો, તો તેમનું મુખ મર્કટાકૃતિ કરીને મોહ દૂર કર્યો. (મહાપ્રભુની આસુર વ્યામોહ લીલાથી ભગવાનદાસ મોહ થયો તે આપના દર્શન કરાવી દૂર કર્યો.) ગુંસાઈજીના સ્વરૂપ બાબતનો મોહ છીતુ ચોબાને હતો તે આપે શ્રીફળ-નાળીયેરનું સ્વરૂપ બદલી દઈ છીતુનું સ્વરૂપ પણ બદલીને દૂર કર્યો. આવાં અનેક ઉદાહરણ પ્રભુએ મોહ કરાવ્યાના અને મોહ દૂર કરાવ્યાના છે.

આપે પોતાની માયા શક્તિ દ્વારા પુરી જીવસૃષ્ટિને મોહમાં નાખી દીધી અને આપના સ્વરૂપ, વાણી અને કર્મથી આપ મોહ દૂર પણ કરે છે.

ટૂંકમાં પ્રભુપ્રતિનો મોહ-આકર્ષણ તે ઉદ્ધારક-તારક છે અને પ્રભુની કૃતિરૂપ વિષયો પ્રતિ, પ્રભુને ભૂલીને થતો મોહ તે દાહક છે. (૨)

।।શ્રીહરિ:।।

કમલદલ-

ભગવત્ કીર્તન રહસ્ય

વિભાગ-૫

- શ્રીમહાપ્રભુજીની વધાઈ
- નિત્યનાં પદ-શિતકાળ
- શ્રીગુસાંઈજીનું પદ
- શ્રીગોકુળનાથજીનું પદ
- શ્રીયમુનાજીનું પદ
- જગાયવે કે પદ
- કલેઉ
- વ્રતચર્યા
- ખંડીતા
- ઘટાનાં પદ (શિતકાલ)
- શિતકાલનાં પદ (શૃંગાર)
- ભોજન (શિતકાલ)
- હિલગ
- ભોગ સમય
- ગાય બુલાયવે કે પદ
- આવની કે પદ
- શયન દર્શન
- માન - શિતકાલ
- પોઢવેકા પદ

દેવેન્દ્ર શાહ

ભરૂચ

શ્રીમહાપ્રભુજીની વધાઈ / પદ

(૪૩) રાગ – સારંગ ૨/૩૦૦

શ્રીવલ્લભનાથકૌ રૂપ કહા કહો પ્રગટે હૈ સબ સુખકે સાગર
લીલાભાવ જો પ્રકટ જનાવત કીનો હૈ સબ જગત ઉજાગર
દેખી દેખી જો યહ નિધિ આઈ ગહોં જો ચરનસરન મન દઢકર
છીતસ્વામી ગિરિધર રસ બરસત અપુને જીવ પર મતી કરૂનાકર

ભાવાર્થ :

છીત સ્વામીજી શ્રીવલ્લભની વધાઈ ગાતાં આપશ્રીની બડાઈ કરે છે કે શ્રીવલ્લભ એટલે કે જે પ્રિય પણ છે અનેનાથ-સ્વામી પણ છે આમ બન્ને ભાવ પોતાના સેવક સાથે એકસાથે નિભાવનારા છે તેવા સ્વરૂપની કેટલી બડાઈ કરવી? આપનું પ્રાકટય જ બધા દૈવી જનોના સુખાર્થે છે. અહીં પારમાત્મિક સુખની વાત છે ભિન્ન ભિન્ન ભાવાનુસાર સર્વપ્રકારનું સુખ આપનાર છે, જેમ સાગરમાં વિવિધ મોતી-રત્ન પ્રાપ્ત થાય છે તે રીતે. પરંતુ આ તો એવો સાગર છે કે તેનો દરેક અંશ સુખરૂપ છે ભક્તના અંતઃમનમાં ભગવલ્લીલાનો સાક્ષાત્ (પ્રકટ) અનુભવ કરાવે છે. આપના પ્રાક્ટયથી જગતમાં અજવાળું ફેલાઈ ગયું તેથી અજ્ઞાન તિમિરમાં અટવાતા દૈવીજીવોને પ્રકાશ લાધ્યો અને માયાવાદમાં ફસાયા હતા તેમાંથી નિવૃત્ત થયા. (૧)

છિતસ્વામી કહે છે જૂઓ... જુઓ... આ નિધિ ભંડાર તો ખૂબ જ કિંમતી, સાચવી રાખવા લાયક છતાં ગુપ્ત રાખવા લાયક છે તેવાં શ્રીવલ્લભનાં ચરણકમલોને પકડી લો, અને તેમના શરણે જાઓ તથા આ ચરણોમાં મનને દૃઢકરીને સ્થિર કરી દો. (દૃઢ ઈન ચરનન કેરો ભરોસો...) તો આપ માત્ર સંસાર પાર કરાવશે એટલું જ નહિ પરંતુ પોતાના જીવ પર એટલી બધી કરૂણા કરશે કે સદાનંદ રસાત્મક કૃષ્ણ-ગિરિધર રૂપ રસ વરસાવશે.

વિના પ્રયત્ને પ્રભુને મેળવી આપશે, સુખદાન થશે. રસોવૈસઃ મહાપ્રભુ રસોવૈસઃ પ્રભુ-રસ ભક્તને રસમય કરી નાખશે. આવું શ્રીવલ્લભનું સ્વરૂપ છે. શ્રીવલ્લભનાથકો રૂપ કહાં કહો....! (૨)

(૪૪) રાગ – આસાવરી

હોં યાચક શ્રીવલ્લભ તીહારો યાચન તુમકોં આયો હો
મહાઉદાર દેત ભક્તનકોં અપ અપનો મન ભાયો હો ૧
હેમ ગ્રામ ભૂષણ સુખસંપતિ સો મોહી મન ન સુહાયો હો
પર્યો રહૂં નિત્ય જૂઠન પાઉં યહ મેરો ચિત્ત લાયો હો ૨
પ્રફૂલ્લિત ભયો નિરંતર દ્વિજવર બ્રહ્મવાદ તરૂ છાયો હો
ગાઉં ગુણ લાવણ્ય સિંધુકે **દાસ** ચરણ રજ પાયો હો ૩

ભાવાર્થ :

હે વલ્લભ, હું તો માત્ર આપની પાસે જ માંગનારો યાચક છું. આજે હું આપની પાસે માંગવા આવ્યો છું. મને શ્રીગુસાંઈજીની વાણીથી ખબર છે (સર્વોત્તમ સ્તોત્ર) કે આપ મહાઉદાર છો. 'મહા' એટલા માટે કે આપ દરેક ભક્તને જે જે મનોરથ છે તે તે આપ આપો છો. નહિ કે સ્વેચ્છાએ આપો છો. (૧)

મને તો સુવર્ણ, ભૂમિ, આભૂષણ કે જે લૌકિકસુખ આપનારાં છે તેવી સંપતિ નથી જોઈતી, તે મારા મનને સહેજે પસંદ નથી. સર્વદા મારા ચિત્તમાં એ જ ભાવના રહી છે કે આપના દ્વારે, આપના ચરણતરમાં પડ્યો રહું અને આપની જૂઠન (અન્ન-વચન) પામું. (૨)

હે દ્વિજવર જે બ્રહ્મવાદ તરૂ મુરઝાઈ ગયો હતો તે આપના પ્રતાપે ચિરંજીવી થયો અને ખીલી ઉઠયો. તેવા આપના લાવણ્ય સિંધુ રૂપના ગુણગાન કરું અને આપની ચરણારજને પામું બસ આટલી મારી યાચના છે. તે આપ પાસે આ આપનો યાચક દાસ યાચવા આવ્યો છે. (૩)

(૪૫) રાગ – આસાવરી

શ્રીવલ્લભ તજ અપનો ઠાકુર કહો કોનપેં જૈયે હો
સબગુણ પુરન કરૂણાસાગર જહાં મહારસ પૈયે હો ૧
સુરત હી દેખ અનંગ વિમોહીત તમમન પ્રાણ વિકૈયે હો
પરમ ઉદાર ચતુર સુખસાગર અપાર સદા ગુન ગૈયે હો ૨
સબહીન તેં અતી ઉત્તમ જાની ચરનપર પ્રીત બઢૈયે
કાન ન કાહૂકી મન ધરીયે વ્રત અનન્ય એક ગ્રહીયે ૩
સુમરસુમર ગુનરૂપ અનુપમ ભવદુખ સબ બિસરૈયે

મુખ વિધુ લાવણ્ય અમૃત ઈકટક પીવત નાહીં અઘૈયે **૪**
ચરન કમલકી નિશદિન સેવા અપને હૃદે બસૈયે
રસિક કહે સંગીન સોં ભવોભવ ઈનકે દાસ કહૈયે **૫**

ભાવાર્થ :

શ્રીહરિરાયજી કહે છે મારે બીજો કોણ આધાર છે ? શ્રીવલ્લભ જ મારો ઠાકુર છે તેમને છોડીને બીજે ક્યાં જઈએ ? તે તો કહો.

શ્રીવલ્લભ સર્વગુણથી પૂર્ણ (સર્વલક્ષણ સંપન્ન) છે, કરૂણાસાગર છે (કૃપાનિધિ) અને જે સાગરમાંથી તો મહારસ પીવા મળે છે. (૧)

આપની પ્રભુ સાથેની રતિ નિહારીને તો કામદેવ પણ આભો થઈ ગયો છે. તેવા શ્રીવલ્લભ માટે તો તન-મન-પ્રાણને વેચી દઈએ તો પણ ઓછું છે. આપ પરમ ઉદાર, ચતુર તથા સુખસમુદ્ર છો કે જેનો પાર ન પામી શકાય તેવા છો તેવા શ્રીવલ્લભના સદા ગુણગાન કરતા રહીયે. (૨)

શ્રીવલ્લભ સમાન કોઈ નથી આપ સર્વોત્તમ છો તેથી પ્રીત કરવા લાયક આપના ચરણો જ છે. કોઈની પણ વાત કાને ધરવા જેથી નથી. બસ આપના પ્રતિ અનન્યતાનું વ્રત ગ્રહણ કરવા લાયક છે. (૩)

આપના નામ-રૂપ-ગુણ અનુપમ છે. (સર્વોત્તમ-વલ્લભાષ્ટક-સપ્તશ્લોકી) તેનું સ્મરણ થતાં માત્રમાં ભવદુ:ખો વિસરી જવાય છે (સ્મૃતિમાત્રાર્તીનાશન) આપના મુખચંદ્રના લાવણ્યમાંથી શ્રીઅમૃત શ્રવે છે તેને એકસરખું પીધા કરીએ તો પણ તૃપ્તિ થતી નથી. વધુ અને વધુ પીવાની અપેક્ષા રહે છે. (૪)

રાત્રી-દિવસ બસ આપના ચરણ કમલની સેવા અને હૃદયમાં આપના સ્વરૂપને ધારણ કરી લઈએ. શ્રીહરિરાયજી પોતાના સંગી-સેવકોને કહે છે કે આપણે ભવોભવ શ્રીવલ્લભના દાસ કહેવાઈએ. બસ આટલો જ મનોભાવ છે.! (૫)

(૪૬) રાગ – આસાવરી ૨/૨૮૮

પ્રીત બંધી શ્રીવલ્લભ પદસોં ઔર ન મનમેં આવે હો
પઢ પુરાન ષટદરશન નીકે જો કછુ કોઉ બતાવે હો **૧**
જબતેં અંગીકાર કીયો હૈ તબ તે ન અન્ય સુહાવે હો
પાય મહારસ કોન મૂઢમતિ જિત તિત ચિત ભટકાવેહો **૨**

જાકે ભાગ્ય ફલે યા કલિમેં શરણ સોઈ જન આવે હો
નંદનંદનકો નિજસેવક હે દઢકર બાંહ ગહાવે હો ૩
જિનકોઉ કરો ભુલ મન શંકા નિશ્ચય કરી શ્રુતિ ગાવે હો
રસિક સદા ફલરૂપ જાનકેં લે ઉછંગ, હુલરાવે હો ૪

ભાવાર્થ :

શ્રીહરિરાયજી કહે છે શ્રીવલ્લભ (પ્રિય)નાં ચરણોથી જો (દાસત્વપણાથી) એકવાર પ્રીત બંધાઈ જાય તો બીજું બધું લૂખ્ખું લાગે અને તેથી બાકી કંઈપણ મનમાં આવે નહિ કેમ કે ભાવે નહિ. શ્રીવલ્લભ સિવાય આપણા માટે પુરાણ-ભાગવત અને છ દર્શન શાસ્ત્રનો સાર જે કંઈ છે તે બતાવનાર બીજું છે કોણ? આમ, પ્રમેય-પ્રમાણ બતાવ્યાં (૧)

શ્રીઆચાર્યજીએ જ્યારથી મને સેવક તરીકે સ્વીકારીને અંગીકાર કર્યો છે ત્યારથી બીજું કોઈ જ સુહાતુ નથી. પરંતુ જેની મતિ મૂઢ છે એટલે કે સાચા-ખોટાની સમજ નથી અને જે આપના ચરણ છોડીને ચિત્તને અહીં તહીં ભટકાવે છે તેને કોણ મહારસ પીવડાવે ? કોઈ નહિ. મહારસ તો કૃષ્ણનો ભજનાનંદ છે. તેમાં તો ચિત્તની પ્રભુમાં એકાગ્રતા કરવાની છે.

ચેતસ્ તત્ પ્રવણં સેવા
માનસી સા પરા મતા તત સિદ્ધયૈ તનુ વિત્તજા (૨)

આ પ્રકારે ‘ચિત્ત એકાગ્ર’ કરવાનું સાધન બતાવ્યું અને ‘મહારસનુ પાન’ તે ફલ બતાવ્યું. પરંતુ જે કોઈ દૈવીજીવ હોય અને જેના પર શ્રીવલ્લભની કૃપા થઈ છે તે જ જન આ કલિયુગમાં આપના શરણે આવે છે. તે આપના સેવક હોવાથી શ્રીનંદનંદનના હાથમાં આ સેવકને સોંપે છે અને તેને છોડે નહિ તેવી વિનતી કરે છે. (દૃઢકર બાંહ ગહાવે) (૩)

શ્રુતિ ખૂબ જ નિશ્ચય જણાવે છે કે શ્રીનંદનંદન સ્વયં પરબ્રહ્મ પુરૂષોત્તમ છે તેથી તે બાબતમાં કોઈપણ સેવકે ભૂલથી ય શંકા ન કરવી શ્રીમહાપ્રભુજી ફલરૂપ છે. રસરૂપ છે, રસિક છે છતાં તે આજે બાળક છે, આવા વિરૂદ્ધ ધર્માશ્રયી છે. આવા શ્રીવલ્લભને ગોદમાં લઈને ખેલાવો અથવા શ્રીવલ્લભ સમજાવે છે કે તેવા પ્રભુને ગોદમાં લઈને ખેલાવો. તેવા બાળક સમાન કોમળ જાણીને તેમની સેવા કરો.(૪)

ભક્તિસુધા બરખત હી પ્રકટે શ્રીવલ્લભ દ્વિજરાજ
માધવમાસ કૃષ્ણ એકાદશી પીય પુનિત દિન આજ ૧
કરૂણાવંત અતુલ સુખસાગર સંગ લીયે સકલસમાજ
બંધુકુમુદ અનુચર ચકોરકે ભયે મનોરથ કાજ ૨
આનંદરૂપ જગતકે ભૂષણ લસત સબન શિરતાજ
વિષ્ણુદાસ ગુણ ગણિત થકીત ભયે પંડિત પાવત લાજ ૩

ભાવાર્થ :

વિષ્ણુદાસ શ્રીવલ્લભને દ્વિજરાજ કહે છે એટલે કે આપ વર્ણથી જે બ્રાહ્મણો છે તેમાં સર્વોત્તમ છો અથવા દિક્ષાદાતા સેવકને બીજો જન્મ આપી દ્વિજ બનાવે છે. તેમાં આપ શ્રેષ્ઠ દિક્ષાદાતા છો અથવા જેમનુ તનુ ભગવદ્ સેવાર્થ હંમેશા નૂતન છે તેથી આપ દ્વિજ છો પણ આપ સમાન કોઈ નથી તેથી દ્વિજરાજ છો અથવા આપ આપના સેવક-દિક્ષિત દ્વિજમાં રાજકરો છો તેથી દ્વિજરાજ છો. આપના પ્રાકટય થતાં જ ભક્તિરૂપ અમૃત સુધા-પ્રભુનો ઉચ્છિષ્ટ રસ-ભાવ પણ વરસવા લાગ્યો. કેમ કે આપમાં અને ભક્તિ સુધામાં કોઈ ભેદ નથી. કેમ કે આપજ તો કૃષ્ણાસ્ય - ભગવદ્ મુખારવિંદ છો.

જે માસ છે તેનું નામ પણ માધવ-કૃષ્ણથી યુક્ત છે અને એકાદશી પણ કૃષ્ણયુક્ત છે તેથી તે બહુપ્રિય-પવિત્ર દિવસ છે. (૧)

શ્રીવલ્લભ ખૂબ જ કરૂણાવંત છે અને આપ સુખનો સાગર છે. સૌ ભક્તો શ્રીવલ્લભને પામીને સુખ જ પામે છે. આપ એકલા નથી પધાર્યા પરંતુ જેમ સારસ્વત કલ્પમાં પ્રભુ પરિકર સાથે ભૂતલ પર પધાર્યા હતા તેમ શ્રીવલ્લભ પણ પોતાના સકલ સમાજને સાથે લઈને પધાર્યા છે. આપના ૮૪ વૈષ્ણવો વ. આપના નિત્ય લીલાના નિર્ગુણ સંગી-ભક્તો છે. કુમુદ જેમ ચંદ્રની અપેક્ષા કરે અને ચકોર પણ ચંદ્રની અપેક્ષા કરે છે તેમ આપના પ્રાકટયની રાહ જોતા ભક્તોના મનોરથ પૂર્ણ થયા. (૨)

આપ જ આનંદરૂપ છો અને ભૂતલનું ભૂષણ છો, તથા સર્વભક્તોના શિર પર આપ લહેરાવ છો વિષ્ણુદાસ છીપાજી કહે છે કે પંડિતો પણ આપના ગુણો ગાય છે પરંતુ જ્યારે પૂરેપૂરા નથી ગાઈ શકતા એટલા અગણિત ગુણો છે તેથી તેમની પંડિતાઈ ત્યાં લજવાઈ જાય છે. પંડા - બુદ્ધિ તેમની બુદ્ધિ શ્રીમહાપ્રભુજીના ગુણોનો પાર પામી શકતી નથી.

સપ્તશ્લોકીમાં શ્રીપ્રભુચરણ આજ્ઞા કરે છે ગુણૈરન્ય કો વા વિલસતિ વિના વલ્લભવરમ્ (૩)

(૪૮) રાગ – રામકલી

પ્રેમરસ ભૂતલ પ્રકટ ભયો
દેખોરી દેખોભરી નેનન પ્રભુ આનંદ મયો ૧
જો રસ નિગમ અગમહૂ અગોચર સો સબ સદ્ય લયો
સો રસ શ્રીલક્ષ્મણભટ્ટ ગૃહ પ્રકટીત પ્રેમ મયો ૨
ઘર ઘર નંદનંદન ફલ ફૂલ્યો સેવા વિધિ સિખયો
આપનુ કીયે રસાલ રીતીસું શ્રીવલ્લભ ગિરિધર રીઝયો ૩

ભાવાર્થ :

આજે ભૂતલ પર રસ - પરમતત્વ પ્રકટ થયું છે. તે એવું ગૂઢ છે કે કોઈ તેને જાણી શકે તેમ નથી.

તે જ તો આનંદમય પ્રભુ છે તેથી આંખો ભરી ભરીને દેખો. (૧)

જે રસ વેદ-પુરાણ માટે પણ ગમ્ય નથી તે જ તો અહીં સામે તુરત ગ્રહી શકાય તેટલો નિકટ છે. તે રસે શ્રીલક્ષ્મણભટ્ટના ઘરમાં પ્રકટીને સૌને પ્રેમમય કરી દીધા છે. (૨)

તે આપે (મહાપ્રભુજીએ) પ્રત્યેક ઘરમાં (દૈવીજીવ-સેવકના) નદંનંદનને પધરાવ્યા છે કે જે તો ગલીત ફલ છે અને પછી તેમને પ્રસન્ન કરવા માટે સેવાની રીત પણ સીખવી છે. તે સેવા પ્રકારને રસાળ-પ્રેમયુક્ત બનાવ્યો તેથી તો શ્રીગિરિધર રીઝેલા રહે છે અને જે કોઈ આ પ્રકારે સેવા કરે તેના પર શ્રીવલ્લભ પણ રીઝેલા રહે છે. આવા શ્રીમહાપ્રભુજીનું ભૂતલ પર પ્રાકટય થયું છે. (૩)

(૪૯) રાગ – સારંગ ૨/૨૯૧

સુનોરી આજ નવલ વધાયો હે
શ્રીલક્ષ્મણગૃહ પ્રકટ ભયે હે શ્રીવલ્લભ મન ભાયો હે ૧
બાજત આવજ ઢોલક મુહુવર ધનજ્યોં ઢોલ બાજાયો હે
કોકિલ કંઠ નવલ વનિતા મિલ મંગલ ગાયો હે ૨
હરદી તેલ સુગંધ સુવાસિત લાલન ઉબટ ન્હવાયો હે
નખશિખ આભૂષણ ભૂષિત પિતાંબર પહરાયો હે ૩

અસન વસન કંચન મણિ માણિક ઘરઘર યાચક પાયો હે
શ્રીવિઠ્ઠલ ગિરિધરન **કૃપાનિધિ પલનામાંઝ ઝૂલાયો હે** ૪

ભાવાર્થ :

ભક્તો કહે છે કે સાંભળો આજે નૂતન વધાઈ છે કે આપણા મનને જે પ્રિય છે તેવા શ્રીવલ્લભ, લક્ષ્મણભટ્ટના ઘરે પ્રકટ થયા છે. (૧)

તે ખુશીમાં આવજ, ઢોલ, મહુવર અને ઘન-વાદળા જેવા ઘેરા અવાજમાં ઢોલ વાગે છે. તથા કોયલ સમાન તીણા-મીઠા સુરમાં યુવતીઓ મળીને મંગલ ગીતો ગાય છે. (૨)

બાલ વલ્લભને હલદી, તેલ તથા સુવાસીત ઉબટનો કરીને સ્નાન કરાવે છે. તથા આપને નખથી શીર (ચોટી) પૂર્ણ આભૂષણો ધરાવ્યા છે. પિતાંબર પહેરાવ્યું છે. (૩)

આ શુભ પ્રસંગે સર્વ જન ઉદાર મનવાળા થયા છે તેથી યાચકવર્ગને આસન, વસ્ત્ર, સુવર્ણ, મણિ, માણેક વગેરેની ન્યોછાવર કરે છે.

શ્રીવલ્લભ જ શ્રીવિઠ્ઠલ, શ્રીગિરિધર, કૃપાનિધિ છે તેમને બધાં પલનામાં ઝૂલાવે છે. (૪)

(૫૦) રાગ – નટ

જોપેં શ્રીવલ્લભ પ્રકટ ન હોતે
ભૂતલ ભૂષણ વિષ્ણુસ્વામી પથ શૃંગારશાસ્ત્ર સબ રોતે ૧
પ્રેમસ્વરૂપ પ્રકટ પુરૂષોત્તમ બીન પાયેં કૈસે જીતે
સેવાકાજ લાલ ગિરિધરકી કુસુમદાસ કેસે પોતેં ૨
કર આસરો રહે જે નિજજન તે ભવ પાર ક્યોં હોતે
સગુણદાસ **સિદ્ધાંત બીના યહ ઉર કપાટ ક્યોં ખોતે** ૩

ભાવાર્થ :

સગુણદાસજી કહે છે કે જો શ્રીવલ્લભ ભૂતલ પર પ્રકટ જ ન થાય હોત તો શું થાત ?

આ ભૂતલ પર અનેક સંપ્રદાયો છે ભગવત્ પ્રાપ્તિ માટે, પણ વિષ્ણુસ્વામી પથ ભૂષણરૂપ છે. જે પથમાં શ્રીઠાકોરજી ભક્ત સાથે શૃંગારરસ પ્રકટ કરે છે તેવી વ્યવસ્થા શ્રીવલ્લભે કરી. આ પ્રકાર આ પહેલાં ક્યાંય પ્રકટ ન્હોતો. વળી, શૃંગારરસ

વિનિયોગ લૌકિકાર્થે જ થતો પરંતુ આ માર્ગમાં તેનો વિનિયોગ ભગવદર્થ થવાથી શૃંગારરસ કૃતાર્થ થયો.

પરંતુ જો શ્રીવલ્લભ પ્રકટ ન થયા હોત તો શૃંગારશાસ્ત્રને રડવાનો વારો જ આવત કેમ કે તેનો સંબંધ અલૌકિક સાથે ન થાત. (૧)

વળી, જે પ્રકટપુરૂષોત્તમ પ્રેમસ્વરૂપ છે એટલે કે ઘરેઘરે પુરૂષોત્તમને પ્રકટ કર્યા છે ને પ્રેમસ્વરૂપ હોવાથી પ્રેમાત્મક સેવા અંગીકાર કરે છે. તે પણ પ્રાપ્તન થતાં, તેવા દૈવી પુષ્ટિજીવો - (પ્રેમીજીવો) કેવી રીતે જીવન વિતાવત ?

આ માર્ગમાં ભક્તોનું સ્વરૂપ કુસુમ-ફૂલ છે તેવા દાસનું જીવન લાલગિરિધરની સેવા અર્થે છે. તો જો શ્રીવલ્લભે આ સેવામાર્ગ પ્રકટ ન કર્યો હોત તો આ ભક્તો પોતાનું જીવન ક્યાં પરાયણ કરત ? પોતાના ચિત્તને ક્યાં પરોવત ? (૨)

જે ભક્તોને કે જે નિજજન હોવાથી બીજા કોઈના આશ્રયે નથી માત્ર શ્રીવલ્લભને જ આશ્રયે રહેલા છે. પરંતુ જો શ્રીવલ્લભ જ પ્રકટ ન થયા હોત તો તે બધાં ભવ-પાર કેવી રીતે ઉતરત ? અને છેલ્લે સગુણદાસ કહે છે કે શ્રીવલ્લભે એવા એવા સિદ્ધાંત પ્રકટ કર્યા છે કે જેને જાણીને જીવનમાં ઉતારવાથી જ હૃદયના બંધ દરવાજા ખૂલે છે. જો શ્રીવલ્લભ પ્રકટ ન થયા હોત તો તે સિદ્ધાંતોથી અજાણ રહેવાથી હૃદય દ્વાર કેવી રીતે ખુલત ? કેમ કે હૃદયના દ્વારમાંથી જ પુષ્ટિપ્રભુ પધારે છે.

પરંતુ આજે સ્થિતિ એવી છે કે શ્રીવલ્લભનું પ્રાકટય પણ છે, શ્રીવલ્લભે હૃદયદ્વાર ખોલવા રૂપ સિદ્ધાંતો પણ પ્રકટ કર્યા છે. છતાં શ્રીવલ્લભના સિદ્ધાંતોને કુમાર્ગમાં દીક્ષાપામનાર નથી જાણવા માગતા કે નથી પાળવા માગતા. તો પછી દીક્ષા લીધી હોવા છતાં તેમના હૃદયદ્વાર નહિ ખૂલે અને નહિ તેમાં પ્રભુ પધારે અને જે પ્રભુ કૃષ્ણથી વિમુખ જ રહેવા, માંગે છે તેના માટે શ્રીવલ્લભનો સ્પષ્ટ મત છે કે ''વો મેરો નહિ કહલાયગો.''

આપે શ્રીકૃષ્ણ સંબંધની ગરિમાને એટલી બઢાવી-ચઢાવી છે કે એક જગે આપ કહે છે કે જો શુદ્ધાદ્વૈત મતને કૃષ્ણસંબંધ નથી તો તે મત્ત પણ ખોટો ! (૩)

નિત્યનાં પદ – શિતકાળ

(૫૧) રાગ – ભૈરવ 3/3

જપ તપ તીરથ નેમ ધરમ વ્રત
મેરે શ્રીવલ્લભપ્રભુજીકો નામ
રસના યહી રયૈં નિસવાસર, દુરિત કરૈ સુધરૈ સબ કામ ૧
આંગન બસૌ જસોદાસુત પદ લીલા સહિત સકલ સુખધામ
રસિકન યેહ નિરધાર કીયો હૈ સાધન તજ ભજ આઠોં યામ ૨

ભાવાર્થ :

શ્રી હરિરાયજી અહીં શ્રીવલ્લભનું સ્વરૂપ દર્શાવે છે કે -

જપ - કોઈપણ મંત્ર કે નામનું રટણ કરવારૂપ કાર્ય

તપ - દેહનું દમન કરવું

તીરથ - પવિત્ર તેવું નદી કીનારાનું ભગવદ્ ધામરૂપ ક્ષેત્ર

નેમ - કોઈપણ એક નિયમ લીધો તેને કોઈપણ સંજોગોમાં પાળવો.

ધરમ - વર્ણ કે આશ્રમ અનુસાર નિશ્ચિત થયેલ કર્તવ્ય

વ્રત - વિધિ પૂર્વક કરવામાં આવતો ઉપવાસ

આ બધા જે ઉપાયો છે તેનું પ્રયોજન કંઈક આલોક કે પરલોકમાં પ્રાપ્તિ છે. શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે જે કંઈ આ કે બીજાં ઉપાયો છે બધું જ હાથીના પગલા જેવા મારા શ્રીવલ્લભના નામમાં આવી ગયું. એટલે કે મને શાસ્ત્રો આજ્ઞા કરે કે ન કરે મારા મનમાં અપેક્ષાઓ ઉઠે કે ન ઉઠે તે બધું વિચાર્યા વગર મારા માટે તો બસ એક શ્રીવલ્લભપ્રભુનું નામ જ કલ્યાણ કરનારું છે.

તેનાથી શું ફળપ્રાપ્તિ થશે તે હવે કહે છે -

રસના કહેતાં જીહ્વા કે જે ભોગના સ્વાદ ચાખીને આનંદ પામે છે અને પ્રેમપૂર્વક ખાય છે, ચાખે છે તેમ આ મારી જીભ પણ પ્રેમપૂર્વક શ્રીવલ્લભપ્રભુજીનું નામ જ રટયા કરે. તેને તેમાં જ આનંદ આવે. વધુને વધુ નામ લેવામાં ઉત્સાહ જાગે (જેમ ખાવાની બાબતમાં) અને તે શ્રીવલ્લભના પ્રભુના નામ ઉચ્ચારણમાં જ મસ્ત રહે.

પ્રભુનામનું માહાત્મ્ય એવું છે કે જેના કારણે ભગવત પ્રાપ્તિમાં જે કંઈ પ્રતિબંધ-બાધક દુરિત હોય તેનો વિનાશ થઈ જાય. (કરૈ) અને જે મનોરથો (સબ-કામ)

હોય તે સારી રીતે ધારણ થાય એટલે કે તે બની શકે તેવા સંયોગો થાય (સુધરે). (૧)

હું શ્રીયશોદોત્સંગ લાલિત સદાનંદ કૃષ્ણના ચરણ કમલ જ્યાં બિરાજે તેમની સન્મુખ (આંગન) જ રહું. એટલે કે સંયોગસુખને પામું અને પ્રભુ જે ધામમાં બિરાજે છે તે લીલાપરિકરની - લીલા ચેષ્ટા સર્વકલાયુક્ત છે અને ભક્તોને ખૂબ જ સુખ-આનંદ આપનાર છે. મતલબ કે પ્રભુ ભક્તને લીલા સહિત સ્વરૂપદાન પરમાનંદની અનુભૂતિ કરાવે.

પરંતુ તે માટે જીવની પાત્રતા કે સાધના કઈ ? તે શ્રીહરિરાયજી મહાપ્રભુ નિશ્ચય પૂર્વક કહે છે (નિરધાર કીયો) ભગવદ્ ભજન એટલે કે અવસરમાં સેવા અને અનવસરમાં કથાનું ચક્ર પ્રેમપૂર્વક ચાલે. સ્નેહ અને માહાત્મ્યજ્ઞાનનું એક બીજું ચક્ર પણ તેની અંતર્ગત ચાલે તે ‘ભજ’ પરંતુ આ ભજન નિઃસાધનતા ભાવથી કરવાનું છે (સાધન તજ) અને તે ભાવના અષ્ટ પ્રહર એટલે કે સદા કરવાની છે.

શ્રીવલ્લભના નામમાં એટલે કે વલ્લભોક્ત ભક્તિ પ્રકારમાં જપ-તપ-તીરથ-નેમ-ધર્મ-વ્રત બધાં જ ધર્મ, ધર્મીને અંતર્ગત છે. ભગવન્નામ સેવા કરવા માટેની પાત્રતા સિદ્ધ કરી આપે છે. સેવ્ય કોણ કે જે લીલા સહિત યશોદાજીને ત્યાં રહી વ્રજભક્તોને સુખ આપ્યું તે. તેમની નિઃસાધનતા ભાવથી સર્વદા સેવા-કથા કરવાં ‘‘સર્વદા સર્વભાવેન ભજનિયો વ્રજાધિપઃ’’ ચતુઃશ્લોકીના ચારે પુરૂષાર્થો આ ભક્તિરૂપ સ્વતંત્ર પુરૂષાર્થમાં આવી ગયા કે જે ભક્તિ શ્રીવલ્લભે કૃપા કરી નિજનનોને બતાવી. (૨)

(૫૨) રાગ – બિલાવલ ૩/૫

ચરણ લગ્યો ચિત્ત મેરો શ્રીવલ્લભ ચરણ લગ્યો ચિત્ત મેરો
ઈન વીન ઓર કછુ નહિ ભાવે ઈન ચરણન કો ચેરો ૧
ઈનહીં છાંડ ઓર જો ધાવે સો મૂરખ જૂ ઘનેરો
ગોવિંદદાસ યહ નિશ્ચય કર સોઈ જ્ઞાન ભલે રો ૨

ભાવાર્થ :

ગોવિંદદાસજી સ્વયંને કહે છે કે હે વલ્લભ, મારું ચિત્ત આપના ચરણમાં નિશ્ચિતતા પૂર્વક લાગ્યું છે તેથી તે વાક્ય બે વાર બોલે છે.

બીજો ભાવ એવો છે કે ગોવિંદદાસનું ચિત્ત શ્રીવિઠ્ઠલના ચરણમાં પણ લાગ્યું છે તે પણ વલ્લભઆત્મજ હોવાથી, ફરી તે જ કડી દોહરાવે છે.

'ચિત્ત લાગ્યું છે' તેમ શ્રી વલ્લભને એટલા માટે કહે છે કે આપની મારા પર કૃપા છે, ઉપકાર છે કેમ કે મારું ચિત્ત તો આપના ચરણોમાં લાગી જાય તેવું મારું સામર્થ્ય નથી પણ આપનાં ચરણ પ્રમેય કરીને મારા ચિત્તમાં લાગી ગયા છે અને આપનાં ચરણો ચિત્તમાં છે તે જોઈને તો શ્રીનાથજી મારી સાથે ખેલે છે, મને સખ્યભાવનું દાન કરે છે. (૧)

જ્યારે હવે મેં આ સખ્યભાવ રૂપ ભજનાનંદનો સ્વાદ એકવાર ચાખી લીધો પછી બીજું કાંઈ પણ કઈ રીતે ભાવે ? (ઈન વિન ઓર કછુ નહિ ભાવે) - પ્રભુ સાથે તો હું સખ્યત્વના ભાવથી બંધાયો છું તેથી ત્યાં તો દાસભાવ કરું તો તો રસાભાસ થઈ જાય. તેથી (ઈન) જે ચરણો આ મારા ચિત્તમાં છે તેનો હું ચેરો-દાસ થઈને રહું. કેમ કે સખ્યભાવ તે તો જ્ઞાનમાર્ગની જેમ ખાંડાનો ખેલ છે. તેવી ભક્તિ બહુ દોહ્યલી છે. ત્યાં માહાત્મ્યજ્ઞાન કેવી રીતે કેટલું નિભાવવું તે બહું વિવેકની જરૂર છે. મારી ભક્તિ જળવાઈ રહે તે માટે આપનું દાસત્વ ખૂબ જ ઉપકારક છે. દાસત્વ વગરના સખ્યત્વથી અભિમાન આવી જાય તો તો હું ક્યાંયનો ન રહું. માટે હું તો હે વલ્લભ આપના ચરણનો દાસ છું.

આપે જ મને શ્રીવિઠ્ઠલના રૂપમાં ટોક્યો હતો કે ''ઠાકોરજી તને દાવ આપવામાં અંચાઈ કરે અને ઉપરથી કાંકરી મારે તો પણ તારાથી સામે કાંકરી ન મરાય કે ન તેમની દોસ્તીને છોડાય. કેમ કે જે પ્રભુ તારા મિત્ર બન્યા છે તેથી ઊંચી વાત કઈ ? તેથી તેવી ભક્તિ છોડી બીજું જે કંઈ પણ કરે તો તે મહાનતમ્ મૂર્ખતા ગણાશે.''

ગોવિંદદાસ કહે છે જેથી મેં આપે જે આજ્ઞા કરી તે વાતની મનમાં ગાંઠ વાળી દીધી છે અને આપની આ જ્ઞાન-શીક્ષા મારા માટે કલ્યાકારી (ભલે રો) છે.

મારા પર આ પ્રકારે કૃપા કરનાર શ્રીવલ્લભ ચરણ જ છે. તેવા શ્રીવલ્લભ ચરણોને છોડે તે તો મહામૂર્ખ ગણાય. મને કોઈ જ્ઞાનની જરૂર નથી. હું શ્રી વલ્લભનો ચેરો છું, એટલું જ જ્ઞાન મને રહે તે મારે માટે ઘણું (ભલે રો) છે. અને તે સિવાય હું કોઈનો ચેરો નથી અને તેના સિવાય મને કાંઈ ન રૂચે તથા તેમને છોડીને હું ક્યાંય ન જાઉં બસ આ જ જ્ઞાન. આ એવું જ્ઞાન છે કે જેનાથી મારું ચિત્ત આપના ચરણોમાં દઢ થઈ જશે અને તથી પ્રભુ પણ મને નહિ છોડે.

(૫૩) રાગ – રામકલી

શ્રીવલ્લભ ચાહે સોઈ કરે
જો ઉનકે પદ દઢ કરી પકરે મહારસસિંધુ ભરે ૧
વેદપુરાન સુધરતા સુન્દર યે બાતન ન સરે
શ્રીવલ્લભ પદરજ ભજકે ભવસાગરતેં તરે ૨
નાથ કે નાથ અનાથ કે બંધુ અવગુણ ચિત્ત ન ધરે
પદ્મનાભકું અપનો જાની કે ડૂબત કર પકરે ૩

ભાવાર્થ :

પ. ભ. પદ્મનાભદાસજીની શ્રીવલ્લભ પ્રતિ પ્રીતિ અનન્ય હતી. તે તો પ્રસિદ્ધ છે. મનસા વાચા કર્મણા તેમના થઈને રહ્યા હતા. તેમનો શ્રીવલ્લભ પ્રતિનો વિશ્વાસ દઢા તી દઢ હતો તેથી કહે છે - 'શ્રીવલ્લભ ચાહે સોઈ કરે' - એટલે કે શ્રીવલ્લભ જેને ચાહે છે તેનું સર્વસ્વ કરે છે કે શ્રીવલ્લભની ઈચ્છા સર્વોપરી છે, આપની ઈચ્છા ભક્તના કલ્યાણની પ્રમાણ છે તેમાં ફેરફાર ન થઈ શકે, કે શ્રી વલ્લભ ભક્ત જેમ ચાહે (ભક્ત મનોરથ) તે પૂર્ણ કરવાવાળા ભક્તાધીન છે. પણ શરત છે કે જે ભક્ત આપશ્રીના ચરણારવિંદ દઢ કરીને પકડે છે એટલે કે જે આપનો મનસા - વાચા - કર્મણા શરણાગત ભક્ત છે અથવા જે આપના પદ (વચનો-શબ્દો)ને દઢતા પૂર્વક પકડે છે, અનુસરે છે. આવા નિષ્ઠાવાનને આપ મહારસ સમુદ્રથી ભરી દે છે તેના હૃદયમાં પૂર્ણાનંદ શ્રીકૃષ્ણને પધરાવી દે છે અથવા આપના ચરણ મહારસસિંધુથી ભરેલા છે તેવા ચરણોને દઢ કરી પકડે તો તે પણ તે મહારસમાં વિહાર કરી શકે. (૧)

કોઈ શંકા કરે કે 'વેદપુરાણનો આશ્રય કરે તેને પણ અલૌકિક ફળ તો મળે.' તેવાં વચનો છે. તો પદ્મનાભદાસ કહે છે - પણ અહીં જે અલૌકિકતાનું સૌંદર્ય, સુધડતાપણું એટલે કે સ્વરૂપાનંદ છે તે ફળ વેદ-પુરાણથી પ્રાપ્ય ન થાય.

શ્રીવલ્લભના ચરણોને કદાચ કોઈ દઢતાથી પકડી ન રાખી શકે પણ આપના ચરણની એક રજની પણ ભક્તિ કરે તો ય ભવસાગરથી તો તરી જાય અને આ ફળ વેદ-પુરાણના અવગાહનથી મળે છે ! સરળ કયું ? (૨)

આમ થવાનું કારણ સમજાવે છે કે શ્રીવલ્લભ તો વિરુદ્ધ ધર્માશ્રયી છે. આપનું માહાત્મ્ય અતૂલ છે જેને નાથ કહેવામાં આવે છે. તે બધાના જ આપ નાથ છે એટલે કે દેવાધિદેવ છે. कृष्णात् परम् नास्ति दैवं અને સાથે સાથે આપશ્રીમાં પોતાના ભક્તો પ્રતિ એટલો બધો સ્નેહ ભર્યો પડયો છે કે આપ નિ:સાધન

ભક્તોના નાથ ન રહેતાં બંધુ થઈ જાય છે. તેના સુખે સુખી અને તેના દુઃખે દુઃખી અને તે વખતે તે ભક્તમાં અવગુણો કેટલા છે તે પ્રતિ દૃષ્ટિ પણ નથી કરતા, ચિત્તમાં ધારણ જ નથી કરતા.

પદ્મનાભદાસજી કહે છે - હું, પણ આવો જ છું. પરંતુ વલ્લભે મને પોતાનો જાણ્યો છે તેથી તો હું ભવસાગરમાં ડૂબતો હતો કેમ કે તેવા દોષથી ભરેલો હતો પણ આપે મને બચાવ્યો. આ હકિકત છે કેમ કે શ્રીમદ્ ભાગવતની કથા વૃત્તિ અર્થે કરતા હતા તેથી તેમનું અધઃપતન નિશ્ચિત હતું પણ શ્રીવલ્લભે તેમને દૈવી-પોતાના જણ જાણી તેવા પ્રસંગ ઊભા કર્યા અને જ્ઞાનનું અંજન આંજનાર ગુરૂ બની રહ્યા કે તેમના ચિત્તના દ્વાર ખૂલી ગયા તેથી પણ લઈ લીધું કે 'ભગવત્ કથા વૃત્તિ અર્થ નહિ કરું.' આમ વલ્લભે બચાવી લીધો.

શ્રીવલ્લભની ચાહના જે પદ્મનાભદાસ મહાત્મ્યની ટોચ પર હતા - મહાપુરાણી હતા તેમને દીનતા સાગર બનાવવાની હતે જેથી સૂકી લાકડી વેચતા કર્યા. જેમનો યશ લોકમાં હતો તેમનો યશ પ્રભુ આગળ કરાવ્યો. જેમનાં કોઠારો અનાજથી તથા ધન-ધાન્યથી ભરેલા રહેતા હતા તેમને શ્રીવલ્લભે ભોજનમાં બે ઘડી મોડું ન થાય તે માટે ઉધારી કરાવી. જે પોતાના ઘરેથી બહાર ક્યાંય નીકળ્યા નહિ તે શ્રી વલ્લભની પૂંઠે પૂંઠે પરદેશ ખેડતા રહ્યા. જેમની પાસે ભરેલા ભંડાર હતા તેમને દેહનિર્વાહ માટે માત્ર છોલાંથી ચલાવવું પડયું. આ બધી લીલા શ્રીવલ્લભની હતી... 'શ્રીવલ્લભ ચાહે સોઈ કરે.'

પરંતુ પદ્મનાભદાસજી નથી માયૂસ થયા કે નથી ભાગ્યને કે ભગવાનને દોષ આપ્યો. તેમને મન તો 'શ્રીવલ્લભ ચાહે સોઈ કરે...' આવી મનની દૃઢતા થઈ તેનું કારણ તેમને શ્રીવલ્લભના ચરણો દૃઢ પકડયા છે અને શ્રીવલ્લભની વાણી તો પ્રથમથી જ ભાગવતનો વૃત્યર્થ કથા ત્યાગ કર્યો ત્યારથી સ્પષ્ટ છે.

તેમને શ્રીવલ્લભના ભોજનમાં સ્હેજે અવેર થાય તો તો મારો જન્મારો એળે જાય. તેમ વિચાર્યું. શ્રીવલ્લભના પૂછતાં કહ્યું કે ''પુષ્ટિધર્મ ગિરે મૂકીને પૈસા ચૂકવ્યા. તેવી કઠીન ટેક ન લઈએ તો કારજ ન થાય''. શ્રીઆચાર્યજીએ કાશીથી મહાલક્ષ્મીજી પધરાવી લાવવાની આજ્ઞા કરી ત્યારે મધરાતે કોઈપણ પરિસ્થિતિનો વિચાર કર્યા વગર નદીકાંઠે પહોંચી ગયા. અન્ય વૈષ્ણવો એમ પણ બોલ્યા કે ''બ્રહ્મણ બાવરો થયો છે.'' મનસા - વાચા - કર્મણા ત્રણે અનુક્રમે આપશ્રીનાં ચરણોદૃઢ કરી પકડયાના ઉદાહારણો છે.

તો શ્રીવલ્લભે પણ તેમનો મહારસસિંધુ ભર્યો છે. પદ્મનાભદાસના શ્રીવલ્લભ

સંબંધિ ચાલીસ પદ જે પ્રકટ થયા છે તે આના નમૂનારૂપ છે. શ્રીમથુરાનાથજી કહે છે ‘‘છપ્પનભોગ તો આરોગ્યો પર પદ્મનાભદાસ કે છોલા બરાબર નાહિ.’’

ગોકુલનાથજી કહે છે ‘‘કોટીમાં વિરલા’’

શ્રીગુસાંઈજી કહે છે ‘‘પદ્મનાભદાસની સંતતિ આવી જ હોય’’.

શ્રીઆચાર્યજી તથા શ્રીઆચાર્યવચનો આપને માટે પરમનાથ હતા. તેથી તો વૈષ્ણવ જ જાણ્યો પોતાની જ્ઞાતિ ન જાણી તેવાને જમાઈ કર્યો. શ્રીમહાપ્રભુજીને ત્યાંથી આવેલ સામગ્રીને પાછી મોકલી. ‘‘તત્ સિદ્ધયૈ તનું વિત્તજા’’ રૂપ વચનોને નાથ ગણ્યા. રામદાસજીના ઠાકુરને મુગલ લઈ ગયો તો સાત દિવસ અન્ન જલ ત્યાગ્યા. ‘ઠાકુરમાં ભાવ-ભેદ ન હોય’ તે વચનો આત્મસાત કર્યા હતા. આમ, ગુરૂ-વૈષ્ણવ અને પ્રભુ સર્વમાં તેમને ભેદસહિષ્ણુ અભેદ હતો.

તેમની દીનતા તો એવી કે કહે ‘‘હવે અમને કાઢવાનો ઉપાય કર્યો.’’ તેમ પોતાની અનધિકારીતા પ્રકટ કરે છે નહિ કે સિદ્ધાંતની શ્રેષ્ઠતા. આવો નિઃસાધના ભાવ તો દુર્લભ છે. અમને ડૂબતા બચાવવા માટે નો આ ઉપાય છે તેમ વિચારે છે અને તે એટલા માટે કે શ્રીવલ્લભની મહાઉદારતા છે કે તે મારા જેવાને પોતાનો જાણે છે. (નાથ કે નાથ અનાથ કે બંધુ.)

દરેક પ્રસંગમાં પદ્મનાભદાસનો વિવેક - विवेकस्तु हरिः सर्व निजेच्छातः करिष्यति છે. ‘ત્રિદુઃખ સહનં ધૈર્યં’ તે પણ ઉપરના પ્રસંગોથી સિદ્ધ છે. છતાં આપના આશ્રયમાં તનકભર પણ ક્ષતી નથી આવી ऐहिके पारलोके च सर्वथा शरणं हरिः છે. આ વિવેક ધૈર્યાશ્રય તો ભક્તિની પાત્રતા થવા માટે છે. તેમ સમજે છે તેનાથી તો ભવસાગર જ તરાય પણ પદ્મનાભદાસ તો શ્રીમથુરાનાથજીની સેવા કરે છે અને જે ભાગવત્ લોકોને સંભળાવતા હતા તે ભગવદ્‌યશ પ્રભુને સંભળાવે છે તે ફળ છે. (૩)

શ્રીગુસાંઈજીનું પદ

(૫૪) રાગ – ભૈરવ **૩/૬**

શ્રીવિઠ્ઠલેશ વિઠ્ઠલેશ વિઠ્ઠલેશ કહી રે
ઈનકે સંબંધ બિના દશ્યમાન વસ્તુ માત્ર તાકો તુ જીયમેં ક્લેશ કહી સહી રે ૧
રસના ગુણરૂપકો નિસવાસર કર યહ સુખ નિરંતર અહાર જેસે લહીરે
શ્રીવિઠ્ઠલેશકે શ્રીવલ્લભકે પદકો પરાગ પાવે જહાં તીનકે તુ દાસનકો દાસ ભયો રહી રે ૨

ભાવાર્થ :

મનસા, વાચા, કર્મણા શ્રીવિઠ્ઠલેશનું નામ બોલવાનું છે, નામ બોલવા સાથે ચિત્તમાં ધરવાનું છે અને શ્રીવિઠ્ઠલેશની આજ્ઞાનું પાલન પણ કરવાનું છે. વિઠ્ઠલ તે કે અજ્ઞાન રૂપ અંધકારને દૂર કરે અને પ્રભુનું તથા જીવના સ્વરૂપનું જ્ઞાન કરાવે તેવા ગુરુ-પરમગુરૂ (ઈશ)

આવા શ્રીવિઠ્ઠલેશના સંબંધ વગરની સર્વ વસ્તુ આનંદ રહિત છે તેમ સમજવું. આપે નિષિદ્ધ કરી છે તે વસ્તુ કલેશરૂપ લાગવી જોઈએ અને આપ જે અને જેને સ્નેહ કરે છે તેમાં જ સ્નેહ કરવાનો છે. (૧)

જીવનો ભાવરૂપ આહાર કયો ? કે જેનાથી જીવના ભાવને પોષણ મળે ? પુષ્ટ થાય ? તો કહે છે કે શ્રીવિઠ્ઠલેશના રૂપ અને ગુણનું જીહ્‌વા થકી ગાન કરવું રસના-જીભથી આ રૂપ-ગુણ જે આરોગવાના છે અને તે પણ બે કે ત્રણ સમય, ભોજન કરીએ છીએ તેમ નહિ પણ (નિસવાસર) રાત-દિવસ અને તે તો પરમ સુખ રૂપ છે.

વળી જ્યાં પણ શ્રીવલ્લભ કે શ્રીવિઠ્ઠલના ચરણ કમળના પરાગની રજ મળે એટલે કે જે ભક્ત આપના ચરણકમળના પરમકૃપાપાત્ર છે તેવા ભક્તોનો દાસ થઈને રહેજે. તેમ પ્રભુના અષ્ટસખા કહે છે. (૨)

શ્રીગોકુળનાથજીનું પદ

(૫૫) રાગ – ભૈરવ 3/૭

પ્રાત હી શ્રીગોકુલેશ ગોકુલેશ નામ
સકલ સુખનિધાન માન, કરત ત્રિવિધ દુઃખ કી હાન
યહ જીય જાન ભજો અષ્ટયામ ૧
ઈન વિના યોગ યજ્ઞ કરત વૈરાગ્ય ત્યાગ
વિવિધ ભાંત નેમધર્મ કરત સબ નિકામ
નિશ્ચય ગહિ ચરણકમલ ભક્તિભાવ હીયે અમલ
ગાવત મુખ નિરખ દાસ વારું કોટી કામ ૨

ભાવાર્થ :

સવારે ઉઠતાં જ સર્વપ્રથમ શ્રીગોકુલેશનું નામ સ્મરણ કરવું આ નામ સકલ સુખ

નિધાન છે. એટલે કે આ લોક અને પરલોક બન્ને સ્થળે સુખરૂપ સેવાનું દાન કરનારું છે. માટે તો બે વાર ગોકુલેશ કહ્યું છે અને સેવા સુખને કારણે જ સકલ સુખનિધ કહ્યું છે. તથા સેવામાં આવતાં ત્રણે પ્રકારના દુઃખ પ્રતિબંધને પણ દૂર કરનાર છે જેવાં કે ઉદ્વેગ - ભોગ અને પ્રતિબંધ.

આમ આ નામનું સ્વરૂપજ્ઞાન હૃદયમાં ધારણ કરીને (યહ જીય જાન). ગોકુલેશને ભજવાનું છે. એટલે કે તેમની સેવા, તેમના નામરૂપ લીલાનું સ્મરણ કીર્તન-શ્રવણ કરવાનું છે. અને તે પણ આઠેયામ. ચોવીસે કલાક. (૧)

જો શ્રીગોકુલેશને નથી ભજતા અને યોગ સાધવામાં આવે, ચિત્તની નિરોધતા, યજ્ઞ, વૈરાગ્ય-ત્યાગ સર્વ કંઈ તથા વિભિન્ન શાસ્ત્રોક્ત નિયમ-ધર્મ જે કંઈ કરવામાં આવે તેનું કંઈ મૂલ્ય નથી, એકડા વગરનાં મીંડાં છે. આપશ્રીનું દાસત્વ દૃઢ કરીને (શરણ) ભક્તિભાવને હૃદયમાં ધારણ કરીને (આત્મનિવેદન) તેનો વિનિયોગ-અમલ કરે. મુખથી ગાન કરું, નયનોથી દર્શન કરું, આવું દાસત્વ બસ મને મળે તે જ કામના. બીજી કરોડો કામના તે હું આપના ચરણે ધરી દઉં છું. (૨)

(૫૬) રાગ – બિભાસ 3/૮

પ્રાતસમે શ્રીવલ્લભ સુતકો ઉઠત હી રસના લીજીયે નામ
આનંદકારી પ્રભુ મંગલાકારી અશુભ હરન જન પૂરણકામ ૧
યાહી લોકપરલોક કે બંધુ કો કહી શકે તિહારે ગુણગ્રામ
નંદદાસ પ્રભુ રસિક શિરોમણી રાજ કરો શ્રીગોકુલ સુખધામ ૨

ભાવાર્થ :

વહેલી સવારે ઉઠતાં વેંત જ શ્રીવલ્લભસુતનું નામ, સ્મરણ કરી રસના-જીહ્વાથી નામ લીજીયે તો જ તે જીહ્વા રસના છે, રસની અધિકારી છે અને રસ તો આનંદ કૃષ્ણ છે. (રસોવૈસ). જે રસ છે તે જ આનંદકારી પોતાના રસનું દાન કરનાર બીજાને આનંદ કરાવનાર (આનંદકારી) છે. તથા તે જ આ દાસના સ્વામી છે અને જીવ માટે મંગલ-કલ્યાણ કરનારું આ નામ છે. આ નામ સર્વ પ્રતિબંધો - અશુભને હરનારું છે તથા તે ભક્તના મનોરથ પૂરા કરનાર છે (જનપૂરણકામ) (૧)

આ લોક અને પરોલકમાં હંમેશાં સાથ આપનારું, સુખ કે દુઃખમાં સાથ આપનાર (સાતા આપનાર) આ નામ છે. તેથી તેને 'બધું' કહ્યું છે. તે નામના ગુણગાન કરીએ તેટલા ઓછા છે. આ નામ જેનું છે તે 'આનંદ'નો હું દાસ છું અને તે મારા પ્રભુ છે. આ પ્રભુ રસિક છે એટલે ભક્તને રસદાન કરવાવાળા છે. તથા તે જ

પરબ્રહ્મ પુરૂષોત્તમ છે (શિરોમણિ) આ જે મારો દેહ (ગોકુલ) છે તેને પોતાનું સુખધામ (વૈકુંઠ) બનાવીને તેના પર રાજ કરો, તેને ચલાવનારા બનો, તેનું સાધન ફલ સર્વ કંઈ બનો, આ દહેભૂમિના માલિક બનો....! (૨)

શ્રીયમુનાજીનું પદ

(૫૭) રાગ – બિભાસ ૩/૯

દીન જાન મોહી દીજે યમુના
નંદકુમાર સદાવર માંગો ગોપીનકી દાસી મોહી કીજે ૧
તુમ તો પરમ ઉદાર કૃપાનિધિ ચરણ શરણ સુખકારી
તિહારે વશ સદા લાડલીવર તવતટ ક્રિડત ગિરિધારી ૨
સબ વ્રજજન વિહરત સંગ મિલ અદ્‌ભૂત રાસ વિલાસી
તુમારે પુલિન નિકટ કુંજદ્રુમ કોમલે શશી સુવાસી ૩
જ્યોં મંડલમેં ચંદ વિરાજત ભરભર છિરકત નારી
શ્રમજલ હસત ન્હાત અતિરસભર જલક્રિડા સુખકારી ૪
રીનીજીકે મંદિરમેં નિત ઉઠ પાય લાગ ભુવનકાજ સબકીજે
પરમાનંદદાસ દાસી વ્હે નંદનંદન સુખ દીજે ૫

ભાવાર્થ :

ભક્ત શ્રીયમુનાજીને દીનતાપૂર્વક વિનંતી કરે છે કે મારી પાસે સાધન કરવાનું કોઈ જ સામર્થ્ય નથી. વિવેક, ધૈર્ય, ભક્તિ વગેરેથી રહિત છું. પાપમાં આસક્તિવાળો છું અને દીન છું તેવો મને જાણીને મારા પર કૃપા કરી મને વરદાન આપો. विवेक धैर्यभक्त्यादि रहितस्य विशेषतः पापसक्तस्य दीनस्य મને એ વરદાન આપો કે નંદકુમારને જે હું પ્રેય-શ્રેય જાણું તે સદા મારા 'વર' રહે. અન્ય સર્વને તેમનાથી ન્યૂન જાણું તેવો દ્રઠાશ્રય આપો અને નંદકુમાર જેમને વશ છે તેવા ગોપીજનોનું દાસપણું મને આપો. (૧)

શા માટે શ્રીયમુનાજી પાસે માંગે છે ? તે આગળ કહે છે કે, હે યમુનાજી ! આપ સમાન ઉદાર કોઈ નથી, અને આપ તો કૃપાના ભંડાર છો. તેથી આપના દેવાથી ઘટશે નહી અને આપનો સ્વભાવ જ આપવાનો છે. આપના ચરણોમાં મેં શરણ લીધું છે તે જ મારા માટે સર્વ સુખોને પ્રાપ્ત કરાવનારું છે.

નંદકુમાર ભલે સ્વામિનીજીના વર હોય પણ તે વશ તો આપને છે તેથી ક્રિડા

કરવા માટે તો આપના તીર પર જ પધારે છે. પ્રભુ પૂરા વિશ્વનો ભાર વહેવાવાળા છે, સર્વભક્તોનો નિરોધ સિદ્ધ કરી આપનરા છે છતાં ક્રિડા તો તે સર્વની સાથે કરે તે આપની સાક્ષીમાં જ. (૨)

જૂઓ બધા જ વ્રજજનો સાથેમળીને પ્રભુ સાથે વિહાર કરે છે તેવી રાસ-વિલાસ રૂપ લીલા કે જે પરમ અદ્‌ભૂત છે તે પણ આપની સાક્ષીમાં કરી. તમારા કીનારા પર વૃક્ષોની ઘાડી કુંજો છે તેમાં પ્રભુને સુખ થાય છે. આકાશમાં કોમલ ચંદ્રની ચાંદની છે તેમ અહીં પણ સુકોમળ કનૈયો ચંદ્ર હોય અને મંડલમાં ચાંદની રૂપ વ્રજભક્તો છે. શ્રીયમુનાજળમાં તે ભક્તો પ્રભુને પ્રેમજળથી સ્નાન કરાવી આનંદ માણે છે. રાસ ક્રિડામાં જે શ્રમ થયો તેના શ્રમને શ્રીયમુનાજી હરિ લે છે તેથી ખૂબ જ રસપૂર્વક જલક્રિડા કરી રહ્યા છે. (૩)

આટલો બધો સુખલ્હાવો લીધા પછી પણ આ ભક્તોને ધરવ થતો નથી. જેથી પરસ્પર કહે છે કે હવે તો રોજ સવારે યશોદારાણીજીને ત્યાં તેમને પાય લાગીને પછી જ આપણાં ગૃહકાર્ય કરવાં (મનમાં તો તે ભાવ છે કે તે મિસે લાલનના દર્શન થાય, ક્યાં મળશું તે ઈશારાથી નક્કી થાય.)

પરમાનંદદાસજી કહે છે આવાં વ્રજભક્તો કે જે પરમભાગ્યવાન છે તેમનાં દાસી થઈએ એવું હે શ્રીયમુનાજી અમને દાન કરો કે જેથી પરોક્ષરીતે નંદનંદનને સુખ દઈએ. (૪)

પુષ્ટિભક્તિ માર્ગમાં તત્સુખની ભાવના મુખ્ય છે. દીનતા ભાવ, નિઃસાધન ભાવ, દૃઢાશ્રય, એકાંતિક સ્નેહ, શ્રીયમુનાજીની કૃપાવલંબન પણું, ભક્તોનું દાસપણું આ બધું તથા કૃષ્ણને 'વર' માનવા 'પરબ્રહ્મસ્તુ કૃષ્ણો.'

સારસ્વત કલ્પની લીલામાં પ્રભુ નંદનંદન બન્યા વ્રજભક્તોને ભગવદ્ દર્શનાર્થ શ્રીયશોદાજીના મંદિરમાં જવું પડતું. પ્રભુ તેથી પ્રત્યેક ગોપીજનોના ઘરમાં ભક્તવશ્ય સ્વરૂપે બિરાજી એક જ કાળમાં સર્વને સુખ-મનોરથ પૂર્ણ કરતા. ત્યાંની લીલામાં પ્રભુએ સદા ડરતા રહેવું પડતું, અન્ય ગોપી કે મા યશોદાથી છૂપાઈને ભક્તવલ્લભ થવું પડતું.

ભગવાનનો આ મનોભાવ શ્રીવલ્લભથી છાણો નથી કેમ કે શ્રીવલ્લભના હૃદયમાં કૃષ્ણ અને કૃષ્ણના હૃદયમાં વલ્લભ બિરાજે છે. તે બન્નેય ભક્ત પર કૃપાદષ્ટિ કરનારા છે. શ્રીઠાકોરજીની આજ્ઞાથી પોતાનો આત્માનુભાવ પ્રકટાવવા શ્રીવલ્લભ ભૂતલ પર પધાર્યા અને ઘરે ઘરે નંદનંદનને પધરાવી યથેચ્છ સુખલ્હાણ કરી.

तस्यैवात्मानुभाव प्रकटन हृदयस्याज्ञया प्रादुरासिद भुमै। તેથી મંદિરમાં દર્શન કરવા

તે તો સારસ્વતકલ્પની લીલા છે. આજે તો સિ.મુ.માં આજ્ઞા કરી છે તેમ પોતાના તન-ધનથી મન લગાડી ઘરમાં રહીને પ્રભુસેવા કરવી તો ગોપીજનોની જેમ 'માનસી' સિદ્ધ થઈ જશે સર્વ ઈન્દ્રિયોનો વિનિયોગ પ્રભુમાં કરવો. ધર્મ-અર્થ-કામ-મોક્ષ સર્વ ભક્ત્યર્થ છે. તે શ્રીઆચાર્યજીએ પ્રભુએ આત્માનુભાવ પ્રક્ટ કર્યો છે.

(૫૮) રાગ – રામકલી 3/૧૧

તુમ સમ ઔર ન કોઈ શ્રીયમુનાજી
કરો કૃપા મોહી દીન જાનીકે નિજ વ્રજવાસો હોઈ ૧
રાખો ચરણ શરણ તરણી તનયા જન્મ આપદા ખોઈ
યહ સંસાર સ્વારથકો સબ વિધ સુતબંધુ સગો ન કોઈ ૨
પ્રેમ ભજનમેં કરત વિઘ્નતા સંત્ત સંતાપે સોઈ
તાકો સંગ મોહી સપને ન દીજે માંગત નયનભર રોઈ ૩
ગરલપાન ડારત અમૃતમેં વિષયારસસોં મોઈ
રસિક કહૈ દીન હોય માંગૂ લહર સમુદ્ર સમોઈ ૪

ભાવાર્થ :

શ્રીહરિરાયજી અહીં પરમકૃપાવંત શ્રીયમુનાજી પાસે દુઃસંગ ન થાય અને ભગવદ્‌સંગ થાય તેવો વર માંગે છે. તેનું કારણ એ કે દુઃસંગ પ્રભુ અને પોતાની વચ્ચે આવીને સંતાપ કરાવે છે.

હે શ્રીયમુનાજી, આપના સમાન બીજું કોઈ નથી. શ્રીહરિરાયજી અહીં કૃપાની બાબતમાં ભક્તથી મોટું કોઈ નથી તેમ કહે છે. શ્રીયમુનાજી પ્રભુનાં એવા નિર્ગુણ-કૃપાવંત-લાગણીશીલ ભક્ત છે કે તેવા તો ભગવાન પણ નથી!

અહીં ભક્તની બડાઈ છે, શ્રીયમુનાજીની બડાઈ છે. શ્રીયમુનાજી અને પ્રભુમાં કોઈ ભેદ ન હોવા છતાં અહીં શ્રીયમુનાજી પ્રભુના એક કૃપાળુતા રૂપ ધર્મ રૂપે ઉભરી આવ્યા છે. શ્રીહરિરાયજી એ માંગે છે કે મને આપની પાસે પ્રભુને પ્રિય તેવા વ્રજમાં વાસ થાય તેવું આપો. મારું કોઈ સામર્થ્ય નથી, તેથી મારા નિઃસાધનત્વ (દીનજાન)ને ધ્યાનમાં લઈને ગોપીજનોનો પ્રેમ જ્યાં વિહાર કરે છે તેવા વ્રજનો સંગ કરી આપવામાં આપ જ સમર્થ છો. (૧)

વ્રજમાં વાસ આપ્યા પછી પણ હે તરણીતનયા મને આપના ચરણમાં શરણું આપો. ત્યાંથી બીજે કોઈ સ્થળે મારે જવુ નથી. માટે તેથી અન્યજન્મ રૂપ આપદાને ટાળો.

અહીં તરણીતનયાનો અર્થ સૂર્યરૂપ નારાયણ - પરબ્રહ્મની પુત્રી અથવા તરણી એટલે હોડી એટલે માહાપુરૂષો કે જે દેહધરીને પધારે છે તેવા તરણીતનયા અથવા તરણ એટલે તૃણ એટલે કે જેમનામાં સ્હેજે અભિમાન નથી તેવાનાં પુત્રી, નિઃસાધનતા જેમના અંગે-અંગમાં ભર્યા છે તેવા.

અહીં શ્રીહરિરાયજી (શ્રીયમુનાજી)-ભક્તિનું શરણ છોડી ક્યાંય જવા તૈયાર નથી કેમ કે સંસાર-અહંતા-મમતાના અંગરૂપ પુત્ર કે બંધુ વગેરે કોઈ જ સાચાં સગાં નથી કેમ કે તેમની દરેક કૃતિની પાછળ કામ-અર્થરૂપ સ્વાર્થ હોય છે. તેઆત્મકલ્યાણ કરવામાં મદદરૂપ નથી. (૨)

તેનું કારણ હજુ પણ આગળ વધીને કહે છે કે મદદ તો છોડો પણ પ્રેમપૂર્વિકા ભક્તિમાં પણ તે વિઘ્ન બની રહે છે અને તેવાઓ વાણી-ક્રિયાથી દુઃખ આપનારા છે. શ્રીહરિરાયજી તેવાંના સંગ સ્વપ્નમાં પણ આપવાની ના પાડે છે. સ્વપ્ન મિથ્યા હોવા છતાં તે સૂક્ષ્મ રીતે મનમાં ધુસી જાય છે અને મનમાં ધુસેલું તો વાણી અને ક્રિયામાં પ્રકટે. તેથી કાકલૂદી પૂર્વક વિનવીને કહે છે તે તેવા દુઃસંગથી મને બચાવો. (૩)

અમૃતમાં ઝેરવાળું પ્રવાહી નાખવામાં આવે તો જે સ્થિતિ થાય તેવી સ્થિતિ મારા માટે દુઃસંગરૂપ વિષયતા રસનો મને સંગ થઈ જાય તેથી થાય. તેથી શ્રીહરિરાયજી શ્રીયમુનાજી પાસે માંગે છે કે મને એવો સંગ આપો કે જેવો સંગ સમુદ્રની લહેરોને સમુદ્રનો છે. હું ભગવદ્ અંશ હોવા છતાં ભગવાનનો સેવક છું જેથી ભગવદ્સેવાર્થ ભગવદ્સંગ થાય તેવી મારી આશા પૂર્ણ કરો. (૪)

જગાયવે કે પદ

(૫૯) રાગ – બિભાસ ૩/૧૫

ભોર ભયે જાગો નંદનન્દ સંગ સખા ઠાડે જગવંદ (૧)
સુરભીન પય હિત વત્સ પિવાયે પંછીયૂથ દશોંદિશ ધાયે (૨)
મુનીસર તકે તમચર સ્વર હોય, સિથિલ ધનુષ રતિપતિ ગહી ડાર્યે (૩)
નિશિ હી ઘટી રવિરથ રૂચિ રાજે ચંદ મલીન ચકઈ રતી સાજે (૪)
કુમુદીની સકૂચી વારિજ ફૂલે ગુંજત ફિરત અલિગણ ઝૂલે (૫)
દરસન દેહો મુદિત નરનારી સૂરદાસ પ્રભુ દેવમુરારી (૬)

ભાવાર્થ :

હે નંદનંદન, સવાર થઈ ગયું છે આપ જાગો હે જગવંદન આપના સાથી સખાઓ

આવીને ઊભા રહી ગયા છે. (૧)

ગાયો (સુરભીં ગાય) પોતાનું દૂધ વ્હાલને કારણે પોતાના વત્સ-વાછરડાને પીવડાવે છે. જેથી અમને પણ ભાવ ઉદ્‌બોધ થાય છે કે અમારા આ બાળને અમે દૂધ પીવડાવીએ અને પંખીઓ પણ પોતાના નાના બચ્ચાંના ચણ માટે દશેદિશે ઝડપથી ઉડી રહ્યા છે. (૨)

આ બગલા કે જે મુનીની જેમ તળાવમાં ધ્યાનથી પોતાના પોષણ માટે પ્રયાસ કરી રહ્યા છે. નિશાચર પંખી-પશુ હવે ચૂપ થઈ ગયા છે રતિપતિએ (કામદેવ) રાતભર તેના કામસર ચલાવ્યાં તેથી હવે તેણે પોતે થાકી જઈને ધનુષ્યને ફેંકી દીધું છે.(૩)

રાત્રી પૂરી થઈ ગઈ છે. સૂર્યદેવનો રથ ઉત્સાહપૂર્વક આવી રહ્યો છે. ચંદ્ર ઝાંખો થઈ ગયો છે. ચકલા-ચકલી એકબીજાને પ્રેમ કરવા તત્પર થઈ ગયાં છે. (૪)

આકાશમાંની ચાંદની શરમાઈ જાય તેમ સંકોચાઈ ગઈ છે. અને જલના કમળો ખીલી રહ્યા છે. ભમરાના જૂથો આનંદ સહિત ઉડી રહ્યાં છે. (૫)

તથા નરનારી સર્વ પ્રસન્ન વદન છે. માટે હે નંદનંદન જગવંદન દર્શન આપો. આ સૂરદાસના પ્રભુ તો દેવના દેવ છે. અથવા (સૂર) દેવો તા તેમના દાસ છે અને પ્રભુ તેમના સર્વદોષને દૂર કરનારા છે (જેમ ઈંદ્રના દૂર કર્યા). (૬)

વિશેષ અર્થ :

હે શ્રીવલ્લભના લાલ (ભોર-ભયે) અમારું ભાગ્ય ખૂલી ગયું છે હવે આપ અમારા અંતર્યામી રૂપે (પોઢેલા) સાક્ષી છો તે હવે (જાગો) સાનુભાવ જતાવો.

સાથે સાથે અપ-વર્ગ દેવો વગેરે (સખા) પણ આતુરતાથી ક્યારના ઊભા છે. અને આખું જગત આપને વંદન કરવા (મર્યાદા) તત્પર છે. માટે પધારો. આવરણ (માયા) દૂર કરી સન્મુખ થાઓ.

આપ પૂર્ણાનંદ હોવાથી બધે જ આનંદ પ્રકટ થઈ ગયો છે. આ ગાયો પોતાનાં વારછડાંને પ્રેમથી દૂધ પીવડાવી રહી છે. પોતાના નાનાં બાળ પક્ષી માટે ચણ લાવવા પંખીના યૂથ દશે દિશા દોડી રહ્યા છે.

બધાંએ આપની સ્વાધીનતા સ્વીકારી છે. પોતાના ધર્મ છોડી દીધા છે. શરણાગત થયા છે, અર્જુનની જેમ. તેથી તો મુનીઓ જે અંદર ધ્યાનમાં સ્થિર છે તે આપના દર્શન માટે નજર કરી રહ્યા છે. રાત્રે ચરનારા જીવે પોતાના મુખ્ય ધર્મરૂપ સ્વર છોડી દીધો છે. કામદેવ કામના બાણ છોડે છે તેનું તો ધનુષ્ય જ નિર્બળ થઈ ગયું છે.

અમારામાં રહેલા અંધકાર-અજ્ઞાન આપની કૃપાબળથી ઓછું થઈ ગયું છે (સૂર્ય)-જ્ઞાન દેવનો પ્રકાશ પથરાઈ રહ્યો છે. દોષયુક્ત પ્રકાશ વાળો ચંદ્ર (શાંકરમત-શિવજી ચંદ્રને ધારણ કરે છે) આપના મુખ પ્રકાશથી (કૃષ્ણાસ્યરૂપ વલ્લભ)થી શુદ્ધાદ્વૈતના પ્રકાશને લીધે ઝાંખો પડી ગયો છે. ચકલાં જેવાં અમારા જેવા નિઃસાધન જીવોમાં આપે ભાવરૂપ રતિને સાજી દીધી છે જે ચંદ્રપ્રકાશથી આનંદ પામી વિકસે તેવા માયાવાદીઓ કરમાઈ ગયેલા મુખવાળા થઈ ગયા છે અને જે કૃષ્ણ કૃપારૂપ રસમાંથી પ્રકટયા છે તેવા વારિજ ફૂલ્યા નથી સમાતા. જેઓ ભક્તિ રસમાંજ મસ્ત છે તેવા ભ્રમરો, પ્રભુકીર્તન રૂપ ગુંજારવ કરવામાં જ આનંદ પામે છે.

આવા આપના પ્રાકટયના એંધાણથી જે ખૂબ પ્રસન્ન થઈ ગયા છે તેવા નર-નારીને હે પ્રભુ, આપ કૃપાકરીને દર્શન આપો. સાનુભવ જતાવોકેમ કે શાસ્ત્રો રૂપ આપના સ્વરૂપને જોવાનો અધિકાર નારીને નથી તો તેવો અધિકાર આપના સાક્ષાત્ સ્વરૂપથી આપો.

સૂરદાસ એટલે કે જે દેવાધિદેવના દાસ છે તેમના આપ સ્વામી (પ્રભુ) હોવાથી આ દૈવીજીવો (દેવ)ના દોષો દૂર કરનાર (મુરારી) બનો કે જેથી કરીને નિર્દોષ બ્રહ્મ સાથે સદોષ જીવને સંબંધ થઈ શકે.

(૬૦) રાગ – ભૈરવ (શિતકાલ) ૩/૧૬

ઊઠો મેરે લાલ ગોપાળ લાડલે રજની વીતી બિમલ ભયો ભોર
ઘરઘર દધિ મથત ગોપિકા, દ્વિજ કરય વેદકી સાર ૧
કરો કલેઉ દધિ ઓર આનંદ મિશ્રી મેવા પરોસું ઓર
આસકરણ પ્રભુ મોહન તુમ પર વારી તનમન પ્રાન અકોર ૨

ભાવાર્થ :

(લાલન) પ્રભુને જગાવતાં માતાજી ભાત ભાતની પસંદગીના વચનો કહે છે.

હે લાલ તમે મને બહુ જ પ્રિય છો માટે હું તમોને લાડ લાડવવા માટે જ જગાવું છું. તેથી તમે તમારી મરજીથી ઊઠો. જ્યારે અંધકાર (રાત) વિદાય થએલ છે તેથી સર્વ ઊઠયા, તેમ આપ પણ ઊઠો. જે સવાર થયું છે તે ખૂબ જ વિમલ પવિત્ર છે, ભલે રજની અપવિત્ર રહી હોય ! તેથી બીજું ભૂલી જઈને વર્તમાનની બિમલતાને યાદ કરીને પણ ઊઠો. ગોપીઓ પોત-પોતાના ઘરમાં દહીંને વલોવે છે. પોતાના ચિત્તનું મંથન કરી તેમાંથી સારૂપ પ્રેમ-માખણ તો આપ જ છો. પ્રત્યેક ઘરમાં તેઓ આપને માખણ આરોગાવવા તત્પર થયેલ છે. તે સૌના મનોરથ પૂર્ણ કરવા

માટે જાગો. (મંદિરમાં નહિ - ઘરઘર) અને જેઓ શાસ્ત્રીય મર્યાદા અનુસાર દીક્ષીત થયા છે તેઓ ઊંચા અવાજે આપના જ ગુણગાન (વેદ-વાક્યો) નો ઉચ્ચાર કરીને ગાઈ રહ્યા છે જેથી તેમના કેવલજ્ઞાન યુક્ત અંતઃકરણને ભગવદ્‌ભાવયુક્ત જ્ઞાન વાળાં અંતઃકરણ બનાવવા પણ જાગો. (૧)

લાલન, તમે રાતભરના ભૂખ્યા થઈ ગયાં છો. દિવસે તો તમોને લાડ-લડાવીને સ્નેહનું ભોજન કરાવીએ, પણ આપ પોઢો પછી તે બની ન શકે તેથી આપ પ્રેમભૂખ્યા પણ થઈ ગયા હશો તેથી અમારી ભક્તિનું ભોજન-કલેઉ કરવા ઊઠો. દહીં અને ભાત તૈયાર છે જે આપને ખૂબ જ પ્રિય છે. કેમ કે ગોપી દહીં વલોવીને પોતાના પ્રેમને દૃઢ કરે છે અને બ્રાહ્મણો નિત્યકર્મરૂપ યજ્ઞ કે જેમાં ધાન્યનો ઉપયોગ છે. તેમ કરી નિષ્કામકર્મથી આપના (ભાત) પ્રતિ પ્રતિબધ્ધ થાય છે. વળી આપનો હું મિશ્રી અને લીલા-સૂકા મેવા પણ પીરસીશ. મિશ્રી તો આપના રસદાન સ્વરૂપને યાદ રાખી ધરી છે અને તે ભજનાનંદ સમાન મીઠી છે તો મેવા છે તે જ્ઞાનરૂપ છે કેમ કે તે બુદ્ધિને તેજ કરનારા છે. તે પણ આપને સમર્પું છું. માટે હે પ્રભુ અમારું સમર્પણ સ્વીકારવા જાગો. અમને ફલ શું જોઈએ છે, તેમ પૂછો છો ? આસ કરન ? આપ જાગો, આરોગો અને પ્રસન્ન રહો તે જ આસા કરનારા છીએ, માટે જાગો. આપ તો પ્રભુ છો તે પણ અમને ખબર છે અને મોહ ફેલાવીને અમારામાં રહેલ માહાત્મ્યજ્ઞાનને ભૂલાવી દેવડાવનારા પણ આપ છો. હે લાલન જાગો અમારું તન-મન-પ્રાણ આખે આખા આપને ભેટ-ઉપહાર રૂપે ધરી દઈએ છીએ, સમર્પિત કરીએ છીએ. આપ તેનો યછેચ્છ ઉપભોગ કરો, તે માટે પણ જાગો. હે લાલન, મારા લાડીલા કુંવર, આપ જાગો. (૨)

(૬૧) રાગ – બિભાસ 3/૨૩

મેં જાન્યો જાગી કન્હાઈ તાતે યશુમતિ તેરે ઘર આઈ
મેરે પિછવારે વેસેઈ સુરન સો તિનહૂ મધુરી મુરલી બજાઈ ૧
જનમ સુફલ કર વિનતિ ચિત ધર અપને કન્હાઈ કિન દેહો જગાઈ
લે ઉછંગ મોહનકો યશુ મતિ આંગન ઠાડી
ગોપી મુખ દેખત હંસતે રસિક બલજાઈ ૨

ભાવાર્થ :

ગોપી સવારના પહોરનાં પોતાનાં નિત્ય કર્મ પડતાં મૂકીને અથવા કહો કે વિસરી જઈને યશુમતિને આંગણે આવે છે. જેની સર્વ ઈંદ્રિયો પ્રભુ ગામી થઈ ગઈ છે તેવી ગોપી પોતાનાં નિત્ય-નૈમિત્તિક ધર્મોની ઉપરવટ થઈને શ્રીપ્રભુમાં ચિત્ત પરોવી દે

છે. પણ તેટલા માત્રથી તેને સંતોષ નથી થતો કેમ કે તે તો પુષ્ટિભક્તિ હૃદય યુક્ત છે જેથી પ્રભુ દર્શનની તાલાવેલી જાગે છે. આથી તે જેની બુદ્ધિ હંમેશા પ્રભુનાં જ યશ વિચારવામાં વ્યસ્ત છે તેવાં યશોમતિને આંગણે આવે છે. (નિવેદનં તુ સ્મર્તવ્યં સર્વથા તાદૃશૈજનૈઃ) અને યશોમતિને કહે છે કે એમ લાગ્યું કે કાન્હ કુંવર જાગી ગયા છે. (''મેં જાન્યો જાગી કન્હાઈ તાતે યશોમતિ તેરે ઘર આઈ''). યશોમતિ, (તાદૃશી) તમારા હૃદયમાં તો કૃષ્ણ સદા જાગૃત છે પણ તમારા સંગે આજે મારા હૃદયમાં કંઈક પ્રેરણા થઈ છે, કાન્હ જાગ્યા તેવી. તેથી બહાર પ્રકટેલ કાન્હ મારા હૃદયના કાન્હને જગાવે અને મારાં સર્વ દોષ દૂર થાય જેથી શુદ્ધ હૃદયરૂપ આસન તેને લાયક થાય. (સં.નિ.)

બહિશ્ચેત પ્રકટ સ્વાત્મા વન્હિવત્ પ્રવિશેદ્ યદિ
તદૈવ સકોલ બન્ધો નાશમેતિ ન યાન્યથા
સર્વાનન્દ મયસ્યાપિ કૃપાનંદ સુદુર્લભ

આ કૃપાનંદ એટલે કે સાક્ષાત્ અંદર-બહાર અનુભૂતિ માટે તારે આંગણે આવી છું. સર્વાનંદ તો મારા હૃદયમાં હતાં જ!

ગોપી કહે છે મારી પાછળ મધુરી મુરલીના સૂર સંભળાયા અને તે સૂર બરાબર લાલો બજાવે છે તેવાં જ હતા તેથી મને લાગે છે, તેણે જ આ મુરલી વગાડી તેથી લાલો હવે જાગી ગયો હશે જ.

મને પરોક્ષમાં તેના મુરલીના સૂર સંભળાયા (પિછવારે) મને ખાત્રી છે કે તેવો પરમ-આનંદરૂપ નાદ-રવ તેના જ અધરામૃતમાંથી પ્રસરેલા હોય અને તે મુરલીના શબ્દ-સાકાર રૂપે મને અનુભૂત થયાં. મને જાણે કહેતા હોય ''તને મેં વચન આપ્યું હતું તે સાકાર કરવા હમણાં જ ચાલી આવ.'' પ્રભુની મુરલીના નાદની પ્રેરણા અને બળથી તો ગોપી સર્વબંધનો છોડી-તોડી રાત્રે વનમાં આવેલી અને દોષોથી નિવૃત્ત થઈને પરમાનંદને પામી હતી. (૧)

ગોપી તે જ આશાએ યશોદાજીના આંગણે આવી છે. પણ ત્યાં કાન્હને ન જોતાં, કે ન અણસાર જણાતાં હવે તે બેબાકરી બની જાય છે, કંઠ ભરાઈ આવે છે અને યશોદાજીને વિનવે છે કે ''મારો જન્મ સુફલ કરવામાં સહાય કર. મારી આ વિનતીને તો કાને નહિ પણ ચિત્તમાં ધારણ કર અને કૃપાળુ પ્રભુને જગાવી દે, અને મને દર્શન કરાવ (''જનમ, સુફલ કર વિનતી ચિત્ત ધર અપને કાન્હ દેહો જગાઈ'') અહીં ગોપી એમ કહે છે કે મારા હૃદયમાં રહેલા કાન્હને જગાવી દો અને માતા સમજે છે તેમના કાન્હને જગાવી દે. પુષ્ટિલીલા ભક્તોદ્ધારકતાની છે

સર્વોદ્ધારકતાની ગૌણથી, તેથી બન્ને પોતપોતાની રીતે ઠીક છે. કેમ કે કૃષ્ણ આપણી અંદર પોઢેલા છે તે જાગે તો જ 'જન્મ' પુષ્ટિ ભક્તિમાર્ગની દૃષ્ટિથી સુફલ થાય. पुष्टिं कायेन निश्चयात् कृष्णसेवा सदा कार्या મોટા લોકો બહુ જ કૃપાળુ હોય છે. તેથી યશોદાજી પોતાના ઘરમાં જઈ પોતાના કનૈયાને ગોદમાં પધરાવીને આંગણામાં આવીને ઊભી રહી. આ કનૈયો સર્વને મોહ પમાડનાર છે. જે પ્રવાહી છે તેને લોકમાં આસક્તિ કરાવે, તેને કનૈયાનું સ્વરૂપજ્ઞાન ન થાય અને જે વેદમાં શ્રદ્ધાવાન છે તેમને યજ્ઞ અને ધ્યાનરૂપ કૃષ્ણ જણાય જ્યારે મર્યાદા ભક્તો શાસ્ત્રની મર્યાદામાં બિરાજતા કૃષ્ણની પૂજા કરે જ્યારે પુષ્ટિ ભક્તો તેને નિષ્કામભાવે સર્વભાવથી પોતાના સ્વકીય જાણી પૂર્ણ સ્નેહથી ભજે. આ ભગવાનનું મોહન સ્વરૂપ છે. (''લે ઉછંગ મોહનકો યશુમતિ આંગન ઠાડી''.)

ગોપી કૃષ્ણનું મુખ જોતાં કે કૃષ્ણ ગોપીનું મુખ જોતાં (હસતાં પ્રસન્ન થઈ ગયા અથવા પ્રભુ ગોપીને મીઠો વિલંબ કરાવ્યો તેથી મુસકાઈ રહ્યા છે અને ગોપી કહે છે કે 'મહત્ કૃપાથી આપે પધારવું જ પડે' તેમ કહી મલકાય છે.) ગોપી ભક્ત પ્રભુના મુખારવિંદ રૂપ શ્રીવલ્લભને નિરખીને પ્રસન્ન થઈ રહી છે. આ સુંદર લીલા-(અનોખી લીલા) નિહારીને જે રસિક ભક્તો સાંપ્રત કાળના છે તે ભક્ત-બગવાન અને લીલાનાં ઓવારણાં લે છે. શ્રીહરિરાયજીની કૃપાથી આ સુંદરલીલા કીર્તન રૂપે આપણને પ્રાપ્ત થઈ. (૨)

કલેઉ

(૬૨) રાગ – રામકલી 3/૨૬

મૈયા મોહી માખન મિશ્રી ભાવે
મીઠો દધિ મિઠાઈ મધુ ઘૃત અપને કરસોં ક્યોં ન ખવાવે ૧
કનક દોહની દે કર મેરે ગૌ દોહન ક્યાં ન સિખાવે
ઓટયો દૂધ ધેનુ ધોરી કો ભરકે કટોરા ક્યોં ન પિવાવે ૨
અજહૂ વ્યાહ કરત નહીં મેરો તોહી નીંદ ક્યોં આવે
ચતુર્ભુજ પ્રભુ ગિરિધરકી બતીયાં સુન લે ઉછંગ પયપાન કરાવે 3

ભાવાર્થ :

કનૈયો યશોદા મૈયાને કહે છે - મને માખન મિશ્રી બહુ ભાવે છે. (પુષ્ટિ પ્રભુ મહાપ્રભુને (સ્વકીયને) કહે છે કે મને તો આ ગોકુળમાં પધાર્યા તેથી કોમળ ભાવ તથા પ્રિયત્વનો ભાવ કે જે બન્ને શુભ-સ્વેત (સાત્વિક નિર્ગુણ) મિશ્રી હોય તે

ભાવ-પ્રેમ સહિત હોય તેની અપેક્ષા છે.)

દહીં પણ મીઠું અને મિઠાઈ પણ મધુર અને ઘી આ બધું તું મને તારા પોતાના હાથથી કેમ નથી ખવડાવતી? દૂધ વિકૃત થાય પણ પ્રભુ અનુકૂળ હોય તેવું દહીં (તેવો સ્વભાવ) મને પ્રિય છે. લોટ વ. મોળા હોય પણ તેને મિષ્ટ-સુગંધીત કરવામાં આવે તેમ જીવસ્વભાવ તો દુષ્ટ હોય પણ (ઘડતર) સંસ્કારથી તેને યથા શક્ય પ્રભુ ઉપયોગી ઈષ્ટ બનાવવામાં આવે. તથા (સ્નેહ) માખણ જેવા ભક્તોની પરીક્ષા કરવામાં આવે તેને તાવવામાં આવે તો ઘી સમાન બની જાય છે. અથવા થોડાક જ વિપ્રયોગરૂપ ઉષ્માથી જે પિગળી જાય તેવા સ્વભાવના શુદ્ધરૂપમાં બની ગયા છે તેવા મને બહુ પ્રિય છે અને તેવા ભક્તો આપના કરકમલમાંથી મારા મુખમાં (મુખારવિંદરૂપ તો મહાપ્રભુ જ છે.) પધરાવો. (૧)

સુવર્ણની દોહની મારા હાથમાં પધરાવીને તું મને ગાયો દોહવાનું શીખવીશ? કેમ શિખવતી નથી?

હે વલ્લભ જે ઉત્તમ-સુવર્ણ સમાન પાત્ર-અધિકારી જીવો છે તેમાં તો રસ સમાય, ઢોળાય નહિ અને વિકૃત પણ ન થાય. દયારામભાઈ કહે છે ‘‘જે કોઈ પ્રેમઅંશ અવતરે પ્રેમરસ તેના ઉરમાં ઠરે. સિંહણ કેરું દૂધ હોય તે સિંહણસૂતને જરે. કનકપાત્ર પાખે, સૌધાતુ ફોડીને નિસરે’’. હું તેવા ઉત્તમ ભક્તોને રસદાન કરવા બહુ આતુર છું. તમે ભૂતલ પર જઈ તેવા ભક્તોને શોધી શોધીને તેવાં સુવર્ણ પાત્ર-દોહનીને મારા હસ્તમાં પધારવો. મારે તેવા ઈંદ્રયધારી (ગો) માંથી રસ પ્રકટાવવો છે કે જે બીજાનું કંઈક કલ્યાણ કરવામાં સહભાગી થાય. ‘‘તુંજ સંગે કોઈ વૈષ્ણવ થાયે તો તું વૈષ્ણવ સાચો.’’

હે મા તેં આ ધોરી-ધૈનુનું દૂધ ગરમ-મીઠું ઉકાળીને ઓટયું છે તેના કટોરા ભરી ભરીને મને કેમ નથી પિવડાવતી.

હે વલ્લભ આ જે નિર્મલ (ધોળી) ધેનુ (ભક્ત) નો જે ઓટયો દૂધ ખૂબ મંથન તથા તાપયુક્ત હૃદયમાંથી નિકળેલ પ્રેમરસ મને બહુ ભાવે છે. હું પુષ્ટિસ્થ તેટલા માટે જ થયો છું. નિઃસાધન ફલાત્મા માટે જ છું. તું મને તેવા તદીયના રસનું પાન કટોરા ભરી ભરીને કરાવ. જોકે તે બધાં જ શ્રીસ્વામિનીજીના ભાવથી ભાવિત છે. (૨)

હે માતા, તને નિંદ કેમ આવે છે? મારો બ્યાહ કરાવ્યા વગર? તને ચેન કેમ છે? ચિંતા કેમ નથી થતી કે હજું મારો પુત્ર કુંવારો રહી ગયો!

હે વલ્લભ, આપ દૈવી જીવોનો મારી સાથે સંબંધ તત્કાલ કરાવો. આ એક દિવ્ય વિવાહ પ્રકાર છે. એક બીજાના થઈને એક જ ઘરમાં સાથે રહેવાના કોળ છે.

પ્રભુની સંસ્કૃતિ અને જીવની સંસ્કૃતિનું એકરસ મિશ્રણ છે. જીવનાં સુખ પ્રભુના બની રહે છે અને પ્રભુના દુઃખ જીવનાં બની રહે છે, તેવાં આ આત્મ-જોડાણ છે. બ્રહ્મસંબંધ છે. જો જીવ મને સમર્પિત થવાનો કોલ સત્યનિષ્ઠાથી આપે તો પછી હું તેના દોષને જોવા નથી માગતો. મારા સંબંધ માત્રથી તે દોષો પણ દિવ્ય દોષ બની જશે અને ભગવદુપયોગી બની રહેશે. તેનો લોભ મારા દર્શન માટે હશે તેનો ક્રોધ ભક્તિ વિરોધીઓ માટે હશે, તેની કામના પ્રભુસેવાની હશે વગેરે વગેરે. તેને જગતમાં મોહ થશે, તેને રાજના ખાસ ખવાસ તરીકે અસ્મિતા મદદરૂપ હશે. તે પ્રભુ-સેવા કરવા તત્પર હશે અને બીજાથી તેમાં વિશેષતારૂપ મત્સર હશે. તો પણ તે મારે માટે હોવાથી હું તેને દોષ નહિ કહું. તેવા જીવ સાથે હે વલ્લભ, મારો વિવાહ કરો. આપ એકક્ષણ પણ વિલંબ ન કરો (નિંદ ન લો).

યશોદાજી આ લાલનની, મોટાઓ કરે તેવી વાતો સાંભળીને ખૂબ પ્રસન્ન થયા. અને લાલનને ગોદમાં ઉઠાવી લઈને પયપાન કરાવવા લાગ્યા.

સર્વસમર્થ પ્રભુ (ચતુર્ભુજ પ્રભુ) વ્રજભક્તોના દુઃખ ટાળવા માટે ગિરિધર બન્યાં આવી ભક્તવસ્તલતા તથા તે જ પ્રભુ ''છછીયાં ભર છાછ પેં નાચ નચૈયા''ની કાલીઘેલી ચેષ્ટા પણ કરે છે. તેવી પ્રભુની લીલા નિહારીને શ્રીવલ્લભ ભાવવિભોર થઈ જાય છે અને લાલનને કંઠે લગાવી દે છે તથા પોતાના હૃદયના ઉછળતા ભાવનું (રસનું) પ્રભુને પાન કરાવે છે. (૩)

વ્રતચર્યા

(૬૩) રાગ – રામકલી ૩/૩૪

હરિયશ ગાવત ચલી વ્રજસુંદરી નદી યમુનાકે તીર
લોચન લોલ બહિ જોટી કર શ્રવણન ઝલકત બીર ૧
બેની શિથિલ ચારુ કાંધ પર કટિપટ અંબર લાલ
હાથન લીયે ફૂલનકી ડલીયાં ઉર મુક્તામણિ માલ ૨
જલ પ્રવેશ કરે મંજન લાગી પ્રથમ હેમકે માસ
જેસેં પ્રીત હોય નંદસૂત વ્રત ઠાન્યો યહ આશ ૩
તબ તેં ચીર હરે નંદનંદન ચઢે કદંબકી ડારી
પરમાનંદપ્રભુ વર દેવેકો ઉધમ કીયો હૈ મુરારી ૪

ભાવાર્થ :

વ્રજની સુંદરીઓ, હજુ બ્રહ્મમુહૂર્તના અંધારાં છે ત્યારે જે ઉત્તમ હરિસ્મરણ નહિ

પણ મોટા અવાજે હરિયશ ગાતી ગાતી શ્રીયમુનાજી કે જેમનું આધિભૌતિક સ્વરૂપ નદી છે તે સ્થાને (તીરે) ચાલી. તે વ્રજસુંદરીઓના લોચન ચપળ (લોલ) છે, એકબીજાના હાથથી હાથ પકડી લીધેલા છે તેમના કાનમાં આભૂષણ ઝળકે છે. (૧)

અંબોડામાં ગૂંથેલી વેણી ઢીલી પડીને ખભા પર આવી રહી છે અને કટી ઉપર બાંધેલ વસ્ત્ર લાલ રંગનું છે. તેમના હાથમાં ફૂલોની છાબ છે અને ગળામાં હૃદય સુધીની લાંબી મુક્તામણિની માળા છે. (૨)

આ વ્રજસુદંરીઓએ જલમાં પ્રવેશ કરી સ્નાન કરવા લાગી. આ હેમંત ઋતુનો પ્રથમ માસ હોવાથી આ પ્રકારનું વ્રત તેઓએ ધારણ કર્યું છે. આ વ્રતનો હેતુ એ છે કે નંદસૂત કનૈયા સાથે પરસ્પર પ્રીત બંધાય, અમારા તે પતિ થાય. (૩)

ત્યારે કિનારે રાખેલા સુંદરીઓના ચીર ગોપ સખા સાથે આવેલો કનૈયો હરિ ગયો અને કદંબની ડારી ઉપર ચડીને બેસી ગયો.

કનૈયો તો સ્વયં પરમ-આનંદ સ્વરૂપ છે અને તે પ્રમેય કરીને (સામે ચડીને) આ વ્રજસુંદરીઓને વર-દાન કરવા તત્પર થયો છે. માટે તો તે આ લીલા કરી રહ્યો છે. આપ તો મુરારી હોવાથી જલમાં આ પ્રકારે સ્નાન કરવાનાં દોષોને પણ મિટાવવા વાળા છો. (૪)

વિશેષ ભાવાર્થ :

વ્રજસુંદરીઓ કે જેમાં વ્રજનું સૌંદર્ય જ્યાં ભર્યું પડ્યું છે તેમને નંદનંદન શ્રીકૃષ્ણ પ્રતિ અઢળક નિષ્કામ એકાંતિક સ્નેહ છે. તેવી જાગતાં-ઉઠતાં સ્વપ્નમાં પણ પ્રભુની યશરૂપ લીલામાં જ મગ્ન રહેનારી છે. પ્રભુની કૃપા થાય તો જ કાજ સરે પણ પ્રભુ પ્રતિનો સ્નેહ અન્યની સામે પ્રકટ ન થાય તો જ રસ ઘટ્ટ થાય, તેથી બ્રહ્મ મુહૂર્તમાં નીકળી છે. કૃપાળુ શ્રીયમુનાજી કે જે પુષ્ટિભક્તિના આદર્શ છે તેમના તીરે આવે છે. કૃષ્ણ પણ તેવી કૃપા સિંધુને તીરે જ હંમેશા પ્રાપ્ય થાય છે.

તેમના આ આંતરિક સૌંદર્ય સાથે બહારના લક્ષણોરૂપ સૌંદર્ય પણ ભળે છે. તેમનાં નેત્રોની ચપળતા પ્રભુને શોધવા તત્પર છે. સમાનશીલ સાથે હાથના અંકોડા ભેરવે છે. કાન પ્રભુની આહટ સાંભળવા આમતેમ મુખ ફેરવે ત્યારે આભરણ ઝુલે છે. પ્રભુ નહિ દેખાતાં તેમના હૃદયમાં રહેલ શીરમોરરૂપ કોમળતા અસ્વસ્થ થઈ જાય છે અને જેમના સ્કંધ ભગવાન છે તેના આશ્રયે જાય છે. અનુરાગરૂપ લાલ વસ્ત્રથી અંગને લપેટયું છે. પ્રભુનાં પૂજા (માહાત્મ્યરૂપ) ફૂલો બીજા હાથમાં ટોકરીમાં છે. તેમના હૃદય ઉપર તો મુક્તામણિની માલાની વચ્ચે કનૈયો સ્વયં બિરાજે છે.

પ્રભુ પ્રાપ્તિ અર્થે તે ગમે તે કરવા તત્પર છે. તેથી તો હેમંતના પ્રથમ માસની સખ્ત ઠંડીમાં પણ તપ વ્રત ધારણ કર્યું છે. યમુનાજીની કૃપાથી પ્રભુ મળશે તે આશાએ જળમાં પ્રવેશ કરે છે. પોતાની સાંસારિક માયા-મમતા-લજ્જા-આભરણ સર્વ છોડીને માત્ર કૃપાના આશરે જલમાં પોતાના દોષ-અશુદ્ધિને દૂર કરીને વ્રતનો જ વિચાર કરે છે કે નંદનંદન જ અમારા પતિ-રક્ષક થાય. શ્રીકૃષ્ણઃ શરણં મમ. આવી શરણાગતિનો ભાવ છે.

જીવ શરણાગત થાય એટલે પ્રભુ તેના રક્ષણ માટે પધારે જ. તેથી પ્રભુ પણ પરિકર સાથે યમુના કિનારે પધાર્યા અને તેમની સાંસારિક અહંતા-મમતા રૂપ બ્રહ્મસંબંધ મંત્ર થકી કરેલ સમર્પણ સ્વીકારીને પોતે જીવની પરીક્ષાર્થ કદંબની ડાળ પર ચડીને બેઠા.

પ્રભુ વર દેવા માટે તો તત્પર છે પણ જીવની પરીક્ષા પણ લે છે. તેથી તો ફરી સંસારની કાકલુદી કરતી સુંદરીઓને સંસારને ભૂલીને મારે શરણે આવો તેવી આજ્ઞા કરે છે. सर्व धर्मान् परित्यज्य मामेकं शरणं व्रज. જ્યારે સુંદરીઓને પ્રભુના વચનોનો મહિમા સમજાયો અને મન સર્વ શંકા-આશંકાથી મુક્ત કરી માત્ર પ્રભુના જ શરણે આવી, ત્યારે પ્રભુએ પોતાનો સંબંધ પામેલ સંસાર કે જે અલૌકિક બની ગયો હતો તે તેમને પાછો આપ્યો. હવે તે સંસારને ઓઢવા છતાં તેમને તે બાધા કરનાર ન્હોતો કેમ કે તે ભોગ ન્હોતો પણ ભગવાનનો પ્રસાદ હતો.

આ વ્રજલીલા તે પ્રભુની પ્રમેય લીલા છે. ત્યાં સાધન પ્રભુ સ્વયં બન્યા છે તેમ શ્રીઆચાર્યજી આજ્ઞા કરે છે.

(૬૪) રાગ – રામકલી ૩/૩૬

યમુનાતટ દેખે નંદનંદન
મોરમુકુટ મકરાકૃત કુંડલ પિત વસન તન ચર્ચિત ચંદન ૧
લોચન તૃપ્ત ભયે દરશનતે ઉરકી તપત બુઝાની
પ્રેમમગ્ન તબ ભઈ ગ્વાલિની તનકી દશા ભૂલાની ૨
કમલનયન તટ પર રહે ઠાડે તહાં સકૂચ મિલી નારી
સૂરદાસપ્રભુ અંતરયામી વ્રતપૂરણ વપુધારી ૩

ભાવાર્થ :

કુમારિકાઓએ નંદના લાડીલાને યમુનાજીના તટ પર ઠાડા દેખ્યા. નંદજીના જ ઘરમાં રહેતી કુમારિકાઓએ શું લાલનને આ પહેલાં નથી નિરખ્યા ? જરૂર. પણ અહીં યમુનાજી કે જે કૃપાળુ છે અને પ્રભુને ભલામણ કરનારા છે. તેવા કૃપાયુક્ત

નેત્રવાળા લાલનને દેખ્યા અથવા યમુનાતટ પર નંદનંદન કોઈની (અમારી) રાહ (દેખે) જોઈ રહ્યા છે.

આપે માથે મોરમુકુટ ધાર્યો છે એટલે કે રસદાન કરવું છે તે વાતને માથે ચડાવી છે. કર્ણમાં મકરાકૃત કંડલ ધારણ કર્યા છે. એટલે કે યોગ-સાંખ્ય ભલે કાનમાં આવીને કહે પણ મકર બધું ગળી જાય તેમ ભગવદ્ કૃપા સાંખ્ય-યોગને પણ ગળી જાય તેવી છે. પિત-વર્ણનાં વસ્ત્ર ધર્યાં છે. પ્રભુના વસ્ત્ર ઉત્વરૂપ છે. આપ માયાને ધારણ કરીને લોભાવી રહ્યા છો. અને તન પર ચંદન લગાવ્યું છે. મનને પ્રસન્ન કરે તેવી ગંધ આપના તનનો જેને સ્પર્શ કર્યો છે તે અમારી નાસિકામાં થઈને અમારા પ્રાણરૂપ બની ગઈ છે. (૧)

આવા આપના સ્વરૂપથી અમારાં (લોચન) દૃષ્ટિ તૃપ્ત નહોતી થતી તે આજે પૂર્ણ બની અને માયા જનિત સુખદુઃખ જે સંતાપ કરાવતું હતું અથવા આપના કૃપાયુક્ત દૃષ્ટિવાળા સ્વરૂપને જોઈને અમારા હૃદયમાં જે ઈચ્છા રૂપ તાપ હતો તે આજે શાંત થઈ ગયો.

આમ બુદ્ધિ (શિર) શ્રવણ, દેહ, નાસિકા, નેત્ર તથા હૃદય, તેમ બધી જ ઈંદ્રિયો અંદર-બહારની તૃપ્ત થઈ ગઈ. આમ થતાં પ્રભુ સાથે પ્રેમના બંધનની ગાંઠ મજબૂત થઈ (પ્રેમ-મગ્ન) અને તેમ થતાં પ્રપંચની વિસ્મૃતિ થઈ ગઈ. ગોપીનાં નિરોધ સિદ્ધ થઈ ગયો. (૨)

ગોપીઓ તો જળમાં છે, સંસાર-સાગરમાં છે અને પ્રભુ સંસારના જ કિનારા પર ઠાડા છે, અલિપ્ત છે. જીવને કૃપાદૃષ્ટિથી નિહારી રહ્યા છે. પ્રભુની કૃપા અને જીવનો પ્રમાદ જોઈને જીવ સ્વયં સંકોચ પામી રહ્યો છે તેથી ગોપીઓને સંકોચ-શરમ આવી રહી છે. પ્રભુ તેમના અંતર મનમાં પ્રેરણા કરી રહ્યા છે કે તમે જેવા છો તેવાં મને સ્વીકાર્ય છો. (સિ. ર. માં પાંચ પ્રકારના દોષોને પ્રભુ ગણકારતા નથી અને સ્વીકાર્યા છે) પણ તમારા સંસારાવરણને છોડીને વસનહીન છો તેવા જ શરણાગતિ સ્વીકારીને - હાથ જોડીને મારામાં જ ચિત્ત રાખીને, સંસારનો પ્રયત્નપૂર્વક ત્યાગ કરીને મારી સમક્ષ આવો. હું તમારા મનની વાત જાણું છું તેથી તમારે પ્રાર્થના કરવાની પણ જરૂર નહિ પડે (પ્રાર્થિતેવા તતઃ કિં સ્યાત્ સ્વામીભિપ્રાય સંશયાત્) હું તમારા વ્રતને પૂર્ણ કરવા જ પરબ્રહ્મ હોવા છતાં લોકવત્ દેહને ધારણ કરી વ્રજમાં પધાર્યો છે. મારી ભક્તવત્સલતા (પુષ્ટિ)ને પ્રકાશમાં આણવી છે. હું સૂર છું અને તમે દાસ છો તે ભાવ ધારીને મને પ્રભુ જાણીને મને મળો. (૩)

(૬૫) રાગ –રામકલી 3/37

બનત નહિ યમુનાજીકો નહિવો
સુંદરશ્યામ ઘાટપર ઠાડે, કહો કોન વિધિ જઈવો ૧
કરતે બસન ઉધાર ધરે હમ, કેસે જલ હી સમઈવો
નંદનંદન હમકો દેખેંગે કેસે કરકે નહીવો ૨
ચોલીચીરહાર લે ભાજત સો કૈંસે કર પઈવો
અંકન ભર ભર લેત **સૂર**પ્રભુ કાલ્હ ન યહિ મગ યૈવો ૩

ભાવાર્થ :

ગોપીજનો અંદર અંદર યમુનાજીને કિનારે આવીને પરસ્પર મુંઝવણ બતાવે છે કે વ્રતચર્યામાં વહેલા યમુનાસ્નાન કરવું પડે પણ તે બની શકે તેમ લાગતું નથી. કેમ કે સુંદરશ્યામ કનૈયો કિનારે જ ઊભો છે, હવે જલમાં કેવી રીતે જવું કેવી રીતે ? (૧)

વસ્ત્રો ઉતારીને કિનારે રાખવા. હવે આ સ્નાન કેવી રીતે બને ? નંદનંદન અમોને નિર્વસ્ત્ર જોઈ લેશે. (૨)

અને તે તો પાછા ચોલી-વસ્ત્ર અને હાર લઈને ભાગી જશે તો પછી અમે શું કરીયે ? આ કનૈયો તો અમને ભેટી પડશે. ના હવે તો કાલે આ રસ્તેથી અહીં આવવું જ નથી. (૩)

વિશેષ ભાવાર્થ :

ભગવદ્પ્રાપ્તિ અનુગ્રહ લભ્ય છે પણ અમારી નિષ્ઠા તો વ્રતમાં છે.

આ મર્યાદા ભક્તિરૂપે યમુનામાં અમારે ન્હાવું છે પણ તેને પ્રભુ બનવા દેતા નથી કેમ કે તેણે અમારું વરણ પુષ્ટિમાં કર્યું છે.

આ સ્વરૂપાસક્તિ કરાવનાર પ્રભુ સર્વથી સુંદર છે અને પ્રેમને દૃઢ કરાવનાર તેનામાં રસરૂપતા (શ્યામ) છે. શૃંગારનો રંગ શ્યામ છે. આમ તે સુંદર-રસરૂપ છે અને તે તો અમારાથી સ્હેજે દૂર નથી જતા. તેમની નજરમાં જ અમને રાખે છે. હવે અમે અમારી વ્રત-મર્યાદા એટલે કે દૂર કેવી રીતે જઈએ ?

અમારા ઉપર અમે જે શાસ્ત્રીય મર્યાદાઓ ધારણ કરી છે તે એટલી છે કે સહજતાથી (ઉતરે) જાય તેમ નથી. પણ પ્રભુનું પ્રમેય પ્રબળ છે જે અમને મર્યાદા જાળમાં સમાઈ જવા દેવા નથી માંગતા કેમ કે અમારું વરણ તે પ્રકારનું નથી. નંદનંદનની દૃષ્ટિ મર્યાદાની બહાર આ સૃષ્ટિમાં કાંઈ જ નથી પણ અમારી મર્યાદાને કારણે

અમને લાગે છે કે તે અમને જોઈ રહ્યો છે. અમને એ નથી ખબર કે તે જ તો અમારો અંતર્યામી છે. અમે તેને જ ચાહીયે છીએ પણ તેને પ્રાપ્ત કરવા માટે આ મર્યાદાનો આશ્રય લઈ રહ્યા છીએ તે બધું તે સાક્ષીભાવે નિરખી રહ્યો છે. ઊંચ-નીચ ભાવ તો અમારા છે. તે તો નિર્દોષ બ્રહ્મ છે. તેથી અમે અંદર-બહારના ભિન્ન ભાવોને કારણે તેની દૃષ્ટિથી દૂર થવા ઈચ્છીએ છીએ.

તે સત્યસંકલ્પ -દૃઢ છે અને અમને જ ચાહે છે જેથી અમારી નિષ્ઠારૂપ, વિધિ, વ્રત, તપ રૂપ અમારાં વસ્ત્ર અથવા કહો કે મર્યાદારૂપ આધિભૌતિક-આધ્યાત્મિક અને આધિદૈવિક વસન (નિષ્ઠા)ને હરિ લેશે. હવે અમારી માર્યાદિક નિષ્ઠાને બચાવવા શું કરવું ?

તે તો અમને સ્વરૂપાનંદનું દાન દેવા તત્પર છે પણ અમે દુર્ભાગી છીએ જેથી નિશ્ચય કરીએ છીએ કે એ પુષ્ટિમાર્ગે ભવિષ્યે પણ નથી આવવું અથવા કહો કે આ એવો માર્ગ છે કે જ્યાં કાલ પણ નથી આવી શકતો.

અમારા પરમ સૌભાગ્ય છે કે જ્યાં પ્રભુ સ્વયં અમારો ઉદ્ધાર કરવા માટે અમને મર્યાદામાંથી કોઈપણ પ્રકારે (લાલચ-દંડ કે ભેદ નીતિથી) ઉગારે છે. કેમ કે અમે તેમના શ્રીઅંગથી નિયામક તેવી સૃષ્ટિના જીવ છીએ. અમે શુદ્ધ નથી પણ તે અમને શુદ્ધ બનાવે છે. સ્વઅંગસ્પર્શાદિ સેવાથી...

ખંડીતા

(૬૬) રાગ – લલિત 3/૫૧

જરીકે જરાયવેકો તાતે તન તાયવેકૂં
કટે લોન લાયવેકૂં દ્વાર આપ ઠાડે હો
રેન બસે ઔર ઠોર અબ આયે મેરી ઓર
વાહીપેં પધારો કાન્હ જાકે વસ પરે હો ૧
બીનગુણ માલ સોહે અધર અંજન રેખ
મેરી સોં કાન્હ અબ જાઓ તુમ ભરે હો
ચાર યામ વીતે મોહી ઘડી ભર કલ્પન્યાયી
સૂરસ્યામ હિયે હુ તે નેક હૂ ન ટરે હો ૨

ભાવાર્થ :

પ્રભુ પધારશે તેવો સધિયારો મળ્યો હતો. જેથી ગોપી આખી રાત રાહ જોતી રહી પરંતુ આપ તો સવારે પધારે છે ત્યારે ભર્યા હૃદયથી ગોપી પ્રભુને સંભળાવે છે.

આપ હવે મારા દ્વાર પર શા માટે પધાર્યા છો તે હું સમજું છું કે - મને અપમાનીત કરવા જ કેમ કે હું તો આપના વગર બળી રહી છું, તેને વધારે બાળવા માટે. મારું તન આપ વગર ધખી રહ્યું છે તેને વધારે ધખાવવા માટે અને મારું કાળજું કપાઈ ગયું છે તેના ઉપર (લોન) મીઠું ભભરાવવા માટે આપ હવે મારા દ્વાર ઉપર આવીને મજા લેવા ઊભા છો. આખી રાત તો બીજાને ત્યાં ઠહેર્યા અને હવે મારી પાસે આવ્યા, એવું આવવાનો શો અર્થ છે ? આપને જેણે વશ કર્યા છે તેને ત્યાં જ પધારો ! (૧)

આપના દિદાર તો જૂઓ કે કંઠમાં ફૂલમાળા કરમાઈ ગયેલ છે અને આપના ઓષ્ઠ ઉપર કાળા-કાજળની રેખા દેખાય છે. આ પરથી લાગે છે કે આપે ભરપૂર રતિ માણી છે, આપ સંતુષ્ટ થઈ ગયેલા છો તો પછી ફોગટનું મારું મન રાખવા શા માટે પધાર્યા છો ? તમોને મારા સોગંદ છે આપ હવે અહીંથી પધારી શકો છો.

પરંતુ આપ જરા વિચાર તો કરો કે આપ ચારયામ પછી પધાર્યા ત્યારે એક એક ઘડી મારા માટે એક એક યુગ જેટલી લાંબી રહી અને એકક્ષણ પણ મારી હૃદય સ્મૃતિમાંથી આપ ખસ્યા નથી. વિશેષ શું કહેવું આપ તો બહુ જ સયાના છો. ! (૨)

વિશેષ ભાવાર્થ :

અત્યારે આપના સાક્ષાત દર્શન થયા તેનું રહસ્ય મને આજે સમજાય છે કે હૃદયમાં એટલી બધી આર્તી થાય કે આંતરીન્દ્રિયો તથા બહિરીન્દ્રિયો બધેથી જ સંસારાસક્તિ બળીને ભસ્મ થઈ જાય તથા એકમાત્ર આપના જ રટણની આહ થાય કે ઘા પર મીઠું છીરક્યું હોય તેમ ! હા નાથ હા મહાભૂજ... ! તેમ, ત્યારે આપ પધારો છો જરૂર !

જ્યાં સુધી મારામાં અજ્ઞાનરૂપ રાત્રીનો અંધાર હતો (માહાત્મ્યજ્ઞાન નહોતું) ત્યાં સુધી આપ બીજે હતા. મારી સમક્ષ પ્રકટ ન્હોતા થતા પણ હવે મારું અજ્ઞાન દૂર થતાં સવાર થયું છે અને જે આપને નિઃસાધનતા ભાવથી ભજે છે તેને આપ વશ થઈને રહો છો. આજે આપ અહીં પધાર્યા છો તે પણ તેવા ભગવદીયોની કૃપારૂપ આજ્ઞાથી જ. તેથી મારા ઉપર પ્રથમ ઉપકાર તો તેમના છે.

આપના કંઠમાં જે વ્રજભક્તોને આપ અંગ સુખ આપતાં ધારણ કરો છો તેમના ગુણને આપ જોતા નથી. આપ તો સ્નેહને જોવા વાળા છો. તેમની દૃષ્ટિમાં રહેલ ભાવને આપ ચાખો છો, આરોગો છો નહિ કે વસ્તુને. હે પ્રભુ ! આપ તો કૃપાળુ

છો તેથી મારી દરકાર કરો છો પરંતુ જીવનો દાસ ધર્મ તો એ છે કે પ્રભુના સુખમાં પોતાનું સુખ જોવું.

ચારયામ એટલે કે હવે મારામાંથી ધર્મ-અર્થ-કામ-મોક્ષ તેમ બધા જ પુરૂષાર્થો વિરમી ગયા છે. તથા એકમાત્ર ધર્મીરૂપ આપ વગર મારા માટે એક એક ક્ષણ યુગ સમાન બની રહી છે. સહસ્ત્ર પરિવત્સરથી આપથી બિછર્યા છીએ તેની સભાનતા મને સતત છે અને તેવા ભાનને કારણે આપનું સ્મરણ મને એક ક્ષણ પણ ટળ્યું નથી. શ્રીમહાપ્રભુજીની વાણી છે કે રાઈનો દાણો ગાયના શિંગ પર ટકે તેટલું પણ પ્રભુનું વિસ્મરણ બહિર્મુખ બનાવી દે.

પ્રભુ આપ તો અંતર્યામી પણ છો તેથી હવે આપને ઠીક લાગે તેમ મારા હિત માટે જ કરશો !

(૬૭) રાગ – લલિત ૩/૫૧

નખ કહાં લાગે વન વાનરા લગાયે નખ
ચખ કયાં રાતે પ્રાત દેખ્યો તાતે ભાનકો
ચંદન લગ્યો હે કહાં વિઘ્નહરન પૂજા કીની
વંદન લગ્યો હે કહાં પરસ ભયો પાન કો ૧
રેન કહાં નટ નૃત્ય જહાં
અખરે ક્યોં બોલો મોંસો ડરભયો આનકો
ગૂજરીસોં ગુજરી અબ આગે આય ઠાડે સૂર
થેગરી કહાં લોં દેત ફાટે આસમાનકો ૨

ભાવાર્થ :

પ્રભુ ગોપીને ત્યાં પધાર્યા તે પહેલાં બીજી કોઈક સખીને દાન કરીને પધાર્યા છે તે વાત ગોપી સમજી ગઈ છે તેથી કટાક્ષ-મજાકની ભાષામાં કહે છે -

આ આપને નખ ક્યાં વાગી ગયો ? શું વનમાં વાંદરાએ લગાવ્યા ? આ ચક્ષુ કેમ રાતાં છે અત્યારે સવારના પહોરમાં ? શું કંઈ તાતો-ગરમ-બપોરનો સૂર્ય જોઈ લેવાયો છે ? આ આપના દેહને ચંદન ક્યાંથી લાગ્યું ? શું વિઘ્નહરન ગણપતિ વગેરે દેવો-ગ્રહોની પૂજા કરીને આવ્યા છો ? અને આ રાતા રંગનું કુમકુમ (વંદન) ક્યાંથી લાગ્યું ? શું કોઈ દેવના સ્થાનક (થાનકો) પર માથું ટેકવ્યું હતું ? (૧)

રાત ભર ક્યાં હતા ? શું ક્યાંય નટનું નૃત્ય જોતા હતા ? આમ બોલતાં કષ્ટ કેમ પડે છે (અખર) શું મારી સામે આવતાં ડરો છો ?

જે થઈ ગયું તે થઈ ગયું, હવે મારી સન્મુખ તો ઠાડા રહો. આ આભ ફાટ્યું છે પછી થીંગડાં દેવાથી શું થશે ? માટે બીતીને ભૂલી જઈને હવે કૃપા કરો. (૨)

(૬૮) રાગ – માલકૌંસ ૩/૫૪

આવન કહ ગયે અજહૂ ન આયે
સબ નિસ બિતી મોહે ગિનત હી તારે
દીપક જ્યોત મલીન ભઈ હૈ
કિન દુતીયન બિરમાયે પ્યારે ૧
તમચર બોલે બગર સબ ખોલે ફૂલે મધુપ ગુંજારે
ધોંધીકે પ્રભુ તુમ બહુનાયક આયે નિપટ સવારે ૨

ભાવાર્થ :

પ્રભુ ગૌચરણ કરીને જ્યારે પાછા પધાર્યા હતા ત્યારે કોઈ ગોપીને રાત પડતાં જ આવવાનું વચન આપી ગયા હતા. ''હાંકે હટક... ગોકુલકી ગલી અતી સાંકરી... કા સોહા કહી કા સો ના કહી''... પરંતુ ગોપી તો રાહ જોતી જ રહી પણ પ્રભુ પધાર્યા નહિ. વિરહ વ્યથા અતીશય વધી ન જાય માટે સમય પસાર કરવા આકાશનાં તારા ગણતી બેસી રહી. (કેમ કે વિરહ વ્યથા વધી ગયા પછી પ્રભુ પધારે તો કદાચ માન થઈ જાય તો મિલનનું સુખ પરવારી જાય).

હવે તો રાત પણ પૂર્ણ થવા આવી છે કેમ કે દીવડામાં તેલ ખલાસ થયું છે અને તેની જ્યોત પણ ઝાંખી અને નાની બુઝવા લાયક થઈ ગઈ છે.

ગોપી વિચાર કરે છે - કેમ ન પધાર્યા ? આવવાનું તો કહ્યું હતું અને આપ તો રસિક છે. તેને મનોમન જવાબ મળે છે કે - જરૂર કોઈ બીજીની દૂતીઆએ મારા પ્યારાને ભરમાવ્યા હશે. (૧)

હવે તો લાગે છે સવાર પણ પડી રહ્યું છે. કૂકડા પણ બોલી રહ્યા છે, ગાયોના વાડા વગેરે પણ ખૂલ્લા થઈ ગયા છે. ભમરા પણ ગુંજારવ કરી રહ્યા છે. તેથી હવે તો આશા રાખવી નકામી છે. પણ અરે ધોંધીના પ્રભુ તો આ વહેલી સવારે સવારે પણ પોતાનું વચન પાળવા આવી લાગ્યા ને ! વાહ પ્રભુ તમે તો અનેકના નાયક છો એટલે અનેક વિરહ દુખને ટાળવાવાળા છો. આપ તો બહુ નાયક છો સૌના નાયક છો. (૨)

વિશેષ ભાવાર્થ :

જીવ પ્રભુથી વિખૂટો પડ્યો ત્યારે શુદ્ધ હતો. ત્યારે પ્રભુએ વચન આપ્યું હતું કે હું

જરૂર તને મળીશ. તને ભટકાવીશ નહી. પણ તું ય મને તારી અંદર સાચવી રાખજે, તારી સ્મૃતિમાં. પરંતુ જીવ હવે કલ્પાંત કરી રહ્યો છે કે મારી વિસ્મૃતિ-અજ્ઞાનરૂપ રૂપ પૂરી રાત વિતી રહી છે. પ્રભુ તેમાંથી મને મુક્ત કરાવવા પણ નથી આવતા ? હું તો તેમને ભૂલીને જે 'અન્ય' છે તેમના તરફ દૃષ્ટિ કરી, તેવા આકાશના તારા (ફોકટના) ને ગણી રહી છું. હવે તો મારી આશા રૂપ દીપક પણ ઝાંખો થઈ રહ્યો છે. મને લાગે છે સ્વરૂપ વિસ્મૃતિને કારણે જ પ્રભુને કોઈએ ભરમાવ્યા છે કે હું તો અન્યનો થયો છું. પણ હવે મને લાગે છે શ્રીવલ્લભની કૃપા રૂપ સૂર્ય (ભક્તિમાર્ગબ્જમાર્તંડ) મારા હૃદયમાં પ્રકટાવાનો એંધાણ લાગે છે. તેવી કૂકડા પૂકાર થઈ રહી છે, ઈન્દ્રિયોના (ગાયોના) બંધનરૂપ વાડા ખૂલી ગયા છે. અને ભગવદ્સ્મરણ રૂપ તથા સેવા રૂપ મધુરાષ્ટકનો ગુંજાર હૃદયમાં થઈ રહ્યો છે. મારી બુદ્ધિને શુદ્ધ કરનારા (ધોંધી = સ્વચ્છ બુદ્ધિ) પ્રભુ તમે તો ઘણી જાતના નાટ્ય કરવામાં ચતુર છો તેથી મોડે મોડે પણ મારા માટે પધાર્યો જરૂર. !

(૬૯) રાગ – માલકૌંસ ૩/૫૪

પ્યારી તેરી પૂતરી કાજર હૂં તે કારી માનો ભંવર દોઉ ઉડે લરાલર
ચંપેકી ડાર કુન્દ અલી બેઠે લાગી જીય બરાબર ૧
માનોં કામકો કટક સખીરી જબ જીય હોત ડરાડર
હરિદાસ કે સ્વામી શ્યામા કુંજબિહારી દોઉ મિલ લરત ઝરાઝર ૨

ભાવાર્થ :

હરિદાસજી સ્વામિનીજીનું વર્ણન કરતા કહે છે, એક સખી શ્રી રાધાજીનાં નેત્રોનું વર્ણન કરતાં કહે છે હે પ્યારી તારી આંખની કાળી પૂતરીઓ તો કાજળ કરતાંય વધારે કાળી છે. જાણે કે બે ભમરાં એક સાથે એક જ હરોળમાં ઉડતા હોય તેમ જણાય છે.

આપનો મુખાકૃતિનો વર્ણ સોનેરી પીળો છે. તેથી જાણે ચંપાની ડાળ ઉપરના ફૂલની ઉપર ભમરા બેઠા હોય તેમ જ એકદમ લાગે છે. (૧)

આ દૃશ્ય કુંજનું છે - જ્યારે ડાળ હાલે ત્યારે પુષ્પ વગેરે હલી ઉઠે ત્યારે ભમરાં પણ હલચલ કરવા લાગે. તેમ સ્વામિનીજીના નેત્રોમાં ડરની લપક-ઝપક દેખાઈ રહી છે. તેથી જાણે લાગે છે કે કામનું કટક-દળ ધસી આવ્યું હોય. પણ અહીં તો કામનાકટક સમાન હરિદાસના સ્વામી પધાર્યા છે. સ્વામી અને શ્યામાજી કુંજમાં વિહાર કરવા લાગ્યા ત્યારે જાણે એમ લાગે છે કે બન્ને દળ સામસામા જ્વાળા જેવા બનીને તૂટી પડ્યા હોય ! (૨)

ઘટાનાં પદ (શિતકાલ)

(૭૦) રાગ – ટોડી ૩/૬૮

પીરેઈ કુંડલ નુપૂર પીરે પીરો પિતાંબર ઓઢે ઠાડો
પીરીઈ પાગ લટકે સીર સોહે પીરો છોર રહ્યો કટી ગાઢો ૧
પીરી બની કરટી કાછની લાલકે, પીરો છોર રચ્યો પટુકાકો
ગોવિન્દપ્રભુકી લીલા દરસત પીરોઈ લકૂટ લીયે કર ઠાડો ૨

ભાવાર્થ :

પીળો રંગ મંગલકારી છે. તેથી તો પીળી હળદરનો રંગ તરીકે ઉપોયગ થાય છે.

આપશ્રીએ (પીળી ઘટા શૃંગાર)ને ધારણ કર્યા છે. આપના મંગલમય સ્વરૂપનાં દર્શન ગોવિન્દસ્વામીને થાય છે. આપના કુંડલ પીળા છે, મંગળરૂપ છે. આપના સાંખ્ય-યોગ પણ તેવા માર્ગીનું કલ્યાણ કરનારા છે અને આપના નુપૂર જે ચરણોમાં ધારણ કર્યા છે તે પણ પીળા છે. જે ભક્તો આપના ચરણોને વિંટળાઈને આપનાં કીર્તન કરે છે તેવા શરણાગતનાં ગીત પણ મંલકારી છે. આપે પીળા રંગનું મંગલકારી પિતાંબર ધારણ કર્યું છે જે આપના સ્વરૂપને ઢાંકી રાખનાર માયારૂપ છે તેથી તેવા જનોને જગત મિથ્યા લાગે છે. તો કોઈકને આપના સ્વરૂપની ઉપર જે અંબર-આકાશ નિરાકાર ધારણ કરેલ છે તેને જ માત્ર આપનું સ્વરૂપ માને છે તેવા ખંડ જ્ઞાનવાળા પણ આપની લીલાના ભાગરૂપ છે. તેમને આપના દર્શન નથી થતા પણ આપના (અક્ષર) અંબરમાંજ દર્શન થાય છે. તેવા અધિકારી માટે તે પણ ઠીક! પ્રભુ તેમના માટે ઠાડા રહે છે કેમ કે વ્યાપક પ્રભુ ક્યાંય જતા-આવતા નથી, સર્વ તેમના પ્રતિ જાય છે, તે તો અચલ રહે છે. આપના શીર પર પીળી પાગ લટકી પડી છે તેથી શીરનું દર્શન થાય છે. આપના શીરનાં દર્શન તો કોઈ ભાગ્યવાનને જ થાય. કેમ કે ત્યાં તો આપ ભ્રમરરૂપ ભક્તોથી વીંટળાયેલા હોવ તવા છો. (વાળનાં ગુંચળાં ભ્રમર રૂપ છે.)

ગોવિન્દસ્વામીએ આવા દર્શન કર્યા કે પાગ લટકી ગઈ છે અને સીર સોહાતું દર્શાઈ રહ્યું છે, તેથી દોડીને આપની પાધને ઠીક કરીને સારી રીતે બાંધી દીધી. કોઈએ આ વાત શ્રીગુસાંઈજીને કહી તો શ્રીગુસાંઈજી ચૂપ કરી રહ્યા. કેમ કે પ્રભુના શીરને બાંધે તે તો કોઈ તેમનો પર સખા જ હોય. એકવાર જશોદાજીએ આપના ઉદરને બાંધ્યું હતું કેમ કે આપની ફરિયાદ દૂધ-દહીં-માખણ ખાઈ જવાની બહુ આવતી હતી. ખાવાની વસ્તુને આપ ઢોળફોડ કરતા હતા. પણ

ગોવિન્દસ્વામીએ તો આપની ભક્તવત્સલતા કોઈ અનઅધિકારી ન નિરખી જાય માટે પાઘ સરખી કરી બાંધી. (૧)

આપની કટીપર પીતાંબરનો છેડો કે કમરકસનાનો પટ્ટો જે મજબૂત બાંધ્યો છે (ગાઢો) તે લટકી રહ્યો છે તે પણ પીળો-મંગલકારી છે. માયાને આપે ગાંઠવાળીને બાંધી છે. કોઈ ભક્ત જ માયાના બંધનોને છોડી શકે. તેવા ભક્તના ભાવરૂપે પીળો છોર આપે લટકાવી રાખ્યો છે. આપે મંગલમય કટી પર કાછની ધરી છે અને જે પટુકાને પણ સુંદર રીતે ધારણ કર્યો છે.

ગોવિન્દસ્વામી પોતાના સ્વામીની લીલાને નિરખી રહ્યાં છે કે આવા ભક્તવત્સલ પ્રભુ કે જે બંધાઈને પરાધીન છે તે સૌને પોતાને આધીન કરવા દંડ લકુટ લઈને ઠાડા છે. અથવા માર્ગ પરથી હટી જાય તેને પોતાની લકુટી સાધનરૂપા ભક્તિથી માર્ગ પર લાવી રહ્યા છે. આવી વિરુદ્ધ ધર્માશ્રયી લીલાના દર્શન આપ ગોવિન્દસ્વામીને કરાવે છે! (૨)

(૭૧) રાગ – ટોડી ૩/૬૯

બાંકે આસન બાંકે સિંઘાસન બાંકે તકીયનકી છબી ન્યારી
બાંકે રાસવિલાસ બને અરૂ બાંકી બની રાધા જુ પ્યારી ૧
બાંકે મંદિર કંચન કે અરૂ બાંકી બની વ્રજકી વ્રજનારી
ગોવિંદ દેખત નેન તાકી રહી ઝુકી ઝરોખન બાંકે બિહારી ૨

ભાવાર્થ :

પ્રભુ જે આસન પર બિરાજ્યા છે તે આસન વાંકુ છે અને તે આસન જેમાં છે તે સિંઘાસન પણ વાંકુ. તેની પાછળ બાજુમાં તકીયા છે તે વાંકા છે પણ આ બધાંની શોભા કંઈક વિચિત્ર જ છે.

આપ જે આસન પર બિરાજે છે તે તો ભક્તોનું હૃદય છેઅને તે શ્રેષ્ઠ (બાંકા) છે. આપ જે અક્ષરધામ રૂપ સિંહાસમાં બિરાજે છે તે તો (બાંકા) અપૂર્વ છે. આપ જેની ગોદમાં આરામથી બિરાજે છે તેવા વાત્સલ્ય ભાવથી ભરપૂર યશોદાજીની ગોદ જે તકીયા સમાન છે તે શ્રેષ્ઠ (બાંકી) છે અને તે સર્વથી ન્યારી-ભિન્ન પણ છે. કેમ કે ક્યારેક લાલનને સોટીથી ધમકાવી છે, ક્યારેક દૂધના લોભે તેમને નીચે મૂકે છે તો ક્યારેક બાંધી દે છે તો ક્યારેક મુખમાં વિશ્વદર્શન કરીને ભયભીત-આશ્ચર્યમુગ્ધ થઈ જાય છે. પણ આ બધાં તો સંચારી ભાવની જેમ ક્ષણેક માટે

આવે છે અને જાય છે. પરંતુ વાત્સલ્યભાવ તો પડછાયાની જેમ હંમેશા બિરાજેલ છે. આવા ભિન્ન-વિચિત્ર પ્રકારના આ તકીયા વચ્ચે યશોદોત્સંગલાલિત બિરાજેલ છે. આ છબિ-દશ્ય એવું ન્યારું છે કે કોઈને સમજાતું નથી. તેથી ગોપીઓ ફરિયાદ કરે છે કે - અરે યશોદા તારી વૃદ્ધવસ્થામાં તને આ એકનો એક લાલ છે, તો તૂં માખન, દૂધ બાબતે કેમ કૃપણ થાય છે ? એટલે તો તારો-લાલ ઘેર-ઘેર ચોરી કરતો ફરે છે. આવી વિચિત્ર છબિ ઉપસે છે. આમ બાળલીલાના પ્રસંગ પૂરો થયો.

હવે કીશોરલીલા શરૂ થાય છે. આપનો રાસ-રસસમૂહ રસશાસ્ત્રના વર્ણવેલા રસ કરતાંય અનેક વધારે ભિન્ન પ્રકારના અલૌકિક રસ જ્યાં પ્રકટ થઈ રહ્યા છે તે રાસ. ટૂંકમાં રાસ એટલે ભાવ-ઉદ્‌બોધન અને ભાવો પ્રકટ થવા અને ભાવોમાં વિલસવું. આવો રાસવિલાસ અપૂર્વ છે (બાંકા) શ્રેષ્ઠ છે પણ સાથે સાથે તેમાં ટેઢાપન પણ છે. તે રીતે કે પ્રભુ વેણુનાદ કરીને વ્રજભક્તોને રસદાન કરવા બોલાવે છે અને પછી પૂછે પણ છે કે કેમ આવ્યા ? પાછા જાઓ. વ્રજભક્તો પણ ટેઢા થઈને પ્રત્યુત્તર આપે છે માત્ર આદેશ માથે ચઢાવવા જેવા સરળ નથી રહ્યાં.

આવા શ્રેષ્ઠ રાસ પછી અભિમાન પ્રકટ થવું અને પાછો એકાદમાં સૌભાગ્યમદ પ્રગટ થવો આ એક (ટેઢી) વિચિત્રતા ગણાય. ભગવાનના આત્યંતિક સંબંધ-રાસ પછી પણ જે પ્રભુ રાસમાં અત્યંત નિકટ હતા તે અંતર્ધાન થઈને એક દુઃસાહસ કરી બેઠા પોતાના પ્રિયજનો પ્રતિ ! ગોપી જેના માટે આ વિકટ (ટેઢી) પરિસ્થિતિ હતી. તેમને પ્રભુને શોધવા બહુ પ્રયાસ કર્યા પણ પ્રભુ તો દુર્ગમ્ય છે (ટેઢા) તે તો પોતાની ઈચ્છાથી જ મળે, ભક્તોના પ્રયાસથી નહિ. (સાહિબલ કૈસે મીલે ?) ભક્તોના રૂદન રૂપ કષ્ટ પ્રભુ સહી ન શક્યા (સરળ) ત્યારે પોતાનું છૈલપણું (ટેઢા) છોડીને પ્રકટ થયા. ત્યારે પણ યમુનાજીના પુલિનમાં ભગવાનને પ્રશ્નો પૂછે છે ''જે ભજે તેને ભજે ?'' જે ભજે છતાં ન ભજે ? અને જે ન ભજે તેને ભજે ? જે ન ભજે તેને ન ભજે ? આવા ટેઢા સવાલો પૂછીને પ્રભુની સ્થિતિ જાણવા ચાહી. આવાં રાધાજી કે જે તો પ્રભુને અતી પ્રિય છે છતાં પણ પ્રભુ તેમને માટે ય ટેઢા થયા અને ગોપીજનો પણ પ્રભુ માટે ટેઢા સવાલો કરે છે. આનાથી વિચિત્ર (ટેઢી) વાત કઈ હોઈ શકે ? (૧)

આ વાત કંઈક એવી છે કે પ્રભુએ ભક્તોમાં રહેલ સર્વદોષોને નિવૃત્ત કર્યા જેથી તેઓ કંચન સમાન શુદ્ધ દેહવાળા બન્યા જેથી તો પ્રભુએ (સાહસી) બાંકે = ભક્તો સાથે મહારાસની લીલા કરી અને તે રાસલીલા પછી પણ વ્રજની નારી (બાંકી) શ્રેષ્ઠ થઈને બહાર આવી.

હવે તો તેમના માટે ગોવિન્દ એ જ માત્ર દશ્ય છે અને તે દશ્યના દ્રષ્ટા સ્વયં પોતે છે તેથી કહે છે ગોવિન્દ દેખન - ગોવિન્દને જોઈને તાકી રહી આંખમાં પૂર્ણ પણે ભરી રહી. પોતના દેહમંદિરના મનજરુખામાંથી વાંકી વળી વળીને તાકી રહી. પોતાને કષ્ટ પડે તેની પરવા નથી પણ વધુમાં વધુ દર્શનની અભિલાષા છે. હવે તેમને પ્રભુનું વાંકાપનું નથી દેખાતું, ભલે હોય! પણ તે તો તેમનામાં રહેલ બિહારી-વિહાર કરનાર કરાવનાર જ જૂએ છે. ''બાંકે બિહારી.''

ગોપીજનો હવે પ્રભુને પૂર્ણ સમર્પિત (અપૂર્વ) થઈ ગયા છે. તેથી તો પ્રભુ કહે છે નમે ભક્તપ્રણશયતિ હું આપનાથી ઋણમુક્ત થઈ શકું તેમ નથી. મને મારા ભક્તો સર્વથી વિશેષ પ્રિય છે. આ એક અપૂર્વ કથા છે (બાંકી) કે જે શાસ્ત્રમાં પ્રભુએ આ પહેલાં ક્યારેય કહી નથી.

બાંકા = ટેઢાપન, સુંદર, અપૂર્વ, છૈલા, સાહસી, શ્રેષ્ઠ, વિચિત્ર, વિકટ, દુર્ગમ, બાના

બાના = મર્યાદા સે પ્રાપ્ત હોત સ્થિતિ, અંગીકૃત ધર્મ, સ્વભાવ

શિતકાલનાં પદ (શૃંગાર)

(૭૨) રાગ – બિલાવલ ૩/૬૫

ફૂગ્યો ફેંટા સખી લલિત લાલકે શિશ પર
નિરખી છબિ માધુરી અખિયાં સિરાતરી
પ્રેમકી બાવરી હોં સખી વ્હે રહી
સુધબુધ બિસર ગઈ દ્વાર વ્હે જાવરી ૧
રૂપકે ગર્વ કછૂ આવ આદર કીયે
બહોરો કૃપા લગે મુસકાતરી
દાસકુંભન નાથ ગોવર્ધનધર સાથ
ગોપીજન રીઝે મિલ સાંવરે ગાતરી ૨

ભાવાર્થ :

ફૂલેલો ફેંટા લાલનના શિર પર શોભે છે. તેથી હે સખી, તે સુંદર સ્વરૂપ મને મધુરું લાગે છે અને મારી આંખો પ્રસન્ન થાય છે (જેમ સૂર્યના દર્શનથી કમળરૂપ આંખો વિકસે તેમ) પરંતુ તે જે અનુરાગ પ્રકટયો તે તો વિકાસ પામીને આસક્તિની પાર

કૂદાવી ગયો તેથી હે સખી, હું તો તેવા વ્યસનાત્મક પ્રેમને કારણે બ્હાવરી થઈ ગઈ. હું તેથી તો સુધ-બુધ સમજણ અને અક્કલ બધું જ જાણે વિસરી ગઈ. અને તેથી તો કોઈ લાજ-શરમ રાખ્યા વગર પ્રભુનો આદર કરવા દ્વારે જઈને ઊભી રહી. (૧)

મેં તો મારા રૂપના ગર્વની સાથે સાથે કંઈક સ્વાગત અને કંઈક આદર આપ્યો. હું સુધ-બુધ ખોઈ બેઠી હતી પણ ગર્વને ન્હોતો ખોયો. (ગોપીજનો લોકવેદ ત્યજી ભગવાનના વેણુનાદથી બ્હાવરી બનીને વનમાં આવી, પણ ગર્વને ન વિસરી તેથી પ્રભુ અંતર્ધાન થયા હતા.) પણ અહીં તો પ્રભુએ મારા ગર્વનો અનાદર કરીને બહુ જ કૃપા કરીને મંદ હાસ્ય કર્યું. ગોપી વિચારે છે હું છું તો દાસ, માટીના ઘડા જેવું મારું અનિત્યપણુ - તકલાદીપણું છે છતાં તે કુંભઘડાને મેં ગર્વથી ભરેલો રાખીને, દાસધર્મ કે જેમાં પ્રભુનું નિઃસાધન ભાવથી સ્વાગત કરવાનું છે તે ન કરી શકી.

પરંતુ પ્રભુ તો ગોવર્ધનધર છે. તેથી તો આપ મારું પાલન (વર્ધન) કરવાનુ ભૂલતા નથી (ગો-વર્ધન) અને તે મને આપની સાથે ધરી રાખે છે મને છોડી જતા નથી (ધર-સાથ) વળી તે પોતાનું નાથપણું નથી છોડતા.

ગોપીજન છીએ અમે તો, એટલે કે અબૂધ-સ્ત્રી-મનુષ્ય દેહધારી છીએ. પ્રભુ તો અમારા જેવાને મળીને પણ રીઝે છે. લાગે છે તે અમારા સ્નેહની ઉત્કટતા જ જૂએ છે ! આપનું તનું સાંવરું છું તેથી અમારા બધા જ રંગ (તામસ-રાજસ-સાત્વિક) તેમના સાંવરા રંગમાં ખોવાઈ જાય છે. આપનું આકર્ષણ જ એવું છે કે અમારું અપાકર્ષણ તેની આગળ કઈ વિસાતમાં નથી, તેથી તો આપનું મિલન શક્ય બન્યું છે (રિઝે મિલ)! સાહેબ કૈસે મિલે ?

(૭૩) રાગ – સારંગ ૩/૬૨

છબીલો લાલ દુહત ધેનુ ધોરી
માથે કમલવરણ કો ટીપારો ઓઢે પીત પીછોરી ૧
કહારી કહૂં કછુ કહત ન આવે ડારી કઠીન ઠગોરી
કુંભનદાસપ્રભુ સુખ ગિરિધરકો જબ ભેટું ભરકોરી ૨

ભાવાર્થ :

આ લાલન કે જેની આકૃતિ-સ્વરૂપ અતીશય મોહક છે (છબિલો) તે પોતાની પ્રિય ધોરી ગૈયાને દોહી રહ્યો છે.

આપે (માથે) શિર પર (કમલવરણ) કમલના રંગ જેવો રાતો ઉઘડતો રંગનો ટીપારો ધારણ કરેલો છે અને (પીત) પીળા રંગની પીછોરીથી અંગને ઢાંકતી ઓઢણી ધરી છે. (ઓઢે પીત પીછોરી) (૧)

આ શૃંગારથી આપનું સૌંદર્ય એવું મોહક થઈ ગયું છે કે કહેવા માટે મારી પાસે શબ્દ નથી (કહારી કહું કછુ કહત ન આવે) બસ એટલું જ કહી શકાય કે બહુ ભારી જાતની ભૂરકી અમારા ચિત્તમાં નાખી છે ! જેથી તેના સૌંદર્ય સિવાયનું બધું જ ફીકું લાગે છે. તેનામાં જ મોહિત છીએ (ડારી કઠીન ઠગોરી) અમારું મન તો શુદ્ધ નથી. તે તો તેમના સિવાય અન્યમાં ભટકે તેવું 'કુમન' છે પણ તેમણે અમને દાસ તરીકે સ્વીકાર્યા છે (કુમન-દાસ) અને તે પોતે અમારા પ્રભુ-સ્વામી બન્યા છે અને અમને દાસ કરીને તો તે અમારા દુઃખને દૂર કરવાની જવાબદારી લઈ લીધી છે. (ગિરિ-ધારી બન્યા છે) અને તેમ કરવામાં આપને સુખ થાય છે (સુખ ગિરધરકો) આવા સ્વામી મને મળ્યા તે મારું અહોભાગ્ય છે. તેથી મનમાં થાય છે ક્યારે તેમને પ્રેમપૂર્વક ભેટું ? હમણાં તો ધેનુને દુહે છે ને ? તેથી કઈ રીતે ભેટું ? (જબ ભેટું ભરકોરી) (૨)

(૭૪) રાગ – ટોડી 3/૬૬

દેખો સખી ઠાડો મદન ગોપાલ
પહેર કવાય ધરે સીસ ટોપા ફલગુલ ઓઢે લાલ ૧
વાઘો સરસ તાસકો સોહે સુથન મોજ લાલ
કિશોરીદાસ પ્રભુકી છબિ નિરખત ઉર રાજત વનમાલ ૨

ભાવાર્થ :

એક વ્રજગોપી બીજીને બતાવે છે કે - દેખો સખી આ જે ગોપાલ છે તે અમારી ઈન્દ્રિયોનું, તેનામાં આકર્ષણ પ્રકટાવાને પોષણ કરી રહ્યો છે અને તે એટલા માટે જ ઠાડો છે. તેણે વસ્ત્રો ધારણ કર્યા છે તેનાથી અમારું મન ચંચળ થાય છે. કવાય પહેરી છે, સીસ પર ટોપો છે અને ફલગુલને ઓઢી છે. (૧)

સરસ તાસનો વાઘો પહેર્યો છે તથા સુથના સુંદર શોભી રહી છે અને ચરણોમાં લાલ મોજાં ધર્યા છે. આપનું પૂરું સ્વરૂપ વસ્ત્રોથી આચ્છાદિત શોભી રહ્યું છે. તેમ આ ગોપીજનો કે જે કીશોરી, રાધાજીનીદાસી સમાનભાવવાળી છે. પરંતુ પ્રભુ પર અધિકાર તો રાધાજીનો છે. છતાંય પોતાનું મન પ્રભુના અંગસુખને ચાહે છે. તેથી કહે છે - ઉર રાજત વનમાલ. આપના હૃદયકમળ ઉપર જેમ વનમાલા શોભે

છે તેમ અમોને પણ તેવું સુખદાન થાય. (વ્રજભક્તોના ભાવથી ફૂલમાળા આપણે ધરીયે છીએ અને પુષ્પો વ્રજભક્તોનું સ્વરૂપ છે તેવી ભાવના આપણે સ્વીકારી છે.) (૨)

(૭૫) રાગ – ટોડી 3/૭૦

ભલે પાઉ ધારે મોરે અંગના યશોદા કે છગનમગના
જો પગ ધરો મેરી અખિયન પર હોં બલબલ જાઉ
ન્યોછાવર કરો હાર-ચીર કંગના ૧
કંઠમાલ સોહે નગન જટીત મન મોહે, પાયન પેજની સોહે
ખેલે દોઉ અંગના
કલ્યાન કે પ્રભુ ગિરિધર દેખે સુખભયો
ગયો દુઃખ દૂર, ભયો મન લગના ૨

ભાવાર્થ :

લાલન હજુ માંડ ચાલતાં શિખ્યા છે, મુગ્ધભાવ ધારણ કર્યો છે તે યશોદાજીને ત્યાંથી બાજુમાં જ રહેતી ગોપીના આંગણામાં ચાલતાં ચાલતાં પધાર્યા છે. દર્શન કરીને હરખ પામતી ગોપી કહે છે - હે યશોદાના નાનકડા બાલુડા, મારા આંગણામાં આપે ચરણ ધર્યા, તે મારું કલ્યાણ છે. (લાલન છે યશોદાનો, પણ કૃપા કરવા માટે આપણા માથે પધાર્યા છે.)

ગોપી કહે છે - આંગણે તો પધાર્યા તે ભલી કરી પણ હવે મારાં નેત્રો પર બિરાજી જાઓ તો તો હું આપની ઘણી ઋણી થઈ જાઉ, આપનાં ઓવારણા લઉં, મને આપ સિવાય કંઈ જ દૃષ્ટિમાન ન થાય તેવું કરો.

(પ્રભુ માથે બિરાજે પછી જીવ પ્રભુને એજ વિનંતી કરે છે કે મને ભક્તિનું દાન કરો કેમ કે તે તો કૃપાસાધ્ય છે, સાધન સાધ્ય નથી. વળી મારો નિરોધ સિદ્ધ કરી દો કે જેથી મારાં નેત્રો (બહારનાં અને અંદરનાં) આપ સિવાય કશાનાં દર્શન ન કરે. પ્રપંચની વિસ્મૃતિ થઈ જાય અને નેત્રો દ્વારા આપનામાં આસક્તિ થઈ જાય.) કન્હૈયાશાલ ક્ષત્રી - ''મારા નેત્રો પર ગોવર્ધનધર બિરાજ્યા છે.''

ગોપી કહે છે - મારી પાસે મારું કંઈ નથી કે જે આપને લાયક હોય. જ્યારે હું બલબલ જાઉં ત્યારે મને સર્વસ્વ ન્યોછાવર કરવાનું મન થઈ જાય છે તેથી હું મારા કંઠમાં રહેલ તથા છાતી સુધી આવતો મોટો હાર, મારા અંગને ઢાંકતાં ચીર

એટલે કે મારી લજ્જા-મારો આ લોક સમર્પીત કરું અને મારા કંગન એટલે કે હું આપની થઈને રહેવા માગું છું. મારા સ્વામી આપ અને હું આપની દાસી. આમ, ગોપી (કંઠમાંના પ્રાણ) હૃદયનો ભાવ, લોક વેદ અને પોતાનું સતીત્વ સર્વસ્વ લાલન પર ન્યોછાવર કરે છે.

ભક્તના ઘરે સામે ચાલીને પ્રમેયબળથી જ્યારે પ્રભુ પધારે ત્યારે ભક્ત પ્રભુને શું આપી શકે ? તેથી પોતાનું સર્વ સમર્પણ કરે છે કે જે શ્રીઆચાર્યજીએ ગદ્યમંત્રમાં બતાવ્યું છે. તેમાં હાર-ચીર-કંગનમાં બધું આવી ગયું. જીવમાં રહેલ શુદ્ધ ઐશ્વર્ય-વીર્ય-હાર રૂપ છે. યશ-શ્રી ચીર રૂપે છે અને જ્ઞાન વૈરાગ્ય બન્ને કંગનરૂપે છે તે ન્યોછાવર કરે છે.

હાર (ઈન્દ્રિય, પ્રાણ-અંતઃકરણ તેનાં ધર્મ) ચિર (દારા-ઘર-પુત્ર, સંબંધિઓ, વિત્ત) કંગન (આલોક-પરલોક-આત્મા). અહંતા-મમતા, સૂક્ષ્મ શરીર સહિત આત્મા અને નિયતી આ ત્રણનું સમર્પણ હાર-ચીર કંગનમાં આવી ગયું. (૧)

હવે પ્રભુના સ્વરૂપનું વર્ણન કરે છે.

(જેમ ગદ્યમંત્રમાં ‘કૃષ્ણ’-‘ગોપીજનવલ્લભ’ કહ્યું છે તેમ.)

પ્રભુના કંઠમાં પણ નંગથી જડેલ માળા સોહે છે. જેનાથી ગોપીનું મન મોહ પામે છે એટલે કે તેને સંસારની બધી વસ્તુમાં પ્રભુના ધર્મોના જ દર્શન થાય છે. પ્રભુએ પોતાના પગમાં પૈજની ધરી છે તે પણ પ્રભુને ખૂબ સોહે છે. આપ પોતાના બન્ને ચરણોથી નાચતા-કૂદતા ચાલતા આંગણમાં ખેલી રહ્યા છે. ગોપીનો મનોભાવ છે કે (દોઉ) પ્રભુ મારા હૃદયના આંગણામાં અને આ ઘરના આંગણામાં બન્ને જગાએ પોતાના ચરણ થી વિવિધ ચેષ્ટા કરીને ખેલી રહ્યા છે. ભક્ત વિચારે છે આપના કંઠની શોભાથી મને મધુરભાવનું દાન કરે છે અને ચરણની શોભાથી દાસભાવનું દાન કરે છે.

આમ શ્રીઆચાર્યજી કહે છે ‘‘સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધીપઃ’’ તેમ ભક્તે સર્વભાવથી પ્રભુને રીઝવવાના છે અને પ્રભુ પણ ભક્તને સર્વભાવનું સુખ આપે છે.

શ્રીકલ્યાણરાયજી કહે છે, મારા પ્રભુ શ્રીવિઠ્ઠલનાથજીનાં દર્શન માત્રથી મને સુખ થાય છે અને દુઃખો દૂર થાય છે. આમ દુઃખ-ક્લેશ દૂર થતાં મારું મન પ્રભુમાં લાગેલું રહે છે.

ગોપીને પોતાના આંગણામાં ખેલતા પ્રભુને નિરખીને દુ:ખની નિવૃત્તિ અને સુખની પ્રાપ્તિ થાય છે કેમ કે પરમાનંદરૂપ સૂર્ય પ્રકટ થતાં દુ:ખરૂપ અંધકાર રહે જ નહિ અને મન-ચિત્તમાં પરમાનંદ વ્યાપી ગયો. તેથી તે તદ્રૂપ થતાં તે - ગિરિધરણમાં લાગી જાય તે સહજ છે. વિપ્રયોગરૂપ જે ક્લેશાનંદ રાતભરનો છે તે પ્રભુ સવારના પ્હોરમાં સામેથી પધાર્યા તેથી દૂર થયો અને પરમાનંદરૂપ સંયોગ સુખ પ્રાપ્ત થયું તેથી મન સ્થિર થયું. ચેતસ્ તત્, પ્રવણં - સેવા કરવાને લાયક મન થયું. વિપ્રયોગમાં સેવા ન નભે.

અંદરની વૃત્તિ - સ્વ સંબંધિ અહંતા - હાર કંઠ અને હૃદય સાથે જોડાયેલ છે તે અંદરની વૃત્તિ છે.

જેમ બહારની વૃત્તિ મમતા તે ચિર - વસ્ત્ર જે દેહને રક્ષણ આપે, શોભાવે તેથી તે અંદરની વૃત્તિને પોષણ આપે - ઢાંકે,પૂરેપૂરું આવરીત કરે છે.

આલોક-પરલોક, આત્મા ભાવાત્મક કંગન પરિણામ છે તે પહેરે તો સધવા, કાઢેતો વિધવા. તે દેહ માટે સાચું છે. દેહમાં આત્મા પ્રવેશે તો સધવા. પ્રભુમાં સ્વામીભાવ તે સધવા માટે કંગન.

(૭૬) રાગ – આસાવરી ૩/૭૨

આજ બને મોહન રંગભીને,
કેસરીપાગ શિથિલ અલકાવલી સિસ ચંદ્રિકા દીને ૧
કેસરી વાઘો અતી હી રાજે હરિ ઈજાર ચરણન મેં દીને
હાર હમેલ દરપન લે નિરખત રસિક પ્રીતમજુ ચરણન દીને ૨

ભાવાર્થ :

આજે મોહન સૈંદર્ય ભરપૂર થયા છે અથવા તો તેમને જે રંગનાં વસ્ત્ર ધર્યા છે તે તેમના પર ચોંટી ગયા છે. ખૂબ જ સોહાય છે અથવા આજે મોહન ખૂબ પ્રેમથી ગદ્ગદ્ થઈ ગયા છે. (રંગભીને)

આપે કેસરી પાગ ધરી છે વાળની ચોટી ઢીલી ઢીલી છે અને (પાગ પર) સીસપર મોરચંદ્રિકા ધરી છે.

આપના (શિર) બુદ્ધિમાં ઉત્સવ છવાઈ ગયો હોવાથી કેસરી પાઘ ધરી છે. ગદ્ગદ્ થઈ જવાના કારણે આપની અલકાવલી શિથિલ થઈ ગઈ જણાય છે. તેવી શિથિલ અલકાવલી આપના પ્રેમભાવની ઉત્કટતાને પ્રકટ કરે છે. આપના શીશ પર મોરચંદ્રિકા ધરી છે તેથી લાગે છે કે આપનામાં રસ ઉભરાવા લાગ્યો છે. આપ રસદાન કરવા તત્પર છો. (૧)

આપે કેસરી વાગો ધર્યો છે તે ખૂબ શોભે છે અને ચરણોમાં લીલા રંગની ઈજાર ધરી છે. આપે આપના ચરણોમાં સ્વામિનીજીને સ્થાન આપ્યું છે અને સ્વામિનીજી દ્વારા ઉત્સાહથી આવરીત છો (કેસરી વાગો).

કંઠમાં હાર ધર્યો છે. તે કંઠમાં આપના ભક્તોને સ્થાન આપ્યું છે. આપના પોતાના આ ભક્ત સહિત પ્રેમાવતારનું દર્શન આપ પોતે જ કરો છો. આ જ તો આપનું સૌંદર્ય છે તેને આપ ખુદ નિરખીને ખુદ જ પ્રસન્ન થાઓ છો. (દરપન લે નિરખત) તે પ્રસન્નતાને કારણે જ આપ રસભરપૂર છો તેનો ખ્યાલ ભક્તોને આવે છે, (રસિક).

બસ અમારી તો એક જ વિનતી છે કે આપ અમારા પ્રીતમ બન્યા રહો અને તે પ્રીતિ આપ તે રીતે પ્રકટ કરો કે આપના ચરણ અમને દઈ દ્યો. સદાકાળનું દાસત્વ આપી દો. (પ્રીતમ જુ ચરણન દીને) અથવા તો અમે આપને રસિક જાણ્યા, કેમ કે આપ અમારા પ્રીતમ પણ બન્યા અને અમને આપના તરફથી આપના ચરણોનું દાન કર્યું અને દીધેલું દાન તો ભૂલેચૂકે પણ પાછુ ન લેવાય તે તો આપ જાણો છો. જેમ નૃગરાજાને કુવામાંથી બહાર કાઢી ઉદ્ધાર કર્યો. તેમ અમારો કોઈ દોષ થયો હોય તો તેમાંથી બહાર કાઢજો અને બીજી વાત, આપ પણ નૃગકથા યાદ રાખીને અમને આપેલું દાસત્વ (ચરણ) પાછું લેવાની ભૂલ ન કરતા! આપના પ્રભુ તો કોઈ છે નહિ કે આપને કૂવામાંથી કાઢે! તેવી રસિક મજાક ગોપી કરવા લાગી.

(૭૭) રાગ – ટોડી ૩/૭૨

પૂછત જનની કહાંતે આયે
આજ ગયો શ્રીવલ્લભકે ઘર બહુતક લાડ લડાયે ૧
વિવિધ ભાંત પટ ભૂષણ લે લે સરસ સિંગાર બનાયે
સીસપાઘ સિરપેચ બાંધે, તહાં મોરચંદ્રિકા લાયે ૨
બહોત ભાંત પકવાન મિઠાઈ બિંજન સરસ બનાયે
પાયસ આદિ સમર્પિત મોહી મેરી લીલા ગાયે ૩
પ્રેમ સહિત વલ્લભ મુખ નિરખત ઔરન કછૂ સુહાયે
રસિક પ્રીતમ **કહત જનની સોં આજ અધિક સુખ પાયે ૪**

ભાવાર્થ :

એક નિત્યલીલા ચાલી રહી છે અને બીજી ભૂતલ પરની લીલા ચાલી રહી છે. નિત્ય

લીલાના યશોદાજી લાલનને બહારથી આવતા જોઈને પૂછી રહ્યાં છે ‘‘લાલન ક્યાંથી આવ્યા ?’’ મા તો એમ સમજાતા હતા કે ગોપબાળો સાથે ખેલતા હશે કે ગોપીના ઘરે કંઈક ધાંધલ કરીને આવ્યા હશે ! પણ લાલન કહે છે, ‘‘મા ! હું તો ભૂતલ પર શ્રીવલ્લભના ઘરે ગયો હતો. વળી પ્રત્યેક વૈષ્ણવના ઘરે પણ વલ્લભની કહેણીથી આપ આરોગે છે.’’ તેથી આપ તો સર્વ વૈષ્ણવોના ઘર માટે આ શબ્દ જ વાપરે છે. માના પૂછ્યા વગર જ કહે છે કે ‘‘તેમણે મને બહુ જ લાડ લડાવ્યા.’’ (૧)

હવે શું શું લાડ લડાવ્યા તે કહે છે -

વિવિધ પ્રકારના વસ્ત્ર તથા આભૂષણોથી મને બહુ જ રસપૂર્વક, ચિત્ત દઈને, પ્રેમપૂર્વક સિંગાર કરાવ્યા અરે એકવેળા ગુસાંઈજી મને સિંગાર કરતા હતા ત્યારે બહાર ધનનો ઢગલો ભેટ મોકલ્યો હતો તે ઠાલવ્યો - તેથી આપનું ચિત્ત ક્ષણ માટે વિક્ષિપ્ત થઈ ગયું તેથી આપ પૂરા ધનને શ્રીયમુનાજીમાં પધરાવી દેવા આજ્ઞા કરેલી. આવા રસપૂર્વક મને સિંગાર કરે છે. બહુ જ રસપૂર્વક પાઘ બાંધી. અરે પેલો મારો ગોવિંદદાસ મને એવી સરસ પાઘ બાંધે છે તેથી તો એક દિવસ મેં તેની પાસે બંધાવવા માટે પાઘને છોડી કાઢી અને તેને આજ્ઞા કરી કે ‘બાંધ’. તેણે સરસ બાંધી તે કોઈક નિરસ વૈષ્ણવ જોઈ ગયો તે ગુસાંઈજીને ફરિયાદ કરી કે - ગોવિંદસ્વામીએ અપરસ કર્યા વગર પ્રભુને પાઘ બાંધી. ગુસાંઈજી ફરિયાદ સાંભળીને આવ્યા અને પૂછ્યું ત્યારે મારા સખા ગોવિદે તો સંભળાવી દીધું - આ તમારા લાલને પૂછો, એને કહ્યું હતું કે નહિ ? અરે તે ય રસમાં હતો અને હુંય રસમાં હતો. પછી બીજી અપરસ કઈ હોય ? તેથી ગુસાંઈજી કાંઈ બોલ્યા નહિ. પાઘ ઉપર પાછા સીરપેચ બાંધ્યા અને મોરચંદ્રિકા મૂકી. (૨)

તે પછી મને જાત જાતના પકવાન અને મિઠાઈનું ભોજન કરાવ્યું અને મને વિંઝણો-પંખો નાખ્યો. વળી મને ગમતું પાયસ વ. પણ પીરસ્યાં તથા સતત મારી લીલા ગાઈને મને પ્રસન્ન કરતા રહ્યા. (૩)

વળી આ પૂરા સમય દરમિયાન વલ્લભ મારા મુખના રસને એકટક પી રહ્યા હતા. જાણે તેમને મારા સિવાય અન્ય કાંઈપણ પ્રિય ન્હોતું લાગતું.

મા એ વખતે મને યાદ આવી ગયું કે મને તું ગાડા નીચે મૂકીને ઘરે આવેલા સગાંની મહેમાનગતિ કરવા ગઈ ત્યારે હું ખૂબ રડયો, તો પણ તું નહિ આવી ત્યારે મેં તારું ધ્યાન દોરવા લાત મારીને ગાડું ઉલાળી મૂકેલ. તો વળી તે દિવસે દૂધને ઊભરાતું જોઈને તું મને ધવરાવવાનું મૂકીને ત્યાં દોડી હતી. ત્યારે મેં તારા

મહીનાં મટકાં ફોડી નાખ્યા હતાં, ત્યારે તેં પણ બહુ ખીજાઈને મને ઉખલ સાથે બાંધ્યો હતો. તને દૂધ વ્હાલું હતું, સગાં-વ્હાલાની મહેમાનગતી વ્હાલી હતી પણ વલ્લભને તો મારા સિવાય કાંઈ પ્રિય નથી.

જે માત્ર રસને જ વશ છે તેવા રસિકને જે પ્રીત કરે છે તેના તે પ્રીતમ થઈ જાય છે. તે જનનીને વ્હાલ કરતાં કરતાં કહે છે - આજે મને અધિક સુખ થયું.

મા ત્યાં ભૂતલ પર તો વૈષ્ણવો અનેક વિડંબણાની વચ્ચે પણ મને આટલો બધો સ્નેહ કરે છે, અહીં નિત્ય ધામમાં તો કોઈ વિડંબણા છે જ નહિ, તેથી મનેઅધિકસુખ થયું. મારા પેલા પદ્મનાભદાસે મને જુદી જુદી ઢગલી કરીને છોલાં ધર્યા પણ ભાવ વિવિધ ભોગ-સામગ્રીનો કર્યો અને ગિરધરજીએ છપ્પનભોગ ધર્યો ત્યારે મેં તો ચોખ્ખું કહી દીધેલું કે પદ્મનાભદાસના છોલામાં મને અધિક સ્વાદ આવેલો.

મા હું તો રસરૂપ છું અને રસમય છું. ''કરપાદ મુખોદરાદિં'' તેથી મારા જેવો જે ભક્ત મને જે ધરાવે, જ્યાં ધરાવે, જેવી રીતે પણ ધરાવે તે હું બહુ પ્રસન્નતાથી આરોગુ છું. પણ રસમાં સ્હેજ કમી હોય તો મારી ખુશીમાં પણ કમી થઈ જાય છે.

મા આજે હું બહુ પ્રસન્ન છું. મને વલ્લભે સ્વહસ્તે પ્રેમથી રમાડયો જમાડયો.(૪)

(૭૮) રાગ – ટોડી 3/૭૪

સૂધેં ન બોલ કહા ઈતરાને
યો વ્રજમેં કોન કોનતેં કો વડો કહા રંક કહા રાને ૧
કોન ટેવ દિન દિન પ્રતિ પ્રતિકી તાકત અંગ વિરાને
જે જે હાલ કી એક હી દેહોં આન સ્વામી રહે છાંને ૨

ભાવાર્થ :

પ્રભુ આ ભક્તોનો નિરોધ સિધ્ધ કરી દેવા માટે ઉલટા સીધા સર્વ રસ્તા આપનાવે છે. ગોપીની કંઈક એવી છેડછાડ કરે છે કે ગોપીના મનમાંથી તે વિસરાતા નથી.

ગોપી તેથી જવાબ આપે છે કે સીધી-સરળતાના બોલ કેમ નથી બોલતા ? ટેઢી ભાષા કેમ વાપરો છો ? અને અકડાવ છો પાછા ? આ વ્રજમાં તો કોઈ રંક હોય કે કોઈ રાય હોય તેથી શું વડાઈ થઈ ગઈ ? (૧)

આ રોજે રોજની શું ટેવ પડી કે પતિ-છોકરાં વાળી સ્ત્રીનાં અંગો સામે તાકયા રહો છો ? અત્યારે તો મારી આ (દયામણી-કરગરવા) જેવી સ્થિતિ કરી છે પણ એકવાર મારા સ્વામીને આવવા દો. પછી તમારી બોબડી બંધ થઈ જશે (રહે છાને)

ભોજન (શિતકાલ)

(૭૯) રાગ – ટોડી ૩/૭૪

કહું અકેલે પાએ પ્રીતમ લે બેઠી વે ગોપી ગોદ
શિખવત ચોરી મિસ આવો ગેહ
સામગ્રી ધરી રાખી છિનક પર
ભાવે સો લીજીએ યહ તુમારી દેહ ૧
જન કોઉ ઓર છીએ યહ બડો તાપ દીએ
અકેલેહી ભોજન કરો વરસાવો મેહ
રસિક પ્રીતમ હમ ઉરાહને કે મિસ આવેગી
જસુમતી કે આગે તુમ મનમેં મતિ દીજો છેહ ૨

ભાવાર્થ :

પોતાના સૌથી વધુ પ્રિય તથા જેનામાં સૌથી વધુ પ્રીત છે તેવા કનૈયાને એકલા ઠાડા જોઈને, ગોપીએ તેમને પ્રેમથી બોલાવીને, ખોળામાં બેસાડીને શિખવવા લાગી કે તમે મારા ઘરે ચોરીના બહાને આવજો. પ્રભુપ્રીતનું એક એવું સામર્થ્ય અને વૈચિત્ર્ય બન્ને છે કે લોક વેદમાં જે નિંદીત છે તે અહીં પ્રસંશનીય છે કેમ કે ભગવદ્ સંબંધને કારણે તેમાં દિવ્યતા આવી જાય છે. આ ચોરી પણ દિવ્ય બની ગઈ. જેમ વાલ્મિકીનું 'મરા' બોલવું પણ (જીવન) 'રામ' થઈ ગયું.

ગોપી કહે છે કે છિંકા પર સામગ્રી આપને માટે જ મૂકી રાખી છે. તમોને તેમાંથી જે જે રૂચે તે આરોગજો. આ દાસી તમારા માટે જ છે તો પછી સામગ્રી પણ તમારી જ છે તેમ માનજો.

ગોપીનો ઈર્ષ્યા ભાવ પ્રકટ થાય છે તેથી કહે છે કે તમારી વસ્તુને બીજું કોઈ સ્પર્શે તો મને બહુ ગુસ્સો આવે છે. તેથી એકલા જ આવજો અને એકલાજ આરોગજો. આમાં મારો કંઈ સ્વાર્થ, લાભ નથી હોં. બસ તમે મારા પર કૃપા દૃષ્ટિ રાખજો (બરસાવો મેહ) (સ્વાર્થ-લોભ).

તમે તો રસિક છો તેથી સ્નેહ કૃપા વરસાવવાની છે, તે રસની. કેટલી? તો - મારી તમારી પ્રીત જેટલી (પ્રીતમ) તે રસથી લથબથ છતાં અમે અતૃપ્ત (અગ્નિ અને વાસનાની જેમ) રહ્યા હોવાથી હવે કંઈક બહાણું કાઢીને જસુમતીની સમક્ષ તમારે ઘરે આવશું, ઠપકો દેવા માટે. પણ જો જો હોં તમે તમારા મનમાં તેને

ઠપકો ન ગણતા મનમાં સંશય ન રાખશો. અમે તો ફરી, તમારી દૃષ્ટિ અમારા પર પડે અને તમારા સ્વરૂપનાં દર્શન થાય માટે જ આવવાના છીએ. તેથી તમેય નાટક બરાબર ભજવજો, (છલકપટ)

ગોપીને ખબર નથી કે આજ પરબ્રહ્મ ઈશ્વર છે. તે સર્વકંઈ અંતરની જાણે છે બધે બધું તે જ થયા છે તે સર્વને શિખવે છે. તેમને શિખવા પણું કંઈ નથી. તેમને નથી લાલચ કે નથી ઉપેક્ષા. તેમને નથી ક્રોધ કે અક્રોધ. ગોપી જે કંઈ કહે છે તે તેનો મોહ છે, અજ્ઞાન છે.

પરંતુ વ્રજમાં આ નિઃસાધન પ્રભુના અતૂટ પ્રેમમાં આકંઠ ડૂબેલા વ્રજભક્તોનાં લોક વેદમાં કહેલા સર્વ દુષણોને પોતાનાં કંઠમાં વૈજ્યંતિ માળા બનાવીને પહેરે છે અને ધારણ કરે છે અને તેને પોતાની શોભા સમજે છે. આપ આ લૌકિકગુણોને ધારણ કરે છે. આપના ધારણ કરવાથી તો તે અલૌકિક બની જાય છે. ભક્તો પ્રભુને પોતાનું જીવન સમજે છે, હકીકત સમજે છે. ભગવાન માટે તે લીલા છે.

આવા પ્રભુ ગોપીની ચોરી-શિખવણી, તેનો કામ, તેનો ક્રોધ, તેનો લોભ, છલકપટ, સ્વાર્થ, ઈર્ષ્યા, મોહ વ. સર્વને પોતાની પ્રેમભરી દૃષ્ટિથી દિવ્ય બનાવી દે છે.

(૮૦) **૩/૭૭**

જેંવત કાન્હ નંદજૂકી કનિયાં, કછુક ખાત કછુ ધરણી ગિરાવત
છબી નિરખત નંદરનિયાં ૧
બરી બરા બેશન બહુભાંવન વ્યંજન વિવિધ અગનિયાં
આપન ખાત નંદમુખ લાવત યહ સુખ કહત ન બનીયાં ૨
આપુન ખાત ખવાવત ગ્વાલન કરમાખન દધિ દનિયાં
સદમાખન મિશ્રી મિશ્રીત કર મુખ નાવત છબિ ધનીયાં ૩
જો સુખ મહરિ યશોદા વિલસત સો નહિ તીન ભવનીયાં
ભોજન કર અચવન જબ કીનો માગત સૂર જુઠનીયાં ૪

ભાવાર્થ :

કનૈયો ભોજન કરવા બિરાજ્યો છે તે લીલાનું વર્ણન છે. માતાજી આપને ભોજન કરાવે છે તે નંદજીની કાન્હી અપાય ત્યારે જ જમે છે અને જમતાં જમતાં કેટલુંક ખાય છે અને કેટલુંક ધરણી પર પાડે છે. યશોદાજી (નંદરાણી) આ લીલા સ્વરૂપને નીરખી રહ્યાં છે. (૧)

સામગ્રીમાં વડી વડા, વેશણ ઘણી જાતના તથા વિવિધ અને અગણિત વ્યંજન બનાવેલાં છે. લાલો આ બધું આરોગે છે અને નંદરાયજીના મોઢે સુધી લાવી નંદરાયજીને જમાડવાના ચાળા પાડી રહ્યા છે. આ લીલાસુખને વાણીથી વર્ણવી શકાય તેમ નથી. (૨)

પ્રભુ પોતે ખાય છે અને ગ્વાલ સખાઓને પણ ખવડાવે છે. આપના હાથમાં માખણ અને દહિંના દોણા છે. તાજા માખણમાં મિશ્રી ભેળવીને લાવેલ છે તેનો કોળીયો મોમાં મૂકે છે. આ દ્રશ્ય અનુપમ લાગે છે. (૩)

આ જે સુખમાં શ્રીયશોદાજી વિલસે છે તેવું ત્રણે લોકમાં ક્યાંય નથી. આપ ભોજન કરીને અચવન કરી લે છે ત્યારબાદ સૂરદાસજી આપની જૂઠનની પ્રાર્થના કરે છે. (૪)

વિશેષ ભાવાર્થ :

આ પુષ્ટિપ્રભુ છે જેથી સ્વયં નથી આરોગતા પણ ભક્તની વિવશતા જાણીને જ આરોગે છે. આપ જે સામે આવે તેને પોતાના નથી જાણતા - દૈવી જીવોને મુખમાં મૂકે છે અને આસૂરીને ઘરણી પર ગિરાવે છે. પણ સર્વે સૃષ્ટિના ધારણ કર્તા તો આપ જ છો. આ દ્રશ્યને સર્વાત્મભાવ પ્રાપ્ત થયેલ વ્રજભક્ત નિરખે છે.

પ્રભુની સૃષ્ટિ પ્રભુના ભોગ માટે છે અને તે અગણિત તથા અનેક પ્રકારની વિવિધતા વાળી છે. જેને પ્રભુ ભોગવે છે અને ભક્તને ભોગવવા કહે છે. પણ જેને સખ્ય ભાવ નથી તેને તો પ્રભુની મર્યાદા જાળવવાની જ છે.

સ્નેહના સમર્યાદ (સાત્વિક)-અમર્યાદ (તામસ) બન્ને પ્રકાર પોત પોતાના સ્થાને શ્રેષ્ઠ છે. પુષ્ટિભક્તિની આ વિરુદ્ધધર્માશ્રયી લીલાનાં દર્શન સુખનું વર્ણન કરી શકાય તેમ નથી. પોતાના અમર્યાદ સખાઓને તો પોતે ખાય પછી તુરત જ ખવડાવે છે. કેમ કે તેઓ પ્રભુની જૂઠન વગર ક્ષણ પણ રહી શકતા નથી. (તામસ ભાવ છે) આપના શ્રીહસ્તમાં તત્વરૂપ (માખણ) અતી શુદ્ધ નિષ્કામ તેવી ભક્તિ છે પણ તેમાં માહાત્મ્યજ્ઞાન રૂપ સારમાં સ્નેહાત્મક મિશ્રી ભેળવેલી છે અને તે હસ્ત પોતાના મુખકમળરૂપ શ્રી આચાર્યજીમાં પધરાવેલ છે. આ દ્રશ્યથી વિશેષ કયું દ્રશ્ય હોય? ભક્તો જે આ સુખમાં વિલસી રહ્યા છે તે સુખ ત્રણે લોકમાં દુર્લભ છે. પ્રભુ જ્યારે આ વ્રજભક્તો સાથે સ્નેહાત્મક ભોગ ભોગવે છે તેનું જૂઠન પણ અર્વાચીન ભક્તોને મળી જાય તો તે મહાભાગ્ય છે. માટે સુરદાસજી તેની વિનતી પ્રભુને કરે છે કે તેવી લીલાની જૂઠન અમોને આપો. કૃપાળુ યમુનાજીરૂપ અચવન જલ જે સ્મરશ્રમ મિશ્રીત છે તે જૂઠન આપો.

(૮૧) આસાવરી

મોહન જેંવત હૈરી અબ જીન જાઓ તીવારી
સિંઘપોર તેં ફિર ફિર આવત બરજી હેં સો વારી ૧
રોહિણી આદિ નિકસ ભઈ ઠાડી દે દે આડ મુખ સારી
તુમ તરૂણી જોબન મદમાતી એસીએ દેખનહારી ૨
ગરજત લરજત પ્રતિ ઉત્તર દે કોઉ બજાવત તારી
કુંભનદાસ પ્રભુ ગોવરધનધર અબ હી બૈઠે થારી ૩

ભાવાર્થ :

યશોદાજી ગોપીઓને જવાનું કહે છે કેમ કે તેઓની હાજરીમાં લાલન સારી રીતે જમવામાં ચિત્ત રાખીને જમતો નથી. તેનું ચિત્ત વિક્ષિપ્ત થઈ જાય છે. વળી આપને લાલો જમતો હોય ત્યારે કોઈની હાજરી પસંદ નથી કેમ કે લાલાને નજર લાગી જાય !

યશોદા કહે છે અરી ! મોહન જમે છે તેથી તમો સૌ તિબારી - ઘરને દરવાજે જશો નહિ. તમને કેટલીવાર કહું ? તમને કહીએ ત્યારે સીંઘપોળ સુધી પાછા જાઓ છો અને પાછા, પાછા ફરી ફરીને આવો છો. હું તમોને એકસો વખત કહી ચૂકી છું (સિંઘપોર તે ફિરી ફિરી આવત બરજી હૈ સો બારી) (૧)

રોહિણી વ. પણ બહુ દૂર નહિ તેવા ઠાડા છે પણ તેઓએ પણ તેમના મુખને સાડીની આડમાં રાખ્યું છે કે જેથી અવાજ ન થાય (દે દે આડમુખ સારી) અવાજ થાય તો લાલનનું ચિત્ત ભોજનમાંથી હટી જાય છે. આ મોટાંઓ જુઓ અને તમે તરૂણીઓ જુઓ. તમે તમારા યૌવનના મદથી છકી ગયેલીઓ આમ જ ડોળા ફાડીને તેના તરફ જુઓ છો, (ઐસી હી દેખનહારી) (૨)

વળી મોટે મોટેથી બોલીને જાણે ડરાવતા હોય તેવો સામો જવાબ વાળો છો અને કોઈક નિર્લજ્જ તો તાળી બજાવી બજાવીને ડોલે છે.

હવે યશોદાજીને લાગે છે કે આમની સાથે દમ મારવાથી કામ નહિ બને તેથી તેમને વિનતી કરે છે કે આ લાલન હજુ હમણાં જ થારી પર બેઠો છે, નહિ તો પાછો ઊભો થઈ જશે તો ભૂખ્યો રહેશે તેથી તેને જમવા દ્યો. (૩)

વિશેષ ભાવાર્થ :

મોહન કે જે જગતના સર્વને મોહ પમાડી રહ્યો છે તે જ માત્ર સર્વનો ભોગ કરવાનો અધિકારી છે. તમે જો તેના સ્વરૂપને નિરખવા માંગતા હો તો ત્રણ-બારી (સાત્વિક - રાજસ - તામસ) પ્રતિ જશો નહિ. તમોને દરેક કાળમાં મહાપુરૂષોને મોકલીને આ વાત સો સો વાર સમજાવી છે. પરંતુ તમે ફરી ફરીને તે જ ગુણોમાં આસક્ત થઈને આવો છો. તમે આ પરમ નિર્ગુણ રોહિણીજીને નિરખો તેમાંથી બોધ લો (રોહિણીજી હંમેશા કૃષ્ણનું સુખ જોતાં, ઠાકોરજીને યશોદાજીના ગુસ્સાથી બચાવતા, પણ તેમણે કદી કૃષ્ણને લાડ-લડાવવાનું, ખેલાવવાનું સ્વસુખ નથી વિચાર્યું) તે રોહિણીજી બહુ દૂર નહિ તેવા પ્રભુની પાછળ આડમાં ઠાડા છે. પ્રભુની જરૂરિયાતને જૂએ છે પણ તેમને વિક્ષેપ થાય તેવું નથી કરતા. તેમના મુખની આડમાં સાડી છે. તે જગતની અને પોતાની વચ્ચે એક નાજુક પડદો રાખે છે. તેઓ ખૂબ જ વિનમ્ર અને દીનભાવવાળા ભક્ત છે. આ માર્ગમાં દીનતા તે પાયો છે. નિઃસાધનતા ભાવથી તે પનપે છે.

જ્યારે તમે તો તરૂણી છો એટલે કે તમારામાં પ્રૌઢતા - પાકટતા, ધારણ કરવાની શક્તિ, ધૈર્ય વિ. નો અભાવ છે. આવા અભાવને કારણે સહજતાએ અભિમાન આવે અને તે અભિમાન મદમાં પલટાય તો પ્રભુ માન કરી જાય . (ગોપીગીત - રાસ પંચાધ્યાયી) તેમાં તો પ્રભુની મર્યાદા પણ ચૂકી જવાય (મને ઉઠાવી લ્યો) (ઐસે હી દેખનહારી) જે મર્યાદાભાન વગર ઊંચી નજરે જૂએ તો દ્ષ્ટિદોષ થયો. ત્યારબાદ વાણી દોષ આવે ‘ગરજત’ ત્યાર બાદ મનનો દોષ આવે ‘લરજત’ અને પછી બુદ્ધિમાં દોષ આવે ‘તાળીદે’.

આ અયોગ્ય - અપાત્રતા સિદ્ધ થઈ. પાત્રતા સિદ્ધ કરવા માટે એ વિચારવું કે પ્રભુ કુંભન સર્વના એકમાત્ર કર્તા છે અને હું દાસ છું. કુંભન-દાસ તે સ્વામી છે (પ્રભુ) તે આપણી ઈન્દ્રિયોનું પોષણ કરીને સિદ્ધ કરનાર છે અને ધારણ કરનાર છે. જો આમ વિચારશું તો પ્રભુ આપણા ઘરે પધારીને આપણી બનાવેલી સામગ્રીને આરોગશે. વલ્લભાષ્ટકના ૪થા શ્લોક પ્રમાણે ‘ચારુહાસે’ પ્રસન્નતા પૂર્વક આરોગશે.

(૮૨) બિલાવલ ૩/૭૯

જેવોં મેરે કુંવર કન્હાઈ
સખામંડલી સમેત જેંઈએ બલી જાઉં કહતી જસોદા માઈ ૧

ખીરખાંડ ઘૃત માખન મિશ્રી જો ચાહો સો લે હો ભાઈ
હંસી હંસી માંગી લેત મનમોહન સખા મંડલી સબ પધરાઈ **૨**
ચિરંજીયૌ મૈરો છગનવા સબ ગોપીજન લાગતી પાંઈ
પરમાનંદદાસ કૌ ઠાકુર સબ વ્રજજનકે અતી સુખદાઈ **૩**

ભાવાર્થ :

શિતકાલમાં લાલનને ગાયો ચરાવવા જવાનું થાય છે કેમકે રાત લાંબી હોવાથી જલ્દી ઊઠી જવાય છે અને રાત વહેલી પડવાથી વહેલા પોઢી જાય છે. ગાયોને પણ વહેલી ચરાવી લાવવી પડે કેમકે અંધારું વહેલું થાય.

માતા શિતકાલમાં ઘરેથી જમાડીને મોકલે છે. પણ લાલન ભોજન પર બેસવામાં આડાઈ કરે છે જેથી માતાજી સમજાવે છે - મારા કુંવર કન્હાઈ જમી લો. જોઈએ તો સાથે સખામંડલીને પણ જમવા બોલાવી લઉં પણ જમો તો બલિહારી જાઉં. (૧)

જૂઓ ભોજનમાં શું છે ? તને ગમતી ખીર-ખાંડ, ઘી-માખન, મીશ્રી, તને જે ગમે તે છે. ત્યારે પ્રભુ મનાઈ ગયા અને પોતાની ગમતી વસ્તુ જોઈને હસી હસીને માંઝી માંગીને લેવા લાગ્યા. ત્યારે સાથે તેમના પ્રમોદ માટે સખામંડલીને પણ બોલાવી લીધી. (૨)

ત્યાં તો ગોપીજનો પણ લાલનનું મુખ જોવા આવી ગઈ અને દર્શન થતાં જ દેવને પગે લાગીને કહેવા લાગી કે મારો લાડકો બાલુડો ઘણું જીવો, તેવા મંગલ વચનો કહેવા લાગી. તેઓને એ ખબર નથી કે આ તો પરમ આનંદ જે બ્રહ્મનો આકાર છે, સ્વરૂપ છે તે છે. વળી તે તો સૌનો, જડ-જીવ-દેવ વગેરે, બ્રહ્માદિ પર્યંતનો ઠાકુર છે અને આપણે સૌ તો તેમના દાસ છીએ. (પરમાનંદ દાસ કો ઠાકુર.) તેમનું વ્રજમાં પધારવું તે બધા વ્રજજનોને સુખ દેવાનું છે. વ્રજ-ફરવું. જેમની વૃત્તિઓ સંસારમાં ફરી રહી છે તેવા જન વ્રજજનને પણ પ્રભુએ પોતાનામાં આસક્ત કરી દીધા કેમકે આપ તેઓને પરમાનંદરૂપ સુખ આપવાને પધાર્યા છે. આ પ્રભુની એવી પ્રમેય લીલા છે કે જેમાં પ્રભુ જ સાધનરૂપ બન્યા છે.

જે વ્રજ હતા તે સ્થિત થઈ ગયા અને પ્રભુ તેમના માટે વ્રજ થઈ ગયા.

વ્રજજનોને એમ લાગે છે કે અમે પ્રભુને સુખ દઈ રહ્યા છીએ આવું અજ્ઞાન, પણ જેમાં ભારોભાર સ્નેહ ભર્યો છે તે મને આ અજ્ઞાન બાધક નથી બનતું પણ સાધક બને છે.

પ્રભુ જ્ઞાન સાથે પણ રમણ કરે અને અજ્ઞાન સાથે પણ. પ્રભુની લીલા તપસ્વી સાથે પણ થાય અને સંસારી સાથે પણ થાય કેમ કે પ્રભુ વિરૂદ્ધ ધર્માશ્રયી છે. પ્રભુ સર્વ ધર્મોને ધારણ કરે છે પણ ધર્મથી લેપાતા નથી.

ભક્તોને પ્રભુથી સુખની અનુભૂતિ થાય છે અને વિરૂદ્ધ ધર્માશ્રયી પ્રભુ પણ ભક્ત થકી સુખ પામે છે.

(૮૩) જેતશ્રી ૩/૭૯

ખીચરી ભોર હી રૂચી દેન
પરત હિત સોં પ્રીત સજની કરત હૈં દ્રુમ બેન ૧
પ્રાનપતિ દગ પૂતરી મય ઊભે સબ સુખ એમ
ગોરસ રૂચિસો લેત ભોગી વલિત આલસ નૈન ૨
ચલત ઈત ઉત નેહ પૂરિત કલકટાચ્છન સેન
સ્વાદ ભેદી અઘસ, અંગન પુનિ જગાવત મેન ૩
સિત હેમંત પ્રીત પોષ સહચરી દે ચેન
વૃંદાવન હિતરૂપ અચવન લગત બીરી લેન ૪

ભાવાર્થ :

સવારના પહોરમાં જ ખીચડી થકી પ્રભુની રૂચિ જાગે છે. જેમાં દાળ-ચોખા એકમેકમાં ભળી ગયાં છે તે જોતાં જ પ્રભુને સ્વામિનીજીમાં રૂચિ પ્રકટાવી દે છે.

પ્રીત તેને કહીયે કે જ્યાં હિત કરવાની ભાવના સમાયેલ હોય. (પરત હિત સોં પ્રીત) અને તે જ (સજની) - સ્વજન છે. તેથી તો વૃક્ષ-દ્રુમ કે જે વૈષ્ણવો છે તે બેન-વેણ ગાય છે. વનના વૃક્ષો પવનના કારણે જે અવાજ કરે તે પ્રભુને પ્રસન્ન કરવાના હિતકારી ગીત છે. (૧)

પ્રભુને સુખ દેવા માટે બધાં જ ખડે પગે છે. (ઊભે સબસુખએન) અને આ સહજસેવા છે (એન) તેનું કારણ કહે છે, પ્રાણપતિ પ્રભુ તો અમારી આંખ-દગના તારા - પૂતરી સમાન છે. અમારા નેનની કીકી તો અમારા પ્રભુ છે. જેથી તેમની કાળજી લેવાનું સહજ બને છે.

આજે પ્રભુ ભોગી બનીને પધાર્યા છે તેથી ખૂબ જ રૂચિ પૂર્વક ગોરસને લે છે. ગોરસ-ઈન્દ્રયોનો રસ. જે ભક્તો ઈન્દ્રિયધારી છે તે રસરૂપ છે તેમને પ્રભુ પ્રીતિ

પૂર્વક ભોગવે છે. પરંતુ પ્રભુનાં નયનમાં આળસ સળવળે છે એટલે કે આપ પોઢવા ચાહે છે. (૨)

આપની દૃષ્ટિ આમ તેમ ફરે છે. હૃદયમાં સ્નેહ છલકાઈ જાય છે. હરેકને એમ લાગે છે કે મારા પ્રતિ દ્રષ્ટિથી મનોહર કટાક્ષ કરે છે. તેથી પ્રત્યેકને એમ લાગે છે કે મારા પ્રતિ ઈશારો છે (કલ કટાચ્છન સેન)

આ પ્રભુ પ્રતિની જે રસાનુભૂતિ થાય છે તે જીવાત્મના - પ્રાણી માત્રના પાપ-દોષોનો નાશ કરનાર છે. સ્વાદ (રસાનુભૂતિ) ભેદી (નાસકરનાર) અઘ (દોષ) સ (જીવાત્મા). આમ પ્રભુ ભક્તોમાં રસાનુભૂતિ કરાવે છે. પ્રભુમાં રહેલ અલૌકિક રસ ભક્તમાં પ્રભુના દૃષ્ટિકટાક્ષથી પ્રવેશે છે. તેથી તે નિર્દોષ થઈ જાય છે. ત્યારે બાદ આપ (પુનિ) ભક્તોના પ્રત્યેક અંગોમાં કામ જગાવે છે (અંગન જગાવત મેન) આ અલૌકિક કામ છે. કેમકે શ્રીઆચાર્યજી કહે છે વિષયાક્રાન્ત દેહાનાં નાવેશઃ સર્વથા હરે । તેથી આ લૌલિક કામ નથી. (૩)

આ હેમંત ઋતુની શિત છે તે પ્રીતનું પોષણ કરનારી છે અને શુભ્ર-શુદ્ધ શિતળતા - સાત્વિકતા જ છે. આ પોષ માસમાં શીત હેમંત ઋતુમાં પ્રીત સહજ બને છે.

આવી ઋતુ પ્રભુ સહચરી બનીને નિશ્ચિત કરી દેનારી છે. એટલે કે પ્રીતમાં સહાયક બને છે.

વૃંદાવન (સ્ત્રીઓનો સમૂહ) પ્રભુના સુખનો જ ઈચ્છે છે. પ્રભુને સુખદેનાર છે. અથવા પ્રભુના સુખનું જ બીજું રૂપ આ વૃંદાવન છે. આ ગોપીજનો છે. પ્રભુ અચવન કર્યા પછી બીરી લે છે. આ પ્રકારે પ્રભુ ભોજન કરે છે. ત્યાર બાદ આચમન કરી હાથ-મુખ પ્રક્ષાલન કરે છે અને મુખશુદ્ધિ અર્થે બીરી આરોગે છે.

આ સર્વે પ્રભુની લીલા છે. લીલા કર્યા પછી પ્રભુ તેનાથી અલગ થઈ જાય છે અને પોતાની લીલાને બીરી (ગોળ વીંટાળી દે છે) તિરોહિત કરે છે. આ લીલાની પ્રક્રિયા છે. (૪)

(૮૪) ટોડી ૩/૮૦

અરી તું બાર બાર ઉઝક ઉઝક આવે જાની ભોજનકી બિરીયાં
જેંવત નંદ ગોદ લે ઢોટા વરજે હે સૌં બિરીયા ૧
ઘર ન સુહાત જાય બિન દેખે ડોલત ફીરત નિડરીયાં
શ્રીવિઠ્ઠલગિરિધરન છેલ કો તકિહી રહિત દિન ભરીયાં ૨

ભાવાર્થ :

યશોદાજી ગોપીને ધમકાવતાં કહે છે કે - અલી તું વારંવાર ઉછળી ઉછળીને આવે છે. આ ભોજનનો સમય છે તેની તને ખબર છે છતાંય શા માટે આવે છે ? તને તો સો વખત ના પાડી છે કે નંદજી ગોદમાં લાલનને બેસાડીને ભોજન કરાવતા હોય ત્યારે ન આવવું, છતાંય તું વારંવાર ઉછળી ઉછળીને એટલે કે અવજ્ઞા કરીને આવે છે. (૧)

લાગે છે કે મારા લાલનને જોયા વગર તને ઘરમાં જવાનું ગમતું નથી. અને જ્યાં સુધી તેને ન દેખે ત્યાં સુધી ડર્યા વગર અહીં તહીં (ડોલત) જ ફર્યા કરે છે.

જ્યારે તને (શ્રીવિઠ્ઠલ-ગિરિધરન) મારો લાલ છબીલો જોવા મળે ત્યારે તો તેને તાકી તાકીને આખો દિવસ જોયા કરે છે.

ગોપીને પ્રભુ દર્શનની એટલી બધી પ્યાસ છે કે તે વિવેક પણ ગુમાવી બેઠી છે તેથી કસમયે (ભોજનની વેળા) આવે છે, વારંવાર આવતાં પણ અપમાન થયેથી લજાતી નથી, નંદરાયની આમાન્યા પણ નથી રાખતી. લાલનને ભોજનવેળા નજર લાગી જાય તો તેની દૃષ્ટિની સમાજમાં નિંદા થશે તેનોય ડર નથી. આ બધી પ્રેમની દશા છે.

તેને ઘર અરૂચિકર લાગે છે. જ્યાં સુધી પ્રમેયને પ્રાપ્ત ન કરે ત્યાં સુધી હારતી નથી. (જાય બિન દેખે ડોલત ફીરત) તેને કોઈનો ભય નથી (અભયતા તે આસક્તિનું લક્ષણ છે) આ બધા આસક્તિના લક્ષણ છે. આસકત્યા સ્યાદ્ ગૃહારૂચિ.

શ્રીવિઠ્ઠલ-ગિરિધર કે જે છલિયા (છેતરનારો) છે છતાં પણ દિનભર તેને નિરખ્યા કરે છે, તેનું રસપાન કરતાં તૃપ્ત નથી. એટલે કે તેને સંસારના કોઈ જ વિષયોમાં રસ નથી. સંસારી તેને પોતાનાં નથી ભાસતાં, માત્ર પ્રભુ જ તેને આત્મવત્ થઈ ગયા છે. તેથી (તકી હી રહત દિન ભરીયા) આ વ્યસનાવસ્થા છે. *ગૃહસ્થાનાં બાધકત્વં અનાત્મત્વમ્ ચ ભાસતે યદા સ્યાદ્ વ્યસનંકૃષ્ણે । (ભ.વ.)*

તેથી હવે તે કૃતાર્થ થઈ. તેને કરવા પણું કંઈન રહ્યું હવે જે કરશે તે વિઠ્ઠલ. વિઠ્ઠલ તેના જ્ઞાનનાં ચક્ષુ બનશે અને ગિરિધર તેની ચેષ્ટા ક્રિયાને ધારણ કરશે. તે પ્રભુના હાથ-પગથી ચાલશે - ખાશે - ફરશે - ક્રિયા કરશે અને પ્રભુ બતાવશે તે જ જોશે. તેની પાંપણ પર વિઠ્ઠલ બિરાજી જશે. તેના માટે હવે બધું પ્રભુ કરશે.

કૃતાર્થ સ્યાત્ તદૈવ હિ।

(૮૫) ટોડી ૩/૮૨

પરોસત ગોપી ઘુંઘટ મારેં
કનકલતાસી સુંદરસીમા આઈ હેં જ્યોં નારેં ૧
ઝનકનક આંગનમેં ડોલત લાવણ્ય મોર સવારે
નંદરાય નંદરાની તેં દૂર લાલેં ભલે નિહારે ૨
ઘરકી સૌંઝ મિલાય થારમેં આગે લે જબ ધારેં
પરમ મિલનીયાં મોહન જૂરી હાંસી મિસ હુંકારે ૩
રુચિર કાછિની જટીત કાંધની જુરો બાહં ઉધારેં
પરમાનંદ અવલોકન કારણ ભીર બહુત સીંઘદ્વારે ૪

ભાવાર્થ :

ગોપી ઘુંઘટથી પોતાનું મુખ છૂપાવીને પ્રભુને - લાલનને પરોસે છે. કદાચ ગોપી લાગ જોઈને ભોજન સમયે જ આવીને યશોદાજીને કહે છે કે - મા તમે રસોઈ કરીને થાકી ગયા હશો અને તમને ખબર છે કે આ લાલન તમારાથી બહુ લાડ કરે છે, તેથી ભોજન કરવામાં આડો થાય છે. અને મારાથી ચૂપચાપ ઘણું બધું ખાઈ લેશે. તમે થોડા દૂર ઊભા રહી નિરખ્યા કરો, હું પીરસું છું. વળી મારું મોઢું ઢાંકી દઈશ તેથી તેને ખબર નહી પડે અને ક્યાંક નંદરાયજી આવી ચડયા તો! તેથી પણ ગોપી ઘુંઘટ ખેંચીને લાલનને પીરસે છે.

હવે ગોપીનું વર્ણન કરે છે કે તે કનક-પીળા રંગની લતાં જેવી પતલી - નમણી - સુંદર અને બધા અંગોથી વળી જાય તેવી છે તેની સુંદરતા અપાર છે. જાણે કે સ્વર્ગની નર્તકી (નારે) જ ન હોય! અને ચરણના પાયલ ઝનક-મનક અવાજ કરે છે, તેથી એમ લાગે કે આંગણામાં સવારે સવારે સુંદર મોર નૃત્ય કરે છે (લાવણ્ય મોર સવારેં) નંદરાય અને નંદરાની દૂર દૂર ઊભા આ દૃશ્ય નિહારે છે કે (નંદરાય નંદરાની તેં દૂર લાલેં ભલે નિહારે) જેમાં લાલન ભલા થઈને આરોગે છે તે નિહારે છે. (૨)

ગોપી પોતાના ઘરેથી પણ લાલન માટે કંઈક સામગ્રી લાવી છે તે યશોદાજીની સામગ્રીની સાથે સાથે, બતાવી બતાવીને પીરસે છે. લાલન સાથે મિલન સુખ પામવા માટે લાલનની સાથે હંસી-મજાક કરતી પૂકાર કરે છે (પરમ મિલનીયાં મોહનજૂકી હાંસી મિસ પૂકારે) (૩)

હવે લાલનના સ્વરૂપના દર્શન કરે છે.

લાલને રૂચિ જગાવતી મનોહર કાછની પહેરી છે જે જડાઉ ચમકદાર છે. આપના બન્ને બાહુ ઉઘાડા છે.

આવા પરમ-આનંદ જેના સ્વરૂપથી અંદર પ્રકટ થાય છે તેમને નિરખવા માટે સીંધદ્વારે બહુ જ ભીડ જામી છે એટલે કે ક્યારે ભોજન કરીને બહાર પધારે અને તેમના દર્શન કરીએ! તેવી ઉત્કટતા પૂર્વક ભીડ જામી છે. (૪)

(૮૬) ટોડી ૩/૮૩

ગ્વાલન કરતેં કોર છૂડાવત
જૂઠન લેત સબનકે મુખ તેં અપને મુખ લે નાવત ૧
ખટરસકે પકવાન ધરે સબ તામે રૂચિ નહિ આવત
હા હા કરકે માંગ લેત હૈં કહત મોહી અતી ભાવત ૨
યહ મહિમા યહ પન જાનત જાહે આપ બતાવત
સૂરશ્યામ સ્વપને નહિ દરસત મુનિજન ધ્યાન લગાવત ૩

ભાવાર્થ :

અહીં જે પ્રભુનું સ્વરૂપ સુરદાસજી પ્રકટ કરે છે તે વિરુદ્ધ ધર્માશ્રયીનું છે કે ભક્ત વત્સલતાનું છે કે પ્રભુનું વચન પ્રતિપાલકતાનું છે કે લીલાર્થ છે કે કંઈક નવીનતા પ્રકટ કરવા માટે છે? તે તો પ્રભુ જ જાણે કે પ્રભુની જેના પર કૃપા થાય તે જ જાણી શકે.

ગ્વાલન ગ્વાલમંડલીની મધ્યમાં બિરાજેલા પ્રભુને કોળીયો કરીને આપના મોઢામાં મૂકવા જાય છે. પણ આપ આવી પ્રેમલક્ષણા ગોપીના હાથમાંથી કોળીયો મૂકાવી દે છે. શું ગોપીના હાથનું નથી આરોગવું? કે ગોપીનો કઈ વાંક છે? કંઈ માન કરે છે? અન્ન અશુદ્ધ છે? એકસાથે અનેક પ્રશ્નો ગોપીના મનમાં ઊઠી જાય છે. (૧)

આજે કનૈયાને થયું છે શું? બધાં ગોપબાળકો કે જે ભોજન લઈ રહ્યા છે તેમનું જૂઠન અને તે પણ સ્પર્શથી થયેલ જૂઠન નહિ પણ (મુખતેં) મુખથી થયેલ જૂઠન, સીધું પોતાના મુખમાં જ લઈને પધરાવી દે છે (અપને મુખ લે નાવત) શું ગોપબાળકોને દોષ નહિ લાગે? જાણે અજાણે પ્રભુને અર્ધભક્ત કે ભુક્ત આરોગાવે તો? આ અવતારકાલીન લીલા છે, જેમાં પ્રભુ ભક્તને ગાડીની પાછળની

કે બાજુની સીટ પર બેસાડીને પોતે ડ્રાઈવીંગ કરી રહ્યા છે. તેમને ભક્તને મુકામ પર પહોંચડવાથી પ્રતિજ્ઞા કરી છે. તેથી અહીં ભક્ત સાક્ષી ભાવે માત્ર સહકારી છે. મતલબ કે સાધના ભગવાન કરે છે ભક્ત નહિ. તેથી જે સાધના નથી કરતો તેને દોષ પણ ક્યાંથી ? અહીં વિચિત્રતા એ છે કે પ્રભુએ પ્રતિજ્ઞા કરી છે કે હું નિઃસાધન જીવોનો આત્મા બનું. હવે દોષ લાગે તો આત્માને લાગે દેહને થોડા લાગે ? પ્રભુ જ સર્વકંઈ છે પ્રભુ કર્મ નથી કરતા લીલા કરે છે માટે આપને નથી દોષ લાગતો કે નથી આપના કારણે ભક્તને લાગતો.

પ્રભુ ભક્ત સાથે અનેક ભાવથી ખેલે છે. અત્યારે ભગવાનને બ્રહ્મ ભાવ થઈ ગયો છે. તેથી ભક્ત અને બગવાનના ઉચ્છિષ્ટમાં કોઈ ભેદ નથી રહ્યો. બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ સાથે. (૧)

હવે આપનામાં ભક્તવશ્યતાનો ભાવ પ્રકટ થાય છે. તેથી આપને ધરેલા છ પ્રકારના રસયુક્ત પકવાન છે તે છ રસ પ્રત્યે આપની રૂચિ નથી પ્રકટતી. આ બધાં પકવાન -રસ માહાત્મ્ય છે. પણ સ્નેહરસ - ભક્તિરસ માટે તો આપ એવા લાલચી થઈ ગયા છે કે રૂચિની પાર કુદાવીને આસકિતમાં પડયા હોય તેમ ''હાહાકરકે માંગે લેત હૈં'' જેમાં 'પ્રભુ' છે તેવી સભાનતા જતી રહી છે, સર્વનું પોષણ કરે છે, તે માંગે તો કેવું લાગે ? તેવી લજ્જા પણ નથી. વેદાદિગ્રંથોમાં જે શબ્દો પ્રમાણ થઈ ચૂક્યાં છે તેનો ખૂલાસો કેવી રીતે કરશું ? આમ લોક-વેદ બન્નેની સીમા તોડી નાખી છે અને વાણી બોલે છે કે ''કહત મોહી અતી ભાવત'' આમ નિર્ગુણતા નેવે મુકીને રાજસ-તામસ ભાવને ધારણ કર્યા હોય તેમ લાગે છે. (૨)

આ પ્રભુનો કોઈ નવા પ્રકારનો મહિમા છે શું ?

શું આને માહાત્મ્ય કહેવાય ? શું આવી પણ પ્રતિજ્ઞા હોય કે જેમાં પોતાનું ઈશ્વરત્વ ખતમ કરી દે ? આ વાત મનુષ્ય બુદ્ધિથી જાણી શકાય તેમ નથી. તે તો આપ જણાવે તેને જ જણાય (યહ મહિમા યહ પન જાનત જાહે આપ બતાવત).

તેવા ભાગ્યશાળી પદ્મનાભ દાસ, જેની રોટી પ્રભુ સીધી જ હાથમાં લઈ લેતા હતા તેવી અંઘમાજી વગેરે અનેક ભક્તો છે, તે જ જાણી શકે. એટલે કે પ્રભુ જેના પર કૃપા કરવા ઈચ્છે તેને જ જણાય. તે કંઈ સાધન કરેથી ન જણાય. અરે સ્વપ્ને પણ તેનો ઈશારો ન મળે. જે સાત્વિક છે, જેમણે સર્વ વિષયોનો ત્યાગ કર્યો છે, જે પ્રભુના ધ્યાનમાં લીન છે તેને પણ આ ન જણાય, ''મુનીજન સપને નહી આવે''

પણ ''સાહેબ કૈસ મિલે ?'' પ્રભુ નિઃસાધન ફલાત્મા છે અને એ જ પ્રભુ ફળ છે અને એને જ પ્રભુ સ્વેચ્છા લીલા કર્તા છે. તે આ કીર્તનમાં સુરદાસજી સમજાવે છે. (૩)

(૮૭) ધનાશ્રી ૩/૮૪

જસોદા પેડે પેડે ડોલે
યહ ગૃહકાજ ઉનેં સુતકો ડર દહું ભાંતિન મન તોલે ૧
અબહું કુંવર તુમ ભોજન કીજે જનનિ રોહિણી બોલે
પરમાનંદપ્રભુ વહ ફિર ચિતયો આનંદ હૃદે કલોલે ૨

ભાવાર્થ :

યશોદાજીનું મન પ્રત્યેક પલે ડોલી રહ્યું છે. એક ડગલું ભરે ત્યારે એમ થાય કે આ ઘરના કાજ કરવાના બાકી છે. તેને પૂરા કરી લઉં તો બીજા પગલે એમ થાય કે લાલન ભૂખ્યો થયો હશે તેને જમાડી દઉં.

જીવની પણ કાચી દશામાં આ જ સ્થિતિ છે. તેણે જે જે સાંસારિક જવાબદારીઓ માની લીધી છે. તે પૂરી કરવા માટે વિચારે છે (ઘડપમ ગોવિંદ ગાશું) અને બીજી બાજુ તેને પ્રભુનું માહાત્મ્ય જાણવાને કારણે ધર્મ કરવા પણ છે. શાસ્ત્રના વચનોને યથાર્થ ન કરી શકવાને કારણે તેનું મન બન્ને ય બાજુ ડોલે છે. બન્ને બાજુમાંથી યોગ્ય શું તે પ્રકારે મનથી વિચારે છે, તોલે છે, કયું પ્રથમ મહત્ત્વનું છે ?

નાનાવાદ વિનષ્ટેષુ સર્વકર્મવ્રતાદિષુ, પાષંડૈક પ્રયત્નેષુ ... આવી સ્થિતિમાં મન મુંઝાય છે. (૧)

પરંતુ જ્યારે જનની ભાવ પ્રબળ થઈ ગયો ત્યારે સ્નેહની પ્રબળતાને કારણે પહેલાં (પ્રભુ સુખ) - લાલનને ભોજન કરાવવાનો વિચાર કર્યો તથી કહે છે - અબહું કુંવર તુમ ભોજન કીજે તેમ રોહિણીજી જે બોલી ઉઠયા, કેમ કે રોહણિ - આરોહિણી છે. તે ઉપરતરફ જૂએ છે. ભગવદ્‌સ્થાન ઉપર છે અને સંસાર સ્થાન નીચે છે તેથી તેમના મનને કોઈ દ્વિધા નથી.

જીવમાં પણ (સુતકો ડર) માહાત્મ્ય જ્ઞાન પછી જનની ભાવક સ્નેહભાવ પ્રકટે તો તેણે દિશા સ્પષ્ટ થઈ જાય છે. તેથી તેની સૌ પ્રથમ ફરજ પ્રભુ પ્રત્યે, પછી વેદાદિ કાર્યો પ્રતિ અને ત્યારબાદ લૌકિક કાર્યો પ્રતિ. આમ તેનું મન પછી (પડે પડે ડોલે) ઘડીકમાં આ અને બીજી જ ઘડીએ તે, તેમ નહિ થાય.

રોહિણીજીએ પ્રભુને ભોજન માટે વિનતી કરી તેથી તુરત જ પરમાનંદપ્રભુ લાલને તે વાત ચિતમાં લીધી. ભાગમ ભાગ ન કરી. આમ પ્રભુ સરળતાથી માની ગયા તેથી યશોદાજીના હૃદયમાં આનંદ લહેરાવા લાગ્યો, કેમ કે બે માંથી એક જે પ્રથમ કરવાનું તે નિશ્ચિત થઈ ગયું.

તેથી જો જીવ પ્રભુ સંબંધિ વિચારવાનું શરૂ કરશે, પ્રભુ સંબંધિ જીવન જીવશે તો જે સ્વામી છે તે હવે તે જીવ માટે પરમાનંદ બની જશે અને પોતાના ચિત્તમાં પણ તે જીવને સ્થાન આપશે. અથવા તો તે જીવના હૃદયમાં પ્રભુ પધારીને તેને કલ્લોલ કરાવશે. (૨)

(૮૮) ધનાશ્રી ૩/૮૫

હરિકો ટેરત હે નંદરાની
બહુત વેર ભઈ કહું ખેલત કહાં રહ્યો સારંગપાની ૧
સુનત હી ટેરી દોરી તવ આયે કબકે નિકસે લાલ
જમત નહિ નંદ તુમ હી બીનુ વેગી ચલો ગોપાલ ૨
સ્યામહી લ્યાઈ મહેરી જસોદા તુરત હી પાવ પખારે
સુરદાસ પ્રભુ સંગ નંદ કે બેઠે હે દોઉ વારે ૩

ભાવાર્થ :

નંદરાનીજી હરિને ભોજન માટે ટેર કરે છે. પૂકારે છે - મર્યાદા ભક્તો હરિ-દુઃખહર્તાને પોતાને દુઃખ પડે ત્યારે ટેર - પૂકાર કરે છે. પુષ્ટિ ભક્તરૂપ નંદરાની હરિનાં ભૂખનાં દુઃખ દૂર કરવા માટે પૂકાર કરે છે. વિપ્રયોગી ભક્તોં પ્રભુ વગરના થયા હોવાથી તાપ-ક્લેશને કારણે પૂકારે છે. પુરૂષોત્તમદાસ શેઠના બેટા ગોપાલદાસ પ્રભુના મંદિરને બારણે ઉમરે માથુ ટેકવી સૂઈ જતાં અને મદનમોહનજીને ઉંઘમાં જ પૂકારતા. ત્યારે પ્રભુ કહેતા - હું અહીં જ છું. ત્યારે ગોપાલદાસ કહે છે - પ્રભુ આપ શા માટે મારા ખાતર જાગો છો ? મને તો ટેવ પડી છે. ''નયનન ઐસી ટેવ પડી''ની જેમ, વાણીને પણ પ્રભુનું વ્યસન થઈ જાય છે. આ જ માનસી સિદ્ધિ છે.

હરિકો ટરેત હૈ નંદરાની

યશોદાજીને એ ખબર નથી પડતી કે આપ ક્યાં ખેલે છે ? તેથી મનમાં જ બોલે છે - આ ક્યારના ક્યાં ખેલે છે અને ક્યાં એટકી ગયા આ સારંગપાની -વિષ્ણુ ?

મર્યાદાભક્ત માટે પ્રભુની આ લીલા ભક્તના હૃદયમાં ચાલી રહી છે કે ભક્તના સન્મુખ ? કે જગતરૂપે ચાલે છે કે જીવોને મુક્તિ આપવા રૂપ કે દુષ્ટોના સંહારરૂપ... આવી તો અનેક લીલા છે તે ખબર નથી પડતી. અધિકારાનુસાર જ મર્યાદા લીલા સમજાય તેથી મર્યાદા ભાવથી કહે છે. પ્રભુ તો ચંચળ છે. ઘણી બધી લીલા કરનારા છે. તો પછી આટલી બધી વાર, ક્યાં અટકીને એકમાત્ર લીલા કરે છે ?

અને પુષ્ટિ આર્ત ભક્ત વિચારે છે કે આ ચંચલ પ્રભુ કોઈ એકની સાથે ખેલે પછી બીજાને ભૂલી જાય છે. આપ ક્યાં ખેલો છો પ્રભુ ? શું પુષ્ટિપ્રભુ મારા પર કૃપા નહિ કરે ? શું તે વિષ્ણુરૂપ મર્યાદાને સ્વીકારી બેઠા છે ? આવો તાપ કરે છે. તો કોઈ તામસ ભક્ત પ્રભુને ધમકાવવાના સૂરમાં કહે છે આટલી વેળ ક્યાં અટકી ગયા છે ? પોતાની જાતને તો સારંગપાણી હરણાં જેવા ચપળ સમજી બેઠા છે !
બહુત વેરભઈ કહું ખેલત કહાં રહ્યો સારંગપાની ? (૧)

સુનત હી ટેરી દોરી તવ આયે, કબકે નિકસે લાલ ?
જેમત નહિં નંદ તુમહી બીનું વેગી ચલો ગોપાલ

યશોદાજીની ટેરી સાંભળીને (સુનત હી ટેરી) તુરત જ પ્રભુ દોડી આવ્યા (દોરી તવ આયે) ત્યારે યશોદા તુરત જ બોલી પડે છે - ક્યારનો તું બહાર નિકળી ગયો છે મારા લાલ ! આ તાત નંદજી તારા જમ્યા વગર જમતા નથી તેથી હે લાલ, તું જલ્દી જલ્દી ચાલ...

ભક્તની આર્તી - પૂકાર સાંભળીને ભગવાન જ્યાં હોય છે ત્યાંથી તુર્ત જ દોડી આવે છે. ત્યારે પુષ્ટિ ભક્ત કહે છે કે - મારા હૃદયની - ઘરની બહાર તું ક્યારનો નીકળી ગયો છે. હવે કૃપા કરીને પધારો. આ જે તારા પિતા નંદજી છે એટલે કે તું ભગવાન એટલા માટે થયો કે કોઈક ભક્ત થયું તે દૃષ્ટિથી કારણ રૂપ ભક્ત પિતા થયો. તે તારા ભોજન વગર ભોજન નથી કરતા.

અસમર્પિત વસ્તુનાં તસ્માદ્ વ્રજનમાચરેત્ (૨)

તેથી તેવા સમર્પિત જીવ પર આપ જલ્દી કૃપા કરવા પધારો. કેમ કે આપ જ આ જીવના દેહ-ઈન્દ્રિયોનું આપના સ્વરૂપથી પાલન કરનાર છો. તેથી આપ સ્વયં ન પધારો ત્યાં સુધી પુષ્ટિભક્તને ચેન નથી પડતું. પુષ્ટિભક્ત પોતાના પ્રભુને પુષ્ટ જોવા ચાહે છે માટે તો ભાત ભાતની વાનગી બનાવી તેમને પ્રસન્ન રાખવા ચાહે છે. મર્યાદાભક્તને અસમર્પિતની ટેક માત્ર છે તેથી પ્રભુને ભોજન કરાવવા ચાહે છે.

વિપ્રયોગી ભક્તતો પ્રભુના સ્વરૂપના દર્શન કરી તેને હૃદયમાં પધરાવી રાખવા ચાહે છે. આમ તે કૃષ્ણ ભાવ સ્વરૂપ સંયોગરસને ભોજનનો કોળીયો જેમ મૂખમાં મૂકી પેટમાં જાય તેમ આ સંયોગભાવને હૃદયમાં પૂરીને તેની સ્મૃતિરૂપ (વિપ્રયોગ) રસથી પોતાના દેહનું - આત્માનું પાલન કરે છે.

સ્યામહી લાઈ મહેરી યશોદા તુરત હી પાંવ પખારે

યશોદાજી લાલન સ્યામને ઘરમાં લાવી. બહાર ખેલતાં જે પગ છુવાયા હોય - મેલાં થયા હોય તેથી ચરણ ધોવડાવી દીધા.

મર્યાદા ભક્ત તદીય (મહરી) છે તેથી યશ પ્રભુને આપે છે. (યશોદા) પોતાના તો અનેક દોષ છે, જેથી પ્રભુ પધાર્યા તેમાત્ર કૃપા કરીને જ પધાર્યા છે, તેથી તે કૃતજ્ઞતા પ્રકટ કરવા આપના ચરણને ધોવાને બહાને સ્પર્શ લાભ પામે છે. તથા પોતાના હૃદયમાં રહેલા દૂરીતને દૂર કરે છે. પ્રભુના ચરણની રજ પ્રાપ્તિ માટે આ પ્રકારે પ્રાર્થના કરે છે. જેમ પ્રભુ પ્રાકટય વેળા માતા દેવકી અને પિતા વસુદેવજી કરે છે તેમ!

પુષ્ટિભક્ત માટે તો આ શૃંગાર કલ્પદ્રુમ (શ્યામ) છે અને તે (મહરી)મોટા ઓની (શ્રીમહાપ્રભુજીની) કૃપાથી જ આમારા ઘરમાં બિરાજ્યા છે. જેથી ક્યાંય પણ જાય તો પણ આ ઘરમાં જ પાછા પધારે તેવા વિશ્વાસ સાથે આપની પુષ્ટિ શરણાગતિને વિસરતો નથી.

આવા કૃપાળુ પ્રભુ નવધાભક્તિમાં શ્રેષ્ઠ તેવી સખ્ય અને આત્મનિવેદનરૂપ ભક્તિને સ્વીકારતા નંદજી-ભક્તના સંગે બેસે છે અને ભક્તની સત્તાનું ભોજન આરોગે છે. ભક્તની અહંતા-મમતાના ભોક્તા બને છે. આમ સમર્પણ રૂપા ભક્તિ પણ પ્રભુ સિદ્ધ કરી આપે છે, છતાંય જીવને એક સાધારણભાવ દાસપણાનો છે કે હે કૃષ્ણ હું તારો દાસ છું, તે કાયમ રાખે છે. આ પુષ્ટિ ભક્તિ છે કેમ કે (સ્યામ હી લ્યાઈ) પ્રભુ ભક્તાધીન છે તેમ વચન છે.

આમ, ભક્તની સમક્ષ પ્રભુ ક્યારે પ્રકટે, ભક્તિ સ્વીકારે, તે પ્રકાર અહીં સુરદાસજી પ્રકટ કરે છે. જે નિરોધ લક્ષણમાં શ્રી આચાર્યજીએ પ્રકટ કર્યો છે. તથા ગદ્યમંત્રમાં પણ પ્રકટ કર્યો છે.

હિલગ

(૮૯) રાગ – ધનાશ્રી ૩/૯૨

મેરો મન બાવરો ભયો
લરકા એક ઈહાં હું તો ઠાડો તાહી કે સંગ ગયો. ૧
જાનોં નહિ કોનકો ઢોટા ચિત્ર-વિચિત્ર ઠયો
પિતાંબર છબિ નિરખ હર્યો મન પઢ કછુ મોહી દયો ૨
ગ્વાલની એક પાહુની આઈ તાકી યહ ગતિ કીની
પરમાનંદપ્રભુ હસત સેન દે, પ્રેમપાણિ ગહિ લીની ૩

ભાવાર્થ :

મારું મન બ્હાવરું થયું એટલે કે બધું સૂધ-બુધ વગરનું થયું છે. કારણ મારું મન અહીં જે એક છોરો ઊભો હતો તેની સાથે ચાલી ગયું. તેનાથી આકર્ષાઈ ગયું જેથી લોક-વેદમાંથી હટી જતાં લોક-વેદ દૃષ્ટિવાળાને બ્હાવરું લાગે જ. (૧)

એ છોરો કોનો છે તેની ય મને તો ખબર નથી. મતલબ કે તેની ઓળખાણ-પીછાણ નથી પણ તેનો વેશ-દેખાવ ચિત્ર-વિચત્ર એટલે કે મનમોહક સુંદર છે. તેને ધરેલ પિતાંબરને લીધે તેવા સુંદર દેખાવથી મારું મન હરાઈ ગયું અને વધારામાં તેણે પણ કંઈક કહ્યું. આમ, રસરૂપ સ્વરૂપ અને રસરૂપવાણીને ગોપીએ પ્રકટ ન કરી. (૨)

હવે પોતાને સાનુભાવ થયો છે તે વાત ગુપ્ત રાખવા બીજાનું નામ દઈ કહે છે કે - ‘એક ગ્વાલીની’ પછી તેમની નજીક સરકી તેવી ગ્વાલીનની આ દશા છોરાએ કરી. અને પરમાનંદરૂપ પ્રભુ એ મધુર સ્મિત કરીને તેને ઈશારો પણ કર્યો, મૂક વાતો કરી તથા તે ગ્વાલીનનો પ્રેમરૂપ હસ્ત પોતે ગ્રહણ કરી લીધો અથવા કહો કે પ્રભુએ તેનું પ્રેમપૂર્વક પાણિગ્રહણ કરી લીધું.

લાગે છે કે ગ્વાલીન દેહ ભાન પણ ભૂલી એટલે ‘એક ગ્વાલીન’ તેમ કહે છે. (૩)

વિશેષ ભાવાર્થ :

જીવની વ્યસનાવસ્થામાં તે બ્હાવરા જેવો થાય (ભક્તિવર્ધિની)

ગૃહસ્થાનાં બાંધકત્વં અનાત્મત્વંચ ભાસતે યદા સ્યાદ્ વ્યસનં

ત્યારે તે જીવ પ્રભુ વગર તરફડે છે. આ દશા મનની થાય છે. માટે તો પરાસેવાને માનસી કહી છે. પણ તેનું સાધન ચિત્ત કરે છે. *ચેતસ્ તત્ પ્રવણં.* પરંતુ અહીં તો સાધન ભગવાન બન્યા છે ‘લરકો’. ભગવાન સ્વયં તેવા જીવની સામે આવીને ઊભા થઈ ગયા છે. પછી લોકવેદ કઈ રીતે ઊભા રહી શકે ? તેથી તે મન સ્વયં તેમનાથી આકર્ષિત થઈને તેમનો સંગ કરી બેઠું. મન વગરનો દેહ બાવરો થાય !

અનવતારકાળમાં પણ માહાત્મ્યજ્ઞાન જરૂરી છે. તેથી ભક્તને ખબર પડી કે આ પ્રભુ તો અજન્મા છે, તે કોઈનો પુત્ર નથી અને ચિત્ર-વિચિત્ર સૃષ્ટિનો કર્તા આ જ છે. પરંતુ આવો પરબ્રહ્મ કે જે અંબર (વ્યાપક) તત્ત્વ છે. તેણે ગુણ ગ્રહણ કર્યા (પીળા), તે જોતાં જ મારામાં ભક્તિનો પ્રવેશ થયો. મહાત્મ્ય જ્ઞાનની સાથે પ્રેમનો ઉદય થયો. પ્રેમ ઉદય થવાનું કારણ પણ ભગવાનની ગુણ-ગ્રહણ લીલા જ. એટલું જ નહિ પણ તે પોતે જ શાસ્ત્રરૂપ હોવાથી મને આપે પોતે જ પોતાની લીલાઓ કહી સંભળાવી. પ્રભુએ આટલું પ્રમેયબળ કર્યા પછી જો જીવ પ્રભુની પાસે આવવારૂપ સાધન પણ ન કરે તો કંઈ ન બને. પણ જો જીવ, પાસે આવવા રૂપ રૂચિ પ્રકટ કરે તો પછી પ્રભુ કૃપા કરી તેને પ્રેમ-આસક્તિ અને વ્યસન રૂપ ભક્તિનું દાન કરી બ્હાવરા કરી મૂકે, પ્રભુ વગર તરફડતા કરી મૂકે અને પ્રભુ તેને મધુરાહાસ્યથી પરમાનંદનું દાન દે. પ્રભુનું હાસ્ય લોભાત્મક છે. જેથી નિરોધ સિદ્ધ કરાવનારું છે અને તે નિરોધ સિદ્ધ થાય તો પ્રભુ સમર્પણને સ્વીકારે તેથી પ્રભુએ પ્રેમપૂર્વક સમર્પણ સ્વીકાર્યું.

પ્રભુની કૃપા કેવી છે તેનો સાર જોઈએ. પહેલાં ઠાડા રહે, મનને આકર્ષી દૃષ્ટિને પિતાંબરધારી સ્વરૂપથી આકર્ષે, દોસ્ત બનાવી શ્રવણને કંઈક કહીને આકર્ષે, પ્રભુએ લોભામણું હાસ્ય કર્યું, તેથી દેહ સમસ્તનું આકર્ષણ કર્યું. તેમ ક્રિયાત્મક આકર્ષણ કર્યું અને ઈશારો કરીને જ્ઞાનાત્મક આકર્ષણ કર્યું. પાણીગ્રહણ કરીને હૃદયને આકર્ષિત કર્યું. લોભાવવા માટે પ્રભુએ જાતભાતના વેષ-નાટક કર્યા આવા આકર્ષણાને કારણે જીવની લોક-વેદમાંથી બુદ્ધિ ચાલી ગઈ અને તે બુદ્ધિ માત્ર પ્રભુ સાથે જોડાતાં તેનો વ્યવહાર બ્હાવરા જેવો થયો કેમ કે આ બધું કર્યા પછી પ્રભુએ વિપ્રયોગનું દાન કર્યું અને તે પહેલાં સામે ઠાડા થયા એટલે સાક્ષાત્ દર્શન દઈને સંયોગ રસનું દાન કર્યું.

ત્યારે જીવે શું કર્યું ?

આ જે સાક્ષત ઠાડો છે તે કોણ છે તે જાણવા મહાત્મ્યજ્ઞાન પણ ન વાપર્યું પરંતુ એક ડગલું ચાલી પ્રભુની નજીક સરકીને પ્રભુ પ્રત્યે પોતાની રૂચિ પ્રકટ કરી. ગ્વાલીની એક પાહુની આઈ...

જીવનો અલ્પ પ્રયાસ અને પ્રભુની અઢળક કૃપા તેનું નામ પુષ્ટિમાર્ગ.

ભોગ સમય

(૯૦) રાગ – ધનાશ્રી   ૩/૧૦૦

આજ સખી તોહી લાગી હે યહ રટ
ગોવિન્દ લેહુ લેહુ કોઉ ગોવિંદ, કહત ફિરત વનમેં ઓઘટ ઘટ ૧
દધિકો નામ વિસર ગયો, દેખત સ્યામ સુંદર ઓઢે પીરોપટ
માંગત દાન ઠગોરી મેલી ચતુર્ભુજ પ્રભુ ગિરિધર નાગર ૨

ભાવાર્થ :

એક ગોપી પોતાની સખીની કંઈક વિચિત્ર હાલત જોઈને તેને કહે છે કે - આજે તને આ શું રટ લાગી છે ? કે એકની એક વાતનું જ રટણ કર્યા કરે છે. સતત બોલ્યા કરે છે કે ‘ગોવિંદ લો’ ‘ગોવિંદ લો’ અને આ જ શબ્દો બોલતાં બોલતાં વનમાં ફરી રહી છે. તથા ચીકણા કાદવવાળા નદીના ઘાટ ઉપર પણ ફરી રહી છે. (૧)

માથે જે મટુકી છે તે તો દહીંની છે. તે ‘દહીં’ નામ જ જાણે તારાથી ભૂલાઈ ગયું છે તેમ લાગે છે ! અને વનમાં તથા આવાં ઘાટ ઉપર તારું દહીં ખરીદનારું પણ કોણ મળે ? ગામમાં જ્યાં વસ્તી છે ત્યાં કેમ ફરતી નથી !

ત્યારે તે ગોપી પોતાની સખીને કહે છે કે સાચી વાત છે, જ્યારથી મેં શ્યામસુંદર ગિરિધરનાગરને કે જેણે પીળો પટકો ધારણ કર્યો છે તેને જોયા છે, ત્યારે જાણે તેણે મારા પર કંઈક ભૂરકી નાખી છે અને મારી પાસે દધિનું દાન માંગ્યું ત્યારથી હું દધિનું નામ ભૂલી ગઈ છું અને ગોવિંદ નામ ચિત્ત પર ચઢી ગયું છે ! (૨)

વિશેષ ભાવાર્થ :

‘રટ’ એટલે જેમાં ચિત્ત સ્થાપિત થઈ ગયું હોય, તેમાંથી બહાર નીકળે જ નહિ. આ આસક્તિની દશા છે (લાગી) ચીટકી જાય તે આસક્તિ કહેવાય અને એટલે તો તે સંસારના સર્વ નામ-રૂપને ગોવિન્દ નામથી ઓળખવા લાગે. માનોકે

સર્વાત્મભાવ થઈ જાય. તે ગોવિન્દની સાથે હોવાથી તે અભય થઈ ગઈ છે. તેને ગામ કે વન, રસ્તા કે ઓઘટ ઘાટ, કુંજ કે નદી કોઈ ભેદ બાધા નથી કરતો. તેનાં ત્રણે ગુણોમાં જે ઉચ-નીચ ભાવ છે, જેના કારણે જ સંસાર છે, પ્રભુપ્રાપ્તિમાં બાધક છે તે બધા જ તેના ગુણ (ભાવ) ગોવિન્દ કે જે નિર્દોષ-નિર્ગુણ છે તેમાં જ વિલીન થઈ ગયા છે. આ સર્વે થવામાં કારણરૂપ પ્રમેયરૂપ ગોવિન્દ કે જે વ્રજજનોના આધિપતિ-તારણહાર છે. ગોવિન્દ માટે આ કાર્ય પોતાની ફરજના ભાગરૂપ બની ગયું છે કે જ્યારે ભક્ત નિઃસાધનભાવથી તેના મય થઈ જાય. આવા ગોવિન્દે શૃંગાર રસને નિર્મળ સ્નેહરૂપ વસ્ત્રથી પરિધાન કરાવ્યું છે. કોઈક અલૌકિક જ્ઞાન શૂન્યતા અબુધતા પ્રભુએ સ્વયં તેવા ભક્તમાં મૂકી દીધી છે જેથી તેને પ્રાકૃત વસ્તુઓની અનુભૂતિ જ નથી અને પછી પ્રભુ તે જીવના સર્વસ્વનું દાન-સમર્પણ (અહંતા-મમતા સર્વનું) માંગી લે છે અને ત્યાર બાદ પ્રભુ તેના પર ચારે હાથ ધરીને ચતુર્ભુજ થઈ તેના (ગિરિ) પહાડ જેવા દુઃખો સંતાપોને હરિ લે છે તથા ભંડારમાં પણ ન સમાય (ન-આગર) તેટલું અલૌકિક સુખદાન કરે છે.

(૯૧) રાગ – નટ ૩/૧૦૨

હંસત હંસત લાલન આયે રી મેરે અંગના
હોંતો તેરો રૂપદેખ ઠગ રહી, મેરી આલી
જો કછુ કહો આવે છબી દેખ ભઈ મગના ૧
જીયકી રીસ ગઈ અધિક રૂચિ બાઢી
મોહન મોહી રી ભયોરી મનલગના
કરસોં કર ગહત હૃદયસોં લગાય લઈ
મિલેરી ગોવિન્દપ્રભુ સબ સુખ નિશ જગના ૨

ભાવાર્થ :

ગોપી પોતાની પ્રભુ સાથેની મિલનની વાત પોતાની સખીને કહીને તે જ અનુભવને ફરીથી મનથી વાગોળી આનંદ પામી રહી છે. પ્રત્યક્ષ સંયોગ પછીનો આ પરોક્ષ સંયોગ છે. જે ગુણગાન રૂપે હોય છે.

ગોપી પોતાની સખીને કહે છે -

એકવાર લાલન પ્રસન્ન મુખારવિંદ સાથે મારાં આંગણે પધાર્યા. આ અચાનક પધારવાની તો મારી કલ્પના જ ન્હોતી તેથી હું અવાક્ તો હતી જેમાં ખૂબ ખુશી

હતી. વધારામાં હે મારી સખી શું કહું તને ? કે મારી તો બોબડી જ બંધ થઈ ગઈ (જો કછું કહી આવે) કેમ કે આપનું સૌંદર્ય એવું હતું કે ઠગાઈ જાય ત્યારે માણસ જેમ સ્તબ્ધ થઈ જાય તેવી હું સ્તબ્ધ થઈ ગઈ. બસ આપના રૂપ સૌંદર્યમાંજ એકચિત્ત થઈ ગઈ. (૧)

મેં આપને અનેક વિનતી કરવા છતાં ન્હોતા પધાર્યા તેથી હું તેમનાથી રૂઠી ગઈ હતી, તે રીસ કોણ જાણે ક્યારે ચાલી ગઈ ? અને વધારામાં આપના પ્રતિની રૂચિનું ઘોડાપૂર આવ્યું. (અધિક બાઢી) (બાઢ-પૂર) મને લાગે છે કે આ તો આપે મોહ વિદ્યા જ મારા પર ચલાવી હશે, તેથી જ મારું મન જે આપનાથી માન કરી ગયું હતું તે એકદમ લાગી ગયું. તેથી મેં તો આપનો હસ્તકમળ ગ્રહણ કરી લીધો આપને હૃદયથી ચાંપી દીધા. મને હવે મારા ગોવિન્દપ્રભુ મળી ગયા તેથી રાતભર જાગીને સર્વ પ્રકારનાં સુખને પામી. (૨)

(૯૨) રાગ – નટ 3/૧૦૨

પ્રીતમ પ્રીતિ હીતેં પૈયે
ચદ્યપિ રુપ ગુણ-શિલ-સુઘરતા ઈન બાતન ન રીઝૈયે ૧
સતકુલ જન્મ, કરમ શુભલક્ષણ વેદપુરાણ પઢૈયૈ
ગોવિન્દ વિના સ્નેહ સુઆલો રસના કહાં જુ નચૈયૈ ૨

ભાવાર્થ :

પ્રીતમ એટલે પ્રીતનું મૂળ અને તે તો સદાનંદ કૃષ્ણ જ છે. તેમની આ પ્રીતિ એ જ આનંદ છે એ જ ‘રસ’ છે. દૈવી જીવોમાં પ્રભુએ ‘પ્રીત’ ધરેલ છે. તે પ્રીતને જો તે આ પ્રીતમ સદાનંદ પ્રતિ પ્રકટ કરે તો જ તે પ્રીતમને પામી શકે ‘હી’ કહેતાં તે સિવાય અન્ય કોઈ ઉપાય નથી.

કદાચ રૂપથી રીઝવવા ચાહીયે કે ગુણનો ઉપયોગ કરીએ, ચારિત્ર્ય કે સુધડતા / સાફસુથરા પણું, આ બધાથી બીજાં ઘણાં કાર્ય સરે પણ તે પ્રીતમને રીઝવી શકવામાં કામ નથી આવતાં. ગોપીજનોમાં આ બધું ક્યાં હતું ? પણ અખૂટ સ્નેહ હતો. (૧)

સારાકુળમાં જન્મવું, સારાં કર્મ, સારાં લક્ષણવંતા કે વેદ-પુરાણનું જ્ઞાન, પ્રીતમને રીઝવવામાં અસમર્થ છે.

સ્નેહ તો સુઆલો (સર્વશ્રેષ્ઠ) છે તે સ્નેહ જ્યારે વાણી દ્વારા બહાર પ્રકટ થવા

ઈચ્છે તો તેના સુપાત્ર માત્ર ગોવિન્દ જ છે. તેમના વગરનું અન્ય કયું ઉત્તમ પાત્ર છે કે જ્યાં આ જીહ્‌વાને કીર્તન-ગાન કરીને નચાવીયે ? અને તે જીહ્‌વાનું નૃત્ય એવું સ્નેહ રસભર હોય કે પ્રીતમ રીઝી જાય ! (૨)

(૯૩) રાગ – નટ 3/૧૦૨

લાલન નાહીં નેરી કાહૂ કે વસકે
બાવરી ભઈરી ત્રીયા, ઉનસોં મન અરૂઝીયો,
વે તો સદાઈ અપને રસકે ૧
નિરખ પરખ દેખ, જીયકો ભરમ ગયો
કામિની વૃંદન કે મન ન કસકે
યદપિ કછુ મોહની ગોવિન્દ પ્રભુપેં
યુવતી સભામેં વદત યશકે ૨

ભાવાર્થ :

અહીં પ્રભુનું મૂળ સ્વરૂપ શું છે ? તે કેવા છે ? તે રાસપંચાધ્યાયીના પ્રસંગથી બતાવે છે.

લાલન - પ્રભુ તો કોઈના સહેજ પણ વશ નથી. સ્વતંત્ર - સ્વાધીન છે. પરાધીન નથી.

પરંતુ જીવ તો પરતંત્ર છે અને એમાંય સ્ત્રી દેહધારી જીવ તો વિશેષ પરતંત્ર છે તેથી તેનું મન ઠાકોરજીમાં અટવાઈ - ફસાઈ ગયું છે અને તેની પરાકાષ્ઠામાં તે બાવરી થઈ ગઈ.

પરંતુ પ્રભુ કોઈનામાં ફસાતા નથી કેમ કે આપ તો નિર્લેપ છે તેથી તે તો પોતાના રસમાં જ મગ્ન છે. આપને પોતાની બહારના, કોઈમાંથી રસ પ્રાપ્ત કરવો નથી કેમ કે આપ સિવાય કંઈ છે પણ નહિ.

ગોપીઓને એમ કે પ્રભુ પણ અમારા પ્રેમથી પરાધીન થઈ ગયા છે, કેમ કે તેમને તેવી અનુભૂતિ લઘુરાસમાં થઈ. તેથી પ્રભુની પરાધીનતાનું પારખું લેવા માટે માન-અભિમાન કર્યું, તો વળી એક કે જેને માન ન્હોતું થયું તેણે પણ પ્રભુને ઉઠાવી લેવા જેવી અનુચિત માગણી કરી. પ્રભુની પરીક્ષા લેવા ચાહી. (નિરખ - પરખ દેખ). (૧)

પરંતુ પ્રભુ તો પોતે પોતાનામાં રાચે છે. જે કંઈ કરે છે તે નિઃસાધન ભક્તોની પ્રસન્નતા માટે કરે છે. આ નિઃસાધનતા ભાવ ખોઈ ચૂકેલી ગોપીઓ પાસેથી પ્રભુ પણ ખોવાઈ ગયા તેથી તેમના મનમાં જે ભ્રમ હતો કે પ્રભુ તો અમારા પરાધીન છે તે ભ્રમ ભાંગી પડયો. (જીય કો ભરમ ગયો).

તેઓના અનેક પ્રયાસ - સાધન કરવા છતાં પણ પ્રભુ તો સ્હેજ પણ તેમના પ્રતિ ઢળ્યા નહિ (કામિની વૃંદનકે મન ન કસકે) તેઓએ બાવરા થઈને વૃક્ષો આદિને પૃચ્છા કરી, ખૂબ શોધ્યા, તેમની લીલાઓ કરી. તો પણ ન મળ્યા. આખરે નિઃસાધનતા ભાવ પ્રકટયો ત્યારે આપ કૃપા કરવા માટે પ્રકટ થયા.

આવા નિર્લેપ પ્રભુમાં છતાંય ગોપીજનો પ્રતિ કંઈક મોહની તો છે જ, તેમ ગોવિન્દસ્વામી માને છે. તેના પ્રમાણરૂપે કહે છે કે તે પછી યમુનાપુલીનમાં બિરાજી તેમના ઉત્તર આપ્યા અને આખરમાં ખૂબ જ ભાવ ભરી વાણીમાં વ્રજયુવતીઓના ગુણગાન - યશ કર્યા. કે ''હું તમારો સૌનો ક્યારે ય અઋણી નહિ થઈ શકું'' (યુવતી સભામેં વદત યશકે.)

આમ, ગોવિન્દસ્વામીએ પ્રભુનો વિરુદ્ધ ધર્માશ્રય રૂપ ધર્મને અહીં પ્રકટ કર્યો છે. (૨)

(૯૪) રાગ – નટ ૩/૧૦૨

મોહન મોહની ધાલી સિરપર જોઈ, મોહિ રહત સદાઈ
નિસદિન સખીરી જોલોં નહિ દેખિયત પિય વ્રજરાજકુંવર ૧
યદ્યપિ ધિરજધર રહત સખીરી તદપિમુરલી ધ્વની સુનત પ્રાણહર
સબન રહ્યોં પરે મિલૂં ગોવિન્દપ્રભુસોં રસિકકુંવર બલબલ સ્યામસુંદર ૨

ભાવાર્થ :

પ્રભુ વનમાં પધાર્યા છે અને ગોપી તેમના પધારવાની, મળવાની રાહ દેખી રહી છે. તે પોતાની સખીને કહે છે - આ મોહને મારી (સિર) બુદ્ધિમાં કોઈ મોહ કરી દીધો છે (મોહન મોહની ઘાલી સીરપર) તે તને કહું છું. (જોઈ) તેથી હું સર્વકાળમાં તેનાથી મોહાએલી જ રહું છું.

સખી, સદા એટલે કે રાત-દિવસ કે જ્યાં સુધી તે મારા પિય વ્રજરાજકુંવર મને સાક્ષાત દેખાય નહિ, ત્યાં સુધી મને તેમના સિવાય કંઈ જ બુદ્ધિમાં આવતું નથી. (નિસદિન સખીરી જો લો નહિ દેખીયત પિય વ્રજરાજ કુંવર) (૧)

હું સમજું છું કે આવી મોહની સારી નહિ તેથી હું, હે સખી, ધીરજ રાખવા પ્રયત્ન કરું છું. પરંતુ જેવો આપની મુરલીનો નાદ-ધ્વની મારા કાને પડે છે કે મારી ધીરજ ખૂટી જાય છે અને પછી તો મારો જીવ તેમના વગર તડપવા લાગે છે કે જાણે પ્રાણ નીકળી જશે. (તદપિ મુરલી ધ્વનિ સુનત પ્રાણ હર).

હવે મારાથી રહી શકાય તેમ નથી. હું લોક-વેદનું ઉલ્લંઘન કરીને પણ સામે ચડીને ગોવિન્દ પ્રભુને કે જે કુંવર રસિકવર છે અને સ્યામસુંદર છે તેમને મળીને તેમના ઓવારણા લઈશ. (૨)

(૯૫) રાગ – નટ ૩/૧૦૨

આજ બનઠન લાલન આયેરી તેરે માન કર ન્યોછાવર
યદ્યપિ બહુનાયક કહૂં ન મન અરૂઝેરી
તેરે ગુણ-રૂપ મોહે તાતે તો સોં હૈ રી ભાંવર ૧
ઐસેરી લાલન પર તન-મનધન દીજે સમઝ સયાની
પલછીન ઘટત વિભાવર
દૂતી કે વચન સુન પ્રેમમગ્ન ભઈ મિલીરી
ગોવિન્દ પ્રભુસોં રાખે બાંધ સુહાગ દાંવર ૨

ભાવાર્થ :

દુતી પોતાની સખી તેવી ગોપીને સલાહ આપે છે કે - જો આજે લાલન બનીઠનીને આવ્યો છે. હવે તારા રિસામણાને તેના પર ન્યોછાવર કરી દે. માન છોડી દે. આવી રીતે સમજાવે છે (સામ)

હવે થોડીક ધમકી (દંડ) આપે છે કે અરી, એ તો બહુનાયક છે તેને નાયકીની ખોટ થોડી છે ? તેનું ચિત્ત કંઈ કોઈ એકમાં જ લાગેલ નથી. તેથી માન કરીશ તો તો એ પછી નહિ મળે !

આ જે અહીં આવ્યો છે તેનું કારણ તારું રૂપ અને તારાં ગુણ છે. તેનાથી મોહ પામીને તે ભમરાની જેમ તારી આસપાસ ચક્કર લગાવે છે. (૧)

તારામાં શાણપણ હોય તો તો આવા લાલન પર તન-મન-ધન વારી દઈ પોતાનો કરી લઈએ, જરા સમજ.

એક એક પળ ઓછી થતી જશે તેમ તેમ રસોદ્દીપન પણ ઓછું થશે, તે કેમ નથી સમજતી ?

દુતીનાં આવાં વચનો સાંભળીને ગોપી પ્રેમમગ્ન થઈ અને માન ચાલી ગયું તેથી પ્રભુને જઈને મળી. તથા ગોવિન્દપ્રભુને સુહાગની સામગ્રીથી માંગલિક ગીત વગેરેથી બાંધી લીધા એટલે કે હવે તે ક્યાંય જઈ ના શકે. (૨)

વિશિષ્ટ ભાવાર્થ :

ક્યારેક પ્રભુની સેવા કરવાનો મોકો સામે ચઢીને આવે છે. પ્રભુ કૃપાવિષ્ટ થઈને પધારવા ઈચ્છે છે, ત્યારે જીવે નમ્ર બનીને સાનુકૂળ થવું જોઈએ. પોતાના અહંકારને દફનાવી દેવો જોઈએ. પ્રભુએ રમણ કરવા માટે તો નામ રૂપ સૃષ્ટિ બનાવી છે. તેને કંઈ કમી નથી. દરેક રમણમાં તે તો પોતાની જ બનાવેલ પોતાના રૂપ સાથે જ રમણ કરે છે. તેથી તેને કંઈ ફરક નથી પડતો. પણ જીવ પ્રભુ સાથે રમણ કરવા ચાહે છે કે સંસાર (અહંતા-મમતા) સાથે તે જીવે વિચારવાનું છે.

પ્રભુએ જીવના રૂપ-સ્વરૂપનો વિચાર કરીને તથા તેના કોઈક ગુણને આગળ કરીને પ્રમેય કરવા ચાહ્યું છે. તેથી તો તે આજે સામેથી પધાર્યા છે. શ્રીમહાપ્રભુજી કહે છે - પ્રભુ તારી નજીક છે માટે તો તેમનામાં રહેલો રસ તારામાં ઉદ્દીપ્ત કરી રહ્યા છે. ભાવ બની રહ્યો છે. ભાવનું તિરોધાન થશે તો પછી તેમને તારામાં રસ નહિ પડે. આવા કૃપાળુ લાલન - કે જે માત્ર લાડ-પ્રેમથી જ રીઝી જાય તેમને બાંધી રાખવા માટે તો તન-મન-ધન તેમનામાં વિનિયોગ કરી દેવાનો છે. આમાં તનુ-વિત્તજાથી પોતાને ઘરે પધારેલા પ્રભુને રીઝવવા તૈયાર નહિ હોવ તો પછી ભાવનાશ - બીજભાવનો નાશ થશે.

સમજદાર સમજી જાય અને ભાવપૂર્વક ચિત્તનું પ્રવણ કરે તો તો ગોવિન્દપ્રભુ તેની ઈન્દ્રિયોને પોતાનો સાનુભવ જતાવે છે અને તેનાથી બંધાયેલા રહે છે.

(૯૬) રાગ – નટ ૩/૧૦૩

ઝૂઠી મીઠી બતીયાં લલન મનુહાર કરન આયે
કહા કહીયે તેરે હૃદયકી સુંદરતાઈ જૈસે તન શ્યામ તેસેઈ હો મન
તાતેં વ્રજયુવતીન મન ભાયે ૧
કિત સકુચત પિય ખરે નિકે લાગત પ્રાણ પીયાકે રંગછાયે
ધન્ય ધન્ય હો તે પ્રિયા કોન સુકૃત કીને તાતે ગોવિંદપ્રભુ પિય પ્યારે ૨

ભાવાર્થ :

એમ લાગે છે કે જાણે ઉદ્ધવજી વ્રજ સિમંતીનીઓના ભાગ્યને વખાણે છે. જે

પ્રભુને યોગીઓ હજારો વર્ષોના તપથી રીઝવી શકતા નથી તે પ્રભુ સામે ચડીને ખોટી ખોટી લોભામણી વાતો કરીને ગોપીઓની રીસ ઉતરાવીને મનાવવા આવ્યા છે. પ્રભુનાં અનેક પ્રકારનાં અનેક પ્રકારનાં સૌંદર્ય વેદ-પુરાણોમાં છે પણ આવી હૃદયની ભાવની સુંદરતા તો ક્યારેય નથી દીઠી. આપનો વર્ણ દેહ તો સ્યામ છે તેમ કહેતાં શૃંગારરસ યોગ્ય છે, તેમ આપનું મન પણ શૃંગારરસને યોગ્ય છે તેથી તો આ વ્રજયુવતીઓ કે જે તામસભાવ વાળા જીવ છે તેમને પ્રભુ પ્યારા લાગ્યા છે. (૧)

તેઓ કંઈક સંકોચ પામે છે કેમ કે જ્યારે માહાત્મ્ય વિચારે ત્યારે પોતાની પામરતા જણાય. તેવા પર પ્રભુએ આવી કૃપા કરી, પોતે તેને લાયક છે શું ? (કૃષ્ણભટ્ટનો પ્રસંગ - શું હું ચરણસ્પર્શ લાયક છું ?) પરંતુ આ તો અમારા સ્વામી છે તેવો ભાવ દૃઢ હોવાથી તેમને સાચે જ તે પ્રાણ સમાન પ્રિય લાગે છે. (દેહ પ્રિય છે કેમ કે પ્રાણ પ્રિય છે. પ્રાણ પ્રિય છે કેમ કે પરમાત્મા પ્રિય છે.) પ્રભુ રસરૂપ છે એટલે કે આનંદરૂપ છે એટલે કે સ્નેહભરપૂર છે. તેવો પ્રિયનો રંગ સ્નહેરંગ આ ગોપીજનો પર છવાઈ ગયેલો છે.

આવું બધાંને તો નથી થતું. આ વ્રજ સિમંતીનીઓના બડા ભાગ્ય છે. તેઓ તો સ્ત્રી છે તેમને શાસ્ત્રોક્ત સુકૃત કયાં કર્યાં હોઈ શકે ? જે શક્ય જ નથી છતાંય કદાચ કર્યા હોય તો કેવા પ્રકારના હશે, લાકે છે કે તેમણે પોતાના સમગ્ર અસ્તિત્ત્વને પ્રભુને સમર્પિત કર્યું હશે ! તેથી તે પ્રભુ તેમના થઈને રહ્યા લાગે છે ઉદ્ધવજી માને છે સુકૃતથી જ પ્રભુ મળે પણ અહીં તો પ્રભુ પોતાના ઈચ્છા - કૃપાથી મળ્યા છે. (૨)

(૯૭) રાગ – નટ 3/૧૦૩

રૂપ દેખ નયના પલક લાગે નહિ
ગોવરધનધર કે અંગ અંગ પર દૃષ્ટિ પરત ચિત રહત તહીં તહીં ૧
કહારી કહોં અંગ અંગકી બાનિક ચિતચોર્યો માંગી દહી
કુંભનદાસ પ્રભુ કે મિલનકી સુંદર બાત સખીયનસો કહી ૨

ભાવાર્થ :

ગોપી પોતાની સખીને પોતાના પ્રભુ સાથેનો પ્રસંગ કહે છે - આપનું રૂપ જ કોણ જાણે એવું છે કે મારાં આ નયનો પલક મારવાનું ભૂલી ગયાં. જાણે તે રૂપને પીતાં ધરાતાં નથી. પલકાંતર વિરહ-ડરના કારણે પલક જ નથી પાડતા. આપનાં સર્વ

અંગ રસરૂપ છે. મારું ચિત્ત ભ્રમર છે. આ ગોવર્ધનધર એટલે કે મારી ઈન્દ્રિયોનું પોષણ કરવાનું જેણે વ્રત લીધું છે તેવા પ્રભુના સર્વ અંગો રસરૂપ હોવાથી મારું ચિત્ત જે અંગનું ચિંતન કરે છે ત્યાંથી ખસી શકતું જ નથી. (૧)

આપનાં પ્રત્યેક અંગની શું વાત કરવી? કહી શકવાનું સામર્થ્ય નથી તેવી અગાધ કીર્તિ છે. વળી તેમાં વિચિત્રતા તો એ છે કે મારા ચિત્તને આકર્ષવાનું કામ આપે જ કર્યું. તે એ રીતે કે મારી પાસે આવીને દહી માંગ્યું. અને એ વાણી અને અંગ-રૂપનો પ્રભાવ એવો કે ચિત્ત એમનું બની ગયું. માંગ્યું દહીં અને લીધું ચિત્ત. મારું ચિત્ત, દહીં જેમ માખણ જેવું રસરૂપ નથી તેવું રસરૂપ નથી, છતાં પણ પ્રભુના રસસ્વરૂપે તેને ક્યારે સેરવી લીધું તેની મને જાણ પણ ના થઈ. આ વાત અનહોની જ છે.

મારું મન તો સંસારમાં ભટકનારું કુમન હતું. સુમન નહિ પણ પ્રભુનો દાસ હોવાના નાતે તે મારા પ્રભુ હતા. તેટલા માત્રથી આપે મને પોતાની કરી (મિલન) મને મળ્યા. આવી આપની કૃપાળુતાની વાત ગોપી પોતાની સખીને કહે છે. (૨)

(૯૮) રાગ – નટ 3/૧૦3

મોહન નયન હૂ તે નહિ ટરત
વિન દેખે તાલાવેલીસી લાગત દેખત મન જો હરત ૧
અશન વસન સેનનકી સુધી આવે સબ કછુ ન કરત
ગોવિંદ બલ ઈમ કહત પિયારી તૃસિખ દેરી કેસકે આવે ભરન ૨

ભાવાર્થ :

મોહને એવી મોહની કરી છે કે મારી દૃષ્ટિમાંથી જતા નથી. ચિત્તમાં જવા માટે દૃષ્ટિ જ દ્વાર છે. જેથી ચિત્તમાં પણ તે જ છે. તેમના સિવાય બીજા કોઈને ચિત્તમાં આંખ દ્વારા પેસવા દેતા જ નથી. એવી મોહની કરી છે.

હવે તે દૃષ્ટિથી પર થઈ ગયા અને ચિત્તમાં ભરાઈને બેઠા. તેથી તેમને નિરખવાની ખૂબ જ તાલાવેલી લાગી છે. તેમની દૃષ્ટિ જ એવી છે કે મનને હરિ લેનાર છે તેથી મનને તેમની તાલાવેલી છે. (૧)

આહાર, વસ્ત્ર, દેહ કશાની સુધ હૂવે રહી નથી.

પ્રભુને જે પ્રિય છે તેવાં પ્યારી હવે કહે છે કે આ તૃષિત -તરસીને (તારાં દર્શન) દે ને ! હું શું કરું કે તે મને ભરી દેવા (ભરન) આવે ?

અહીં સ્વામિનીજીની વિરહ દશા વર્ણવી છે. (૨)

ગાય બુલાયવે કે પદ

(૯૯) રાગ – પૂર્વી ૩/૧૦૪

ગોવિંદ ગિરિ ચઢ ટેરત ગાય
ગાંગ બુલાઈ ધૌમર ધૌરી ટેરત વેણુ બજાય ૧
શ્રવણ નાદ સુન મુખ તૃણ ધર સબ ચિતઈ સીસ ઉઠાય
પ્રેમ વિવશ વ્હે હૂંકમાર ચહું દિશ તે ઉલટી ધાય ૨
ચતુર્ભુજ પ્રભુ પટપિત લીયે કર આનંદ ઉર ન સમાય
પોંછત રેણુ ધનુકે મુખતેં ગિરિ ગોવર્ધનરાય ૩

ભાવાર્થ :

ગોવિંદ (ગાયોના પાલક - રક્ષક) ગોવર્ધન પર્વત ઉપર ચઢીને દૂર દૂર ગએલી ગાયોને બૂમ પાડીને બોલાવે છે કેમકે હવે સંધ્યા થશે તેથી ઘરે જવાનો સમય થયો છે. આપે વેણુ વગાડી તેમાં ગાંગ, ધૌમર, ધૌરી દરેકને વેણુનાદથી પૃથક પૃથક બૂમ પાડીને બોલાવી. (૧)

આ વેણુનાદ સાંભળતાં જ મોઢામાં તૃણ હતું તે તેમ જ રાખીને પ્રેમ પૂર્વક દૃષ્ટિ કરીને, શીશ ઉઠાવીને, પ્રેમ વિવશ થઈને હૂંક મારવા લાગી અને ચારેબાજુ જે ચરતી હતી તે દિશાથી ઊલટી દિશામાં ધસમસતી દોડવા લાગી. (૨)

પ્રભુએ પિતાંબરનો છેડો હાથમાં ધરી રાખ્યો છે અને આપના ઉરમાં આનંદ સમાતો નથી અથવા આવા પિતાંબરધારી પ્રભુના દર્શનથી ગાયોનો આનંદ સમાતો નથી. ગિરિગોવર્ધનરાય તેવા પ્રભુ ગાયોના મુખ પર લાગેલી રજને પોંછી લે છે અને તે રીતે ગાયોની સેવા કરે છે તથા વ્હાલ કરે છે. (૩)

વિશેષ ભાવાર્થ :

જેમને ઈંદ્રમાનભંગ અને ગોકુલ રક્ષણની લીલા કરીને જગતમાં પોતાનું નામ ગોવિંદ - ગાયોના રક્ષક - નાથ પ્રસિદ્ધ કર્યું. નિ:સાધન ભક્તોના, ઈંદ્રિયો ધારીના રક્ષક તરીકે પોતાને પ્રસિદ્ધ કર્યા. જે રહસ્ય માત્ર ભક્ત અને ભગવાન વચ્ચે શરણાગત અને શરણદાતા વચ્ચે જ હતું તે સૌ દૈવીજીવો માટે માર્ગ બની રહ્યું. પ્રસિદ્ધિ બતાવવા માટે 'ગિરિ ચઢ' શબ્દ વાપર્યો છે. પ્રભુ હંમેશા પોતાના ભક્તનો યશ ચાહે છે.

અનવતાર કાળમાં પ્રભુ, મુખારવિંદરૂપ શ્રીઆચાર્યજી દ્વારા નિજજનો જેઓને માન્યા છે તેવા ત્રણ પ્રકારના ભક્તો - તામસ, રાજસ, સાત્વિકને પોતાના વચનામૃતરૂપ વેણુનાદથી બોલાવે છે. તામસને ગાંગ, રાજસને ધૌમર અને ધૌરી તે સાત્વિક છે. (૧)

આપનાં વચનને જો કર્ણમાં ધારણ કરે તો પછી સંસાર તેને તૃણ સમાન તુચ્છ જણાય આપનાં વેણુનાદ ગદ્યમંત્રથી પ્રભુને સમર્પિત થઈ જાય તેથી અસમર્પિતને તુચ્છ જાણે અને પ્રભુમાં (ચિતઈ) અનુરાગ થઈ જાય તેથી સીસ (બુદ્ધિ) ઉપર ઉઠે - હૃદયમાં પ્રેમ જાગે ''વિવશ વ્હે'' આસક્તિ થાય. 'હૂંક માર' વ્યસનાવસ્થા થતાં પ્રલાપ કરે, 'ચહું દિશતે' સર્વ સ્થળેથી સંસારથી વિમુખ થઈ 'ઉલટી' પ્રભુ ગામી ઉમળકા પૂર્વક થાય (ધાય). (૨)

ચતુર્ભુજ પ્રભુ કહેતાં જે પરબ્રહ્મ સ્વરૂપ છે તે જેના ચાર વ્યૂહ છે તેવા કૃષ્ણ રૂપે ભૂતલ ઉપર (પટ) બિરાજી, ભક્તોને આકર્ષીત કરવા પીળું વસ્ત્ર ધારણ કરી હાથમાં ધરી રાખ્યું છે. પ્રભુની આ સંજ્ઞાથી ભક્તોના હૃદયમાં રહેલો આનંદ પરમાનંદ થઈને છલકાઈ જાય છે. અનુભાવ પ્રકટ થઈ જાય છે પરસ્પરમાં. એવા રસ ભરપૂર ભક્તોનું રક્ષણ કરનારા જે ગિરિ ગોવર્ધનરાય બન્યા હતા, ઈન્દ્રકોપ વખતે તે ભક્ત ઉપર લાગેલ શરણાગતિના ભાવરૂપ રેણુને પોંછીને હવે સખ્ય ભાવનું દાન કરવા ચાહે છે. રાસલીલાના દાનનો અધિકાર આપે છે. (૩)

(૧૦૦) રાગ – પૂર્વી ૩/૧૦૪

ટેર હો ટેર કદંબ ચઢ દૂર જાત હૈ ગૈયાં
તુમ્હારી ટેર સૂનત બગ દેગી પાછે પીજે ધૈયાં ૧
ઝટકત રઈ પતૂખી ફારત ધાવત નંદ દુહૈયા
હમતેં બહુત તિહારે ગોધન, હસત કહા હો ભૈયા ૨
આજ હમારી ધિરત ન ધેરી ઉતહી કો જાત હૈ ધૈયા
રામદાસ પ્રભુ પર હૂંકત આંવી, હેરી દેત કન્હૈયા ૩

ભાવાર્થ :

સારસ્વત કલ્પમાં પ્રભુએ અનેક લીલા કરીને પોતાના ભક્તોને પ્રસન્ન કર્યા. અહીં સખ્યભાવની લીલા છે. વનમાં ગોપબાળકો સાથે પ્રભુ ગાયો ચરાવે છે.

સાંજનો સમય છે. ગાયોને ભેગી કરવાનો સમય થઈ ગયો છે. પરંતુ તે તો દૂર દૂર ચરવા ચાલી ગઈ છે. તેથી ગોપબાળકો કનૈયાને કહે છે - આપણું ગોધન દૂર દૂર ચાલી ગઈ છે માટે કદંબ ઉપર ચઢીને તેને હાંક મારો. કેમ કે આ ગાયો તો તમારી એવી હેરી છે કે તમારી હાંક સાંભળીને જ તે ભટકી ગયેલી ગાયો પાછી આવશે. (૧)

અમે જાણીયે છીએ કે આપનો ઘૈયાં પીવાનો સમય છે, તેનું પાત્ર પણ તૈયાર છે. પણ તે પછી આરોગજો. જે ભક્ત પ્રતિપાલ છે તથા જેણે સખ્ય સ્વીકાર્યું છે તેવા પ્રભુ ઝટકો દઈને ઊભા થઈ ગયા અને ઘૈયાં પીવા માટેનો જે પાંદડામાંથી બનાવેલો દડીયો હતો તેને ફાડીને ફેંકી દીધો. કદંબ પર ચઢીને નંદજીની દુહાઈ દઈને ગાયોને પૂકારવા લાગ્યા. પ્રભુ પોતાની પ્રભુતા નથી બતાવતા.

ત્યારે ગ્વાલ-બાલ મજાક કરવા લાગ્યા કે અમારું કામ તો ઝટકાથી કરતો નથી જ્યારે દૂધ પીવાનું છોડીને પણ ગાયોને પૂકારવા લાગી ગયો !

ત્યારે પ્રભુ પ્રત્યુત્તર આપે છે અરે ભાઈ શા માટે હસો છો ? અમને તો તમારું ગોધન અમારી જાત કરતાં પણ અધિક પ્રિય છે. (૨)

ગોપબાળકો ભોંઠપ અનુભવે છે અને વાતને વાળી દેતાં કહે છે કે અરે ભાઈ, આ ગાયો આજે અમારી ઘેર ઘેરાતી નથી અને અહીં તહીં પાછી ચાલી જાય છે માટે તને કહ્યું. પ્રભુની હાંક સાંભળીને બધી જ ગાયો હૂંકારા કરતી કરતી પ્રભુ સન્મુખ થઈ ગઈ. (૩)

વિશેષ ભાવાર્થ :

નિત્ય લીલામાં શ્રીઠાકોરજી જૂએ છે કે ભૂતલ પર જન્મેલા દૈવીજીવો (ગાયો) માયાવાદ તથા સંસારાસક્તિને કારણે (ઘાસની લાલચમાં) પ્રભુથી દૂર થઈ ગઈ છે. એટલે શ્રીઠાકોરજી શ્રીઆચાર્યજીને કહે છે કે - તમે કદંબ પર (આચાર્ય જેવા ઉચ્ચ સ્થાને) ચઢીને તે ભટકેલા જીવોને (ગાયોને) મોટા અવાજથી બોલાવો એટલે કે વેદવાણીથી પણ વિશિષ્ટ - પુષ્ટિવાણી પ્રકટ કરો જે (બગદ) ભટકેલાં છે તે તો આપની આવી પુષ્ટિઆજ્ઞાથી જ પાછાં આવશે.

હું જાણું છું કે હાલ આપ અમારી સાથે રસમગ્ન છો અને તે રસને વિશેષ માણવા માટે તત્પર છો પણ આપ તે રસરૂપ ઘૈયાંને પછી પીજો.

મહાપ્રભુએ જ્યારે પ્રભુનાં વચન સાંભળ્યા ત્યારે તત્સુખ માટે તત્પર તેવા આપ તરત જ કટીબદ્ધ થઈ ગયા, રસકટોરા રૂપ પોતાની દિવ્યભોગ ઈચ્છાને તત્કાલ પૂરતી કચડી નાંખી અને પ્રભુની કહેણી આપીને - નંદદુલારાની કહેણીથી ભૂતલના જીવોના ઉદ્ધારાર્થે ભૂતલ ઉપર પધાર્યા અને ભગવદ્‌વાણી ઉચ્ચારી.

ત્યારે પ્રભુએ શ્રીઆચાર્યજીને મજાકમાં કહ્યું કે - શું તમોને અમારાથી પણ તમારા સેવકો (ગાયો) ખૂબ વ્હાલા છે કે અમને છોડીને ભૂતલ ચાલી નીકળ્યા !

ત્યારે શ્રીઆચાર્યજીના અંતઃકરણ પ્રબોધમાં જે બે, દેશ-દેહ પરિત્યાગ વાળી પહેલી બે આજ્ઞા અવગણી હતી તેના સંદર્ભમાં કહે છે. શા માટે મજાક કરો છો ? આપની આજ્ઞા તો પાળી રહ્યા છીએ.

ત્યારે પ્રભુ વાતને વાળી લેતાં કહે છે, આ ભટકી ગયેલા જીવો (ગાયો) અમારી જ અંગ સૃષ્ટિ (ધન) છે પણ તેમની સંસારાસક્તિ (ઘાસ ચરવાની ઈચ્છા) એટલી પ્રબળ છે કે આજે તો તે અમારાથી પણ દોરાતી નથી. માટે જ તમોને આજ્ઞા કરી છે. (અમોએ ગાયોને ઘેરવાની લીલા સારસ્વત કલ્પમાં કરી હતી. તેઓ તો નિઃસાધન જીવો હતા પણ આ તો દુષ્ટ સાધન જીવો છે. જેથી તેમને ઘેરવાની લીલા આપ જ કરો)

વસ્તુતઃ કૃષ્ણ એવા શ્રીવલ્લભે પોતાના પ્રબળ પ્રેમલક્ષણા ભક્તિમાર્ગની હેરી આચાર્યપદેથી દીધી કે તુરત જ જે પુષ્ટિલીલાવાળા ભક્તો હતા તે હોંકારા કરતા કરતાં એટલે કે પ્રસન્નતાપૂર્વક અને પોતે તો ભટકી ગયા છે તેનું ભાન થતાં પ્રભુ તરફ દોટ મારી પાછા વળ્યા.

ત્રીજોભાવ :

આ મહાપ્રભુની ભૂતલલીલાના સંદર્ભમાં છે. શ્રીઆચાર્યજી યમુના કીનારે ગોકુલમાં બિરાજ્યા છે. વિચારમગ્ન છે કે પ્રભુની આજ્ઞાથી દૈવી પુષ્ટિ જીવોના ઉદ્ધારાર્થે પધાર્યો છું પણ સંસારાસક્ત આ જીવોને સંસાર (ચારો) ખૂબ જ પ્રિય છે. જેથી તે પ્રભુથી દૂર ચાલી ગયા છે. હવે કયો ઉપાય કરવો ? કંઈ સૂઝતું નથી કેમ કે જીવ દોષથી ભરેલો છે અને પ્રભુ તો નિર્દોષ છે.

ત્યારે આર્તીના કારણે આપ પ્રભુને વિનતી કરે છે કે - હે પ્રભુ હવે તો ફરી કદંબના વૃક્ષ ઉપર ચઢીને ફરી એકવાર આપના શબ્દરસને - વેણુરસને વહેતો

કરો કેમ કે સહસ્ત્ર પરિવત્સરથી ભટકી ગયેલા જીવ માત્ર આપના મધુરરવથી પાછા આવશે.

અમે જાણીયે છીએ કે આપ નિત્યલીલામાં ભક્તો સાથેની લીલામાં મગ્ન છો પણ થોડો સમય માટે તે છોડીને પણ આ જીવો ઉપર પણ કૃપા કરો.

શ્રીમહાપ્રભુના આર્તીયુક્ત વચનો (ગોપીગીત) સાંભળીને હૃદયમાં બિરાજેલા પ્રભુ બહાર સાક્ષાત્ પ્રકટ થયા અને સહસ્ત્ર પરિવત્સર... ગદ્યમંત્ર કે જે વેણુનાદ સમાન છે તે આ ભટકેલા જીવો માટે આપ્યો. જેમાં તે સામર્થ્ય હતું.

આટલી કૃપા કર્યા પછી પ્રભુ મજાકમાં શ્રીઆચાર્યજી ને કહે છે કે શું તમોને અમારા સુખની પડી નથી કે અમને પૂકાર્યા ? તમને તો તમારા ગોધન જ (સેવકો જ) વ્હાલા છે ? ત્યારે શ્રી આચાર્યજી કહે છે શા માટે મજા કરો છો ? આ પુષ્ટિ સૃષ્ટિ તો આપની જ અંગસૃષ્ટિ છે.

શ્રી આચાર્યજી કહે છે કે અમારાથી આ ભટકી ગયેલા જીવોના ઉદ્ધાર માટે કોઈ શાસ્ત્રોક્ત ઉપાય દેખાતો ન્હોતો માટે તે આપને વિનતી કરી કે આપ હાંક મારો.

પછી તો આ નિવેદનમંત્ર રૂપ હાંકના કારણે જે દૈવી પુષ્ટિસૃષ્ટિ હતી તે દોડતી હૂંકારા દેતી પોતાના નિજધામ ભણી દોડવા લાગી. સંસારાસક્તિ (ઘાસ)ને છોડીને ભગવદાસક્તિ પ્રતિ ! *(પ્રપંચવિસ્મૃતિ - ભગવદાસક્તિ* (નિરોધ).

ભોગ સમય

(૧૦૧) રાગ – નટ **૩/૧૦૪**

હમેં વ્રજરાજ લાડીલેસોં કાજ
યશ અપયશકો હમેં કહા ડર કહિનો હોય સો કહી લેઉ આજ **૧**
કેંધો કૃપા કરી ધો ન કરી જો સન્મુખ વ્રજનૃપ યુવરાજ
ગોવિન્દ પ્રભુકી કૃપા ચાહિયે જોં હૈં સકલ ઘોષ સિરતાજ **૨**

ભાવાર્થ :

ગોપીને પ્રભુની ખૂબ જ આર્તી થઈ છે. પ્રભુપ્રાપ્તિ માટે અધીરી થઈ ગઈ છે. (ભોગ સમય).

તેથી કહે છે કે હું તો એક જ વાત સમજું કે મને તો આ વ્રજમાં જેમનું રાજ ચાલે છે એટલે કે આ મારો દેહ, આત્મા અને મારું સઘળું તેના પર એકમાત્ર હક્ક મારા

લાડીલા વ્રજરાજનો છે તેથી મારે તો તેમનું જ કામ છે. તેની પ્રાપ્તિ તે જ મારું ધ્યેય છે. તેને માટે મારે જે ભોગ આપવો પડે (ભોગસમય) તે મને મંજૂર છે. સ્ત્રીઓ માટે યશ બહુ મહત્ત્વનો છે તેથી ગોપી કહે છે ભગવદ્પ્રાપ્તિ થયેથી કદાચ કોઈ મારાં વખાણ કરે કે કોઈ મારી નિંદા કરે અથવા જે કંઈ વાણીથી બોલે, કે મનથી વિચારે તે બધાંનું વળગણ મને નથી. મારું વળગણ તો આ મારા ગોવિન્દથી છે. (૧)

હે વ્રજનૃપ (નંદજી) ના યુવરાજ ગોવિન્દ, આપ શા માટે મારી પર કૃપા નથી કરતા ? અને શા માટે સન્મુખ નથી થતા ? હું ફરી કહું છું કે મને કંઈ નથી જોઈતું બસ આપની કૃપા જ ચાહું છું. કેમ કે તમે જ આ સકલ ઘોષ - ઘર - દેહ - સ્ત્રીહૃદયોના માથાના મુકુટ છો. અમારું શિર - સર્વસ્વ તમે જ છો.

(૧૦૨) રાગ – નટ ૩/૧૦૪

હોં તો ભઈ વિરહ ખિલાનો અવધિ આસ લગી સજનીરી
ઘરીઘરી પલપલ વરસ વરસ જાત ૧
વિનકે દરસ વિન પલક લગેં ન પલકોના
જોઈ જોઈ કહેં રંગ રટના દેખો પંછી પરવસ રાત જગોનાં
કહી ન જાય કછું સુંદર ઘન કે પ્રભુ પ્રીત કરી કે ઘોંટોના ૨

ભાવાર્થ :

હું તો આપના માટે વિરહરૂપ ખેલ બની ગઈ છું. પણ હે સજની, મારી આશા લાગી રહેલી છે, આટલો બધો સમય વીત્યાં છતાં (અવધિ આસ લાગી સજની રી) એક એક ઘડી, પલ-પલ, વરસ-વરસ જઈ રહ્યા છે. પરંતુ મારી પલકો આપનાં દર્શન માટે રાહ જોતી પલકારો પણ નથી મારતી. તેટલી તલસાટ છે. (૧)

આપ ઈચ્છે તેવી સર્વ સામગ્રી સિદ્ધ કરવા માટે તત્પર છું. (જોઈ જોઈ કહે રંગ) મારી વાણીથી રટણ તો જો રાત્રે પંખીઓ શાંત થઈ ગયા પણ હું તો મારા પ્રભુને વશ છું કાળને વશ નથી તેથી રાત્રે પણ જાગું છું. (રટના દેખો પંછી પરવસ રાત જગોના) હવે વિશેષ કહેવા માટે મારી પાસે શબ્દો નથી (કહી ન જાય કછુ) હે સુંદર ઘન પ્રભુ, આપ તો સ્વયં સુંદર છો અને વળી રસઘન છો, સ્વામી છો તેથી આપ તો ચાહે તે કરો પરંતુ એક વાત તો વિચારો કે પ્રીત કર્યા પછી તે પ્રીતનું પાલન કરવું જોઈએ કે તેને રૂંધી નાખવી જોઈએ ? તેને મારવી જોઈએ ? બસ આટલું વિચારીને પણ મારા પર કૃપા કરો. (પ્રીત કરી કે ઘોંટો ના) (૨)

(૧૦૩) પૂર્વી 3/૧૦૪

આગે ગાય, પાછે ગાય, ઈત ગાય, ઉત ગાય
ગોવિંદ કો ગાયનમેં બસવોઈ ભાવે
ગાયનકે સંગ ધાવે, ગાયનમેં સચુ પાવે
ગાયનકી ખુર રેણું અંગ લપટાવે ૧
ગાયનસોં વ્રજ છાયો વૈકુંઠ વિસરાયો
ગાયનકે હેતુ કર ગિરિ લે ઉઠાવે
છીતસ્વામી ગિરિધારી વિઠ્ઠલેશ વપુધારી
ગ્વારીયાકી ભેખ ધરે ગાયનમેં આવે ૨

ભાવાર્થ :

સાંજનો સમય છે, પ્રભુ વનમાંથી વ્રજમાં પધારી રહ્યા છે તે સમયે, દૂરથી આપના દર્શન કેવા થાય છે તેનં વર્ણન કરે છે.

કે પ્રભુ ગાયોની મધ્યમાં રહીને પધારે છે એટલે કે આપની આગળ પણ ગાયો છે. પાછળ પણ ગાયો છે, નજિકમાં પણ ગાયો છે અને દૂર સુધી પણ ગાયો છે. એમ જ લાગે છે કે જાણે જેમણે ગોવિંદ નામ ધર્યું છે તે સાર્થક કરવા માટે આપને ગાયોની મધ્યમાં બિરાજવું જ ગમે છે. ગાયો દોડે છે તો સાથે આપ પણ દોડે છે. આપ ગાયોની પ્રત્યેક ક્રિયામાં આનંદ અનુભવે છે. તે એટલે સુધી કે ગાયોના દોડવાથી ખરીથી ઉડતી રજને પણ પોતાના અંગે લપટાવવામાં આનંદ માને છે. આવી આપની ગાયો પ્રતિની વાત્સલ્યતા છે, ગાયો પ્રતિની ભક્તિ છે. (૧)

આખું વ્રજમંડળ ગાયોથી છવાઈ ગયું છે. એટલી ગાયોની વૃદ્ધિ આપના સ્નેહને કારણે થઈ ગઈ છે અને આપનો ગાયોમાં એટલો બધો નિરોધ સિદ્ધ થઈ ગયો છે કે આપ પોતાના નિત્યધામ વૈકુંઠને પણ વિસરી ગયા હોવ તેમ જણાય છે. ગાયો પ્રતિનું કલ્યાણ કરવાની ભાવના એટલી બધી છે કે જ્યારે ઈંદ્રે રોષ કરીને ભારે વર્ષા કરી ત્યારે આ ગાયોના રક્ષણ માટે તથા તેમના ઘાસ-ચારા અને વિહારના ધામ રૂપ ગોવર્ધન ગિરિને ઉઠાવી લીધો. એટલે કે અશક્ય તેવા સર્વ કાર્યો નિજજનો માટે કરવા શક્ય કર્યાં. જે સ્નેહવશ આપ ભૂતળ ઉપર પધાર્યા તેને ખાતર મહાત્મ્ય પ્રકટ કરતાં પણ ન અચકાયા.

પરંતુ છીતસ્વામીજીનો ભાવ તો એવો શ્રીગુસાંઈજી પ્રતિનો છે કે આ જે ગિરિધારી છે તે જ ફરી વિઠ્ઠલેશ નામનો દેહ ધરીને પધાર્યા છે. જેમણે ગ્વાલનો વેશ ધારણ કર્યો હતો તે પરબ્રહ્મ પરમાત્મા પુરૂષોત્તમ જ આ ગાયોની વચ્ચે પધાર્યા છે તે જ વિઠ્ઠલેશ પ્રભુચરણ છે. (૨)

વિશેષ ભાવાર્થ :

પુષ્ટિપ્રભુ ભૂતલ પર અવતારી રૂપે જે પધાર્યા છે તે અસુરોના સંહાર માટે નહિ પણ જે ભક્તો છે, જે નિર્ગુણ નિઃસાધન ભક્ત છે તેમના હિતાર્થે પધાર્યા છે. જેથી આપ હંમેશા તેવા ભક્તો (ગાયો)થી વિંટળાયેલા રહે છે.

(તાદૃશ વેષ્ટિતઃ) ભક્તોનો સાથ તે એક ક્ષણ પણ છોડતા નથી. ભક્ત દોડે તો તેની સાથે દોડે છે. ભક્તને પ્રભુની આર્તી થાય, પ્રભુ પ્રકટ ન જણાય ત્યારે તેનું ચિત્ત પ્રભુ તરફ ખૂબ જ ઝડપથી દોડે છે તો પ્રભુ પણ તેવા ભક્ત માટે દોડે છે. પ્રભુ જે સ્વાનંદતુંદિલ છે તેવા પ્રભુ ભક્તના સુખે ખુશી વ્યક્ત કરે છે અને ભક્તના દુઃખે દુઃખી થાય છે. (ડોશીમાના બે છોકરા મરી ગયા તેનો શોક પાળીને તે સ્વરૂપ આજ પર્યંત માથે ટોપી નથી ધરતા અને આપનો ભક્તપ્રેમ એટલો ચરમસિમાએ પહોંચે છે કે ભક્ત ભોક્તા બને છે અને પોતે ભોગ્ય બને છે. (ગાયનકી ખુરરેણુ અંગ લપટાવે) તેવા ભક્ત માટે તો આપ પોતાનું નિત્યધામ પણ ભૂલી જાય છે. (ભગવાન દ્વારકામાં હોવા છતાં વ્રજભક્તોને યાદ કરતા હતા ત્યારનો પ્રભુની પટરાણીઓ સાથેનો સંવાદ)

વ્રજ વ્હાલું રે વૈકુંઠ નહિ આવું ત્યાં વ્રજ ભક્તો ક્યાંથી લાવું ?

આવા ભક્તો માટે પ્રભુ કોઈ પણ કાર્ય કરવા તત્પર થઈ જાય છે. ભક્તોને પોતાનાથી ભિન્ન નથી ગણતા, નથી જાણતા. પ્રભુ તેવા ભક્તના હિતકારી છે. અશક્યે વા સુશક્યે વા સર્વથા શરણં હરિ...

હરિસ્તુ સર્વતો રક્ષામ્ કરિષ્યતિ ન સંશયઃ

શ્રીવિઠ્ઠલેશ પણ પોતાના શિષ્યોનું હિત કરવાવાળા છે. પોતાના ભક્તોને પોતાની અંગસૃષ્ટિ જાણે છે. જેથી તેમના દુઃખે દુઃખી અને તેમના સુખે સુખી છે. (ચાચાજીને ઠોકર વાગી તો આપશ્રીની આંખો દુખવા આવી) પોતાના ભક્તો - શિષ્યો માટે આપ ચિંતામણિ અને કલ્પદ્રૂમ સમાન છે. આપ અહીં વિપ્રવેશ ધારી છે પણ આપ હરિ જ છે.

(૧૦૪) રાગ – ગોરી

હાંકે હટક હટક, ગાય ઠઠક ઠઠક રહી
ગોકુલ કી ગલી સબ સાંકરી
જારી અટારી ઝરોખન ઝોખન ઝોંકત
દૂર દૂર ઠોર ઠોર તે પરત કાંકરી ૧
ચંપકલી કુંદકલી વરસત રસભરી
તામેં પુન દેખિયત લીખે હૈં આંકરી
નંદદાસ પ્રભુ જહીં જહીં દ્વારે ઠાડે હોત
તહી તહી વચન માંગત લટક લટક જાત
કાહૂ સો હાં કરી કાહૂ સે ના કરી ૨

ભાવાર્થ :

પ્રભુ ગાયોને હંકારીને સાંજ ગોકુલમાં પધારી રહ્યા છે ત્યારે હા હા શબ્દોના ઉચ્ચાર કરીને હાંકી રહ્યા છે ત્યારે ગાયોના ચાલવાનો અવાજ ઠર ઠર જેવો આવી રહ્યો છે. જ્યાંથી ગાયોનો સમૂહને આપ હાંકી રહ્યા છે તે ગલીઓ ઘણી સાંકડી છે અને ત્યારે ગોપીઓ પ્રભુના દર્શન માટે અધિરી થઈને કોક જાળીમાંથી તો કોઈક અગાશી પરથી તો કોઈ ઝરુખા પરથી તો કોઈ ગવાક્ષમાંથી આપની ઝાંખી કરી રહી છે. અને સાથે સાથે પોતાના તરફ ધ્યાન દોરવા માટે દૂર દૂર ઊભી રહેલી તથા આજુબાજુમાં ઊભી રહેલી ગોપીઓ કાંકરી પ્રભુ ઉપર નાખી રહી છે.(૧)

પરંતુ કાંકરી ચંપાનીકળી તથા કુંદની કળીમાં વીંટાળીને વરસાવી છે. પ્રભુ તે કાંકરીને ઉઠાવીને ખોલીને જૂએ છે. કળીમાં કંઈક લખ્યું છે તે જુએ છે. તેથી પ્રભુ તેના દ્વારે ઠાડા રહે છે ત્યાં ત્યાં તે તે ગોપી પ્રભુ પાસે મિલન માટે વચન માંગે છે. ત્યારે પ્રભુ કોઈને હા કહે છે તો કોઈને ના કહીને લટકાળી ચાલથી પાછા ગાયો સાથે ચાલી નીકળે છે. ના કહેવાનો અર્થ એ કે કાલે જે હું કહેવા છતાં આવ્યો નહોતો તેવું હું આજે નહિ કરું.

વિશેષ ભાવાર્થ :

અનવતારકાળમાં શ્રીવલ્લભે જે, ગ્રંથોથી મર્યાદા મૂકી છે તદ્‌નુસાર ચાલવું જોઈએ (હાંકે) જીવકૃત કે ભગવદકૃત પ્રતિબંધો પણ આવે (હટક હટક) પરંતુ જીવે (ગાયો) તો શ્રીઆચાર્ય વચનો પ્રતિ પ્રતિબદ્ધ અડગ (ઠઠક-ઠઠક) જ રહેવાનું છે. જેમાં સૌ પહેલું વચન છે કે દૈવી જીવો (ગોકુલ) એ અનન્ય આશ્રયે રહેવું (ગલી

સાંકરી). અનેક દેવોને આશ્રિત થવા જેટલી આ ગલી પહોળી નથી. આમાં તો માત્ર એક કૃષ્ણ જ પસાર થઈ શકે. ‘‘તુમ્હારે સેવક દૂબલે ક્યું ?’’ આવી સાંકડી ગલીમાંથી જવાનું છે માટે. અને એક કૃષ્ણ એક ગોપીનો આ માર્ગ છે. ટોળાં માર્ગ નથી, તેથી તો ગૃહસેવાની મુખ્યતા છે. પ્રભુને નિહાળવાના છે. માત્ર આંખોથી નહિ પણ દરેક ઈંદ્રિયોના છિદ્રોથી. આ દર્શન માર્ગ નથી, સેવા માર્ગ છે. સર્વ ઈંદ્રિયોના વિનિયોગનો માર્ગ છે. (જારી-અટારી-ઝરોખન-મોખન ઝાંખત) પ્રભુ પ્રતિ ચારે કોરથી પડવાનું છે. (દૂર દૂર ઠોર ઠોર તે) અને નિઃસાધન ભાવથી પ્રભુને સન્મુખ થતાં કાંકરી - કીંકરી (ગોપીગીત) દરેક ભાવથી રાખવાનો છે. (સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપઃ) તે ભાવ સુકોમળ પ્રભુને પ્રસન્ન કરે તેવાં, નાસિકા ચક્ષુ વગેરે ને સુખ થાય તેવા પુષ્પ સમાન હોવા જોઈએ અને તેમાં હૃદયનો રસ ભરીને વરસી પડવાનું છે (પૂર્ણ ભાવથી) ત્યારે પ્રભુ તે ભાવને તપાસશે કે તેમાં માહાત્મ્યજ્ઞાન પણ છે કે નહિ ? કેમ કે અનવતારકાળમાં ભક્તિની વ્યાખ્યા પ્રમાણે તે જરૂરી છે. (પુન દેખિયત લીખે હે આંક્રી) ત્યારે પ્રભુ પ્રસન્ન થઈને દરકે ઈંદ્રિયોમાં બિરાજવા તત્પર થઈને ઠાડા રહે છે. ત્યારે તે તે ઈંદ્રિયો પ્રભુ પાસે વચન માંગે છે કે પ્રભુ ‘‘અનત ન જઈએ રહિયે મેરે હી મહલ’’ પરંતુ પ્રભુ સ્વામી છે. સ્વામીનો સ્વામી કોઈ છે ? પ્રભુ હંમેશા જીવ માટે હિતકારી વચનો જ કરે. કેમ કે આપ ‘‘સત્ય સંકલ્પ તો વિષ્ણુઃ’’ છે. તેથી કોઈ ગોપીના હિતમાં તેને હા કહે છે તો કોઈને ના કહે છે અને તેમાં પણ જીવે તો પોતાનું હિત કે પરીક્ષા અર્થે, ધૈર્ય ધારણ કરવા વિચારવું કે પોતાની કાચી દશા છે. ‘‘અપનો દોષ તું દેખ સખી રી ઉન કો કછૂ નવ કહીયે’’.

પ્રભુ પોતાની લટકતી ચાલે જતા હોય તેના દર્શન પર વારી જવાનું.

(૧૦૫) રાગ – ગોરી 3/૧૦૫

ગૌરજ રાજત સાંવલ અંગ
દેખ સખી બનતેં વ્રજ આવત ગોવિન્દ ગોધન સંગ ૧
અંબુજ વદન નયન યુગખંજન ક્રીડત અપને રંગ
કુંચિત કેશ સુદેશ માનોં અલિ શોભિત યે સંગ પ્રસંગ ૨
કબહૂંક વેણું બજાવત કર ધર નાના તાન તરંગ
ચતુર્ભુજ પ્રભુ ગિરિધરનાગર પર વારો કોટિ અનંગ 3

ભાવાર્થ :

સાંજના સમયે પ્રભુ વનમાંથી વ્રજમાં પધારી રહ્યા છે. ત્યારે એક ગોપી પોતાની સખીને દૂરથી પધારતા પ્રભુને બતાવીને પોતાનો પ્રેમ પ્રકટ કરી રહી છે. જો સખી, વનમાંથી વ્રજમાં ગોવિન્દ ગાયોના સંગે પધારી રહ્યાં છે. આપનો સાંવળો વપુ-અંગ ઊડતી ગોરજથી છવાયેલો છે. (૧)

હવે પ્રભુ થોડાક નજીક આવતાં સઘળા અંગ સ્પષ્ટ દેખાઈ રહ્યા છે તેથી આગળ વર્ણન કરે છે કે આપનું વદન અંબુજ (જળમાંથી પેદા થયેલ) સમાન છે. તેમાં જે બે નયન છે તે જાણે ખંજન પક્ષી જેવા છે. તેઓ જાણે સ્વતંત્ર ક્રીડા કરે છે. (આંખ નચાવે છે) ભમરા સમાન વાંકડીયા મનોહર વાળ જાણે તેઓની સાથે શોભી રહ્યા છે અને આ એક જ દૃશ્ય હોય તેમ લાગે છે. (૨)

પ્રભુ ક્યારેક વેણુ બજાવે ત્યારે જાણે તે જળમાં તરંગ ઉઠતા હોય તેમ જણાય છે.

આવા ચતુર્ભુજદાસના પ્રભુ કે જે ગિરિધરનાગર છે તેમના સૌંદર્ય ઉપર કરોડો કામદેવને વારી ન્યોછાવર કરી દઈએ. (૩)

વિશેષ ભાવાર્થ :

જે ઈંદ્રિયધારી (ગૌ) ભક્ત પોતાને રજ (નિઃસાધન) માને છે તેને પ્રભુ પોતના સ્વરૂપાનંદનું સુખ આપે છે. જો સખી, આ પ્રભુ કેવા કૃપાળુ છે કે જે વ્યાપી (વન) વૈકુંઠમાં સર્વ સ્થળે બિરાજે છે તેવાં પરબ્રહ્મ વ્રજમાં પધારી રહ્યાં છે. કેમ કે આપ આ ભૂતલ પરના દૈવી ભક્તોનું કલ્યાણ કરવા વાળા ગોવિંદ છો અને આપ સદા ભક્તો (ઈંદ્રિયોધારી-ગો)થી વિંટળાયેલા રહો છો કે જેમનું ધન-સંપત્તિ આપ જ છો. આપ અંબુજ-કમળ સમાન સ્વરૂપવાળા, કોમળ, સુગંધીત, નિર્મળ મનોહર છો. (વદન-કથન) આપની વાણી પણ તેવી જ મધુરી છે. અંબુજ કહેતાં અંબ - જનની. સર્વ જેમાંથી પેદા થયા છે તેવા આપ છો. જલમાંથી પૃથ્વી પેદા થઈ છે તેવા ઉપનિષદ વાક્યો છે તેથી પૃથ્વી - ભૂતલનું કારણ પણ આપ છો. વદન - નાદસૃષ્ટિ પણ આપ છો, નયન - વહન કરનાર , યુગ - કાળના નિયામક પણ આપ છો. ખંજન - આપ ચંચલ છો. એટલે કે આપને વશ કરવા સરળ નથી. ખંજ - પગને જકડવું. જગતની ક્રિયાશક્તિને રોકનાર પણ આપ જ છો. આપ આપની ઈચ્છા મુજબ જ ક્રિડા કરવાવાળા સ્વતંત્ર છો. કુંચિત - વાંકડીયા, સૌને ભ્રમિત કરી દેનાર. કેશ - બ્રહ્મની એક પ્રકારની વિશિષ્ટ શક્તિ - વિષ્ણુ. આપ જ સૌને ભ્રમમાં નાખી દેનાર વિશિષ્ટ શક્તિને ધારણ કરનાર પરબ્રહ્મ વિષ્ણુ (કૃષ્ણ) છો.

(બ્રહ્માએ વાછડા ચોર્યાનો પ્રસંગ) છતાં પણ આપ (વ્રજભક્તોના) મનનું હરણ કરવાવાળા છો. આપ આવા સમર્થ પરબ્રહ્મ હોવા છતાં આપની શોભા તો ભક્તો (ફૂલ)ની પાછળ મુગ્ધ થઈને ફરો છો તેવાં ભ્રમર છો. (અલી શોભિત યે સંગ પ્રસંગ)

અનવતાર કાળમાં આપ શ્રીઆચાર્યજી રૂપે થઈને આપના અધારમૃતનું પાન આપના નામ-રૂપ લીલા વચનો દ્વારા કરાવો છો. તેવા વાણીતરંગો ઉપર જે વિહાર કરે છે અને કરાવે છે તે શ્રીવલ્લભ છે.

સ્ફૂરત્ કૃષ્ણ પ્રેમામૃત રસ ભરેણાતિ ભરિત
વિહારન્ કુર્વાણા વ્રજપતિ વિહારાબ્ધિષુ સદા
પ્રિયા ગોપીભર્તુ સ્ફૂરતુ સતતં વલ્લભઈતિ

એવા પ્રભુ કે જે ચારેય યુગમાં ચારેય પુરૂષાર્થરૂપ છે અંતઃકરણના ચારેય વિભાગ (મન, બુદ્ધિ-ચિત્ત, અહંકાર)ના વિષય બનવા લાયક છે. અંતઃકરણના કાર્ય (વિચાર નિશ્ચય સ્મરણ અને અનુભવ) કરવા લાયક છે, જેની કૃપા (આરૂઢ પતીતતા, લૌકિક બુદ્ધિથી વેદશાસ્ત્રની નિંદા, પરસ્ત્રી ગમન, વિદ્વાન ભગવદ્ ભક્તો કે બ્રાહ્મણની ઈર્ષ્યા, વેદવિરુદ્ધ આચરણમાંથી ઉગારનાર છે. ચારે વર્ણ તથા ચારેય આશ્રમમાં જે અકે માત્ર ભજવા લાયક છે. ચારેય પ્રકારના સાયુજ્ય, સાલોક્ય, સારૂપ્ય, સામિપ્ય ફળ આપનાર છો. જેમના ચરણમાં ચાર પ્રકારના ધર્મ (સત્ય, દયા, તપ અને પવિત્રતા) બિરાજે છે. ચારેય પ્રકારથી (જ્ઞાન, યોગ, શિવભક્તિ તથા વિષ્ણુભક્તિથી) પ્રાપ્ત મોક્ષ આપનારા પણ જે છે તે, ચારેય પ્રમાણ ગ્રંથમાં પ્રમાણરૂપ (વેદ, બ્રહ્મસૂત્ર, ભગવદ્ ગીતા, શ્રીમદ્ભાગવત)માં પણ આપ છો. પુષ્ટિમાર્ગીય મોક્ષ (સેવાપયોગી દેહ, ભગવલ્લીલા દર્શન, ભગવદ્ રસાનુભવ, સર્વાત્મભાવ) આપનારા પણ આપ છો. ચાર પ્રકારના પ્રલય (નિત્ય, નૈમિત્તિક, પ્રાકૃતિક, આત્યંતિક કરનારા પણ આપ છો. ચારેય પુષ્ટિ અવતાર (કૃષ્ણ, રામ, નૃસિંહ, વામન) લેનાર પણ આપ છો. સ્નેહના ચારે ય સ્વરૂપ (પ્રેમ, આસક્તિ, વ્યસન, તન્મયતા)નું દાન કરનાર પણ આપ છો. ચારેય સ્વામનિજી (રાધિકાજી, ચંદ્રાવલીજી, રાધા સહચરીજી, યમુનાજી) જેમના સંગે બિરાજે છે તેવા આપ છો. ચારે ય ગુણો (તામસ, રાજસ, સાત્વિક તથા નિર્ગુણતા)ના કારણરૂપ પણ આપ છો.

(૧૦૬) રાગ – પૂર્વી

ધરે ટેઢી પાગ ટેઢી ચંદ્રિકા ટેઢે ત્રિભંગી લાલ
કુંડલ કીરણ માનો કોટી રવિ ઉદય હોત ઉર રાજત વનમાલ ૧
સાંવરે વદન પિતાંબર ઓઢે બજાવત મુરલી મધુર રસાલ
નંદદાસ વનતે વ્રજ આવત સંગ લીયે વ્રજબાલ ૨

ભાવાર્થ :

પ્રભુ વનમાંથી વ્રજમાં પધારી રહ્યા છે. તે સમયના પ્રભુના સ્વરૂપનું વર્ણન નંદદાસજી કરે છે. આપશ્રીએ પાઘ જે શિર પર ધરી છે તે થોડી વાંકી છે અને તે પાઘની ય ઉપર જે ચંદ્રિકા બિરાજે છે તે પણ થોડી વાંકી છે અને આપનું પૂરું શ્રીઅંગ પણ ત્રણ જગેથી ટેઢું છે. એક કંઠ પાસે, બીજું કમરે અને ત્રીજું ચરણારવિંદ પાસે આમ આપ ત્રિભંગી સ્વરૂપે છે. આપના કર્ણમાં બિરાજતા કુંડલમાંના હીરા ઉપર સૂર્ય કિરણો પડતાં જે ચમક પ્રકટ થાય છે તે જાણે કરોડો સૂર્ય ઉદય થયા હોય તેવી છે. આપના શ્રીકંઠમાં હૃદય સુધી પહોંચતી વનમાલા શોભી રહી છે. (૧)

આપનું મુખારવિંદ સાંવળું છે. આપે પિતાંબર ધારણ કર્યું છે અને આપ મુરલી બજાવી રહ્યા છે જેનો સ્વર સૂર-નાદ - રવ બધું જ મધુર એટલે કે કર્ણપ્રિય છે અને સાથે રસાલ છે એટલે કે ભાવોદ્દીપક છે. આવા પ્રભુ વનમાંથી વ્રજમાં પધારી રહ્યા છે અને આપના સંગમાં વ્રજના ગોપબાળકો પણ છે. નંદદાસજીને આવાં દર્શન થતાં નિરોધ સિદ્ધ થયો છે. (૨)

વિશેષ ભાવાર્થ :

પ્રભુ ઈશારાથી જીવને સમજાવી રહ્યા છે કે ભૂતલ પર સંસાર પ્રવાહમાં વહી રહેલો જીવ પ્રભુ સન્મુખ કેવી રીતે થઈ શકે ? પ્રભુ વનમાંથી વ્રજ પ્રતિ એટલે કે જ્યાં જીવ ભટકી રહ્યો છે તે દિશામાં પધારી રહ્યાં છે. જીવ નિઃસાધન છે. તે સામે પ્રવાહે તરીને કિનારે આવી શકે તેવું તેનું સામર્થ્ય નથી. તેથી તો કૃપાળુ પ્રભુ ઈશારો કરે છે (ભીમ-જરાસંધના યુદ્ધ વખતે નિર્ણાયક ઈશારો પ્રભુએ કર્યો હતો, તે ભક્ત વત્સલતાના કારણે જ). પ્રભુએ પાઘ ટેઢી ધરી છે. ચંદ્રિકા પણ ટેઢી ધરી છે અને પોતે પણ ત્રિભંગી ત્રણ રીતે ટેઢા થઈને કહે છે - સામે પ્રવાહે નહિ, પ્રવાહની દિશામાં નહિ પણ થોડું ટેઢું તરશો તો પ્રવાહમાંથી બહાર નિકળવામાં પ્રવાહ જ ઉપયોગી થશે. તમારે થોડોક પ્રયાસ સ્વયં કરવાનો છે. કલિકાળ વિસમ છે જેથી ટેઢા થવું જરૂરી છે. ત્યાગ નહિ, રાગ નહિ, પણ પ્રભુમાં વિનિયોગ કર્યા

પછી આપના પ્રસાદરૂપે ભોજનની ભાવનાથી ભોજન લેવું. આ ટેઢી રીત. શિરના રક્ષણરૂપ જે પાઘ જે સર્વોચ્ચ સ્થાને છે તે વેદના વચનો પણ થોડા ટેઢા, કરીને અનુસરો, તેવા વેદમાં ચંદ્રિકા રૂપ સ્નેહ તત્ત્વને શોધીને. તે સ્નેહ પણ ટેઢો, તે રીતે કે મને પુત્ર-મિત્ર વગેરે સર્વ પ્રિય છે પણ તે પ્રભુને સમર્પિત હોવાના કારણે પ્રિય છે. આત્મા પ્રિય છે કેમ કે પરમાત્મા પ્રિય છે. આમ પ્રિયત્વને થોડુંક ટેઢું કર્યું. પ્રભુનું સ્વરૂપ પણ ટેઢું ત્રિભંગી છે. કોઈપણ એક લીલામાં સ્થિત થઈ જવાથી પૂર્ણ પ્રભુનો સાનુભવ નહિ થાય. પ્રભુને પૂર્ણ રીતે જાણવા તો જોઈશે. તેથી તો ભક્તિની વ્યાખ્યા મહાત્મ્ય જ્ઞાનપૂર્વક સ્નેહ કરી છે. પ્રભુની બાળલીલા, કીશોરલીલા, પ્રૌઢ લીલા ત્રણે પ્રભુની લીલા છે તેમ જાણો. ત્રિભંગી પાસેથી. ભંગીના કારણે ચિત્તની સ્થિરતા થાય છે. સ્થિરની સામે ચિત્ત ચલીત થાય અને અસ્થિરની સામે ચિત્ત સ્થિર થાય તેવો (મન-ચિત્ત)નો સ્વભાવ છે.

આપના કુંડલ કે જે સાંખ્ય અને યોગ છે તે જ્યારે ભક્તિનું સ્વરૂપ ધારણ કરે છે ત્યારે તે સાંખ્ય યોગ રૂપ સૂર્ય કિરણોથી કરોડો ઘણો પ્રકાશ ફેલાવે છે. સાંખ્યથી ભગવાન સંબંધી જ્ઞાનરૂપ પ્રકાશ અને યોગથી બુદ્ધિની સ્થિરતારૂપ પ્રકાશ ચિત્તમાં ફેલાય છે. જેને ભગવત્ સાયુજ્યમાં સાધનરૂપ ભગવાન બનાવે છે. પણ અહીં તો ભક્તિ-સૂર્ય ઉદય થતાં (ભક્તિ માર્ગાબ્જમાર્તંડ) સમસ્ત દેહ-ઈન્દ્રિયો તથા અંતઃકરણ ભગવદ્ સ્વરૂપથી પ્લાવિત થઈ જાય છે. વનમાલા કહેતાં - જે ભક્તોની મંડલી છે અને જેઓ નિઃસાધન છે તેવા ભક્તો કે જે શ્રીમહાપ્રભુ રૂપ સૂત્રથી જોડાયેલા છે, તેવાઓને તો પ્રભુ પોતાના હ્દય ઉપર સ્થાપિત કરી અંગ સ્પર્શનો આનંદ આપે છે, ભજનાનંદનું દાન કરે છે. ત્યાં પ્રભુ ભોગ્ય બને છે અને ભક્તો ભોક્તા બને છે. આ જ તો પુષ્ટિ ભક્તિ માર્ગની ચરમસીમા છે.

આપનું વદન કહેતાં - વાણી - વાક્પતિ શ્રીવલ્લભના વચનો સાંવળા - જળભરપૂર મેઘ સમાન છે. એટલે કે સ્નેહથી ભરપૂર છે. થોડા જ જીવના પ્રયાસથી અઢળક વરસી પડે તેવા કૃપાનિધાન છે. પરંતુ તેમાં વિચિત્રતા આણવા, ચમત્કૃતિ આણવા, ઉત્સવનો ઉમળકો પ્રટકાવવા અને મહાત્મ્યજ્ઞાનને ન ભૂલવા માટે આપ અંબર ધારણ કરે છે (પિત) સ્નેહથી યુક્ત તેવું ભક્તિરૂપ પિતાંબર ધારણ કરે છે. આ 'સુખ સેવ્ય' સ્વરૂપ છે અને આ જ પિતાંબર પ્રભુના શ્રીઅંગના દર્શનમાં અવરોધરૂપ આપની દિવ્ય માયાશક્તિ પણ છે, જેથી અનધિકારી માટે આપ 'દુરારાધ્ય' બની શકે છે.

આપ શ્રીવલ્લભના રૂપે વાણી પ્રકટાવી રહ્યા છે, આ વાણી (મુરલી) જીવના દોષોને

દૂર કરીને પ્રતિબંધો હટાવનારી છે. છતાંય તે પ્રેમભાવને પ્રકટાવનાર મધુરી છે (મધુરાષ્ટક) અને રસથી ભરપૂર છે કે જેથી ભક્તમાં પ્રભુ પ્રત્યે રસ પ્રકટે. જે રસ પ્રકટાવી શકે તે રસ. તેવી રસાળ વાણી છે. (વલ્લભાષ્ટક, કૃષ્ણ પ્રેમામૃત-૫-૭)

આવા કૃપાળુ વલ્લભ નિત્યધામ રૂપ વન (રહપ્રિય) (હરિ તેરી લીલાકી સુધી આવે) છે તેમાંથી દૈવી જીવોના ઉદ્ધારાર્થે ભૂતલ ઉપર પધાર્યા છે, વ્રજમાં પધાર્યા છે અને આપ આ કાર્ય જલ્દી સિદ્ધ થાય માટે વ્રજબાલ રૂપ પોતાના નિર્ગુણ (૮૪) ભક્તો સાથે પધાર્યા છે. જેથી દૈવી જીવોદ્ધારની પ્રક્રિયા સતત ચાલ્યા જ કરે. જે બિંદુ રૂપ આપ છે તે જ નાદરૂપે વિસ્તરે છે. 'એકો હં બહુસ્યામ્'ની આ લીલા છે તેવું ભાન કરાવે છે. તેથી તો કહે છે ઈશ્વરવાદ તો ગોકુલ પૂરતો સિમિત રહે જ્યારે ભક્તિવાદ તો બધે વિસ્તરે.

આપના ત્રિભંગી સ્વરૂપમાં ચરણથી દાસ્યભક્તિ, કમરથી સખ્ય ભક્તિ અને કંઠથી આત્મનિવેદન ભક્તિ સિદ્ધ થાય છે. આ ત્રણે ભક્તિ જીવસાધ્ય નથી, પ્રભુના દાનથી સિદ્ધ થાય. દાન લીલામાં જીવ પ્રભુને સમર્પિત થાય છે અને પ્રભુ તેને સ્વસમર્પણનું દાન કરે છે. પ્રભુની આ પ્રમેય લીલા છે. ત્યાં જીવની ઈચ્છા અનીચ્છાનું કોઈ જ મૂલ્ય નથી. ભક્તિમાં પ્રભુની ઈચ્છા સાકાર બની શકે તેવો જીવે મનોરથ કરવાનો છે. સામર્થ્ય પ્રકટ કરવાનું નથી એટલે કે બળ-આગ્રહ નથી રાખવાનો !

(૧૦૭) રાગ – પૂર્વી ૩/૧૦૫

મોંસો ક્યોં ન બોલે રે નંદકે લાલ
તેરો કહા લીયે જાત
છાંડ દે અંચલ, હોત હે ગહરન, જાનત હો એસી બાલ ૧
વનતે આવત, કમલ ફિરાવત, તાપર ગાવત તાન રસાલ
ધોંધીકે પ્રભુ હાંથ દૂર રાખો, ટૂટેગી મોતીન માલ ૨

ભાવાર્થ :

પ્રભુ વનમાંથી સાંજે પધારી રહ્યા છે ત્યારે એક ગોપી, સામે જઈને પ્રભુને મળી તેમની સાથે વાતો કરવા માગે છે પણ પ્રભુ તો અત્યારે અંતરરામ થઈ ગયા છે તેથી ગોપી કહે છે કે - હે નંદના લાલ, તમે મારાથી કેમ બોલતા નથી ? હું તમારું શું લઈ લેવાની છું ?

ત્યારે પ્રભુ બોલ્યા વગર તે ગોપીની ઓઢણીનો છેડો પકડે છે પણ બોલતા નથી એટલે ગોપી ખિજાઈને કહે છે - મારો છેડો મૂકી દે, મારે ઘેર જવાનું મોડું થાય છે. (ઉલટી બાઝે છે) મને એવી તેવી ન સમજી લેશો. (૧)

પણ પ્રભુ તો મસ્તિમાં છે તેથી વનમાંથી આવતાં હાથમાં એક કમળને લઈને તેને ફેરવી રહ્યા છે. અને સાથે સાથે રસયુક્ત ગાન ઊંચા તાનમાં ગાઈ રહ્યા છે

એટલે ગોપી વધારે ખીજાઈને કહે છે, બોલવું નથી અને હાથ તો હવે ઓઢણીથી ઉર સુધી આવી ગયો છે. તે હાથને છેટો રાખો, મારી માળા તૂટી જશે.

ગોપી વાતો કરાવીને પોતાના તરફ પ્રભુનું ધ્યાન દોરવા ચાહે છે. પણ પ્રભુ તો પોતાની મસ્તિમાં ઝૂમી રહ્યા છે.

વિશેષ ભાવાર્થ :

જીવ વિચારે છે કે પ્રભુ મારાથી કેમ બોલતા નથી? સાનુભવ કેમ જતાવતા નથી? હું શું સાધન કરું?

ત્યારે અંતરયામીરૂપ પ્રભુ જતાવે છે કે - તેં સાધનોનો છેડો પકડયો છે તે છોડી દે. સહસ્ત્ર પરિવત્સરથી પ્રભુથી વિમુખ થઈને ભટક્યો છે, મૂઢમતિ થયો છે. ઘણું મોડું થયું છે સન્મુખતામાં, તેથી બાળકની જેમ નિઃસાધનતાની ભાવના (દીનતાપૂર્વક) નત મસ્તક થઈને કરે જા. કરે જા... ફળ તરફ ન વિચાર. પછી પ્રભુ તારા વિરહીત હૃદયકમળને પોતાના ચારૂ વદનકમળથી શાતા આપશે. તારી મૂઢમતિને કમળ સમાન નિર્મળ બનાવશે. તારી હૃદયભાવનાને તત્સુખાર્થ કોમળતા અર્પશે તથા તારું ચિત્ત પ્રભુમાં પરોવાઈ શકે તેવું સુગંધિત બનાવશે. પ્રભુનું વદન કમળ ચારે દિશાએ ફરીને તેમનો જ માત્ર સાનુભવ જતાવશે એટલે કે તે સિવાયનો સર્વ પ્રપંચ વિસરાવી દેશે. સર્વાત્મભાવથી ભરી દેશે. રસયુક્ત વચનોથી પ્લાવીત કરીને રસરૂપ બનાવી દેશે.

ત્યારે જીવ પ્રભુને (અંતરયામીને) વિનતી કરે છે કે - હું તો સ્વભાવથી દુષ્ટ છું, મારા કંઠમાં તો આપેક્ષારૂપ માળાઓ ધારણ કરીને બેઠો છું. જેથી આપ મારાથી દૂર રહો છો તે યોગ્ય જ છે. પરંતુ હવે જ્યારે પૂર્ણકામરૂપ આપના દર્શન થશે ત્યારે મારી તે દુર્વાસનારૂપ માળા તૂટી જશે જ અને મને જરૂર ભાન થશે કે હું તો ધોંધી - ક્ષુદ્રદાસ છું અને આપ તો મહોદાર કૃપાળુ મારા સ્વામી છો.

(૧૦૮) રાગ – ગોરી 3/૧૦૬

વરજૂ કોટિ ઘુંઘટકી ઓટ
તોઉ ન રહત નયન નિચારે નિકસ કરત હૈં ચોટ ૧
પાછે ફિર દેખે કોઉ ઠાઢે સુંદર વર એક ઢોટ
પરમાનંદ સ્વામી રતિનાયક લગી પ્રીતકી ચોટ ૨

ભાવાર્થ :

ગોપી કહે છે - હું ઘુંઘટની અંદર રહી રહીને પણ મારાં નયનોને કરોડો વખત ના પાડીને લડું છું (કે તું તે ઢોટા પ્રતિ ના જા) તો પણ મારા નયનની દૃષ્ટિ તે ઢોટાથી અળગી નથી રહેતી અને ફરી ફરી ત્યાં જ ચોંટે છે. એટલે કે ત્યાંથી ખસતા જ નથી.(૧)

મને ખબર ન્હોતી કે તે ક્યાં ચોંટે છે ? એટલે મેં પાછું ફરીને જોયું તો એક ખૂબ જ સુંદર છોરો ત્યાં ઠાડો છે.

અને આ છોરો તો પરમઆનંદ રૂપ (પરંબ્રહ્મો તુ કૃષ્ણો હિ) મારા સ્વામી છે. વળી તે તો સર્વ રતિના પણ નાયક છે તેથી તો મને પ્રીતની ચોટ લાગી ગઈ અને તેથી તો મારાં નયન ત્યાં ચોંટી ગયા. (૨)

વિશેષ ભાવાર્થ :

હું મર્યાદારૂપ શાસ્ત્રોની સીમામાં રહીને મારી દૃષ્ટિને ટોકું છું. વારંવાર ટોકું છું કે વિષય પ્રતિની આસક્તિ (ચોંટ) સારી નહિ. કેમકે વિષય પ્રતિની આસક્તિ થવામાં સૌ પહેલાં દૃષ્ટિ જવાબદાર છે. મારી 'ના' છતાં દૃષ્ટિ (મન) સંસારથી ન્યારી જુદી રહેતી નથી અને ત્યાં જ ચોંટે છે. આસક્ત થઈને તેમાં રત થઈ જાય છે.

પરંતુ મારો સ્વામી કે જે મારો રક્ષક છે અને જે પરમાનંદરૂપ છે તે મારા ઉપર કૃપા કરવા (પુષ્ટિ) મારી પાછળ જ ઠાડો છે. તે પરમાનંદ હોવાથી વિષયાનંદમાં મને શા માટે પડવા દે ? પરંતુ જરૂર હતી એક વાર મર્યાદની ઓટમાંથી બહાર નીકળી તથા વિષયાનંદરૂપ સંસારથી એકવાર મુખ ફેરવી લઈ તે રતિનાયક એટલે કે સ્નેહ સાગર, ચંદ્રના પણ જનક તરફ દૃષ્ટિ કરવાની જેથી, મારા હૃદયમાં રહેલ પ્રીત-જળ તે પૂર્ણચંદ્ર તરફ ભરતીના ઉછાળા મારવા લાગ્યું. રતિએ પોતાના નાયકને નિહાળ્યા અને તેના તરફ દોડવા લાગી, તેને ભેટી પડી, ચોંટી પડી.

(૧૦૯) રાગ – ગોરી 3/૧૦૬

મોહન નેક સુનાવહુ ગોરી
બનતેં આવત કુંવર કનૈયા પહોપમાલ લે દોરી ૧
નંદ લાડલે મુરલી બજાઈ પરગઈ પ્રીતિ ઠગોરી
પરમાનંદ પ્રભુ સુવન નંદ કે દુહ દઈ ધુમર ધોરી ૨

ભાવાર્થ :

પ્રભુ વનમાંથી પધારી રહ્યા છે ત્યારે વ્રજમાં રહેલી ગોપી મનોમન પ્રભુને વિનતી

કરે છે કે જરાક ગોરી-રાગ તો સંભળાવો. તેમ કહી તે પ્રભુનું સ્વાગત કરવા પહોપ (ફૂલ) માળા લઈને કુંવર - કનૈયા પ્રતિ દોડી. (૧)

નંદજીના લાડીલાએ (ગોપીની વાત મનોમન સાંભળી લીધી) અને તુરત મુરલી બજાવી. મુરલીના શબ્દો કાનમાં પડતાં તેમાંથી પ્રભુનો અર્થરૂપ સંદેશો સમજાતાં જ તે પ્રભુની પ્રીતમાં પડી ગઈ. જેમ કોઈ ઠગાઈ જાય તેમ. એટલે કે પોતાના પ્રયાસથી નહિ પણ પ્રમેયબળથી અને તેથી તો પરમઆનંદરૂપ તેવા પ્રભુ કે જે નંદના કુંવર તરીકે બિરાજે છે, તેમને જાણે કે આજ્ઞા કરતી હોય તેમ અસંગત પ્રકારે કહે છે કે મારી ધુમર ધોરી ગાયને દોહી દ્યો !

વિશેષ ભાવાર્થ :

જીવ પ્રભુને વિનતી કરે છે કે મને આ સંસારથી મોહ ન કરાવો અને જે મોહ થયો છે તે દૂર કરવા માટે આપ આપના શ્રીમુખથી ગોરી (સાત્વિક - ઉપદેશયુક્ત) વચનો સંભળાવો કે જેથી મારો મોહ દૂર થાય. પ્રભુ ‘બન તે’ બની ઠનીને આવી રહ્યા છે અને આ જ સર્વ જીવોના માટે વર સમાન - (સ્વામી) છે.અને આ જ તો આપણી નૈયાને પાર ઉતારનાર ખેવૈયા છે. તેવું માહાત્મ્ય તેને થોડું ઘણું સમજાયું. તથી જીવ પ્રભુ પ્રતિ પહોપમાલ એટલે ભક્તોના જૂથ સાથે એક સંગ થઈને, સૌને લઈને પ્રભુ પ્રતિ દોડયો (દોડવા રૂપ ક્રિયાશક્તિ સચેત થઈ જ્ઞાન શક્તિથી) ત્યારે પ્રભુએ કૃપા કરી તે જીવના કલ્યાણાર્થે રસરૂપ નાદબ્રહ્મ રૂપ મુરલીના સ્વર વહેતા કર્યા. કેમ કે આપ વ્રજજનોના લાડીલા વ્હાલા છો. પ્રિય છો, વલ્લભ છો અને આ રસરૂપ શબ્દોનું શ્રવણ થતાં જ જીવનો નિરોધ સિદ્ધ થતાં વ્યસન થયું. કે માનસી સિદ્ધિ સિદ્ધ થઈ. કેમ કે આ બધાં જ પ્રીતના પર્યાયવાચી નામો છે. અને આમાં જીવનો કોઈ પ્રયાસ નથી. તેથી તો જેમ કોઈ બીજાની જાણ બહાર, તેનું લુંટી લે તેમ પ્રભુએ પ્રમેયથી જીવની સંસારાશક્તિ લુંટી લીધી અને પ્રીત - કહેતાં ભગવદાસક્તિ આપી દીધી. આમ કરવાનું કારણ એ કે પ્રભુ પરમાનંદરૂપ છે તેથી આનંદ જ આપે તથા આપે હવે સ્વામી પણું સ્વીકાર્યું છે (પ્રભુ) તથા આપ વ્રજભક્તોને આધીન છે તેથી તો જીવ હવે પ્રભુને વિનતી કરે છે કે મારામાં જે સામર્થ્ય છે જ્ઞાન કે ક્રિયા રૂપ, તેને આપ સ્વયં આપનામાં વિનિયોગ કરવા માટે લઈ લ્યો. કેમ કે અમે તો ધુમર (ભટકતા) ઈંદ્રિયધારી જીવો છીએ.) તેમાં જ અમારું શ્રેય છે કેમ કે તે જ તો ભક્તિ છે.

(૧૧૦) રાગ – ગોરી 3/૧૦૬

કનક કુંડલ કપોલમંડિત ગૌરજ છૂરત સુકેશ
મદગજ ચાલ ચલત સુરનર મુની લાડીલે વ્રજકુંવર નરેશ ૧
નયન ચકોર કિયે વ્રજવાસી પીવત વદન રાકેશ
અતી પ્રફુલ્લિત મુખકમલ સબનકે ગોપકુલ નલિન દિનેશ ૨
અતી મદતરણ વિધુર્ણિત લોચન અતીવિકસત કૃપા આવેશ
ચલત મધુર વરસત **ગોવિન્દ**પ્રભુ વ્રજદ્વારે દ્વારે પ્રવેશ ૩

ભાવાર્થ :

સંધ્યા સમયે પ્રભુના જેવા દર્શન થાય છે તેનું વર્ણન ગોવિન્દદાસજી કરે છે.

આપના કર્ણમાં સુવર્ણના કુંડલ ગાલ સુધી લટકી રહેલા છે. આપના સુંદર કેસ માંથી ગૌરજ ઉડી રહી છે. આપની ચાલ મદથી મસ્ત થયેલ હાથીની ચાલ જેવી છે. આવા પ્રભુ વ્રજના રાજકુમાર છે, નરોમાં ઈશ છે તથા દેવ, મુની તથા મનુષ્યોના (લાડીલા) - વ્હાલને પાત્ર છે. (૧)

પરંતુ વ્રજવાસીનાં નેત્રોને તો આ રૂપમાધુરીએ ચકોર બનાવી દીધા છે. અને તેથી તો પ્રભુ - વદન તેમના માટે સ્વાતી જલ સમાન છે જેથી તેવા વદનને આંખોથી પી રહ્યા છે. આવું આપનું વદન ચંદ્રમા સમાન તેજસ્વી તથા હૈયાને શાતા આપનારું છે.

આ વ્રજના ગોપીજનો કમળ સમાન નિર્દોષ, કોમળ હોવાથી પ્રભુને પ્રિય છે અને પ્રભુ તેમના માટે સૂર્ય સમાન છે. તેમના દર્શનથી બધાંજ વ્રજવાસીનાં મુખ કમળ ખૂબ જ પ્રફૂલ્લિત થઈને વિકાસ પામે છે. (૨)

આપના ચંચલ નયનો ખૂબ જ મદયુક્ત છે તથા આપને ભક્તો ઉપર કૃપા કરવાનો અત્યારે આવેશ ખૂબ જ મોટા પ્રમાણમાં આવેલ છે. આ કૃપાવર્ષા આપ ચાલતાં ચાલતાં કરી રહ્યાં છો. તે એવી રીતે કે વ્રજભક્તોના હૃદયે હૃદયે પ્રવેશ કરીને. (૩)

(૧૧૧) રાગ – ગોરી 3/૧૦૬

આવો મેરે ગોવિન્દ ગોકુલકે ચન્દા
ભઈ બડી વાર ખેલત યમુનાતટ વદન દિખાય દેઉ આનંદ ૧
ગાય આવનકી ભઈ હે બિરીયાં દિનમણિ કિરણ હોત અતીમંદા
આયે મેરે તાત માત છતીયાં લાગ **ગોવિન્દ**પ્રભુ વ્રજ્જન સુખકંદા ૨

ભાવાર્થ :

વ્રજભક્તોને આખા દિવસથી પ્રભુની આર્તી છે. કેમ કે પ્રભુ વાછરડાને ચરાવવા યમુનાતટ ગએલા છે. જેથી તે સૌ પ્રભુને અંતઃકરણથી પોકારે છે કે - હે મારા ગોવિન્દ, હે ગોકુળનાચંદ્ર આપ યમુના તટે ખેલવા પધાર્યાને ઘણો સમય વિતી ગયો છે. અમે ઉદાસ છીએ આપના વદન કમળના દર્શનથી જ અમે આનંદીત થઈશું માટે પધારો. (૧)

જૂઓ ગાયોનો પણ ઘર ભણી આવવાનો સમય થઈ ગયો છે અને મણિ સમાન તેજસ્વી સૂર્યનાં કિરણો પણ મંદ - આછા થઈ રહ્યા છે. એટલે કે તે પણ પોઢી જવા જઈ રહ્યો છે. તેથી આપ પણ પધારો. વ્રજભક્તોની આર્તી જાણી આપ કે જે વ્રજભક્તોના તાત સમાન છે તે પધાર્યા અને માતાજીની છાતીએ માએ વળગાડી દઈ વ્હાલ કર્યું. આવા ગોવિન્દ પ્રભુ વ્રજજનો માટે સુખદાતા બની રહ્યા. (૨)

વિશેષ ભાવાર્થ :

ભૂતલ પરના અવિદ્યાગ્રસ્ત દૈવી જીવોને પોતાના ઉદ્ધારનો કોઈ માર્ગ મળતો નથી ત્યારે તેવા ગંગુળામણ અનુભવી રહેલા તથા પોતાને અરક્ષીત સમજતા પ્રભુને પોકાર કરે છે, ગોવિન્દ (કે જે નામ વ્રજવાસીઓના રક્ષણહાર તરીકે ઈન્દ્રે આપ્યું હતું.) અમે પણ ગો - ઈન્દ્રિયધારીઓ નિઃસાધન જીવો છીએ તથા અમારું શરણ માત્ર આપ જ છો જેથી અમારા માટે પણ ગોવિન્દ બની રહો. ગો - કુલ કહેતાં ઈન્દ્રિયોનું કુળ એટલે કે દેહધારીના માટે ચંદા આપ છો. જેમ વનસ્પતિનું, પૃથ્વીનું (ગો) પોષણ ચંદ્ર કરે છે. તેમ અમે પણ ગો - પૃથ્વી તત્ત્વ છીએ, જેથી અમારું પોષણ કરો. આપ વગર અમે દુર્બળ થઈ ગયા છીએ. (વિરહના કારણે - સહસ્ત્ર પરિવત્સરથી ભટકી ગયેલા છીએ). નિર્ગુણ ભક્તો કે જે નિર્ગુણા યમુના સમાન છે. તેમની સાથે આપ નિત્યલીલામાં વિહાર કરી રહ્યા છો પણ અમે કે જે ત્રિગુણોથી યુક્ત છીએ તેમના પ્રતિ દયા કરી, આપના વદનકમળ સમાન શ્રીમહાપ્રભુને ભૂતલ પર પધરાવો. અમારામાંથી આનંદ પૂર્ણ પણ તિરોહિત થઈ ગયો છે. તેવા અમે કલિકાલથી ઘેરાયેલા અને સ્વભાવતઃ દુષ્ટ છીએ તો અમને આનંદનું દાન કરો. આનંદાય નમઃ, પરમાનંદાય નમઃ, શ્રીકૃષ્ણાસ્ય નમઃ

ચાર યુગોમાં આ છેલ્લો યુગ કલિકાળ સાંજરૂપ છે ત્યાર બાદ અંધકાર ફેલાઈ જશે તો અમે છતી આંખે આંધળા થઈ જઈશું. (*દ્વિવિધ આંધરો*) માટે આપ પધારો *અજ્ઞાન તિમિરાંધસ્ય* માટે *જ્ઞાનાંજન શલાકયા ચક્ષુરુન્મિલિતં યેન તસ્મૈ શ્રીગુરુવે નમઃ* તેવા આચાર્યરૂપ પધારો.

તેવી આર્તી જ્યારે આપે જાણી ત્યારે અમારા માતા-પિતા સમાન કૃપાળુ બની, અમારા હૃદયમાં બિરાજી ગયા. (છતીયાં લાગ) અમે તો વ્રજજન - ભટકતા (સંસારમાં) હતા પણ આપ અમારા માટે સુખકંદા બની ગયા, એટલે કે અમોને બ્રહ્મસંબંધ કરાવી સાક્ષાત્ પ્રભુ અમારે માટે આનંદ સુખનું દાન બની ગયા. અમારા ઘરે ગોવિન્દપ્રભુ - અમારા રક્ષક સ્વામી પધાર્યા. કૃષ્ણ એવ ગતિર્મમઃ ।

(૧૧૨) રાગ – ગોરી ૩/૧૦૬

મૈયા યા તે ભઈ અબેર
આવત ભાજ ગઈ એક ગૈયા જાય ધસી બન ફેર ૧
દોર ગ્વાલ સબ વાકે પાછે પકરનકી કર આસ
ચઢ કદંબ પીતાંબર ફેર્યો આય ગઈ મો પાસ ૨
મેં પુચકાર પીઠ કર ફેર્યો લહડે લઈ લગાય
બતીયાં સુનત **રસિક** પ્રીતમકી મન ફૂલી યશુમતિ માય ૩

ભાવાર્થ :

આજે સાંજે ગાયો ચરાવીને પાછા આવતાં મોડું થઈ ગયું. જેથી અધિરી મા યશોમતિ પૂછે તે પહેલાં જ પ્રભુ પોતાનો પક્ષ બતાવે છે. મા, આજે એટલા માટે મોડું થઈ ગયું કહીને. અમે ઘરે જ આવતા હતા પરંતુ ત્યાં જ એક ગાય વન તરફ પાછી દોડી ગઈ. બધા ગોવાળો તેની પાછળ તેને પાછી વાળવા દોડયા પરંતુ તેમનાથી તે પકડાઈ નહિ.

તેથી હું કદંબ વૃક્ષ ઉપર ચડીને મારું પિતાંબર ફરકાવવા લાગ્યો. કેમ કે ગાય ખૂબ દૂર ભાગી ગઈ હતી. તે પિતાંબર દૂરથી જોતાં જ તે દોડીને મારી પાસે આવી ગઈ. મેં તેને વ્હાલપૂર્વક પૂચકારી અને તેની પીઠ ઉપર હાથ ફેરવ્યો અને તેને મારા હૃદય સાથે ચાંપી. એટલે મોડું થયું. જેની પ્રીત રસભરપૂર છે તેવાં લાલનની આ મીઠી મીઠી વાતો સાંભળીને મા પ્રસન્ન થઈ તથા પોતાની ગાયો ઉપર લાલનનો પ્રેમ તથા ગાયોનો લાલન પરનો પ્રેમ જોઈને યશોમતિ માતા મનમાં ખૂબ જ હરખાઈ.

વિશેષ ભાવાર્થ :

અહીં અંતઃકરણ પ્રબોધમાં શ્રીવલ્લભને પ્રભુની આજ્ઞા થવા છતાં નિત્યલીલામાં

પધારવામાં મોડું કર્યું. ત્રીજી આજ્ઞા પછી જ્યારે આપ નિત્યલીલામાં પધાર્યા ત્યારે સર્વસૃષ્ટિના જન્મદાતા - પાલક પોષક તેવા પ્રભુ કે જેમની મતિ સર્વત્ર યશ-આનંદમય છે તથા જેમની મતિ પોતાના ભક્તોનો યશ ફેલાવવાની છે તેવા પ્રભુને, મોડું થવાનો ખુલાસો આપે છે.

હાં... સાંજ થઈ ગઈ. પાછા આવવાનો સમય થવા છતાં મારાથી ન આવી શકાયું તેનું કારણ આપને જણાવું કે આપે જે ભૂતલ પર ભટકતા દૈવી જીવો (ગાયો)નું યોગ્ય પોષણ કરી-કરાવી તેમના ઉદ્ધાર માટેની આજ્ઞા કરી હતી તો (વનમાં) ભૂતલ પર આવવાનું મારું પ્રયોજન હતું. ઘણા બધા દૈવીજીવોને નિત્યલીલામાં અધિકાર પ્રાપ્ત કરાવીને અમે આપ પ્રતિ આવતા હતા પણ એટલામાં માયાવાદ - કે સંસારમાં આસક્તિવશ થોડાક જીવો ફરી સંસાર (વન)ની દિશામાં ભાગ્યા. તેમને (પકડી) જબજસ્તીથી લાવવા માટે અનેક પ્રમાણ માર્ગો જ્ઞાન-ઉપાસના - સાંખ્ય - યોગ (ગોવાળીયાઓ)થી પ્રયાસ તત્ તત્ મહાપુરૂષોએ કર્યો કે જેથી કરીને આ દૈવીજીવો જે ભટકી ગયા છે તે મોક્ષમાર્ગે વળે પણ મેં જોયું કે તે મોક્ષમાર્ગી નહિ પણ પુષ્ટિભક્તિ માર્ગનો જીવ છે. તેથી તેને લાયક ઉપાય જ કરવો પડશે, તેથી હું સર્વોત્તમ તેવા અનુગ્રહમાર્ગ (કદંબ) ઉપર ચઢી મારી દિવ્ય માયાથી (પિતાંબર) આકર્ષિત કર્યા. તેના સંસારને પ્રભુમાં જોડવાનો ઉપાય બતાવ્યો એટલે તુરત જ તે જીવો દોડતા મારી પાસે આવી ગયા.

મેં તેમને પ્રભુ પ્રતિના પ્રેમનો માર્ગ સમજાવવા માટે વાણીથી ભગવદ્કથા સંભળાવી (પુચકારી) તેને આશ્વાસન આપવા માટે શરણમાર્ગે લીધા. (પીઠ પર ફેર્યો) અને ભક્તિમાર્ગે આગળ વધી શકે તે માટે પ્રેમમાર્ગ માટે આપની સ્વરૂપ સેવા પધરાવી આપી. (લહડે લગાય)

આમ સર્વગાયોને આપના પ્રતિ દોરી લાવ્યો છું. શ્રીમહાપ્રભુના વચનો (બતીયા) સાંભળીને પ્રભુ ખૂબ જ પ્રસન્ન થયા. કેમ કે આપની વાણી રસરૂપ, રસમય હતી તથા તેમાં પ્રીતિ જ માત્ર હતી અને તેથી પ્રભુનો હરખ નથી માતો કે દૈવીજીવોનું કલ્યાણ કરવા માટે તો એકમાત્ર મહાપ્રભુ જ સમર્થ છે. તેથી હરખથી આપની છાતી ફૂલાવા લાગી. ભક્તો પ્રભુનો યશ ગાતા થાય તેવી મતિ શ્રીવલ્લભે ભક્તોની કરી પછી યશોમતિ - પ્રભુ કેમ ખુશ ન થાય ? પોતાના પ્રિય વલ્લભના સામર્થ્યથી કેમ હરખીલા ન થાય ?

(૧૧૩) રાગ – ગોરી 3/૧૦૭

કમલમુખ શોભિત સુંદર વેનુ
મોહન (તાલ) બજાવત ગાવત આવત ચારે ધેનુ ૧
કુંચિત કેશ સુદેશ બદનપર જનુ સાજ્યો અલીસેન
સહી ન શકત મુરલી મધુ પિવત ચાહત અપને એન ૨
ભ્રકુટી ચારૂ ચાપ કર લીને ભયો સહાયક મેન
સુરદાસ પ્રભુ અધરસુધા લગ ઉપજ્યો કઠીન કુચેન 3

ભાવાર્થ :

પ્રભુ વનમાંથી વ્રજમાં પધારી રહ્યા છે ત્યારે આપના કમળ સમાન કોમળ નિર્મળ પ્રફૂલ્લિત મુખ ઉપર સુંદર વેનુ શોભી રહી છે.

મુરલીમાંથી આપ શબ્દ તથા તાલ બન્ને પ્રકટ કરીને મોહ ઉપજાવી રહ્યા છે. આવા પ્રભુ ગાયોને ચરાવીને પધારી રહ્યા છે. (૧)

આપના સુંદર દેહ પર વાંકડીયા વાળ જાણે ભ્રમરાઓનું ટોળું ન હોય ! ગોપીજન પણ મધુના રસિયા છે, તે સહન નથી કરી શકતા અને પ્રભુને પોતાના કરી લેવા ચાહે છે. (૨)

તેથી તેઓએ ભ્રકુટીને સુંદર ધનુષ્ય બનાવી દીધું અને તેમાં કામદેવ સહાયક બની બાણરૂપ થયો કેમ કે આ સુરદાસના પ્રભુની અધરસુધાની તાલાવેલી ગોપીજનોના હૃદયમાં ચરચરી રહી હતી. (૩)

(૧૧૪) રાગ – ગોરી 3/૧૦૭

આવત કલ્હી સાંઝ, દેખ્યોરી ગાયનમાંઝ
કોનકો ઢોટારી માઈ, સીરમોર પખિયાં
અતસી કુસુમ તન, ચંચલ દીરઘ નયન
માનોં રસપરી લરત યુગઅખીયાં ૧
ધાતુકો તીલક દીયે ગુંજનકે હાર હીયે
ઉપમા ન બને દીયે જેતી તેતી નખીયાં
રાજત પીત પીછોરી મુરલી બજાવે ગોરી
દેખ ભઈ બોરી એકટક રહી અખીયાં ૨
ચલન ન સુધે મગ, ડગમગત પરત પગ

ભામિની ભવન લાઈ, હાથ ધરેં કખિયાં
માનદાસ પ્રભુ, ચિતચોર દેખ જીઉ
ઓર ના ઉપાવ દાવ, સુનો મેરી સખીયાં 3

ભાવાર્થ :

ગોપી પોતાની સખી (મા)ને કહે છે કે ગઈકાલે સાંજે ગાયોના ધણ સાથે એક જુદો જ તરી આવતો છોરો કોણો છે ?

સામેની સખીનો ચહેરો જોઈને કે જાણે તે કોણ છે તે સમજમાં તેને નથી આવતું તેથી વિશેષ વર્ણાન કરે છે કે જેણે શીસ્ પર મોરપંખનું પીછું ધારેલું છે. તેની કાયા ફૂલ જેવી કોમળ છે. તેના નેત્રો મોટા-લાંબા અને ચંચળ એટલે કે ચારેબાજુ નજર ફેરવનાર છે. જાણે કે બન્ને આંખો રસને માણવા તત્પર હોય. (૧)

ભાલમાં ધાતુનાં રંગથી બનેલ તીલક છે. ગળામાં ગુંજાહાર છે. તેમના નખરાં ઘણાં છે. તેમ તેનું વર્ણાન પણ ઘણું છે. ઉપમા આપીએ એટલી ઓછી પડે. છતાં પણ હજુ વિશેષ ચિન્હો બતાવું. તેણે પિળી પીછોડી ધરી છે. અને મુરલી પર ગોરીરાગ ગાતાં પધારી રહ્યો છે. હવે કહે છે કે આવા સ્વરૂપવાળા ઢોટાને જોતાં મારી શું દશા થઈ તે તને કહું– (૨)

તેને નિરખતાં જ હું તો બ્હાવરી (બોરી) થઈ ગઈ. મારી આંખો તેના પ્રતિ સ્થિર થઈ ગઈ. ચાલું પણ રસ્તાનું ભાન નહિ તેવી બુદ્ધિ થઈ ગઈ અને મારા પગ પણ કહ્યામાં ન રહ્યા તેથી ડગમગવા લાગ્યા ત્યારે એક પ્રૌઢ સ્ત્રી મને ઘર સુધી લઈ આવી.. તેણે મારો હાથ પકડી રાખ્યો - મારો સહારો બનીને લાવી આ માનદાસના પ્રભુ આવા ચિત્તચોર છે. તેમના ફરી દર્શન થાય તો જ હું જીવી શકીશ. તે સિવાય બીજો કોઈ જ ઉપાય કે પ્રકાર જણાતો નથી. માટે મને કહે કે ગઈ કાલે મેં જેને જોયો હતો તે કોનો ઢોટા હતો ? કે જેથી તેને ઘરે જઈ તેની સન્મુખ થાઉ તોં જ જીવાશે.

ગોપીએ ગઈકાલે જોયો છે પણ વર્ણાન વર્તમાન કાળની જેમ કરે છે જેથી જણાય છે કે તેને કાળનું ભાન નથી તથા તેને સ્વરૂપાસક્તિ થઈ ગઈ છે, જેથી સામે જ હોય તેમ વર્ણાન કરે છે.

વિશેષ ભાવાર્થ :

સકલ અવતારોના અવતારી તેવા આ પરબ્રહ્મ કૃષ્ણાને શ્રીવલ્લભે મારા માથે પધરાવી

આપ્યા છે. તે મારા પર અતીશય કૃપા છે. કેમ કે કળિકાળ છે અને તેના ઓળા પથરાવા લાગ્યા છે. હું તો જ્ઞાનશૂન્ય છું. તેથી અજ્ઞાનનો અંધકાર હવે ફેલાશે ત્યારે મારા માથે આ પ્રભુ પધારી રહ્યા છે પરંતુ આપનું સ્વરૂપ જ્ઞાન મને નથી (કોન કો ઢોટા). 'અજ્ઞાનાદથવાજ્ઞાનાદ્ કૃતમાત્મ નિવેદનમ્', પરંતુ આ પ્રભુએ પોતાના શીશ ઉપર મોર પંખ ધર્યો છે. મોરમાં નિષ્કામ પ્રેમ છે તેથી આ પ્રભુ પણ મારી પાસેથી નિષ્કામ સ્નેહની અપેક્ષા રાખે છે. આપનો દેહ અતીશય કોમળ, ફૂલ સમાન છે. જેથી મારે પણ તેવા સમજી તત્સુખની ભાવના સતત રાખવાની, કેમ કે ગદ્યમંત્રમાં પણ હું દાસ છું. હું આપનો છું. તે બન્ને શબ્દોનો આ જ અર્થ સમજાય છે.

આપના નયન ચંચલ તથા દીર્ઘ છે. જેથી મારે પણ પ્રભુની અનેક લીલામાં મનને વિહાર કરાવવાનો તથા વિશાળ દૃષ્ટિ રાખી સર્વત્ર આપના જ સ્વરૂપની અનુભૂતિ કરવાની (સર્વાત્મભાવ) આપ રસનાં ભોગી છે તેથી મારી સર્વ ઈન્દ્રિયોનો આપમાં જ વિનિયોગ કરવાનો (નિરોધલક્ષણ) ધાતુ - શબ્દોનું મૂલરૂપ ; પરમાત્મા, વીર્ય, વગેરે અર્થ થાય છે. તેથી શબ્દબ્રહ્મ પણ આપ છો, સર્વના આત્મા પણ આપ છો, સૃષ્ટિને પેદા કરનાર પણ આપ છો. તેમ સમજવા છતાં મારા ઘરે પધારેલા નંદનંદન છો. જેથી મારા માટે સર્વશ્રેષ્ઠ (તીલક) છો. આપે નિઃસાધનરૂપ વનની ગુંજાને ધારણ કરી છે તેથી ગુંજાના ત્રણે રંગ લાલ-સફેદ-શ્યામ અનુક્રમે રાજસ, સાત્વિક, અને તામસ ના પ્રતિક છે તેમ મારામાં પણ આ સર્વ સંસારિક ગુણો હોવા છતાં મારામાં નિઃસાધનતા ભાવ હશે તો આપ મને આપના હૃદય કમળનો સ્પર્શરૂપ સુખ જરૂર આપશો જ. આ ત્રિભુવનમાં આપ સમાન કોઈ નથી. *પરમ્ બ્રહ્મ તું કૃષ્ણો હિ ।*

આપે પોતાનું શ્રીઅંગ છુપાવવા - ઢાંકવા પીછોરી ધારણ કરી છે, જે પિતવર્ણી છે. જેથી મારે પણ સ્નેહ (પીળો) વશ થઈને આપની મર્યાદાનો ભંગ પણ નથી કરવાનો. આપે મુરલી ધારણ કરી છે અને તેમાંથી ગોરી રાગના સૂરો વહાવો છો. જેથી મારે પણ આપની લીલા-ગુણોની કથા સાંભળીને મારામાં રહેલા દોષો (મુર) નેદૂર કરીને સ્નેહનું વર્ધન કરવાનું છે. (ગોપી મુરલીનો સૂર સાંભળતાં સ્નેહવશ દોડી ગઈ તેમ) અને જેમ ગોપીજનો લોક-વેદને પણ ભૂલી ગઈ તેમ મારે પણ પ્રભુમાં તેવા બાવરા વ્યસનાવસ્થા સુધી પ્રેમને ગાઢ કરવાનો છે. મારું મન આપમાં લીન કરવાનું છે. મારી દૃષ્ટિ કહેતાં જ્ઞાન-બુદ્ધિ પણ આપમાં જ સ્થિત કરવાની છે. નિરોધ સિદ્ધિ સુધી પહોંચવાનું છે. કૃષ્ણ સિવાય જે કંઈ રસ્તાઓ

છે તેમાં મારી સુધી ન રહે એટલે કે ચિત્ત પણ કૃષ્ણમય થઈ જાય. તથા મારી ઈન્દ્રિયો પણ સંસારમાંથી ડગમગી જાય એટલે કે મારો અહંકાર (કે જે ઈન્દ્રિયોને હુકમ કરે છે) તે પણ આપને આધીન થઈ જાય.

ત્યારે મારો હસ્ત પકડીને જ્યાં મારા પ્રભુ બિરાજે છે તેવા ઘરમાં - તેવા દેહમાં લઈ આવનાર ભામિની - સ્ત્રીભાવવાળા સ્વામિનીજી રૂપ શ્રીમહાપ્રભુ જ છે. આવા પ્રભુ મને સાનુભવ નથી જતાવતા કેમ કે મારાથી માન કરી રહ્યા છે. તેથી મારે તો દાસભાવ જ રાખવાનો સેવકસ્ય તુ ધર્મોઽયં સ્વામી સ્વસ્ય કરિષ્યતિ, વિવેકસ્તુ હરિ સર્વ નિજેચ્છાતઃ કરિષ્યતિ । કેમ કે સાનુભવ ચિત્તમાં થાય તે તો આપ જ ચોરી ગયા છે. હવે તો આપ સન્મુખ પધારો. (સાક્ષાત મન્મથમન્મથ) તો જ હું જીવી શકું. મને તો કોઈ ઉપાય - રીત જણાતી નથી, તમને પ્રાપ્ત કરવાની કેમ કે અનુગ્રહ પુષ્ટિમાર્ગે નિયામક ઈતિ સ્થિતિ ।

હે મારી સખી, હે ભગવદીય મને બતાવો ''નિવદનં તુ સ્મર્તવ્યં સર્વથા તાદૃશૈ જનૈઃ'' આવી વિકલ દશાવાળા જીવ માટે શ્રીવલ્લભ સખી બની જીવને પ્રભુ સોંપ્યા તે સાનુભવ પણ કરાવશે જ ને ?

(૧૧૫) રાગ – ગોરી 3/૧૦૭

કોન રસ ગોપીન લીનો ઘુંટ
મદન ગોપાલ નિકટ કર પાયે પ્રેમ કામકી લૂટ ૧
નિરખ સ્વરૂપ નંદનંદનકો લોકલાજ ગઈ છૂટ
પરમાનંદ વેદસાગરકી મર્યાદા ગઈ ટૂટ ૨

ભાવાર્થ :

અહીં પ્રશ્ન ઊભો થયો છે કે આશ્ચર્ય વ્યક્ત થઈ રહ્યું છે કે જિજ્ઞાસા પ્રકટ થઈ રહી છે કે પ્રેમકી ધ્વજા તથા શુદ્ધ પુષ્ટિ સ્વરૂપા તેવી વ્રજસિમંતીનીઓએ એવા તે કયા રસનો ઘુંટડો ભર્યો કે પાન કર્યું કે જેના કારણે જે પ્રભુ છે તે મદનગોપાલ બન્યા એટલે કે પ્રેમ - સ્નેહરૂપને પ્રકટ કર્યું તથા સાથે સાથે ગોપી જનોના સમોવડીયા ગોપ બન્યા! તથા તેમનું રક્ષણ કરનાર ગોપાલ પણ બન્યા અને મદન પણ બન્યા! તથા તેવા પ્રભુને પોતાની નજીક આવવા માટે આકર્ષી શકી. એટલું જ નહિ પ્રભુમાં રહેલ દિવ્યકામ (પ્રભુ નિષ્કામ હોવા છતાં આત્મકામ હોવા છતાં) ને તથા વિશુદ્ધ સ્નેહને લૂંટીને પોતાને અંક કરવા લાગી! (૧)

આ નંદનંદને પોતાનું મદનગોપાલ સ્વરૂપ છતું કરતાં જ આ ગોપીજનોમાં વીર્યધર્મ પ્રકટ થયો અને તેઓએ નિર્ણય થઈને લોકલાજને ત્યજી દીધી. અને જે વેદ તો સાકાર છે તેની મર્યાદા ઉલ્લંઘવાનો અધિકાર કોઈને જ નથી પણ આ ગોપીજનોમાં જ્યારે પરમાનંદ લહેરાવા લાગ્યો ત્યારે આ વેદસાગરની મર્યાદા પણ તૂટી ગઈ. તેઓને તે છતાં પણ ભગવત્ પ્રાપ્તિમાં કોઈ જ અવરોધ ન રહ્યો.

આવું અપ્રતીમ શૌર્ય તથા કાર્ય પાર પાડી દેવામાં જે મૂલરૂપ રસ છે તે કયો હતો કે જેનું (તેઓએ) ગોપીનજનોએ પાન કર્યું ?

વિશેષ ભાવાર્થ :

શ્રીમહાપ્રભુજીનું પ્રાકટ્ય જ આ પ્રશ્નનો જવાબ પ્રકટ કરવા માટેનું હતું. આપશ્રી આજ્ઞા કરે છે કે ''સર્વદા સર્વ ભાવેન ભજનીયો વ્રજાધીપઃ'' - એટલે કે એવો કયો રસ છે જે પ્રભુને સમર્પીત (ગોપીજન વલ્લભને) ન કરવો ? તેથી બધા જ રસ સમર્પિત કરવા અને પ્રભુ સ્વયં રસરૂપ છે તેથી 'ભગવાન એવ હિ ફલં' તેથી તે પ્રભુરૂપ રસને જ ફલ માનીને આકંઠ (ઘુંટ) માણવો. માત્ર પેટમાં નહિ પણ કંઠ સુધી ભરીને પીવો અને ઘુંટ કહેતા પીતા પીતા સતત તેનો આનંદ લેવો.

શ્રીવલ્લભે પ્રભુ કે જે સર્વ જગતના, પ્રાણી (ગો) માત્રના પાલનકર્તા છે તેમ માનવા માત્ર તેટલા જ નહિ માનવા પણ તે કૃપાળુ પણ છે જીવના મનોરથોના પૂરક પણ છે પણ શરત એટલી કે તે આપના ભક્ત હોવા જોઈએ. તો આપ અનુગ્રહ (પુષ્ટિ) કરશે અને પ્રભુમાંથી પ્રેમીના લેવલે ઉતરી આવશે અને મદન પણ બનશે અને ગોપાલ થઈને ઈન્દ્રિયોને પણ સર્વ સુખનું દાન કરશે. આવા પ્રભુ તે શ્રીવલ્લભે ઘરે ઘરે પધરાવી આપ્યા. (નિકટ કર પાયે) અને ત્યાર બાદ તે પ્રભુ અને ભક્ત વચ્ચે લૂંટ ચાલી. પ્રેમ કામમય બન્યો અને કામ પ્રેમમય બન્યો. (પ્રેમ ભગવાનનો, કામ ભક્તનો) પરસ્પર ઝૂંટાઝૂંટ કરી શકે તેવો સખ્યભાવ પ્રકટ કરાવ્યો.

તથા વલ્લભે પોતાના ગ્રંથોમાં વેદ-ગીતા-ભાગવત તથા બ્રહ્મસૂત્રોનું રહસ્ય ઘુંટી ઘુંટીને પુષ્ટિ દૈવી જીવોને પીવરાવ્યું તેથી પ્રભુના સ્વરૂપનું જ્ઞાન થતાં નવી જ દૃષ્ટિ ખૂલી ગઈ (નિરખ) તેથી ભગવદ્ સુખાર્થે, લોકલાજ તથા વેદસાગરની જે મર્યાદાની પાળ ઓળંગવાની હિંમત ન્હોતી ચાલતી તે આવી ગઈ તથા તે સ્મૃતિ શ્રુતિના સાગર (ધામ)માં બિરાજેલ પ્રભુ (પરમાનંદ)માં જ ભક્તને લીન કરી દીધો.

આવો મહોપકાર - મહાઐશ્વર્ય અને મહાકૃપાના ઘુંટ શ્રીવલ્લભ આજના કાળના ભક્તોને પાઈ રહ્યા છે.

(૧૧૬) રાગ – ગોરી 3/૧૦૭

ચલ સખી ચલ અહો વ્રજ પેંઠ લગી હૈ તહાં બિકત હરિપ્રેમ
સૂંઠ સોંધો પ્રાણનકે પલટેં ઉલટ ધરો યહ નેમ ૧
આનભાત પાયવો દુર્લભ કોટિક ખરચો હેમ
રામદાસપ્રભુ રત્ન અમોલક સખી પાઈયત હૈં એમ ૨

ભાવાર્થ :

એક સખી પોતાની સખીને કહે છે, તથા તેને એટલી ઉતાવળ છે કે મોડા પડશું તો રહી જઈશું તેવો ડર છે તેથી ‘ચલ’ શબ્દ બે વાર કહે છે ‘ચલ સખી ચલ.’ કેમ જવાનું છે ? તો કહે છે વ્રજમાં પેંઠ (ગુજરી - હાટમેળો) લાગી છે. ‘અહો’ કહેતાં પોતાનું સદ્‌ભાગ્ય પ્રકટ કરે છે. ત્યાં શું વેચાય છે ? તેમ પૂછતાં કહે છે કે ત્યાં હરિ કહેતાં સંસારના દુઃખોને હરિ લેનાર તેવાં વૈરાગ્ય સ્વભાવવાળા હોવાં છતાં તેમના પ્રતિ પ્રેમ જાગી જાય તેવો પ્રેમ મળે છે અથવા કહો કે હરિપ્રેમ જે દુર્લભ છે તે જ (પ્રમેય) વેચાય છે.

કોરી ધરતી-ભૂતલ ઉપર આકાશના પવિત્ર જલબિંદુ પડે ત્યારે જે સુગંધ પેદા થાય તે સોંધો. પ્રભુ જે ઉપરના લોકમાં બિરાજે છે તે ભૂતલ પર પધારી સદા સુગંધરૂપ પ્રેમ આપે છે. પણ આ જે પ્રભુપ્રેમ છે તે સ્નેહપૂર્વક પ્રાણને ધરી દેવાનો નિયમ લો તો જ મળે. બાકી કરોડોનું સોનું હેમ-માયા ને આપો તો પણ તે પ્રાપ્ત થાય તેમ નથી. પરંતુ આ અમૂલ્ય રત્ન સમાન રામદાસના ઠાકુર તો હે સખી એમ જ સહજતાથી પ્રાપ્ત થાય, જો પ્રેમ પૂર્વક પ્રાણ ધરી દઈએ તો ! અનુગ્રહથી. માટે ચલ સખી ચલ.

વિશેષ ભાવાર્થ :

વૈષ્ણવ દૈવી જીવને ખૂબ જ આતુરતા પૂર્વક કહી રહ્યો છે કે હે સખી, તું જલ્દી ચાલ કેમ કે ખૂબ જ આશ્ચર્યકારક તથા સદ્‌ભાગ્યના સમાચાર છે... શ્રીમહાપ્રભુ પધાર્યા છે. આપ જ્યાં પધારે ત્યાં વ્રજ બની જાય અને આપ તો દાતા છે. તેથી સર્વ દૈવીજીવોને તેમના અધિકાર મુજબ આપે, તેવી તેમને હાટડીઓ માંડી છે. તે હાટડીમાં લૌકિક સુખ ભોગ નથી મળતા કે વૈદિક સ્વર્ગાદિક અપરવર્ગના સુખ નથી મળતા પણ ત્યાં તો હરિપ્રેમ - હરિપ્રત્યેનો પ્રેમ વેચાય છે. કોઈ વસ્તુ જોઈએ

તો સામે બદલામાં કંઈક આપવું પડે (બાર્ટર). (સૂઠ) અતીશય (સોંધો) મનને પ્રસન્ન કરી દે તેવી સુવાસ, તેવા ચારિત્ર્ય ની સાથે અથવા અહંતા મમતાના પદાર્થો સહિત આત્મનિવેદન (પ્રાણ) અને તે પણ (ઉલટ) પ્રેમપૂર્વક કરી દો તે શરતે, હરિપ્રેમ મળે. આવો હરિપ્રેમ બીજા અનેક સાધન કે પ્રયાસ જીવ સ્વસામર્થ્યથી કરે તો પણ તે ન પ્રાપ્ત થાય પરંતુ રામદાસના પ્રભુ છે કે જે અમૂલ્ય રત્ન સમાન છે તે સ્વયં અહીં પ્રેમ સ્વરૂપ ધરીને વલ્લભની પાસે બિરાજે છે. તે આપણને વલ્લભના અનુગ્રહથી પ્રાપ્ત થાય.

એટલે કે પ્રેમપૂર્વક આત્મનિવેદન (બ્રહ્મસંબંધ) તથા અનુગ્રહથી પ્રભુ પ્રાપ્ત થાય અન્ય કોઈ ઉપાય નથી. પ્રેમ લક્ષણા ભક્તિથી પ્રભુ પમાય. પ્રભુસેવાથી અધિક કિંમતી કંઈ જ નથી. રામદાસપ્રભુ - આ પ્રેમતત્ત્વરૂપહરિ, દાસને પોતાની સાથે રમણ (રામ) પણ કરાવે તેવું સખ્ય ભાવ પણ જતાવે તથા પ્રભુ - સ્વામીપણું પણ જતાવી દાસભાવનું દાન પણ કરે તેમ સર્વભાવોથી ભાવીત કરે.

(૧૧૭) રાગ – ગોરી ૩/૧૦૭

બનતે આવત ગાવત ગોરી
હાથ લકુટીયા ગાયન પાછે ઢોટા યશોમતિ કો રી ૧
મુરલી અધર ધરે નંદનંદન માને લગી ઠગોરી
ચાહી તે કુલકાન હરિ હે ઓઢે પીત પીછોરી ૨
વ્રજવધુ અટન ચઢ દેખત રૂપ નિરખ ભઈ બોરી
નંદદાસ જીન હરિમુખ નિરખ્યો તીનકો ભાગ્ય બડોરી ૩

ભાવાર્થ :

પ્રભુ વનમાંથી વ્રજમાં પધારી રહ્યા છે અને ગોરી રાગ ગાતા ગાતા પધારે છે. આ યશોમતિનો પુત્ર ગાયોની પાછળ હાથમાં લકુટી સાથે પધારે છે. (૧)

મુખ પર મુરલી ધારણ કરી છે તે લાગે છે કે અમને ઠગનારી છે. કેમ કે એના નાદથી તો અમોએ કુલની મર્યાદા અને લોકોના મહેણાને ધ્યાનમાં લીધા વગર તેને નિરખવા દોડી આવી છીએ. (૨)

પ્રભુ હજુ તો દૂર છે તેથી આ વ્રજવધુઓ અધિરી થઈને અટારી ઉપર ચઢીને દૂર દૂરથી આવતા આપને જોઈ રહી છે અને આપનું રૂપ સૌંદર્ય નિરખીને બાવરી થઈ ગઈ છે.

નંદદાસજી કહે છે કે જેણે હરિનું મુખ નિરખ્યું છે એટલે કે જે સેવા કથાનો લાભ લે છે તેના મોટા ભાગ્ય છે ! (૩)

વિશેષ ભાવાર્થ :

પ્રભુ વનમાંથી (એકાંતમાંથી) (એકોઽહં બહુસ્યામ્) બહુ થઈને અવિદ્યાગ્રસ્ત જીવો પર કૃપા કરવા પધારી રહ્યા છે. પોતાની વાણી (વેદ) પ્રકટાવી રહ્યા છે. જેમાં સાત્વિકતા (ગોરી) પ્રકટ કરી રહ્યા છે. આ વેદમાર્ગમાં વેદાજ્ઞાની વિરુદ્ધ જાય તો દંડ થાય. વિધિ-નિષેધનું અતિ મહત્ત્વ છે. (હાથ લકુટીયા) તથા તેમાં પ્રભુને અનુસરવું પડે. આપની સન્મુખતા નથી થતી (ગાયન પાંછે) પરંતુ આ જ પ્રભુ પુષ્ટિ ભક્તો માટે મુરલી મુર રાક્ષસના દોષો યુક્ત જીવ હોવા છતાં તેને અનુગ્રહથી પોતાની અધરસુધાનું દાન કરે છે. જીવ તો સ્વભાવથી દુષ્ટ - અવિદ્યાગ્રસ્ત છે. પણ પુષ્ટિ દૈવી જીવ હોવાથી, અંગસૃષ્ટિ હોવાથી તેને પોતાની સન્મુખ રાખે છે (નંદનંદન) તેથી ભક્તોને વશ થવાની લીલા કરે છે. અને ભક્તોમાં એવી પોતાના પ્રતિની ભક્તિથી ભરી દે છે કે તે ભક્તો પ્રભુની આ અનૂઠી (ઠગ) લીલાને વશ થઈ જાય છે. અને આવા ઠગાયેલા ભક્તો પોતાની (કુળની ઓળખ) અહંતા તથા લોકધર્મ (કાન) પણ ભૂલી ગયા છે, ત્યજી દીધા છે. આ ઠગાઈ (પોતાના પીળા પિતાંબરરૂપ) દિવ્યમાયાથી આપે કરી છે.

આવા ભક્તોને સ્વરૂપાસક્તિ એટલી બધી છે કે જે સૌથી ઊંચો વેદ છે (અટારી) તેના ઉપર પણ પગ ધારણ કરીને પ્રભુનો દૃષ્ટિથી સ્પર્શ કરવા પ્રયાસ કરે છે અને જ્યારે પ્રભુના દર્શન થાય છે ત્યારે તેની આસક્તિ વ્યસનાવસ્થામાં (બોરી) વિસ્તરી જાય છે. આવા ભક્તો બડા ભાગ્યશાલી છે કે જે વેદ-કુલકાનની ઉપરવટ થઈ પ્રભુની સ્વરૂપાસક્તિમાં નિરુદ્ધ થઈ જાય છે. કહો કે પ્રભુનો અનુગ્રહ તેવા પર છે કે પ્રભુ તેને આ પદે પહોંચાડે છે.

(૧૧૮) રાગ – ગોરી ૩/૧૦૮

પરમ રસ પાયો વ્રજકી નારી
જો રસ બ્રહ્માદિકકો દુર્લભ સો રસ દીયો મુરારી ૧
દરશન સુખ નયનકો દીનોં રસનાકો ગુણગાન
વચન સુનન શ્રવણન કો દીનો વદન અધર રસપાન ૨
આલિંગન દીનો સબ અંગન ભૂજન દીયો ભૂજબંધ
દીની ચરણ વિવિધ ગતિ રસકી નાસાકો સુખગંધ ૩

દીયો કામસુખ ભોગ પરમફલ ત્વચા રોમ આનંદ
ઢિંગ બેઠ વો દીયો નિતંબન લે ઉછંગ નંદનંદ ૪
મનકો દીયો સદારસ ભાવન સુખ સમૂહકી ખાન
રસિક ચરણરજ વ્રજયુવતીનકી અતીદુર્લભ જીય જાન ૫

ભાવાર્થ :

સર્વ રસમાં ઉત્તમ-પરમ તેવો રસ કે જે ‘રસોવૈસઃ’ છે, તે જ ગોકુલાધિપ થઈને પધાર્યા છે. તેઓને વ્રજની નારીએ પામી લીધા, મેળવી શકી. આ રસ એટલા માટે પરમ છે, કે આ રસ તો બ્રહ્માજીને પણ દુર્લભ છે. કે જે બ્રહ્મને જાણે છે અને જેમને પ્રભુએ સર્વ પ્રથમ પોતાનું સ્વરૂપ ભાગવતથી જણાવ્યું અને સૌ પ્રથમ જેમને પોતાની નાભીકમળમાંથી પ્રકટ કર્યા તેવા બ્રહ્માજી પણ પ્રભુને મેળવી નથી શક્યા. પ્રભુએ પોતાના મુરારી સ્વરૂપથી તે ગોપીજનોના સર્વદોષોને નિવૃત્ત કરીને પોતાના રસની અધિકારી બનાવી. દોષોની નિવૃત્તિ એટલે કે પ્રભુના ધર્મોપણ જેને ભક્તિમાં બાધક લાગે, એટલે કે પ્રભુનું માહાત્મ્ય પણ જેને દોષરૂપ બની રહે. માત્ર ધર્મી જ દોષરહિત છે તેવું ભાન જેને થઈ જાય. *‘કૃષ્ણાત્ પરમ્ નાસ્તિ દૈવ વસ્તુતઃ દોષવર્જિતમ્’* અને તે રસ દ્વારા નિસ્પન્ન થતો આનંદ માત્ર આત્માને જ નહિ પણ ગોપીજનોની સકલ ઈંદ્રિયોને પણ અનુભૂત કરાવ્યો. (૧)

નેત્રોને દરસનનું સુખ આપે છે. રસનાને પ્રભુના ગુણગાન ગાવાથી આનંદ મળે છે, કાનને પ્રભુના વચનો સાંભળવાથી રસપાનથી આનંદ મળે છે. (૨)

પ્રભુ આલીંગન કરે છે જેથી સર્વ અંગો આનંદ પામે છે. ભૂજાઓને પ્રભુ પોતાની ભુજાથી જકડી લે તેનો આનંદ મળે છે, પ્રભુ ચરણોને એ રીતે આનંદ આપે છે કે વિવિધ ગતિ પ્રભુ કરે છે અથવા પ્રભુની વિવિધ લીલામાં સહભાગી થતાં ચરણ આનંદ પામે છે. પ્રભુની સુગંધ અથવા પ્રભુએ ધારણ કરેલ તુલસીમાલની સુગંધ પ્રભુ સંબંધિત હોવાથી તે આનંદ નાસાને મળે છે. (૩)

અને જે જે કામના કરે તે મનોરથો પ્રભુ પૂરા કરે છે અને ત્વચાના સ્પર્શથી રોમાંચ થાય છે તેવું પરમફળ પ્રભુ ગોદમાં બિરાજીને નિતંબ પર લઈને ખેલાવવાથી આપે છે. (૪)

અને મન તો હંમેશા આપનું ભાવન જ કરતું રહે છે (ઉધો મન નહિ દશ-બીસ) તેથી મનને આનંદ મળે છે જેથી આ સુખ તો રસખાન જેવું છે.

જે આવા રસની અપેક્ષા રાખે છે તેવા રસિકજનને પણ આ વ્રજયુવતીઓની

ચરણરજ અતી દુર્લભ છે તેવું નિશ્ચિત છે. જેથી આવા ભક્તોની ચરણરજ પામવાથી જ તે રસિકપ્રભુ અનુગ્રહ કરશે.

આજના કાળમાં આવા રસના અપેક્ષિતે શ્રીમહાપ્રભુના નિરોધલક્ષણ ગ્રંથમાં જણાવ્યું છે તેમ સર્વ ઈંદ્રિયોનો પ્રભુમાં વિનિયોગ કરવો તો જ, એટલે કે પ્રેમપૂર્વક સેવા કથાથી સતત પ્રભુમાં ચિત્ત પરોવશું તો, જે સુખ ગોપીજનોને આપ્યું તેવા ગોપીજનોની કૃપાથી આપણને પણ મળે. (૫)

(૧૧૯) રાગ – ગોરી ૩/૧૦૮

નંદનંદન ગો-ધન સંગ આવત
સખામંડલી મધ્ય વિરાજત ગૌરી રાગ સરસ સૂર ગાવત ૧
મોરચંદ્રિકા મુકુટ બન્યૌ સિર, મંદ અધર ધરી મુરલી બજાવત
ગૃહગૃહ પ્રતિ જુવતી લઈ ઠાઢી નિરખી વિરહ કી સુલ મિટાવત ૨
સિંઘ પૌરી પે જાઈ જસોદા સુતમુખ હેરી હીયેં સુખ પાવતી
છીતસ્વામી ગિરિધરનલાલ કર અપનેકર ધરી ઉર સોં લગાવતી ૩

ભાવાર્થ :

સંધ્યા સમયે નંદનંદન ગાયોના ધણ કે ગાયો જ જેના માટે ધન છે તેવા પ્રભુ પોતાના ગોપ સખાની મંડળીના મધ્યમાં બિરાજીને ગૌરી-રાગના રસથી ભરપૂર સ્વરને છેડતા ગોકુલમાં પધારી રહ્યા છે. (૧)

આપે સિર પર મોર-ચંદ્રિકાનો મુકુટ બનાવી ધર્યો છે અને અધર પર મુરલી ધરીને મંદ સ્વરમાં બજાવી રહ્યા છે. ત્યારે રસ્તાની બન્ને બાજુ દરેક ઘરમાંથી યુવતિજનને આપના દર્શન થતાં, દિવસભરના વિરહનો તાપ જે કાંટાની શૂળની જેમ હ્રદયમાં દુઃખ દેતો હતો તે હવે શાંત થાય છે. (૨)

યશોદાજી પણ પોતાના સદનમાંથી નીકળી સિંઘપોર સુધી સામે જઈ પોતાના સુતનું મુખ નિરખીને હૈયામાં સુખ પામે છે અને આ છોટા સા ગિરિધરલાલનો હાથ પોતાના હસ્તમાં લઈને ઉઠાવી લઈને પોતાના હ્રદય સરસા લગાવે છે. (૩)

વિશેષ ભાવાર્થ :

જે અખિલ બ્રહ્માંડના સ્વામી છે તે સારસ્વત કલ્પમાં નંદના નંદન બન્યા. નંદન-હર્ષ દેવાવાળા તેવા પ્રભુ અનવતારકાળમાં પશુસમાન જીવોને પોતાની ધન-સંપત્તિ (અંગસૃષ્ટિ હોવાથી) માની તેમનો સંગ કર્યો એટલે કે ઘરમાં સેવાર્થે

બિરાજવાની કૃપા કરી, એટલું જ નહીં નવધાભક્તિમાંની સર્વ સેવા અંગીકાર કરીને સખ્યભક્તિનું દાન કરી, સર્વદા કેન્દ્રમાં કૃષ્ણ બની રહ્યા (મધ્ય બિરાજત) એટલું જ નહિ સારસ્વતકલ્પની રાસલીલા (રાસરૂપ સેવા તથા કથા)નું દાન કર્યું. ભક્તો ગાયો સમાન નિઃસાધન હતા પણ તેમનો સ્નેહ નિષ્કામ હતો તેથી ''તેવા ભક્તો મને અતીશય પ્રિય છે.'' તેમ કહી તે ભક્તોને મુકુટના સ્થાન (મુખ્ય) રૂપ કહ્યા અને પોતાના વદનાવતાર સમા શ્રીવલ્લભના વચનામૃતો ખૂબ જ સૌમ્ય (મંદ) વિવેકપૂર્ણ ભાષામાં સંભળાવ્યા (*ઈતિ મે મતિ* । ક્યાયં આજ્ઞા નહિ) તથા પોતે ઘરે ઘરમાં સ્ત્રીભાવથી બિરાજી રહ્યા. એટલે કે સ્વયં ભોક્તા રૂપે પ્રકટ હોવા છતાં આપના હૃદયમાં રહેલો ગૂઢ સ્ત્રીભાવ - દીનતાભાવ પ્રકટ કર્યો. જેથી તો આપ ભક્તને આધીન થઈને ભક્તના ગૃહે બિરાજ્યા અને વ્રજભક્તોને હંમેશા જે વિરહશૂલ હતોં (કેમ કે પ્રભુ નંદ-યશોદાને ત્યાં બિરાજતા હતા) તે ભક્તના ઘરે સ્થિત થઈને વિરહશૂલ મિટાવી દીધાં. પ્રભુએ જગતમાં (સિંગપૌર - ઘર બહાર) પણ સ્વયં શ્રીમહાપ્રભુના મુખેથી ભક્તોને યશ અપાવ્યો (જશોદા) ૮૪ / ૨૫૨ની ગુપ્ત વાર્તા ભગવદીચ્છાથી પ્રકટ થઈ ગઈ.

જીવ સ્વભાવવાળાથી સંબંધ જોડી જે સ્વામી બન્યા અથવા કહો કે જેનામાં બુરાઈ (દોષોથી ભરેલા) હોવા છતાં તેમના પહાડ જેટલા દોષોને પોતે ધારણ કરીને અથવા ભૂલી જઈને પણ તેવા ભક્તને પોતાના હૃદયસરસા ચાંપવાના અધિકારી બનાવ્યાં.

(૧૨૦) રાગ – ગોરી ૩/૧૦૮

આવૈ માઈ નંદનંદન સુખ દૈનુ
સંધ્યા સમૈ ગોપબાલક સંગ આગે રાજત ધૈનુ ૧
ગોરજ મંડિત સકલ મનોહર મધુર બજાવત બૈનુ
ઈહિ વિધ ધોષ માંઝ હરિ આવત સબકો મન હરિ લૈનુ ૨
કિયો પ્રવેશ જસોદા મંદિર જનની મથી પ્યાવતિ પયફૈનું
છીતસ્વામી ગિરિધરન વદન છબિ નિરખી લજાનૌ મૈનુ ૩

ભાવાર્થ :

સંધ્યાનો સમય છે ત્યારે એક ગોપી પોતાની સખીને કહી રહી છે જો નંદનંદન ગોપબાળકોની સાથે આપણા વ્રજજનોને સુખ આપવા માટે પધારી રહ્યો છે. તેની આગળ આગળ આ ગાયો છે. (૧)

અને તેથી તેમની ખુરરજથી છવાયેલ અલક (વાળ)થી તે મનને હરિ લે છે. અને તેમાંય પાછા મધુર સ્વરમાં વેણુ બજાવીને મનને હરી લેવામાં ઉદ્દીપન કરે છે. આમ સર્વનાં મન હરિ લેતાં હરિ લેતાં, આપ પોતાના નેસડા પાસે આવીને શ્રીયશોદાજીના ભવનમાં પ્રવેશ કરે છે. (૨)

ત્યારે પોતાનો પુત્ર ભૂખ્યો થઈ ગયો હશે તેવા અધીરા ભાવવાળી જશોદા દૂધને મથીને ફીણ વાળુ દૂધ લાલાને પાય છે. આવા દૂધપીતા પ્રભુનું (ગિરિધરનું) વદનકમળનું સૌંદર્ય જોઈને કામદેવ પણ લજાઈ ગયો કે આવું મનોહર સ્વરૂપ તો બીજે ક્યાંય નથી! (૩)

વિશેષ ભાવાર્થ :

જેમને આનંદ અતીપ્રિય છે (આનંદરૂપ છે) તેવા પ્રભુ સપરિકર સુખ દેવા પધારી રહ્યા છે કે જ્યારે (સંધ્યા) અતીવ તાપક્લેશ ભક્તહૃદયમાં ભગવત્પ્રાપ્તિ માટે થાય છે. પરંતુ પ્રભુ ત્યારે જ સુખદાતા બનશે કે જ્યારે ભક્તમાં (ધેનુ) નિઃસાધનતા ભાવ જાગે. તે દર્શાવવા માટે (આગે રાજત ધૈનુ) કહ્યું છે. ભગવાન ભક્તના નિઃસાધન ભાવનું જ પોતાના શ્રીમસ્તકની શોભા બનાવી દે છે. અને સૌ પ્રથમ સુખદાનમાં મધુર એટલે જેમ મધુની સુવાસથી ભ્રમર આકર્ષાય તેમ ભક્તને આકર્ષે છે. નાસા ઈન્દ્રિયથી ત્યાર બાદ જેમ હરણ સુંદર ગાનથી આકર્ષાય તેમ ભક્તોને બેનુ બજાવીને સ્વરથી આકર્ષિત કરે છે. ભ્રમર, હરણ બન્ને નિઃસાધન છે અને પોતપોતાના ઈષ્ટમાં નિષ્ઠાવાળા છે. બૈનુ જે વાંસમાંથી બનેલ છે તે પણ નિઃસાધન છે તો તેને જેમ અધર પર ધરી છે તેમ કહી સંદેશ આપી રહ્યા છે. બોધ આપી રહ્યા છે અને ઘાસ-ફૂસના ઝૂંપડાં પણ નિઃસાધન છે. ક્ષુદ્ર છે તે નિઃસાધન હૃદયકુટીરમાં પ્રભુ પ્રવેશ કરે છે. જ્યારે પ્રભુ પધારે છે ત્યારે આપના સંગથી સકલપરિવારને પોતાની પ્રેમજાળમાં બાંધી લે છે. ભગવાન ત્યાં પ્રવેશે છે કે જ્યાં પ્રભુની કથા-ગુણગાન થાય અને સાથે સાથે સ્વરૂપ સેવા પણ થાય અને તે પણ સ્વતનથી (મથી) અને પ્રભુમાં શુદ્ધ તથા ઉત્તમ વસ્તુનો વિનિયોગ કરાવે (પય ફેનુ) આવા પ્રભુ ભક્ત મનોરથ બને છે અને મનોરથથી પણ અધિક સુખ પોતાના વદનકમળના દર્શનથી કરાવે છે ત્યારે આવું સામર્થ્ય લૌકિક કામમાં તો અંશમાત્ર પણ નથી (નિરખી લજાનો મૈનુ) આ રીતે પ્રભુ નિઃસાધન ભાવાત્મા બની રહે છે.

(૧૨૧) રાગ – ગોરી 3/૧૦૮

વ્રજકી બીથી નિપટ સાંકરી
ઈહ ભલી રીતી ગાંઉ ગોકુલકી જીતહી ચલીએ તીતહી બાંકરી ૧
જહીં જહીં બાટ-ઘાટ બન ઉપવન તહીં તહીં ગિરિધર રહે તાકરી
તહાં બ્રજબધુ નિકસી ન પાવત ઈત ઉત ડોલત રારત કાંકરી ૨
છિરકત પીક પટમુખ દીએ મુસકત છાજે બૈઠી ઝરોખેં ઝાંકરી
પરમાનંદ ડગમગત શિશ ઘટ, કૈસેંકે જૈએ બદન ઢાંકરી ૩

ભાવાર્થ :

વ્રજની ગલીઓ (રસ્તા) ખૂબ જ સાંકડી છે અને વિશેષમાં ગોકુલ ગામની તો રચના જ એવી સુંદર છે કે જ્યાં ચાલો ત્યાં પાછો વળાંક આવે જેથી પાછળ આગળ કોણ છે તે પણ જલ્દી ખબર ન પડે અને ભાગી પણ ન શકાય. (૧)

વળી ગોકુળમાં જ નહિ પણ ઘાટ, વન કે ઉપવનને રસ્તે જ્યાં જઈએ ત્યાં ત્યાં ગિરિધર તો ભેટી જ જાય. જેથી તો ત્યાં પણ વ્રજની વધુઓ હેમખેમ નીકળી નથી શકતી કેમ કે તે આમતેમ ડોલતો આવી કાંકરી મારીને ઝઘડો ઊભો કરે છે. (૨)

તો વળી, ક્યારેક ઝરૂખા ઉપર બેસીને વ્રજવધુ પ્રતિ ઝાંકતા એકીટસે જોઈ રહે છે અને પાનની પીચકારી મારે છે અને પછી પટ મુખ ઉપર રાખી, હસીને મજાક કરે છે. આમારા માથે તો પાણીનું બેડુ હોય છે તેથી શરીર સંભાળીને પણ કેવી રીતે જઈ શકીએ ?

વિશેષ ભાવાર્થ :

શ્રીવલ્લભે કંડારી આપેલ પુષ્ટિમાર્ગ કે જેમાં પરબ્રહ્મ શ્રીકૃષ્ણ વ્રજાધિપની સેવા-કથા એ જ સાધન અને એ જ ફલ છે. પણ તે કહેવાતો માર્ગ તો હકિકતમાં સાંકડી કેડી સમાન છે અને સાંકડી એટલે ઘણી સાંકડી (નિપટ સાંકરી) અને આ ગોકુલાધીશનું ગામ છે. તે તો જેવું છે તેવું સારું જ છે. અમારા માટે અહીંની ગલીઓ પણ વાંકી ચૂકી લચીલી છે. આ માર્ગ જ લચીલો છે. વેદમાર્ગ જેવો સીધો અક્ષરસઃ શબ્દાર્થ સમાન નહિ પણ ભાવના અનુસાર બદલાઈ જાય તેવો ત્રિભંગી જેવો છે.

અહીં તો ધર્મ નથી તમને જોઈ રહ્યો કે નથી તમે ધર્મને જોઈ રહ્યા. અહીં તો ઘરની બહાર કે વ્યવહારનાં કાર્ય (ઘાટ) કે વાનપ્રસ્થ કે સંન્યાસાશ્રમ જેવી સ્થિતિમાં

(વનમાં) કે ગૃહસ્થાશ્રમ જેવી સ્થિતિમાં (ઉપવન) જ્યાં પણ સ્થિતિ હોય પણ દરેક સ્થળે પ્રભુનો ભક્તમાં અને ભક્તનો પ્રભુમાં નિરોધ હોય જ. દરેકમાં (ગિરિધર) ગોપીજન વલ્લભ પ્રીત્યર્થ જ બધું કરવાનું અને ભય લાગે ત્યારે ગિરિધર રક્ષક તરીકે પણ સતત તાકતા જ રહેતા હોય છે. ભક્ત પોતાના સંસારના ઘેરા રૂપ ઘરમાંથી જલ ભરવાને બહાને પ્રભુનો સંગ કરવા. સેવા-કથારૂપ ગલીમાં નિકળી પડે છે, દેખાવ એવો કરે છે કે અમારે રહેવું તો સંસારમાં છે પણ શું કરીએ વ્યવહારના કામે નિકળવું પડે છે. સેવા-કથાની ગલીમાં નીકળેલ ભક્તની સાથે (સખ્યભાવ) ઉત્કટ ભાવમાં પ્રભુ ઝગડો પણ કરે છે અને કાંકરીચારો પણ કરે છે (શ્રીદામા તથા ગોવિંદસ્વામીને યાદ કરો) તેથી ક્યારેક દુઃખ પણ આપે તો ક્યારેક પોતાના અધરામૃતરૂપ પીકથી ભક્તને રંગી દે છે ત્યારે ભક્તની વ્યસનાવસ્થા જેવી અનુરાગપૂર્ણ (રાતી) દશા થઈ જાય છે અને ત્યારે તેવા બ્હાવરા ભક્તની પ્રભુ મજાક પણ કરી લે છે. કુંભનદાસને પોતાની સાથે માખણ ચોરીમાં લઈ જઈને પકડાવી દીધો તથા ચત્રભુજદાસને લગ્ન કરવાની સલાહ પોતે આપી અને પછી કહેવા લાગ્યા કે હજુ તો હમણાં જ રાંડયા અને તુરત જ લગ્ન વગર ન રહેવાયું ? ભક્તને માથે પાછું સંસારનું જળ ભરેલું બેડું છે અને બીજીબાજુ ભગવદ્‌સ્નેહ પણ છે આ બે સાથે નિભાવવામાં પગ ડગમગી પણ જાય છે તો ક્યારેક શીશ ડગમગે તો ક્યારેક બેડું-સંસાર ડગમગે. પણ ભક્ત તો ભગવાનને આશ્રીત છે. ‘‘અશક્યે વા સુશક્યે વા સર્વથા શરણં હરિઃ’’ તેથી પોતે પોતાના સ્વરૂપને નથી ભગવાનથી છૂપાવી શકતો કે નથી જગતથી છૂપાવી શકતો. પણ દરેક પરિસ્થિતિમાં તેને પરમાનંદનું સુખ છે કેમ કે જીત જાઉ તીત આડો હી આવે બીના બુલાયો મોંસો બોલે... માઈ મેરો શ્યામ લગ્યો સંગ ડોલે...

(૧૨૨) રાગ – ગોરી 3/૧૦૯

મોહન નટવર વપુ કાછૈ આવત ગોધન સંગ લીયે લટકત
દેખનકોં જુરી આઈ સબૈ પ્રિય, મુરલી નાદ સ્વાદ રસ ગટકત ૧
કરત પ્રવેશ રજનીમુખ વ્રજમેં દેખત રૂપ હૃદયમેં અટકત
છિતસ્વામી ગિરિધનલાલ છબિ દેખત હી મન કહું ન ભટકત ૨

ભાવાર્થ :

મનને મોહી લેનારા ગિરિધરલાલ નટવર (નટવત - વરવત્) વેશવાળા અભિનય કરવાને પધારી રહ્યા છે અથવા કહો કે તેવા પ્રભુ પટુકા કસીને પધારે છે અથવા કહો કે ખૂબ જ નજીક પધાર્યા છે.

ગોધનને સાથે રાખીને તે પ્રકારે પધાર્યા છે. આપના દર્શન કરવા વ્રજસ્ત્રીઓના સમૂહ આવી પૂગ્યા છે. તથા આપ જે મુરલીનો નાદ વહાવી રહ્યા છે તેનો સુધારસ ગટક ગટક ઘુંટડા ભરીને આકંઠ પી રહ્યા છે. (૧)

આપ લગભગ અંધારું થવાની તૈયારીમાં છે ત્યારે જ પધાર્યા છે. ત્યારે આપના દર્શન કરીને આપના રૂપ-સૌંદર્યને આ વ્રજાંગનાઓ હૃદયમાં ભરી રહી છે અને પ્રભુનું આ સૌંદર્ય એટલું બધું અનુપમ છે કે તે જોયા પછી બીજું બધું ફીકું લાગવાથી મન તેમના સ્વરૂપમાં જ અટકી ગયું છે જેથી બીજે સર્વ સ્થળે ભટકતું મટી ગયું છે.(૨)

વિશેષ ભાવાર્થ :

પ્રભુએ જ્યારે રમણની ઈચ્છા કરી ત્યારે સૃષ્ટિ કરી અને તેમાં પ્રવેશ કર્યો એકોહં બહુસ્યામ થયા ત્યારે પ્રભુએ સર્વ શુદ્ધઆત્માને મોહિત કર્યા. એવા પ્રભુ નટવત્ થઈને વૈવિધ્ય આણે. તેથી પ્રવાહી જીવ માત્ર તેવા જ જાણે જેથી સૃષ્ટિમાં મોહિત થઈ રહે. જેઓને વરવત્ (શ્રેષ્ઠ) ભાસ્યા તેવાને માત્ર માહાત્મ્યજ્ઞાન જ થયું અને તેવા દૈવી મર્યાદાજીવ થયા અને જેઓ પુષ્ટિ ભક્ત છે તેમને ખ્યાલ આવ્યો કે આ જે સૃષ્ટિની લીલા થઈ રહી છે અને જે લીલાની સામગ્રી છે તે નટરૂપ પ્રભુનું કાર્ય છે અને તે જ મારે માથે (વરવત્) બિરાજે છે અને મારું કર્તવ્ય તો તેમની સેવા કરવાનું છે અન્ય નહિ. ''વરસ્તુષ્યતિ નાન્યથા'' તથા તે જેમ નચાવે (નટ) તેમ અમારે નાચવાનું અને નાચતી વખતે આપનું માહાત્મ્ય ભૂલી જવાનું (હરિઃ સર્વ નિજેચ્છાતઃ કરિષ્યતિ) આ પ્રકારના ભાવવાળા પુષ્ટિજીવ આવા પ્રભુ ભૂતલ ઉપર આપણા માટે ફરી શ્રીવલ્લભની કૃપાથી પોતાના સમસ્ત પરિકર (ગોધન) સહીત પધારી રહ્યા છે અને જેઓનો સ્વભાવ (સ્ત્રીજન) દીનતાવાળો છે તેવા આવા પ્રભુને નિરખીને પોતાના હૃદયમંદિરમાં પધરાવી ગયા. પ્રભુની નાદરૂપ કથાનું આકંઠ પાન અનવસર તથા અવસરમાં કરતા રહ્યા જ્યારે આવી સાધન રૂપા ભક્તિ થઈ ત્યારે પ્રભુ તેવા સંધીકાળમાં (સાધન-ફલરૂપા ભક્તિ) તે વ્રજભક્તોના હૃદયમાં સ્થિર (દૃઢ) થઈને બિરાજી ગયા અને જ્યારે પ્રભુ સ્વયં કૃપા કરી પોતાના સ્વરૂપાનંદનું દાન કરવા લાગ્યા (ગિરિધરનલાલ છબિ દેખત) જેમ ગિરિરાજધરનની લીલા વખતે પ્રભુએ વ્રજભક્તોનો નિરોધ સિદ્ધ કર્યો હતો. તેમ અહીં પણ આવા ભક્તોનો નિરોધ સિદ્ધ થઈ ગયો (મન કહું ન ભટકત) છિતસ્વામીજી કહે છે આમારો પણ અનુભવ છે કેમ કે હું પણ નટ-છલીયા રૂપે આવ્યો હતો પણ

શ્રીગુસાંઈજી સ્વયં મોટા-છલીયા બની, મજાક કરવા આવનારની મજાક કરીને, મને જ બાંધી દીધો અને મારા (વર) સ્વામી થઈ ગયા. હું ગામમાં કોઈને નહોતો ગાંઠતો, તેવા મારા જેવા કાલીયનાગનું દમન કરી લીધું અને આપમાં નિરોધ સિદ્ધ એવો કરાવી દીધો કે સ્વયં ઠાકુરજીમાં પણ મને તો આપના જ દર્શન થવા લાગ્યા અને આપમાં ઠાકુરજીના. આવો અભેદ માહાત્મ્યજ્ઞાન અને સ્નેહની વચ્ચે કેળવાઈ ગયો.

(૧૨૩) રાગ – ગોરી 3/૧૦૯

મેરે રી મનમોહન ભાઈ
સાંઝ સમેં ધેનુ કે પાછૈં આવત હૈં સુખદાઈ ૧
સખામંડલી મધ્ય મનોહર મુરલી મધુર બજાઈ
સુનત શ્રવણ તનકી સુધી ભૂલી નૈનકી સૈન જતાઈ ૨
કીયો પ્રવેશ નંદગૃહ ભિતર જનની નિરખી હરખાઈ
છિતસ્વામી ગિરિધર કે ઉપર સરવસુ દેત લુટાઈ ૩

ભાવાર્થ :

મનમોહન જે ગિરિધરલાલ છે તે મને અતીપ્રિય છે. અને તે સંધ્યા સમયે જ્યારે વ્રજમાં પધારે છે તે અમને સુખ દેવા જ પધારે છે. (૧)

આપ સખા મંડલીની મધ્યમાં રહીને જ્યારે મુરલી બજાવે છે ત્યારે તે નાદ કાનમાં પડતાં જ દેહની સુધ ભૂલાવા લાગી. ત્યારે જ આપે આંખોથી મને ઈશારો કર્યો (૨)

અને પછી તો આપે પોતાના (નંદજીના) ગૃહમાં પ્રવેશ કરી દીધો ત્યારે માતા આપને નિરખીને ખૂબ જ હરખાઈ આવા છિતસ્વામીના ગિરધરની ઉપર બધાં જ વ્રજવાસી બધું જ લુટાવી દેવા તત્પર છે. (૩)

વિશેષ ભાવાર્થ :

અહીં પુષ્ટિપ્રભુનું સ્વરૂપ કેવું છે તેનું વર્ણન છે. પુષ્ટિ એટલે અહૈતુકી કૃપા અને પ્રભુ એટલે સ્વામી. જે પ્રભુ કહેતાં સામર્થ્યવાન ઐશ્વર્યવાન છતાં પણ તે પોતાના માહાત્મ્યને નજરઅંદાજ કરીને કૃપા કરવા તત્પર રહે છે, તેમને માટે કે જેઓ પ્રભુને સ્વ (પોતાના) ગણે છે તો પ્રભુ પણ તેઓને પોતાના ગણી તેમના સ્વામી

બને છે. ભક્ત, માત્ર કર્તવ્યવશ તેમને પોતાના નથી ગણતા પણ તેમને પ્રભુ સિવાય કંઈ ગમતું નથી. એટલે કે જે મનનો સ્વભાવ ચંચલ છે અનેક વિષયો પ્રતિ ઉડાઉડ કરે છે તે મન એટલું મોહિત (સ્વભાવને ભૂલી જવું) થઈ જાય છે કે તેનો નિરોધ તે મોહી લેનાર સ્વપ્રભુમાં તે સ્થિત થઈ જાય છે અને ભરપૂર આનંદ માણે છે.

આ પ્રભુ કેવા પુષ્ટિ પ્રભુ છે ? તો કહે છે - જ્યારે સામાન્ય રીતે સાંજ પડે ત્યારે બધાં જ અસંગ થઈને સ્વસંગમાં લાગે જેમ કે ઉડાઉડ કરતા પક્ષી, બીજા પક્ષીનો આકાશનો, વૃક્ષોનો વગેરેનો સાથ છોડી પોતાના માળામાં આવે, પશુઓ નદી વનનો વિહાર છોડી ગુફા કે ખરૂમાં આવી જાય - કામકાજ અર્થે નિકળેલ વ્યક્તિ બજાર-અન્ય મિત્રો વગેરેનો સંગ છોડી સ્વગૃહે આવે પરંતુ આ મોહન તો પોતાના ભક્તોને સુખ દેવાનું પણ લીધેલ છે તેથી સંઝા સમે પણ પોતાની ધેનુ (ભક્તો)ની પાછળ પાછળ ડોલે છે અને તેમના મનને પ્રસન્ન કરવા મધુરી મુરલી પણ બજાવે છે. દિવસે તૃણ ચરાવી તનનું પોષણ કર્યું, હવે મુરલી બજાવી મનનું પોષણ કરે (પ્રેમ) છે. તથા (સખામંડલી) કે જેઓને સખ્યભાવ છે (આસક્તિ) તેવા ભક્તની પાછળ નહિ પણ તેમની મધ્યમાં બિરાજે છે. તથા જેઓ તેમનાથી દૂર છે તેમને એટલા બધા રસથી ભરી દે છે કે રસસુધા કર્ણમાં પડતાં, દેહ દશા ભૂલાઈ જાય છે. (વ્યસનાવસ્થા) ધેનુ અને સખામંડલી જેવા ભક્તોને સંયોગરસનું દાન કરે છે તો વ્રજસિમંતીનીઓને તે જ સમયે વિપ્રયોગરસનું દાન કરે છે. પરંતુ જ્યારે તેઓને તનની સુધી જવાની તૈયારી છે ત્યારે ફરી પુષ્ટિ કરે છે અને ઈશારાથી (સેનન) તથા દૃષ્ટિથી સંજીવની રૂપ સંયોગરસનું દાન કરે છે તથા વિશેષ સુખ આપવાનું મૂક-વચન આપે છે. નંદજીનું ગૃહ એટલે નંદ-યશોદા, ત્યાં આવેલ સમસ્ત વ્રજવાસી તથા કુમારિકાઓના (ગૃહ) હૃદયમાં ખૂબ જ ઊંડાણમાં (ભિતર) આપે પ્રવેશ કરી હર્ષનો પ્રાદુર્ભાવ (જનન) થતો દર્શાવ્યો (નિરખી) એટલે કે અનુભવાયો. આવા સુખની ચરમસીમા આપનારા પ્રભુએ (ગિરિધરે) એક વિશેષ કૃપા કરીને તેમનામાં સર્વોચ્ચ સમર્પણ ભાવનું જતન કર્યું તેથી આવા પ્રભુ ઉપર સર્વસ્વ ન્યોછાવર કરી દેવા લાગ્યા. પોતાની અહંતા-મમતા-આત્મા સર્વસ્વને લુટાંવી પોતે નિઃસાધન થયા અને પ્રભુ નિઃસ્વાર્થ ફલાત્મા થયા.

(૧૨૪) રાગ – ગોરી ૩/૧૦૯

એ આજ કૌન બન ચરાઈ
ચેતી ગૈયાં કહાં ધોં લગાઈ એતી બેર બૈઠે વ કહા સુધ લેહો નેન ઓસર ૧

એક બન ઢૂંઢ સકલ બન ઢૂંઢી તોઉ ન પાઈ ગાયનકી ગેર
તાનસેન કે પ્રભુ તુમ બહોનાયક દેહો કદમ ચઢ ટેર ૨

ભાવાર્થ :

ગ્વાલબાલ કનૈયાને પૂછે છે કે આજે ગાયોને ક્યા વનમાં ચરાવવા માટે મોકલી છે ? કેમ કે આટલી બધી વાર લાગી, ઘરે જવાનો સમય અવસર વેળ થઈ ગઈ છતાં આવી નથી. આમ બેસી રહીને શાંતિથી નિંદ કાં કાઢો છો ? (૧)

અમે તો એક એક વન શોધી વળ્યા તો પણ આ ગાયોનો ઈશારો (હોવા પણાનો) મળ્યો નહિ. સર્વ મુશ્કેલ કાર્યમાંથી રસ્તો કાઢવામાં ચતુર (બહુનાયક) તો તમો જ છો, જેથી કદમ પર ચઢીને ગાયોને ટેર દઈને બોલાવો. (૨)

વિશેષ ભાવાર્થ :

પ્રભુના નિત્ય લીલાના પરિકર પ્રભુને પૂછે છે કે આપે સૃષ્ટિ રચી તેમાં દૈવી જીવો (ગાયો) પણ છે તેઓને આપે એવા તે કેવા વનમાં (અહંતા-મમતા) ચરવા (સંસાર ભોગવવામાં) મોકલી દીધા છે, કેમ કે જેમ ગૃહસ્થાશ્રમ પછી વાન પ્રસ્થ કે સંન્યાસ આશ્રમમાં મનુષ્યને પ્રભુની સુધી વિશેષ આવવી જોઈએ પણ તેઓને તેવું જણાતું નથી. (અલૌકિક સામર્થ્ય હોવાથી નિત્યલીલાના જીવો સર્વ કંઈ જાણી શકે છે. અથવા પ્રભુ જે જણાવવા ઈચ્છે તેવી તેમના મનની વાત પણ જાણી શકે છે.)

આપ તો નિરાંત મનથી બિરાજી રહ્યા છો, આ આપની અકળતા અમને વિકળ કરે છે કેમ કે આપ આપની પર બ્રહ્મતા પ્રકટ કરો તો તો પુષ્ટિ ભક્તિમાં બાધક થાય અને તેથી તો આપ તે સંસારમાં અથડાતાં દૈવી પુષ્ટિજીવો પર કૃપા નથી વરસાવતા. તો શું આપ પુષ્ટિભાવને અંતર્હિત તો નથી કર્યોને ?

અમે તો અમારી દિવ્યદૃષ્ટિથી જોયું કે તે કર્મ - જ્ઞાન - ઉપાસના આદિ સકલ વનોમાં ભટકે છે પણ તેમને આપની પાસે પાછા વળવાનો નિષ્કામ નિઃસાધન ભાવવાળો ભક્તિમાર્ગ જડતો નથી. આપ તો કર્તુમ અકર્તુમ્ અન્યથા કર્તુમ્ સમર્થ (બહુનાયક) છો અને આપ તો તાન (નાદ) સેન (બ્રહ્મ) પણ છો તો આપની વાણી રૂપ નાદબ્રહ્મ - વાક્સુધા શ્રીવલ્લભ સ્વરૂપે (વાક્પતિ) ભૂતલ પર પધરાવો અને તેમને આચાર્યપદે ગુરૂપદે બિરાજાવી સર્વ તેમના થકી સાચા રાહે ચડી જાય તેવો પ્રમેય વિચારો.

શયન દર્શન

(૧૨૫) રાગ – નાઈકી 3/૧૦૯

જાન્યોં પ્રીતકો મરમ
મુખકી મોસોં જીયસી ઔરનસોં પાયો હૈ તિહારો ભરમ ૧
ઐસી હૈ જો કોન બાલ જિન રસવસ કર લીને જાનીયત હીયકે નરમ
હરિનારાયણ **સ્યામદાસ** કે પ્રભુ માઈ ભલીકીની ભોર આયે ચતુર પરમ ૨

ભાવાર્થ :

પ્રભુ જ્યારે રાતભર ન પધાર્યા પણ સવારે પધાર્યા તેથી ગોપી કટાક્ષ વચનોથી પ્રભુનું સ્વાગત કરે છે.

પ્રીતનો અર્થ શું ? તેની મને આજે જ ખબર પડી! (જાન્યો પ્રિત કો મરમ) મારી સામે તો મારા હોવ તેમ દેખાવ કરો અને હૃદયનો ભાવ તો અન્યથી હોય. ''તેથી આપ જે પધાર્યા છો તે તો તમારુ ભ્રમસ્વરૂપ છે.'' (તમારા વિશે ભ્રમ ભાંગી ગયો છે) તેમ ગોપી સ્વગત બોલે છે. (૧)

પછી પ્રકટ બોલે છે - એવી તે કોણ તરૂણી (બાલ) છે કે જેણે પોતાના રસ-પ્રેમથી આપને વશ કરી લીધા ? અથવા તો એવું લાગે છે કે આપ હૃદયના ખૂબ નરમ લાગો છો જેથી જે બોલાવી જાય ત્યાં ચાલી જાઓ છો ? (જાનીયત હીયકે નરમ) આપ તો સર્વના દુઃખ હરવાવાળા હરિ છો તેથી તેના પણ દુઃખ હરો અને નારાયણ હોવાથી સર્વ માટે સમાન છો. સ્યામ છો તેથી કપટી છો અને જે કોઈ સેવા કરે તેવા દાસના જ સ્વામી છો. જેથી ગમે તેની પાસે જાઓ તેમાં આશ્ચર્ય નથી! પરંતુ આપે મને એટલી તો લાયક સમજી કે સવાર પડે તો પધાર્યા! આપ તો ચતુરોમાં પણ ચતુર છો. પરમ ચતુર છો. જેથી મારું કહેવાનું ન સમજો તેમ નથી! (૨)

વિશેષ ભાવાર્થ :

પુષ્ટિભક્તિમાર્ગીય પ્રીત શું છે તેનું રહસ્ય આ જે એક પ્રસંગ બન્યો જેથી ગોપીને સમજાઈ જાય છે. તે તેની સખીને બતાવી રહી છે. (આજના કાળના ભક્તોને બતાવે છે).

પ્રભુએ જાણે મને બતાવ્યું કે જીવે પાખંડ ન કરવો જોઈએ. સન્મુખ રહીને સેવા કરે પરંતુ જીવ તો અવિદ્યાગ્રસ્ત હોવાથી સંસારમાં ભટક્યા કરતો હોય (મુખકી

મોસો જીયસો ઔરનસો) પરંતુ પ્રભુ તો અંતરમાં બિરાજેલા હોવાથી જીવનું આ કપટ (ભ્રમ) જાણી લે છે (પાયો હૈ તિહારો ભરમ) પરંતુ જે પ્રભુને પોતાના પ્રેમમાં રસબસ કરી દે (જિન રસ વસ કર લીને) અથવા તો પ્રેમને કારણે પ્રભુને વશ કરી દે તેવા તો કોઈ વીરલા જ હોય (ઐસી હૈ જો કોન) એવા તો કોણ હોઈ શકે ? પરંતુ જો તેવા બાલ હોય એટલે કે નવાસવા જ સેવક થયા હોય તો શું ? જેમ સાસુ-વહુની વાર્તા છે તેમ, પ્રભુ તેમનું બાલપણું નથી જોતા કે નથી પીઢ પણું. આપ તો રસને જ વશ છે અને જે સ્વભાવે અતી દીન છે (જાનીયત હોય કે નરમ) પ્રભુને સ્હેજ અસુખ થાય તેમાં પોતાનો જીવ નીકળી જાય ! પદ્મનાભદાસજીએ, રામદાસજીના ઠાકુરને મ્લેચ્છ લઈ ગયો તો સાત દિવસનાં ઉપવાસ કર્યા. શ્રીઆચાર્યજીને સ્હેજ ભોજનમાં અવેર થાય તેમ જાણી વણઝારાને પુષ્ટિધર્મ ગિરવે મુકીને પણ પૈસા ચૂકવી દીધા. જે તેના હક્કના ન્હોતા તોય, આવા નરમહૃદયના આ ભક્તો છે.

એવા નર માટે પ્રભુ નારાયણ થયા છે અને એવા ભક્તના દુઃખ પ્રભુ પણ સહન કરી શકતા નથી (હરિ) એ ભક્તના દોષ પ્રતિ ન જોનારા આપ તેના 'પ્રભુ' થવામાં ગૌરવ અનુભવે છે. (સ્યામદાસકે પ્રભુ) તેવા ભક્તમાં સારા-બુરા સર્વ પ્રસંગોમાં તેવો જ ભાવ રાખે છે. (ભલી કીની) *''વિવેકસ્તુ હરિ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ''* તેવા વિવેકપૂર્ણ છે.

મારા અજ્ઞાનરૂપ અંધકારને દૂર કરવા જ પ્રભુ પધાર્યા છે (ભોર આયે) આવા ભક્તનું મન લૌકિક બુદ્ધિમાં અટવાતું નથી કેમ કે તે તો પ્રભુને જ પરમચતુર માને છે.

પ્રભુની સાથેની પ્રીતનું રહસ્ય કહેતાં અહીં ભક્તના લક્ષણો જણાવ્યા છે. તેવા ભક્તો જ પ્રભુની પ્રીતનું રહસ્ય કહી દે છે જે પ્રભુ, પ્રીત ક્યારે કરે ?

(૧૨૬) રાગ – નાઈકી ૩/૧૦૯

લોચન લાલચી ભયે
રોકે ન રહત પ્રેમ કે માતે પલક કપાટ દીએ ૧
જો મનદૂત પવન વ્હૈ નિકસે બહુર્યો સ્યામ પે ગયે
સૂરકે પ્રભુ ખરેઈ સોદાગર બિનુગ્રથ મોલ લીયે ૨

ભાવાર્થ :

સૂરદાસજી કે જે પોતાને દ્વિવિદ આંધરો કહે છે તે કહે છે કે મારાં લોચન લાલચી લોભી - તૃષ્ણાવાળા થઈ ગયાં છે, તેની રૂચી આસક્તિ સુધી વધી ગઈ. જેથી તો પલકરૂપ દરવાજા (કપાટ) બંધ કરી દેવા છતાં તેમને રોકી શકાતા નથી કેમ કે પ્રેમની ઉન્મત્ત દશા એવી છે કે જેને કોઈ રોકી ન શકે ! (૧)

જીવન ખૂઈને આત્મા પર સવારી કરીને પણ પહોંચી જાય છે. અથવા તો દેહે કરીને ન નીકળી શકે તો મનરૂપ દૂતની સાથે પવનવેગે નીકળી પડે છે અને સીધા જ સ્યામ મુકામે પહોંચી જાય છે. ત્યારે તેમની જેને માટે લાલચ છે તે લોચન સ્યામ માટે સોદો કરવા, સૂરદાસજીના સ્વામી સાથે બેઠા પણ આ સોદાગર તો શૂરવીરોના સ્વામી નીકળ્યા. આવા સોદાગર તો ક્યાંય જોયા નથી કે જે સ્યામને કોઈપણ બદલા વગર આપી દે ! સૂરપ્રભુ જાણે છે કે પ્રેમનું મૂલ્ય આંકનાર સોદાગર થવા લાયક નથી તેથી તો આપ ‘ખરેઈ સોદાગર’ છે. (૨)

(૧૨૭) રાગ – નાઈકી 3/૧૦૯

પ્યારે પૈયા પરન ન દીની
જોઈ જોઈ વ્યથા હુતી મેરે મનમેં છિન એકમેં દૂર કીની ૧
જો સોતીન મોસોં અનખ કરત હી સોઈ આનંદ ભીની
નંદદાસપ્રભુ ચતુર શિરોમણિ પ્રીત છાપ કર લીની ૨

ભાવાર્થ :

મને કોણ જાણે એમ લાગ્યું કે મારા પ્યારા પ્રભુ મારાથી દૂરી કરી રહ્યા છે. મારી પાસે તે માટે કોઈ જ ઉપાય નથી. હું તેમનાથી દૂરી સહન કરી શકતી નથી. મારી પાસે કોઈ સાધન પણ નથી કે સાધન પ્રેમપંથમાં પ્રભુને રીઝવવા કામ આવી શકે તેમ નથી. તેથી હું પ્રભુના ચરણો પડીને આપને રીઝવવાનો વિચાર કરતી હતી. પરંતુ પ્રભુએ તો પોતાનો પ્યાર પ્રકટ કરી દીધો અને મને ચરણે પડી વિનતી કરવા પણ ન દીધી એટલો બધો સ્નેહ પ્રકટ કર્યો (પ્યારે પૈયા પરન ન દીની) મારા મનમાં જે કંઈ વ્યથા હતી તે આપે ક્ષણમાંત્રમાં દૂર કરી દીધી. મારા મનમાં જે કંઈ સંશય હતા તે દૂર થઈ ગયા. (૧)

જે જલની ધારા મારી આંખોમાંથી વહેતી હતી તેમાં ભારોભાર રીસ ભરેલી હતી તે ધારા તુરત જ આનંદભીની થઈ ગઈ અથવા જે સહપત્ની મારા પર રીસ કરતી હતી તે મારા પર પ્રેમ વરસાવવા લાગી.

નંદદાસના પ્રભુ ચતુરાઈમાં શ્રેષ્ઠ છે તેથી તો એકમાત્ર 'પૈયા પરન ન દીની' જેવા વ્યવહારથી પોતાની ગોપી પર ખૂબ પ્રીત છે તેવી છાપ કાયમી કરી દીધી. (૨)

(૧૨૮) રાગ – નાઈકી 3/૧૧૦

મિલે કી ફૂલ નયનાહી કહે દેત તેરે
સ્યામસુંદર મુખ ચુંબન પરસે નાચત મુદીત અનેરે ૧
નંદનંદન પેં ગયો ચાહતે હૈ મારગ શ્રવણન ઘેરે
કુંભનદાસ ગિરિધરન મિલનકું કરત ચિન્હ દસ ફેરે ૨

ભાવાર્થ :

એક સખી પોતાની બીજી સખીને કહે છે - તું કહે કે ન કહે પણ તારાં નયનો જ કહી દે છે કે તું ગિરિધરનનું મિલન પામી છે. અને માટે જ ઉત્સાહથી ફૂલાયેલી જણાય છે. લાગે છે કે સ્યામસુંદરે મુખચુંબનથી નયનાંને સ્પર્શ કર્યો છે. માટે તો તે ખૂબ જ આનંદપૂર્વક નાચી રહ્યા છે અને આ આનંદ અને હલનચલન નૂતન જ છે (અનેરે) (નાચત મુદીત અનેરે) (૧)

આ નયનાં તો સ્યામસુંદરને નંદનંદનને મળવા ખૂબ ચાહી રહ્યા છે પરંતુ તેની બન્ને બાજુ કાન-શ્રવણાનો ચોકી પહેરો છે તેથી જવામાં ઘણી રૂકાવટ છે. (નંદનંદન પે ગયો ચાહત હૈ મારગ શ્રવણી ઘેરે).

પરંતુ જે કુમન - જગત્પતિનો દાસ છે તે તો પોતાનો નિરોધ જેમાં સિદ્ધ થયો છે તેવા ગિરિધરનને મળવા માટે જાત-જાતના ઈશારા દશ વખત કરશે જ માટે આ નયનાં એ દશવખત પ્રભુને ઈશારા કરીને મળવા પ્રયાસ કર્યા છે ત્યારે તે પ્રભુને મળી શક્યા છે. (દશવખત એટલે પ્રેમપૂર્વિકા નવધાભક્તિ) (૨)

(૧૨૯) રાગ – નાઈકી 3/૧૧૦

ચલે અનત, ધોખે આયે, મેરે સો તો સકૂચ રહે હી બનેગી
તિહારે મિલેકી ફૂલ, પીર આવે વાંકી મોહી
અવધિ આસ તારે ભોર લોં ગિનેગી ૧
તુમ બહુનાયક સબસુખદાયક
દોઉ ધાકોં સોચ કીયે પ્રીત તો તનેગી
જાહી કો સુહાગ ભાગ તાહીકો લહનો
જગન્નાથ પ્રભુ પ્યારે રસમેં સનેગી ૨

ભાવાર્થ :

પ્રભુએ મારી પાસે આવવાનું કહ્યું હતું પણ બીજે ચાલ્યા ગયા. (ચલે અનત) મને તો દગો કર્યો (ધોખો આયે) પણ મારામાં તો કંઈ થઈ શકે તેવી હિમ્મત નથી. તેથી ચૂપ રહીને મનમાં જ સંકોચાઈને બેસી રહેવાનું કરીશ (મેરે તો સકૂચ રહે હી બનેગી) હે પ્રભુ, હવે તો તું જ્યારે મળીશ ત્યારે જ ફૂલાઈશ, ત્યાં લગી સંકોચાઈ - ચીમળાયેલી રહીશ (તિહારે મિલેકી ફૂલ) પરંતુ મને તેના લીધે હૃદયમાં પીડા તો બહુ થાય છે. (પીર-પીડ આવે વાંકી તેની / તેથી મોહી - મને) આવા વિયોગની મુદત (અવધિ) પૂરી તો થશે જ, તેવી આશામાં ને આશામાં આખી રાત આકાશના તારા ગણતી ગણતી સવાર પડે ત્યાં લગી રાહ જોઈશ (અવધિ આસ તારે ભોર લોં ગિનેગી) (૧)

મનમાં તો એમ જ વિચારું છું કે પ્રભુ તમે તો બહુનાયક છો, આપને તો અનેક નાયિકાઓ છે અને તે સર્વને સુખ દેવા વાળા છો (તુમ બહુનાયક સબસુખદાયક) તેથી આપ તો બન્ને બાજુનો વિચાર કરો અને પછી જ્યાં આપને વિશેષ પ્રીતિ જણાય તે બાજુ આપ ખેંચાઈ જાઓછો. (દોઉ ધાકોં સોચ કીયે પ્રીત તા તનેગી.) જેના ભાગ્યમાં સુહાગ લખ્યો હોય તે જ તેને માણી શકે (જાહીકો સુહાગ ભાગ તાહીકો લહનો). જગન્નાથ જે છે પણ અત્યારે તે તેના પ્રભુ સ્વામી થશે અને તેના પ્યારા થશે તેથી પ્રભુ તેને જ પોતાના રસથી તરબોળ કરી દેશે. (જગન્નાથ પ્રભુ પ્યારે રસમેં સનેગી). (૨)

માન – શિતકાલ

(૧૩૦) રાગ – કાન્હરો ૩/૧૨૦

આજબની વૃષભાનકુંવરી દૂતી અંચલવારત
તૃણ તોરત કહેંત ભલે જુ ભલે ભામા
વદન જોતી કંઠપોતી છોટી છોટી લર મોતીનકી
સાદા શૃંગારહાર કુચબિચ અતી શોભીત હે બોરસરી દામા ૧
એક રસનાં ગુણઅપાર કેસેંક વરણો વિશદકી રતિ
અંગ અંગ પિય નમત અભિરામા
ગોવિંદ બલ સખી કહેં રચિપચિ વિરંચી
કીની સ્યામ મરણકો માઈ તુહી સ્યામા ૨

ભાવાર્થ :

અહીં એક સખી ઠાકોરજીની દૂતી બનીને શ્યામાજીની પાસે આવી છે, ત્યારે દેખાવ

એવો કરે છે તે શ્યામાજીની દૂતી (અંતરંગ સખી) હોય! હકીકતમાં શ્યામાજીને મનાવવા આ સખીને મોકલવામાં આવી છે.

સખી જૂએ છે તો વૃષભાનકુંવરી આજે પોતાની ઓઢણીનો છેડો હલાવ્યા કરે છે, જમીન પરનાં તણખલાં તોડે છે આ પ્રકારે પોતાની ઉદાસીનતા પ્રકટ થઈ જાય છે. (આજબની વૃષભાનકુંવરી, અંચલવારત, તૃણત્તોરત.)

ત્યારે આ દૂતી સખી કહે છે ''ઘણી ખમ્મા વૃષભાનકુંવરીને'' (દૂતી કહેત વૃષભાનકુંવરી ભલેં જુ ભલે ભામા)

હવે સખી બીજું પગલું ભરે છે - તે શ્યામાજીના વખાણ કરે છે. આપનું વદન તો જ્યોતિ સમાન ઉજવળ છે. (વદન જોતી) આપનો કંઠ તો પંખીના બચ્ચા જેવા કોમળ પતલો છે. (કંઠ પોતી) અને તેમાં નાનીનાની મોતીની લર બિરાજે છે, સાદો શૃંગાર છે તથા કૂચની વચ્ચે હૃદય સુધીનો હાર છે (અતી શોભિત હૈ બોરસરી દામા.) (૧)

મારી તો રસના - જીહ્‌વા એક જ છે અને આપના ગુણ તો અપાર છે કેવી રીતે વર્ણન કરી શકું ?

હવે સખી મુખ્ય વાત પર આવે છે (વિશદકી રતિ) પ્રેમ તો ભર્યો છે પણ ઉદાસીનતા ભર્યો પ્રેમ છે. બસ આટલી થોડી સી કમી છે. પણ જૂઓ તો ખરા, છતાંય આ ગોવિંદ પિયુ પોતાના પ્રત્યેક અંગથી આપના પ્રતિ વિનમ્રતા પ્રકટ કરે છે. ગોવિંદ સ્વયં સમર્થ છે છતાં સમર્થતાને ભૂલીને આપને પ્રસન્ન કરવા મથે છે. (અભિરામ) (અંગ અંગ પિય નમત.)

આ સખી કહે છેકે બ્રહ્માજી તને બનાવીને તો પરેશાન થઈ ગયા. હાથ ધોઈ નાખ્યા. એટલી કાળજીથી તને ઘડી છે કેમ કે આ રચના (પચી) સ્યામ સાથે રમણ કરવાને જો કોઈ યોગ્ય હોય તેની છે અને તે તો હે સ્યામા તું જ છે. અથવા ગોવિંદ પ્રભુ કૃપાથી હું જાણી શકી છું કે બ્રહ્માજીએ એક મૂર્તિ ખૂબ જ મહેનત કરીને રચી છે અને તે રચ્યા પછી પરેશાન થઈ ગયા કે આનાથી સુંદર બીજી કોઈ રચના હવે શક્ય નથી. આ તેમણે શ્યામને રમણ કરવા લાયક મૂરતી ઘડી. હે સખી માઈ, તારા મનમાં એમ છે કે સ્યામ કોઈ બીજાંથી મોહ્યા છે ? તેથી રીસાઈ છે ? પણ ના એવું નથી કેમ કે બ્રહ્માજીએ રચેલ તે મૂરતી તું જ છે. તું જ તે શ્યામની સ્યામા છે. (૨)

આમ, વૃષભાનકુંવરીના મનનો સંશય દૂર કરીને માન છોડાવ્યું.

(૧૩૧) કાન્હરો

અરી તૂ કાહે અનમની બોલત નાહીં બુલાયેં
અવલોંતો તૂ હસત ખેલત હી કહા ભયો મોહીં આયે ૧
નયન નીચે કીયે ચીતવન રૂખ દીયેં તીરછી ભૂંહ ચઢાયે
રસિક પ્રીતમ પીય કબકે ઠાડે વિનવત હૈ પેર પાયે ૨

ભાવાર્થ :

સખી રાધાજીને થોડું ખીજાઈને પણ વિનવી રહી છે - અરી, તું શા માટે આમ અન્યમનસ્ક થઈને ચૂપ કરી રહી છે. તને બોલાવવા કેટલું કરીયે છીએ તોય બોલતી નથી. (અરી તૂ કાહે અનમની બોલત નાહી) હજુ થોડીવાર પહેલાં તો તું અમારી સાથે હસતી હતી, ખેલતી હતી અને હું આ સ્યામની સાથે અહીં આવી એટલામાં તને શું થઈ ગયું ? (અવલોં તો તુ હસત ખેલત હી કહા ભયો મોહી આયે ?) (૧)

તારી આંખો તેં જમીન પ્રતિ ઢાળી દીધી છે જાણે કે દૃષ્ટિને રજા આપી દીધી હોય ! (ચિતવન રૂખ દીયે) અને ભ્રમર ત્રાંસી કરીને ઊંચે ચેઢાવી દીધી છે. આ બધાં લક્ષણ તારી રીસ પ્રકટ કરે છે. તું વિચાર તો ખરી કે તારા પ્રીતમ જો તારા પ્રતિ અરસિક નથી બન્યા, પછી શું છે ? તેમનો રસ તો તારે માટે છે તેવા રસિક છે અને તને પ્રીત કરે છે માટે તે પ્રીતમ છે. વળી તારા દોષ પ્રતિ ધ્યાન ન ધરનારા છે તેવા ધૈર્યવાન છે તેથી તો ક્યારના અહીં તારી વાટ જોતા ઠાડા છે. એટલું જ નહિ તને કેટલી બધી વિનતી કરે છે, અરે તેથી ય આગળ પોતાનું માન નેવે મૂકીને તારા પગે પડે છે (પરે પાયેં) તેથી તું માન છોડી તેમને આધીન થા. (૨)

વિશેષ ભાવાર્થ :

શ્રીમહાપ્રભુજી જીવને કહે છે ‘અરી તૂ કાહે અનમના’ અરી - કહેતાં તૂ તો તુચ્છ જીવ છે. છતાં કેમ અહંકાર કરે છે ? તારી પાસે અહંકાર કરવા લાયક છે શું ? આ સર્વ પદાર્થો જેને તું તારા જાણે છે તે તો બધા પ્રભુના છે. તે તું પોતાના માટે વાપરે છે હવે તને તેનું ભાન કરાવવા છતાં તું નિવેદન નથી કરતો ? (બોલત નાહીં બુલાયે) હમણાં લગી તો તું તે વિષયો સાથે હંસી હંસીને ખેલતો હતો. ભોગવતો હતો અને હવે જ્યારે હું (મહાપ્રભુ) આવ્યો તને સમર્પણની વાત કરવા, ત્યારે જાણે તારી પાસે તારું મન જ ન હોય તેમ અનમન થઈ ગયો ? થોડીવાર પહેલાં તો જાણે બધુ જ હસતું ખેલતું (વિષયસાથે) હતું. હમણાં સુધીતો

દૃષ્ટિ સંસારમાં ભટકતી હતી હવે કેમ તેને ભોયમાં ભંડારી દીધી ? અને ચિતવન-દૃષ્ટિ જાણે રજા આપી દીધી હોય તેમ તેનો વિનિયોગ પ્રભુ માટે કરવા તૈયારી નથી. એટલું જ નહિ સમર્પણની વાતથી જ તને રોષ ચડયો છે. (તીરછી ભૂહ ચઢાયે) મફતમાં રહેવા આપેલ ઘરના માલિક આવે ત્યારે તેમના પ્રતિ ઉપકારના વચનો કહેવાં કે, ઉપકાર દૃષ્ટિ કરવાને બદલે ભવાં ચઢાવવાના ?

આ તો પુષ્ટિપ્રભુ છે. તું અંશપણું ભૂલી જાય પણ તે અંશીપણું ભૂલે તેવા નથી. તારો રસ (આનંદ) જે તિરોહિત છે પણ તે તો આનંદમય રસિક. તું તેમનો સેવક હોવાનું અભિમાન નથી રાખતો. પણ તે સ્વામી તરીકેનું રાખે છે. તારામાં સ્નેહ વિરમી ગયો છે પણ તે તો સ્નેહ ભંડાર પ્રીતમ છે. આવા સમર્થ પ્રભુ તારા ઉદ્ધાર માટે ધૈર્ય ધરીને સહસ્ત્ર પરિવત્સરથી ઠાડા છે. શાસ્ત્રોની વાણી દ્વારા તને ભક્તિમાર્ગમાં લાવવા વિનવે છે (વિનવત હે) હરે તને તેમના ચરણ, પુષ્ટિવશ પ્રાપ્ત થઈ ગયા છે તો (પરે પાયે) આ ચાન્સ ગુમાવ નહિ. તેમના ચરણ પકડી તેમને સમર્પિત થઈ જા.

(૧૩૨) બિહાગરો ૩/૧૨૩

આવત જાત હૌં તો હાર પરીરી
જ્યોં જ્યોં પ્યારો વિનતી કર પઠાવત
ત્યોં ત્યોં તૂ ગઢમાન ચઢીરી ૧
તિરાહે બિચ પરે સોઈ બાવરી
હોં ચોગાનકી ગેંદ ભઈરી
ગોવિન્દપ્રભુકોં વેગ મિલ ભામિની
સુભગ યામીની જાત વહીરી ૨

ભાવાર્થ :

રૂસણા લઈને બેઠેલી પોતાની સખીને બીજી સમજાવી રહી છે. જરાક ખીજાઈ જઈને કહે છે - આ બાજુથી પ્રભુ મને તારી પાસે મનાવવાને મોકલે છે, એનો તુ પ્રત્યુત્તર નથી આપતી તેથી હું તે સંદેશ કહેવા પાછી જાઉ છું. આમ આવવા અને જવાનું એટલી બધી વાર થયું કે હવે તો હું જ હતાશ થઈ ગઈ છું. પ્યારો લાલન તને જેમ જેમ વિનતીનાં વચનો કહેવડાવીને મને મોકલે છે તેમ તેમ તું તો માનનાગઢ પર (માનના છાપરે) ચઢે છે. (૧)

જે પગાલ-બાવરું હોય તે જ તમારા બેયની વચ્ચે સમાધાન કરાવવા પડે. કેમ કે જાણે હું દડો હોઉં અને તમે બન્ને ચૌગાન - બેટ લઈને મને આમ-તેમ ફંગોળો.

મારી તને છેલ્લી વિનતી - સલાહ છે કે ભલી થઈને ગોવિન્દ પ્રભુને જલ્દી જઈને મળ. જે તને સૌભાગ્યરૂપ જોબન મળ્યું છે તે તો વહી ચાલ્યું, તે પાછું નથી આવતું. કે નથી આવા સ્વામીનો સ્નેહ ફરી મળતો. (૨)

(૧૩૩) બિહાગરો ૩/૧૨૩

માન ન ઘટયો આલી તેરો ઘટજુ ગઈ સવ રેન
બોલન લાગે તમચર ઠોરઠોરતુ અજહૂ ન બોલી રી પીકબેન ૧
કમલકલી વિકસી તુ ન નેકહસી
કોન ટેવ પરી મૃગશાવક નયન
નંદદાસ પ્રભુકો નેહ દેખ હાંસી આવત
વે બૈઠે હૈ રચી રચી સેન ૨

ભાવાર્થ :

સખી પોતાની પ્રિય સખી કે જેની સાથે પ્રભુનું મન લાગી ગયું છે તેને કહે છે - અરી તારું અભિમાન - રૂસણું ઘટયું નહી. પણ આખી રેન-રાત ઘટવા લાગી. એટલી રાત થઈ ગઈ છે કે તમચર ઠેર ઠેર બોલવા લાગી ગયાં છે. પણ તારા મુખમાંથી મધુરો સો પીક, કોયલ જેવો અવાજ નીકળતો નથી. (૧)

રાત્રીના પોયણાં કુમુદ-કમળની જે કળી હતી તે રાત્રી જામતાં ખીલીને કમળ બની ગયું પણ તારા મુખ પર પ્રસન્નતા રૂપ હાસ્ય ન ફરક્યું. અરી મૃગલીના નયન જેવા નયનવાળી બાળકી તને આ તે કેવી ટેવ પડી છે ? તારી જેવી પાછળ નંદલાલ પ્રભુનો સ્નેહ જોઈને, લાગે છે આ તે કેવી મજાક છે ! અથવા તો નંદલાલનો એક તરફી સ્નેહ જોઈને અમને હસવું આવે છે કે તે તો કેટકેટલા મનોરથો ધરીને બેઠા છે અને તું તો રુસણું લઈને બેઠી છે ? (૨)

પોઢવેકા પદ

(૧૩૪) કેદારો ૩/૧૨૭

સખીયન રુચિ રુચિ સેજ બનાઈ
રંગમહલમેં પરે હે પરદા ધરી અંગીઠી સુખદાઈ ૧
સિતસમેં ગ્રીષ્મ ઋતુકીની અતીસુંદર વરદાઈ
શ્રીવિઠ્ઠલગિરિધારી કૃપાનિધિ પોઢે ઓઢી રજાઈ ૨

ભાવાર્થ :

પ્રભુના રંગમહલમાં સખીઓએ પોતાને જે અતીસુંદર (રૂચિ) લાગે છે તેવી સેજ સ્નેહપૂર્વક (રૂચિ) તૈયાર કરી દીધી છે. પ્રભુ જેવાં સ્વામિનીજી સાથે એકાંતમાં બિરાજે છે તેવા રંગમહેલમાં પડદા પાડી દીધાં છે કેમ કે પવન અને ઠંડી ન લાગે તથા વધારામાં અંગીઠીમાં દેવતા અગ્નિ એટલો જ છે કે જેથી સુખ આપનાર બની રહે. ૧

આ સમય તો સિતકાળનો છે પણ આ ભક્તોએ તેને ગ્રિષ્મઋતુ બનાવી દીધી છે. ઠંડીનો અણસાર પણ નથી આવતો અને તેથી તે ખૂબ પ્રસન્નતા આપનાર થઈ પડ્યો છે. (અતીસુંદર વરદાઈ) શ્રીવિઠ્ઠલ - ગિરિધારી તો કૃપાના ભંડાર હોવાથી સ્વામિનીજી સહિત રજાઈ ઓઢીને પોઢી ગયા છે. ૨

વિશેષ ભાવાર્થ :

જે ભગવદીયો છે તેમનો તો સહજ સ્વભાવ છે કે સ્વામિને કેમ સુખ થાય સ્વામિનીજીને કેમ સુખ થાય અને ભક્તોને કેમ સુખ થાય ? તેથી જેઓએ આ સર્વ સાથે સખ્યભાવના અધિકાર છે તેવા ભક્તોમાં અખૂટ પ્રેમ છે અને તે પ્રેમ કૃતિમાં પણ પ્રકટે છે. તેથી તેઓ ભાવાત્મિકા સેવા કરે છે. (રૂચિ) બીજી રૂચિથી તેઓ ભાવાત્મિકા કથા પણ કરે છે. આ સંગ્રહરૂપ સેવા-કથા અન્ય ભક્તો માટે સરળ બોધ બની રહે છે તે તેમને આનંદના માર્ગે દોરી જનાર છે. (સેજ બનાઈ) ભગવદ્ સુખાર્થે જે કંઈ સેવા કથા કરે છે તે સર્વ 'સેજ'માં આવી ગયું. સેજ તે ઉપલક્ષણ છે. આ ભક્તો માત્ર પ્રેમ પૂર્વકની પણ આસક્તિ પૂર્વક પ્રભુની સેવાને પહોંચે છે તેથી તે ચિત્તની એકાગ્રતા (રૂચિ) સહિતનો સ્નેહ (રૂચિ) આમ, રૂચિ સ્નેહનું બીજું સ્ટેજ છે.

પ્રભુ રંગમહેલમાં પધારવાના છે. પ્રભુ તો અક્ષરબ્રહ્મ સમાન નિર્ગુણ મહલમાં બિરાજે છે. તે ભક્તોને સુખ આપનારા સગુણ ભક્તોની વચ્ચે સગુણતા ધરીને પધારે છે. તેવા ભક્તોની અંદર અંતઃકરણમાં આપ પધારે છે. ત્યારે પડદા પડી જાય છે. આ પુષ્ટિ ભક્તિ જ એકાંતિકા છે જેથી તે એકના પ્રતિ છે. માટે તો ગુપ્ત છે. પ્રકટ કીયે રસજાય. પોતાની અંદર જે તાપ-ઉત્કટતા ઉત્કંઠા પ્રભુના સત્કાર માટેની ચટપટી પ્રભુને સુખ થાય માટે શું કરું અને શું ન કરું ? 'આજ પાહુને ભોજન આયે કંઈ પિરસું કંઈ ટહલ કરું એકો નહિ બનત ઉપાયરી' તેવી તાપાત્મક ભક્તિ - અંગિઠી પ્રભુને બહુ સુખકારી બની રહે છે. ''ધરી અંગીઠી સુખદાઈ''

પ્રભુના ચરણકમલની સેવા કરવાની યોગ્યતા હોવા છતાં પ્રભુએ તેવા ભક્તને મુખારવિંદની સેવાની યોગ્યતા માની લીધી. દાસ્યભક્તિ સહિત આવેલા જીવને પ્રભુએ સખ્ય, આત્મનિવેદન દઈ દીધું. તેથી શીતની ઠંડી સાથે સાથે હૂંફ જેમ સુખકર લાગે તેમ દાસ ભક્તિના શેડમાં અને સખ્યભક્તિની ડીઝાઈન ખૂબ આકર્ષક બની રહે છે. તેથી તો તે ડીઝાઈન ખૂબ જ સુંદર શોભે છે અને સુખકર લાગે છે. ‘‘અતિસુંદર વરદાઈ’’.

(૧૩૬) કેદારો ૩/૧૨૭

સોવત નીંદ આય ગઈ સ્યામહીં
મહરી ઉઠ પોઢાય દુહનકો અપન લગી ગૃહકામ હી ૧
વરજત હે ઘરકે લોગન કો હરીયે લે લે નામ હી
ગાઢે બોલ ન પાવત કોઉ ડર મોહન બલરામ હી ૨
શિવ સનકાદિક અંત નહિ પાવત ધ્યાવત હૈં દીનયામહી
સુરદાસપ્રભુ બ્રહ્મ સનાતન સો સોવત નંદધામહી ૩

ભાવાર્થ :

આખો દિવસ વનમાં ગાય ચરાવન લીલાને કારણે સ્યામને તો સુતાં વેંત ઊંઘ આવી ગઈ. યશોદાજી શ્યામ અને રામ બન્નેને (દુહનકો) આ રીતે પોઢાવીને પછી પોતે રાતનાં બાકી રહેલાં ઘરકાર્યમાં લાગી ગઈ. (૧)

પરંતુ તેનું ચિત્ત તો લાલનના સુખાર્થે જ છે. તેથી તે ઘરનાં પ્રત્યેકને નામ દઈ દઈને ધીમા અવાજે (હરીયે) કડક સૂચના (બરજત) આપે છે (કે અવાજ ન કરશો, લાલન પોઢી ગયા છે, નિંદ તૂટી જશે) તેથી તો સહેજ પણ જોરથી (ગાઢે બોલ) કોઈ બોલી શકતું નથી. કેમ કે સૌને ડર છે કે મોહન-બલરામ જાગી જાય તો ! (૨)

પ્રભુની આવી લીલાને શિવ અને સનકાદિક રાત-દિન ધ્યાન (ધ્યાવત હે દિન-રાત હી) કરવા છતાં સમજી શકતા નથી. તેઓ તો આ સુરદાસના પ્રભુન સનાતન બ્રહ્મ તરીકે જ જાણે છે (કે જે સૂવે નહિ જાગે નહિ, તેને રાત શું દિવસ શું ?) અને તે તો અહીં નંદજીના ધામમાં પોઢી ગયો છે. સનાતન બ્રહ્મ પોઢેં ત્યારે તો પ્રલયલીલા થઈ હોય જ્યારે અત્યારે તો આવિર્ભાવ લીલા છે. છતાં સનાતન બ્રહ્મ પોઢ્યા છે. આ બધું તેમની સમજ બહાર છે. (૩)

(૧૩૭) નાયકી

પોઢી રહી પીય સંગ પ્યારી
રંગમહલમેં ધરી અંગીઠી પરદા પરે સુખકારી ૧
ચિત્ર વિચિત્ર બની ચિત્ર સારી જગમગાત અતી ભારી
મુખ તંબોલ લે ખાત ખવાવત અંક હારે ગિરિધારી ૨
અતી વિચિત્ર ગુનરૂપ આગરી લલિતા સખી પ્રચારી
સૂરદાસ પ્રભુ કો અદ્‌ભૂત સુખ તનમનધન બલિહારી ૩

ભાવાર્થ :

શિતકાલમાં રાત્રી વહેલી થાય છે. તેથી વ્હેલાં વ્હેલાં પીયુની સંગે એમનાં પ્યારીજી પોઢી ગયાં છે. જે મહેલમાં એમનાં ભાવના રંગ ખિલે તેવી સજાવટ છે. (રંગ મહલ) ત્યાં ઠંડીની સાથે અંગીઠી પણ ધરી છે. આ પણ ઉદ્દીપન ભાવરૂપ છે. બારી-અટારીમાંથી ઠંડો પવન ન આવે માટે બધે જ પડદા પાડી દીધા છે. તે પણ ભાવના ઉદ્દીપનરૂપ, અભયરૂપ, એકાંતરૂપ, હૈયા ધારણરૂપ, મનશાંતિરૂપ પડદા પડયા છે તેનો રંગ, ડીઝાઈન વગેરે એવા છે કે તે ગુંગળામણ કરીને એકાંતને ભયંકર કરનાર નહિ પણ સુખ કરનાર છે. (૧)

આ રંગમહલનો એક ખંડ છે તેમાં અનેક પ્રકારની વિવિધતા છે (ચિત્ર-વિચિત્ર) તેની શોભા આંખને ઉડીને વળગે તેવી છે (જગમગાત અતી ભારી). જે ગોપીજનોના ચિત્તનો નિરોધ કરવા માટે, તેનો સર્વ ભાર ઉઠાવી લેવા સમર્થ છે તેવા પ્રભુએ પ્યારીને પોતાના બાહુમાં સમાવી લીધા છે. તો સામે શ્રીસ્વામિનીજી પોતે સુગંધીત તાંબુલ આરોગે છે અને આરોગાવે છે. (૨)

પ્યારીજી ખૂબ જ વિશિષ્ટ પ્રકારના અલૌકિક ગુણોના ભંડાર-ખાણ સમાન છે. આપના સખી લલિતાજી આપના ગુણોનો યશ-પ્રચાર કરનારાં છે. તેથી તે આપનાથી બહુ નજીક નહિ અને બહુ દૂર નહિ તેમ રહે છે. જેથી આપની સેવામાં હાજર પણ રહે અને આપની સ્વતંત્રતામાં વિઘ્નરૂપ પણ ન થાય. (લલિતા સખી પ્રચારી) સુરદાસજી કહે છે કે - પ્રભુને ખૂબ જ સુખ થઈ રહ્યું છે કે જેવું સુખ આપને પહેલાં નથી થયું (સુરદાસ પ્રભુકો અદ્‌ભૂત સુખ) તેવા સુખ પર આપણા તન-મન-ધન વારી દઈએ ! (૩)

વિશેષ ભાવાર્થ :

પ્રભુની જે અંગસૃષ્ટિ (પુષ્ટિસૃષ્ટિ) છે તે પ્રભુને અતિ પ્રિય છે. આપ ગીતાજીમાં અને ભાગવતમાં ‘‘મને ભક્ત બહુ પ્રિય છે.’’ તેમ કહે છે. આવા ભક્ત સાથે ભગવાન લીલા કરવા તથા ભક્તોને સુખ આપવા જ પ્રભુ ભૂતલ પર તથા ઘરે ઘરે સ્વરૂપસેવા દેવા પધારે છે. ભગવાનનો ભક્તમાં નિરોધ થાય ત્યારે આપને માટે સર્વ સૃષ્ટિનો લય થઈ જાય છે. ભગવાન પોતાની શક્તિને પોઢાડીને પછી તેની સાથે પોઢે છે. તેમ ૧૦-૧ ભાગવતના ભાગવતાર્થ પ્રકરણમાં શ્રીઆચાર્યજી આજ્ઞા કરે છે. શ્રી સ્વામિનીજી ભગવાનાં મુખ્ય શક્તિ રૂપે પોતે સ્વયં છે. શ્રીસ્વામિનીજીનાં સ્વરૂપે સર્વ ભક્તજનો આપમાં વ્યષ્ટિરૂપિ બિરાજે છે. જે આપે સૃષ્ટિ-જગત રચ્યું છે તે રંગ મહેલ છે. તેમાં આપ લીલા કરે છે. પરંતુ જીવના ભાવનું ઉદ્દીપન કરવા માટે તાપ-ક્લેશ રૂપ અંગીઠી અંતઃકરણના એકાન્તમાં ધરે છે અને જગતના વિષયોથી અલિપ્ત રહેવા માટે પરદા પાડયા છે. ભક્તને તો સુખ જ કરનારા છે. પ્રભુ સાથે ખેલવા માટેની અંતઃકરણરૂપ નાની સી કોઠરી (ચિત્રસારી) તે ખૂબ જ ચિત્ર-વિચિત્ર છે. તેમાં રહેલા મનને કારણે અનેક સંકલ્પ વિકલ્પ થાય છે. પરંતુ તે પ્રભુસંબંધિ હોવાથી (જગમગાત અતી ભારી) .

જ્યારે જીવ પ્રભુના મુખનું તંબુલ લઈ પોતે પોતાના મુખમાં મુકે છે એટલે કે પ્રભુના હૃદયનો ભાવ, પોતે પોતાનામાં મૂકે છે અને પોતાનો ભાવ પ્રભુને સમર્પે છે. ત્યારે આ ભાવની લેવડ-દેવડથી પ્રભુ તેને પોતાનો કરી દે છે તેથી ‘અંકભર’ અને તેવા જીવનો નિરોધ પ્રભુ સિદ્ધ કરે છે અને જીવનો લૌકિક-અલૌકિક ભાર પ્રભુ ઉપાડી લે છે. આમ પ્રભુ ગિરિધારી લીલા કરે છે. જગતમાં તો સત્વ-રજ-તમ્ ત્રણ ગુણોની જ બોલબાલા છે પણ આ જીવ તો જ્યારે અલૌકિક ગુણો તથા નિર્ગુણભાવના ભંડાર રૂપ થઈ જાય છે (અતી વિચિત્ર ગુનરૂપ આગરી) તેવા જીવને પ્રભુને પ્રિય બનાવવા રૂપ અનેક સામગ્રી લલિતાજી પ્રભુ સન્મુખ કરાવે છે. લલિતાજી પ્રભુને સિફારીસ કરે છે. દામોદરદાસ હરસાનીજી જે મુખ્ય સ્વામિનીજીના પણ પ્રિય સખી છે તેવા દાસાનુદાસની કૃપાથી જીવ પર સત્વરે કૃપા થાય છે (લલિતા સુખ પ્રચારી) ત્યારે તે જીવને પ્રભુનું અદ્‌ભૂત સુખ, સ્વરૂપાનંદનો લાભ પ્રાપ્ત થાય છે. તે એવું સુખ છે કે તેમાં આ તન-મન-ધન બધું જ ઓવારી દઈએ. એટલે કે તેને સમર્પિત કરી દઈને પ્રભુમાં જ તલ્લીન થઈ જઈને સુખમાં મહાલીયે, બિલકુલ હળાફૂલ થઈને. (તન-મન-ધન બલિહારી).

।।શ્રીહરિઃ।।

કમલદલ-

ભગવત્ કીર્તન રહસ્ય

વિભાગ-૬

- ઉરાહને
- છાક
- પલકન કી ભાવના
- ઉષ્ણકાળ - રાજભોગ દર્શન
- આવની
- આશ્રય
- વસંત બહાર
- વસતં પાલને
- ધમાર
- દ્વિતીય પાટ
- વર્ષાકાલ - છાક

દેવેન્દ્ર શાહ

ભરૂચ

ઉરાહને કે પદ

(૧૩૭) રાગ – બિલાવલ ૩/૧૯૧

તેરે રી લાલ મેરો માખન ખાયો
ભરદુપહરિ લખ સૂનો ઘર ઢોર ઢંઢોર અબ હી ઉઠ ધાયો ૧
ખોલ કિવાર અકેલે મંદિર દૂધ દહ્યો સબ લરકન ખાયો
છીકેતે કાઢ ખાટ ચઢ મોહન કછૂ ખાયો કછૂ ભૂ ઢરકાયો ૨
નિત્ય પ્રતિ હાની કહાં લો સહિયે યહ ઠોટા એસે ઢંગ લાયો
પરમાનંદ રાની તુમ બરજો પૂત અનોખો તેંહી જાયો ૩

ભાવાર્થ :

ગોપી શ્રીયશોદાજીને ફરિયાદ કરે છે કે - તારો લાલ મારું માખણ ખાઈ ગયો. હવે તે માખણ કેવી રીતે ખાધું ? તે પ્રસંગ વર્ણવે છે, ‘‘ખરા બપોરે સુનું ઘર કોનું છે તે શોધી - જોઈને મારા ઘરમાં તેઓ ઘૂસી ગયો.’’ (૧)

આ એકલા પડેલા ઘરમાં કમાડ ખોલીને દૂધ-દહીં વગેરે તો બધું છોકરાઓએ ખાધું અને છીંકા પર ઊંચે મૂકેલા માખણને કાઢવા માટે ખાટલાને આધારે ચઢીને પછી કેટલુંક ખાધું અને કેટલુંક જમીન પર ઢોળી દીધું. (૨)

એ એકાદ દિવસની વાત હોય તો તો ઠીક છે પણ રોજનું નુકસાન તો કેવી રીતે સહન થાય ?

આવા બધા કરતૂત આ છોકરો કરે છે. શ્રીયશોદાજીનો કશો પ્રતિભાવ ન જોતાં ગોપી પછી વ્યંગમાં કહે છે કે આવો અનોખો પુત્ર તો તમને એકલાને જ છે ! એને ખીજો તો ખરા ! પરમાનંદદાસજી આ મધુર લીલાને નિરખી રહ્યા છે. (૩)

વિશેષ ભાવાર્થ :

અહીં વલ્લભી વૈષ્ણવ તેના માથે બિરાજતા ઠાકુર જેમણે પધરાવી આપ્યા છે તેવા શ્રીવલ્લભને કહે છે હે વલ્લભ! તારા લાલે મારા જીવનના સારરૂપ સ્નેહ (માખણ)નો અનુભવ કર્યો છે, કરાવ્યો છે. તે અનુભવ અનુભાવ કહે છે.

જ્યારે અમારી આર્તી (ગરમી) ચરમ સીમાએ (બપોરે) પહોંચી ત્યારે તે દોડતો આવ્યો કે જ્યારે મારું ચિત્ત જાગતિક અહંતા-મમતા વગરનું (સૂનું) હતું. ત્યારે તે તેવા ઘરને જ શોધતો હતો.

મારી અહંતા-મમતાના વિષયોનો તેને પરોક્ષ રીતે વિનિયોગ કર્યો (બાળકો એ દૂધ-દહીં ખાધા) અને જે સ્નેહરૂપ માખણ હતું તે તો મારા હૃદયરૂપ શિંકામાં ચઢાવીને મૂક્યું હતું તેને તો તેણે પ્રમેયના (ખાટલાના) આધારે ઉતારીને ખાધું ત્યારે તેનામાં રહેલો સ્નેહ પણ ઊભરાઈને બહાર પ્રકટ થયો તે ઢોળાઈ ગયો.

આ પ્રકારની પ્રીતનો પ્રભુનો સાનુભવ ક્યારેક જ થાય તેથી વિપ્રયોગરૂપ દુઃખ થતું નથી પણ જો રોજ રોજ થાય તો પ્રભુમીલનની આર્તી થાય અને અસહ્ય થઈ પડે.

હે વલ્લભ, આપ આપના લાલને એ પ્રકારે બરજો કે તે માખણ ખાધા પછી ભાગી ન જાય પણ અમને તે સંયોગરસના સુખનું દાન કરે.

આપના આ પુત્ર જેવો પુત્ર કોઈને જ નથી, તે અનોખો છે કેમ કે તે તો પૂર્ણબ્રહ્મ હોવા છતાં ભક્તવત્સલતા પ્રકટ કરીને આવી લોકવત્ લીલાથી ભક્તોના મનનો નિરોધ કરી લે છે.

(૧૩૮) રાગ – બિલાવલ ૩/૧૯૧

અપનો ગામ લેહુ નંદરાની, બડે બાપકી બેટી
યાતેં પૂત હી ભલી પઢાવત બાની ૧
સખા ભરી લે પેઠત ઘરમેં આપ ખાય તો સહીયે
જબ મૈં ચલી સ્યામ હી પકરન તબ કે કહા ગુન કહીયે ૨
ભાજ ગયો દૂર દેખત કિત હૂ મૈં પોઢી જબ આય
હરે હરે બેની ગુહી પાછે બાંધી પાટી જાય ૩
સુન મૈયા યાકે ગુણ મોંસો ઈન મોહી લીયો બુલાઈ
દધીમેં પરી સહત કી ચેંટી મોપે સબે કઢાઈ ૪
ટહલ કરત યાકે ઘરકી મૈ યહ પતિ સંગ સોઈ
સૂર વચન સુન હસી યશોદા ગ્વાલ રહી મુખ જોઈ ૫

ભાવાર્થ :

ગોપી કનૈયાની ફરિયાદ લઈને આવી છે અને કહે છે કે આ તારા ગામમાં રહીએ છીએ તે જોઈએ તો તે લઈ લે એટલે કે અમને ગામમાંથી કાઢી મૂક. અમે તને કંઈ કહી શકીએ નહીં, કેમ કે તું તો મોટા ઘરના બાપની બેટી છે અને તેથી તો તારા છોકરાને સારું શીખવે છે !

હવે છોરો શું શીખીને કરતૂત કરે છે તે કહે છે - સખા-મિત્રોનું ટોળું લઈને ઘરમાં

પેસી જાય છે અને દૂધ-દહીં, માખણ વગેરે ખાય છે. તે એકલો જ જો ખાય તો તો ઠીક છે, તારા ગામમાં રહીયે છીયે માટે સહી લઈએ. પછી જ્યારે હું શ્યામને પકડવા માટે દોડી ત્યારે તેનાં ગુણ (લક્ષણ)નું શું કહેવું ? (૨)

દૂર દૂર તે તો ભાગી ગયો. મને લાગ્યું કે તેને નહિ પકડી શકાય તેથી હું આવીને મારા ઘરમાં પોઢી ગઈ ત્યારે તે તો ધીમે ધીમે પાછો આવી ગયો અને ખાટલા પર લટકતા મારા વાળની ચોટી ગૂંથીને પછી તેને ખાટ સાથે બાંધીને જતો રહ્યો. (૩)

ગોપીની ફરિયાદ પૂરી થઈ એટલે તરત જ કહાન પોતાનો બચાવ કરે છે કે - હે મા ! તું આના ગુણ મારા મોઢેથી સાંભળ - એને જ મને બોલાવી લીધો હતો કેમ કે તેને સ્વાર્થ હતો. તેના દૂધમાં હજારો કીડીઓ પડી હતી તે મારી પાસે કઢાવી. (૪)

હું તેના ઘરના નાના મોટા કામ કરું છું અને એ તો બાપડી આરામથી તેના પતિ સાથે સુતી રહે છે.

કનૈયાના આવાં વચન સાંભળીને જશોદા મા ફરિયાદને વિસરી ગયા અને કનૈયાના વચનોમાં આસક્ત થઈને મુસકાવા લાગ્યા.

એટલે ગોપી તો આ બન્ને મા-દીકારાનાં મુખ જોતી ઊભી જ રહી ગઈ કે ફરિયાદને તો ટલ્લે ચઢાવી દીધી. (૫)

વિશેષ ભાવાર્થ :

સંસારાસક્ત જીવ (ગોપી) શ્રીવલ્લભ (નંદરાણી)ને ફરિયાદ કરે છે કે આપ તો મહાપુરૂષ છો. જેથી અમે તો બ્રહ્મસંબંધ લઈ લીધું (તમારા ગામમાં રહ્યા) પણ આ તમારો લાલ તો પોતાના પરિકર સાથે આવીને મારી વસ્તુઓનો વિનિયોગ કરી લે છે. આમ તો હું નિર્ધન થઈ જઈશ. માત્ર મિશ્રી કે લાડુરી માત્ર ધરવાની હોય તો ઠીક છે. તેવી રીતે હું શ્યામને પકડવા દોડી પણ મારા મનનો ભાવ તે જાણી ગયો કે આનો સમર્પણ ભાવ નથી પણ લાભ પામવાનો ભાવ છે જેથી તે તો દૂર ભાગી ગયો. એટલે હું તો શાંતિથી મારા સંસારમાં પોઢી ગઈ, પ્રભુને વિસરીને. પણ તે તો દૈવીજીવનો ઉદ્ધાર કરવા માગે છે જેથી ચૂપચાપ આવીને મારા સંસારને ગૂંથવા લાગ્યો બાંધી દીધી. પરંતુ હું ગમે તેમ કરી છૂટીને આપને ફરિયાદ કરવા આવી છું કે મને સંસારમાં બાંધે નહીં પણ સંસારથી છોડાવે.

ત્યારે કનૈયો શ્રીવલ્લભને કહે છે કે - આના ગુણ કેવા છે તે આપને કહું કેમ કે હું તો અંતર્યામી છું, બધું જ જાણું છું. આને બ્રહ્મસંબંધ એટલા માટે લીધું અને મારી

સેવા એટલા માટે પધરાવી (મને બોલાવ્યો) કે જેથી તેનો સ્વાર્થ સધાય. તેના સંસારની મુશ્કેલીઓ દૂર કરવા (દૂધમાંથી ચીંટી કાઢવા) અને મારા થકી તેના બધા કામ કરાવે છે. બાધા-આખડી રાખીને સકામતા જતાવે છે. આમ મારી પાસે ટહેલ કરાવે છે. તેને કંઈ મારા માટે પ્રેમ નથી અને પોતે તો પાછી સંસારના વિષયોરૂપ સુખ (પતિ) સાથે પોઢી જાય છે. નહિ કે મારી કંઈ સેવા કથા કરે છે.

પ્રભુના આવાં વચન સાંભળી શ્રીવલ્લભ પ્રભુની લીલાથી ચૂપ કરી રહે છે ત્યારે આવો જીવ ભોંઠો પડી જાય છે કે હું તો ગુરુ આગળ પણ ખૂલ્લો પડી ગયો. હવે હું ક્યા મોઢે કહું કે મને સંસારથી છોડાવો અને ભક્તિના સુખનું દાન કરો ! હવે તો વલ્લભ કૃપા કરે તો પ્રભુ કૃપા કરે.

(ગોપી - ગો-ઈંદ્રિયોમાં પરાયણ તે ગોપી.)

(૧૩૯) રાગ – બિલાવલ ૩/૧૯૧

ગારી મતી દીજો મો ગરીબની કો જાયો હૈ
જિતતો બિગાર કીયો આન કહો મોંસો તુમ
મેં તો કાહૂ બાતન મેં નાહીં તરસાયો હૈ ૧
દધિકી મટકી ભરી આંગનમેં આન ધરી
તોલ તોલ લીજો ભટૂ જેતો જાકો ખાયો હૈ
સુરદાસ પ્રભુ પ્યારે નિમિષ ન હૂં જે ન્યારે
કાન્હ જૈસો પૂત મૈં તો પૂરે પૂન્યન સોં પાયો હૈ ૨

ભાવાર્થ :

મારા કનૈયાનું બૂરુ બોલશો નહીં. કેમ કે આ કનૈયા વગરની ગરીબ તેવી મારીનું આ જ તો જીવન છે. તે મારો પુત્ર છે અથવા કહો કે મારા પ્રાણ છે. તેણે કદાચ તમારું કંઈ નુકસાન કર્યું હોય, દૂધ-દહીં ખાધા-ઢોળ્યા કે ખવડાવ્યા હોય તો આવીને તમે મને કહો. પણ તેને કશુંજ ન કહેતા કેમ કે તમે જૂઓ, આ પહેલાં પણ મેં તમને કોઈ પણ વાતમાં તરસાવ્યા નથી. તમે જે કહ્યું તે માની લઈને તમારું સમાધાન કર્યું જ છે, જેથી ખચકાશો નહિ. દૂધની મટકી આંગણમાં જ ભરીને લાવી મૂકી છે. જેથી તમે જાતે જ જેનું જેટલું મારા લાલે ખાધું પીધું હોય તે કુલડાથી માપી માપીને તેટલું લઈ લેજો. કેમ કે આ સૂરદાસનો પ્રભુ મને ખૂબ જ પ્રિય છે, વ્હાલો છે જેથી તેના માટે કંઈ બૂરુ બોલો અને કદાચ મારા મનમાં દુર્ભાવ ક્ષણ માટે પણ આવે તેટલો પણ હું તેને મારા ચિત્તથી દૂર કરવા નથી

માંગતી. કેમ કે આ મારા કાન્હ જેવો પુત્ર તો મેં મારા પૂર્ણ ભાગ્યને કારણે જ પ્રાપ્ત કર્યો છે.

વિશેષ ભાવાર્થ :

આપણા માથે બિરાજતા પ્રભુ જે આપણને પ્રાપ્ત થયા છે તે સહસ્ત્ર પરિવત્સરથી ભટકયા પછી કોઈક કૃપારૂપ પૂર્ણભાગ્યના કારણે જ આ જન્મે પ્રાપ્ત થયા છે. જેથી તે પ્રભુને એક ક્ષણ પણ વિસરાવા નહિ. કદાચ દુઃખ કે મુશ્કેલીઓ આવે તો પણ તે મારા પ્રભુએ આપ્યા તેવા દુર્ભાવ લાવવાથી પ્રભુમાં સ્નેહ ઘટી જાય. જેથી દુઃખ વગેરે તો પોતાના કર્મના કારણે આવ્યા છે તેમ માનવું. જેથી દુઃખ વગેરે ભોગવવાના થાય તે ભોગવી લેવા જેટલા પણ કર્મો હોય તેના બદલામાં જેટલા પણ દુઃખો આવે તે માપી માપીને ભલે ભોગવાય પણ તે દૂર કરવા પ્રભુને શ્રમ ન અપાય કે ન તેમને દોષ દેવાય કે ન તેમનું નામ દેવાય. તે તો પ્રેમની પરિભાષા છે. મારા પ્રેમનું સ્વરૂપ અને મારું સર્વશ્વ વિશેષ પ્રિય એવા તેનાથી મારું જીવન જ પ્રભુ છે જેથી મારા કર્મનો દોષ છે પણ મારા પ્રભુ તો નિર્દોષ છે જેથી બદલો જે લેવો હોય તે મારાથી લેશો. મારા પ્રભુને વચમાં લાવશો નહીં.

(૧૪૦) રાગ – બિલાવલ ૩/૧૯૧

મહરિ તો હી બડી કૃપન મૈ પાઈ
દૂધ દહી દિયો જો વિધાતા તોહી સો તો ઘરત છિપાઈ ૧
બાલક બહૂત નહિ રી તેરે એક હી કુંવર કન્હાઈ
સો હૂ તો ઘર હી ઘર ડોલત માખન ખાતે ચુરાઈ ૨
વૃદ્ધ વેશ પૂરવ પૂન્યન તેં યહ નિધિ ભાગ્યન પાઈ
તાહૂ કે ખૈવે પીવેકો એતી કહા ચતુરાઈ ૩
સૂનત બચન ચતુર નાગરી કે જસુમતીનંદ સુનાઈ
સૂરશ્યામ કો ચોરી કે મીસ દેખનકો યહ આઈ ૪

ભાવાર્થ :

ગોપી યશોદાજીને ત્યાં કનૈયાની ચોરીના સ્વભાવનું કારણ કહેવા આવી છે. તે દોષ કૃષ્ણાને નથી આપતી પણ યશોદાને આપે છે કે - મહરિ! તું આટલી બધી કંજૂસ છે, તે તો મેં આજે જ જાણ્યું. વિધાતાએ તો તને નવલાખ ગાયો આપી છે અને તારે ત્યાં દૂધ-દહીંની તો રેલમછેલ છે તો પણ તું તેને છૂપાવીને રાખે છે! (૧)

તારે બાળકમાં તો એક કનૈયો છે. ઘણા બાળકો તો છે નહિ! તારી આ કંજૂસાઈને કારણે જ તારો છોકરો ઘરે ઘરે ભટકે છે અને ચોરી કરીને માખણ ખાઈ જાય છે. (૨)

તારા પૂર્વનાં પૂણ્યને લીધે તો તને આ પરમભાગ્ય રૂપ કનૈયો મળ્યો છે અને તે પણ આ ઘડપણમાં, તમે વૃદ્ધ થયા છો અને તે પરમ ભાગ્યરૂપ એકનો એક બાળક છે તો પછી તેના ખાવા-પીવાની બાબતમાં જ આવી ચતુરાઈ કાં કરો છો ? તેના ખાવાથી ઘટી જશે ? (૩)

ગોપીના આવા ચતુરાઈ ભર્યા વચન સાંભળીને નંદ-યશોદા પોતાની ચતુરાઈ પ્રર્દશીત કરતાં વચનો ગોપીને કહે છે કે - તારી આ બધી વાતો તું મને કહેવા આવી છે કે તારે બીજું કંઈ કામ છે ? અમે જાણી ગયા છીએ કે તું કોઈને કોઈ બહાને મારા શ્યામને નિરખવા આવી છે ! (૪)

વિશેષ ભાવાર્થ :

જીવને જે કંઈ ધન-સંપત્તિ આપ્તજન, આલોક, પરલોક મળ્યા છે, તે તો સૌના વિધાતા તેવા પ્રભુની દેણ છે. પણ જીવ તે બધું પોતાનું માની બેઠો છે, જેથી તો તેનો વિનિયોગ પૂર્ણ રીતે પ્રભુ માટે કરવો જોઈએ પણ કરતો નથી.

તેથી પ્રભુ તો મારે ઘરે બીરાજે છે તે કહેવા માત્ર પણું રહે છે અને માટે તો પ્રભુ તે જીવને છોડીને ઘડી ઘડી બહાર ચાલી જાય છે. તે ભક્તથી બંધાયેલા નથી રહેતા. જીવને એ ભાન નથી કે તેના ઘરે જે પ્રભુ બિરાજે છે તે જીવની લાયકાત નથી (વૃદ્ધ) છતાં પ્રાપ્ત થયા છે અને આ પ્રભુ જ પરમ નિધિ છે. સંસારિક વિષયો નિધિ નથી. તથા તે પ્રભુ જ સર્વવસ્તુ માત્ર છે. તેના સિવાય બીજું કંઈ નથી આમ એક માત્ર જે કંઈ છે તે તો પૂર્ણબ્રહ્મ આપણા ઘરે પધાર્યા છે. આમ તે એકનો એક છે. માટે જે કંઈ આપણી સત્તામાં છે તે તેના માટે જ વિનિયોગ કરવો જોઈએ કે- તેને જ સમર્પિત કરવું જોઈએ. કંજૂસાઈ તે તો અસમર્પિત ભાવ છે. આવી રીતે ‘પ્રભુને સમર્પ્યા વગર પોતાના માટે વાપરવામાં દોષ નથી’ તે માટેના વાક્યો શાસ્ત્રમાંથી શોધી કાઢવા તે તો ચતુરાઈ માત્ર છે.

(૧૪૧) રાગ – બિલાવલ ૩/૧૯૨

મહરિ તુમ વ્રજ ચાહત કછુ ઓર
બાત એક મૈ કહત નાહીં, આપ લગાવત ઝોર ૧
જહાં બસે પતન હી આપની, તજન કહ્યો સો ઠોર

સુતકે ભયે વધાઈ પાઈ, લોગન ખેદત હોર **૨**
કાન્હ પઠાય દેત ઘર લૂટન કહત કર્યો યહ ગોર
વ્રજઘર સમુઝ લેહોં મરેઠી, હા હા કરત કર જોર **૩**

ભાવાર્થ :

ગોપી યશોદાજીને નિશાન બનાવીને જ ફરિયાદ કરે છે, કહે છે - હે મહરી, આ વ્રજને કંઈક જુદું જ તમે ધારી લીધું છે અથવા વ્રજવાસીઓ પાસે તમે કંઈક જુદું જ ઈચ્છી રહ્યા છો કે જેથી મનમાની કરો છો. અમે તો એક અક્ષરે ય બોલતા નથી અને છતાં તમે જ આરોપ લગાવીને કંકાસ ઊભો કરો છો ! (૧)

ગોપી હવે એક બોધ વચન કહે છે કે જે સ્થળે રહેવાથી આપણું પતન જ થવાનું હોય તો તેવી જગા છોડી દેવી જોઈએ. તમારે ત્યાં પુત્રનું પ્રાકટય થયું તેથી અમે તો પ્રસન્ન થયા. પરંતુ અમારા માટે તો ખેદ બનીને અટકયો ! (૨)

અમારા ઘર લૂંટી લેવા માટે કાન્હને મોકલી આપો છો. આ તે કઈ નવી જાતી પ્રકટી ? અમે તો વ્રજને અમારું ઘર સમજ્યું છે એટલે અહીં જ મરીશું. પરંતુ તમોને હાથ જોડીને કરગરીએ છીએ. (૩)

વિશેષ ભાવાર્થ :

(મહરિ) - વેદઋચા. તૂ તો (વ્રજ) સદ્‌ગતિનો રસ્તો બતાવે છે પણ અમારી ઈચ્છા બીજી કંઈક છે તે છે, નંદનંદનના સ્વરૂપમાં અટકી જવું. (સ્વરૂપ નિરોધ). અમારી પાસે તો તે માટેની વાત-વાટ-રસ્તા એકે નથી. બસ સ્નેહ જ અંદર છે અને તમે તો કર્મ-જ્ઞાન-મર્યાદા ભક્તિ- ઉપાસના - યોગ - સાંખ્ય - તપ જાત જાતની ઘણી વાતો કરો છો (લગાવત ઝોર). અમે તો એટલું જ સમજીએ છીએ કે જે મારગમાં બેસવાથી અમારી (પતન) ટેક ન રહે (પ્રભુ સંગની) તે મારગને છોડી દેવો, જેથી અમને વેદ માર્ગ માફક નથી આવતો.

પ્રભુ જ્યારે પુત્રરૂપે (નંદ-યશોદાના) પ્રકટયા તે તો અમારા સ્નેહના વધવાના કારણ રૂપ બન્યા. તે સુતના કારણે તો અમારામાં રહેલો સ્નેહ વધવા લાગ્યો (વધા-ઈ) પ્રેમ આસક્તિ - વ્યસન - તન્મયતા - તેથી અમારી લૌકિકતાને પણ ખેદ થયો. આમ લોકપણ છૂટયું. વૈદિક તો પહેલાં છુટયું જ હતું ! અને અમારી આ લૌકિકઆસક્તિ રૂપ ઘરને લૂંટવાનું કામ કનૈયાએ જ કર્યું છે અને તેને પણ તમે વેદોએ જ મોકલ્યો છે, કેમ કે - તમે જ તો તેને રસોવૈસઃ કહ્યો છે. તેથી તે રસરૂપ જ્યાં પ્રેમરસ જૂએ ત્યાં આવે છે અને પ્રેમ સિવાય બાકી સર્વને લૂંટી લે છે.

માટે હે મહરિ! વ્રજને ગતિ ન માનો પણ તેને ઘર સમજો. ઘરનો ઠાકુર છે તો ઠાકુર ઘરમાં રહેશે ક્યાંય ગતિ નહિ કરે, જશે નહિ. અને મૃત્યુ પર્યંત તેની સાથે જ ઘરમાં રહેવું છે. સ્મરણં ભજનં ચાપિ ન ત્યાજ્યમ્ ઈતિ મે મતિ, સર્વદા સર્વ ભાવેન ભજનીયો વ્રજાધિપઃ સ્વસ્યાયમેવ ધર્મોહિ નાન્ય કવાપિ કદાચન, એવં સદાસ્મ કર્તવ્યં સ્વયમેવ કરિષ્યતિ.

તને હાથ જોડીને ફરી ફરી વિનતી કરું છું કે આ જ પરમ સત્ય છે, પરમ ફળ છે તે સમજ.

(૧૪૨) રાગ – બિલાવલ ૩/૧૯૨

ગ્વાલિની આપ તન દેખ મેરે લાલન દેખરી
ભીત જ્યોં હોય તો ચિત્ર અબ રેખરી
મેરો લાલન હૈ પાંચ હી બરસકો રોયકે અજહૂ પયપાન માંગે
તૂ તો અતી ઢીઠ જોવનમત ગ્વાલિની ફિરત ઈતરાત ગોપાલ આગે ૧
મેરે લાલનકી તનક સી અંગુરી, યે બડે નખન ચિન્હ તેરે
મષ્ટકર હંસેગેં લોગ અગવારકો યહ ભૂજા કહાં પાઈ સ્યામ મેરે ૨
ઝુકવલી, ગ્વાલિની નયનન હંસી નાગરી ઉરાહનેકે મિસ અધિક પ્રીતિ બાઢી
એક સૂન સૂર સર્વસ્વ હર્યો સાંવરે અનઉત્તર મહરિકે દ્વાર ઠાડી

ભાવાર્થ :

ગ્વાલિની ફરિયાદ કરવા આવી છે કે તમારા લાલને મારી સાથે અમછાજતાં અડપલાં કર્યા છે. તેનો પ્રત્યુત્તર યશોદાજી આપે છે -

ગ્વાલિન, તું તારો દેહ જો. મારા લાલનો દેહ જો તને શું સરખા લાગે છે ? અને જ્યાં દિવાલ હોય ત્યાં બન્નેના ચિત્ર દોર તો તને ખ્યાલ આવશે કે લાલનું વપુ તારા જેવડું છે ? મારો લાલ તો પાંચ જ વરસનો છે અને હજુ પણ પયપાન માગે તેવડો નાનકો છે અને તું તો જોબનના કારણે મત્ત એવી ઢીઠ-ધૃષ્ટ છે. તેથી ગર્વપૂર્વક ગોવાળીયાની આસપાસ ફરે છે. (૧)

મારા લાલની આંગળીઓ તો એકદમ નાની છે અને તું જે મને નખ ચિન્હ બતાવે છે તે તો કેટલા મોટા છે ! તેથી લોકો, (તારો સમાજ) તારી અસંસ્કારીતા માટે મનમાં હસશે, કેમ કે મારા શ્યામની તો આવડી ભૂજા હોય નહિ. ! (૨)

ગ્વાલિન યશોદાજીના આ વચનો સાંભળીને નયનોથી હસી પડી. એટલે કે તેની

આંખોમાં ખુશી દેખાઈ પડી કેમ કે આ ઠપકાને લીધે તો કનૈયામાં પ્રીતિ વધી અને તે એટલી વધી કે સાંવરિયાએ સર્વસ્વ હરિ લીધું તેથી તો યશોદાજીને દ્વારે મૂઢસી ઠાડી રહી ગઈ. (૩)

(૧૪૩) રાગ – બિલાવલ ૩/૧૯૨

કાહે આય ન દેખિયે રાનીજૂ અપને સૂત કે કરમ
ભાજન ભવન એક ન રહ્યો, કહ્યો તો આગે હંસ પરી હૈ
એસે જાને કો કાહૂકો મરમ ૧
દિન દિનકી હાનિ દૂજે રાખત ન નેક કાન કહોજૂ
બસબેકો કૌન ધરમ
નંદદાસ પ્રભુ મૈયા કે આગે સાધુ વ્હે બૈઠે ચોરી કો કહા ભરમ ૨

ભાવાર્થ :

ગોપીજનો યશોદાજીને કનૈયા બાબતે ફરિયાદ કરે છે - તમે જાતે જ શા માટે પુત્રના કરતૂત અમારે ત્યાં આવીને જોઈ નથી લેતા ?

અમારા ઘરમાં એકે પાત્ર સાજુ-સમુ રહ્યું નથી અને તમોને આ વાત કહીએ છીએ તો તમે તો હસીને વાત વિસારે પાડી દો છો. એટલે અમને તો લાગે છે કે આ વાતમાં કંઈક રહસ્ય જરૂર છે. (૧)

આ રોજ રોજનું નુકસાન બીજાઓ ખમે રાખે છે. કે જેથી તમે કનૈયાને સહેજ પણ ઠપકો નથી આપતા.

આ તે તમારા જેવા મુખ્યા-અધિકારીનો કેવો ધરમ કર્તવ્ય ? આ આખો સંવાદ ચાલે છે તે દરમિયાન નંદદાસજીના પ્રભુ કનૈયા તો મૈયાની પાસે જાણે સાધુ હોય તેમ ચૂપચાપ બેસી રહ્યા છે કે જાણે આ ચોરીનો આક્ષેપ કોનાય માટે થઈ રહ્યો હોય ? જાણે કે આ ચોરી વિશે કંઈ જ જાણતા ન હોય તેમ ! (૨)

(૧૪૪) રાગ – બિલાવલ ૩/૧૯૨

દિન દિન દેન ઉરહાનો આવે
યહ ગ્વાલિની જોબન મદમાતી ઝૂઠેં દોષ લગાવે ૧
યહ કહી ભાજન ધરે પરાયે કહા મેરા મોહન પાવે
લરકા અતી સુકુમાર ગૃહત તન હલધર સંગ ખિલાયે ૨

કબહૂ કર મથની લેકે આંગન હાથ નચાવે
કબહૂ કહત કંચુકી ફારી કબહૂંક ચોર બતાવે ૩
મન લાગ્યો કાન્હ કમલદલ લોચન ઉત્તર બહુત બનાવે
ચતુર્ભુજ પ્રભુ ગિરિધરમુખ યહ મિસ છિન છિન દેખન આવે ૪

ભાવાર્થ :

શ્રી યશોદાજીને પોતાના પુત્ર પ્રતિના સ્નેહમાં કોઈ ભાગ પડાવી જાય તે પાલવતું નથી. તેથી ગોપીઓ પ્રતિ કહે છે કે -

રોજ રોજ આ ગ્વાલિની કનૈયા બાબતે ઠપકો દેવા આવે છે, તેમને જુવાનીના કારણે અભિમાન (મદ) એટલું છે કે કુદરતનો પણ ડર નથી. તેથી તો જૂઠું બોલીને મારા લાલા પર દોષ લગાવે છે. (૧)

સાંભળો, કેવા કેવા દોષ લગાવે છે ? કે જે આ નાનકડા લાલાથી થવા શક્ય જ નથી - પોતે શું કરે છે તે નથી કહેતી, જેમ કે કહે છે કે - મોટા મોટા પાત્ર ઉચકીને, (તે પણ પારકાના) તેણે માખણ ખાવા ઊતાર્યા. શું મારો મોહન તેવું કરી શકે તેવડો છે ? મારો બાળક તો અતી કોમળ વપુ ધારી છે. તે તો બડે ભૈયા હલધરની સાથે જ ખેલે છે અને તેને તો હું હલધરની સાથે જમાડું છું. (૨)

અને આ ગ્વાલિન તો મારા આવા કોમળ લાલને હાથમાં મથની પકડાવી દઈને પોતાના આંગણામાં નાચ નચાવે છે. આમ પ્રતિદાષારોપણ કરે છે.

આ લોકો મને ક્યારેક એવી ફરિયાદ કરે છે કે કાનાએ અમારી કંચુકી ફાડી તો ક્યારેક વળી બીજું કંઈ કહે છે. (૩)

મારા કનૈયાના નેત્રો દૂષિત નથી તે તો બિલકુલ નિર્મળ ભાવવાળો છે પણ આમનું મન જે તેની પાછળ પડી જવાવાળું લાગેલું છે. તેથી તો જાત જાતની વાતો બનાવીને આવે છે.

ચતુર્ભુજદાસ તો, ભક્ત ગોપી અને ભગવાન કૃષ્ણ બન્નેના હૃદયને જાણવાવાળા છે. તેથી કહે છે આ ચતુર્ભુજ એટલે કે ઘણી ભૂજાઓથી અનેક પ્રકારની લીલા કરવાવાળા સમર્થ અને પોતામાં નિરોધ સિદ્ધ કરી દેનાર તેવા મુખારવિંદવાળા છે. તે કૃપાળુના દર્શન માટે કોઈ ને કોઈ બહાનું કાઢીને આ ગોપીજનો ઘડી ઘડી યશોદાજીને ઘરે આવે છે. (૪)

(૧૪૫) રાગ – બિલાવલ

મૈયા મૈ નહિ માખન ખાયો
ખ્યાલ પરે યહ સખા સબૈ લે મેરે મુખ લપટાયો ૧
દેખત હી છીકે પર ભાજન ઊંચે ધર લટકાયો
તૂ હી દેખ નયન કર અપને મૈ કેસે સોં પાયો ? ૨
મુખ દધિ પોંછ બુદ્ધિ એક કાની દોના પીઠ દુરાયો
ડાર સાંટ મુસકાય યશોદા સ્યામ હી કંઠ લગાયો ૩
બાલ વિનોદ ભાવકર મોહ્યો માતા મન હી રીઝાયો
સૂરસ્યામ યહ યશુમતીકો સુખ દેવન દુર્લભ ગાયો ૪

ભાવાર્થ :

આ વખતે તો જ્યાં માખનલીલા થઈ છે ત્યાં ગોપીઓ યશોદાને બોલાવી લાવી અને ત્યાં રંગે હાથ પકડાઈ ગયેલ કૃષ્ણની ફરિયાદ કરવા લાગી ત્યારે કનૈયો પોતાનો બચાવ કરે છે અને કહે છે મૈયા મેં માખન ખાધું નથી. હું ગોપબાળકો સાથે જરૂર હતો પણ જેવો તેઓને અણસાર આવી ગયો કે ગોપી આવી રહી છે એટલે તેઓએ (સખાઓએ) આ માખણ મારા મોઢા પર લગાવી દીધું. (૧)

હવે પ્રભુ યુક્તિ કરે છે અને મા ને કહે છે કે તૂં જાતે તારી આંખથી જ જો કે હું આટલો નાનો છું પછી આ ઊંચે લટકાવેલા પાત્રને કેવી રીતે પહોંચી શકું ? (૨)

વળી આ સખાઓએ પછી શું કર્યું તે કહું - પોતાના મોઢા ઉપરથી દહીં લૂછી નાખ્યું અને તે બધા એક થઈ ગયા અને જે દોનાથી દહીં કાઢયું હતું તેને પાછળ દૂર ફેંકી દીધા. (૩)

આ વાત સાંભળી યશોદાએ હાથમાંની છડી મૂકી દીધી અને હસીને સ્યામને ગળે લગાવી દીધો.

પ્રભુએ આ રીતે બાલ વિનોદ ભાવથી માતાને મોહ કરી દીધો અને સાચી વાતને છૂપાવી દીધી. માતાના મનને પ્રસન્ન કરી દીધું પ્રભુ આ યશોમતીજીને સુખ આપે છે તે દેવોને પણ દુર્લભ છે તેવું સૂરસ્યામ કીર્તિગાન કરી રહ્યા છે. (૪)

વિશેષ ભાવાર્થ :

યશોદાજીને એવો ભાવ છે કે મારો પુત્ર મારું જ માખણ ખાય. માખણ એ સાર છે તેથી મારા જીવનના સારરૂપ જે પ્રેમ છે તે માખણ મારું જ ખાય. પણ જ્યારે

ગોપીઓએ પ્રકટ કરી દીધું કે પ્રભુ તો અમારા સ્નેહનો ઉપભોગ પણ કરે છે ત્યારે યશોદા ગોપીના ઘરે આવીને તપાસ કરે છે. ત્યારે પ્રભુ પ્રેમમગ્ન દશામાં પકડાઈ જાય છે. છતાં બચાવ કરે છે - એટલા માટે કે પ્રભુ કોઈનાય ભાવનો ભંગ કરવા નથી માગતા. જેનો જેવો સ્નેહ તેવો પ્રતિઘોષ. તેથી આપ કહે છે કે ના હું તો તને જ પ્રેમ કરું છું. અન્યની સમક્ષ મારો પ્રેમ પ્રકટ જ કઈ રીતે થઈ શકે ? પણ આ ગોપીજનોને પ્રસન્ન કરવા માટે જ આ મારા મિત્રો છે ને, તેમને નાટ કરવા નટવર રૂપ મારું બનાવવા, મારા મોઢે માખણ લગાવી દીધું. તું જાતે જ નક્કી કર કે તારો પ્રેમ ક્યાં અને આમનો પ્રેમ ક્યાં ? આમનો પ્રેમ તો કેટલા અંતરવાળો છે ? દૂર છે, ઊંચે છે. હું તેવા ક્ષુદ્ર પ્રેમને ઝંખુ તેવો છું ? તારો પ્રેમ તો અગાધ છે !

આ સખાઓ સાચા પ્રેમને શું જાણે ? તેઓ તો દહીં ખાનાર છે તેઓ સારરૂપ પ્રેમને શું જાણે અને તેપણ પાછા લૂછી નાખનારા એટલે કે પ્રેમને ફગાવી દેનારા છે. આવા જૂઠા સ્નેહીઓની વાતો તું શા માટે માની લે છે ?

તેથી યશોદા કે જે પ્રભુને યશ આપનાર છે. મૂળભૂત રીતે તેને ક્ષણિક આવેશમાં પ્રભુયશરૂપ પ્રેમ ભૂલાઈ ગયો હતો જેથી મહાત્મ્યની છડી પકડીને પ્રભુને ડરાવવા આવી હતી કે તમે પ્રેમ આપવા અમારા ગોકુળમાં અમારે ઘરે પધાર્યા છો પણ અમે તો આપના મહાત્મ્યમાં ડૂબશું. આપે પ્રમેય સિદ્ધ કરવા ચાહ્યું છે પણ અમે તો પ્રમાણમાર્ગે આપને મળશું. હવે તેવું નિર્ધારણ આ વ્રજભક્તનું છૂટી ગયું અને કનૈયાની પ્રમેયલીલામાં ગળાડૂબ થઈ ગયા. કંઠે લગાવ્યો તેથી પ્રેમથી ‘એકમેક કર સાની’ જેવી ઉચ્ચતર દશાને પ્રાપ્ત થયા. જીવનું સામર્થ્ય કેટલું ? પ્રભુએ પોતાનો બાલવિનોદ ભાવ એટલો પ્રબળ કર્યો કે માહાત્મ્ય ભાવ પ્રતિ ભક્તોને રાગ થઈ ગયો હતો તે હવે ભક્તના મનને સ્નેહભાવથી લથબથ કરી દીધું અને ભક્ત પરમાનંદમાં ડૂબી ગયા.

આનાથી વિશેષ વળી કેવી પ્રમેયરૂપ લીલા હોય ? કે જેમાં પ્રભુ ભક્તને સુખ આપવા પુષ્ટિભક્તિ ભક્તની કરે ? આવું સુખ તો સર્વ દૈવી જીવોને હોય તેનાથી દુર્લભ છે તેથી તો શ્રીઆચાર્યજી પુષ્ટિ પ્રવાહ મર્યાદા ભેદ ગ્રંથમાં આજ્ઞા કરે છે ‘શુદ્ધાપ્રેમ્ણાતિ દુર્લભા’ અને પ્રભુની આવી પ્રેમલીલાને જે ગાય છે તેઓ જ દૈવી છે.

(૧૪૬) રાગ – બિલાવલ ૩/૧૯૩

સુનો ધોં અપને સુતકી બાત
દેખ યશોમતિ કાન રાખત લે માખન દધિ ખાત ૧
ભાજન ભાન ડાર સબ ગોરસ વાંટત હૈ કર પાત
જો બરજો તો ઉલટ ડરાવત ચપલ નયનકી ઘાત ૨
જો પાવત સો ગહત ચપલ કર, કહત ન કછું સકુચાત
હોં સકુચત અંચલ કર ઘર કેં રહી ઢાંપ મુખ ગાત ૩
ગિરિધરલાલ હાલ ઐસે કર ચલે ઘાય મનહીં મુસકાત
દાસ ચતુર્ભુજ પ્રભુ જાનત હૈ યહ સોં હે દે સાત ૪

ભાવાર્થ :

ગોપી યશોમતિ પાસે ફરિયાદ લઈને આવી છે નંદભવનમાં આવતાં જ કહે છે જરા સાંભળો - આપના સૂતની વાત ! હવે માંડીને વાત કહે છે કે - જૂઓ યશોમતિ, આ આપનો સૂત કોઈની (તમારી કે અમારી કે નાના-મોટાની) કહેની રાખતો નથી. એટલે કે તે અવિવેકી છે. તેથી તો વગર પૂછે માખણ અને દહીં જાતે જ લઈને ખાય છે, માંગવા જેટલો વિવેક પણ નથી. (૧)

દહીં-માખણના પાત્રો શોધી કાઢે છે તથા તેમાંથી ગોરસ હાથમાં જ બીજાને આપે છે, ગોરસ ખાવા પાત્ર પણ નથી વાપરતો. આવા તેમના સર્વથા અસંસ્કારને લીધે જો લઢીયે તો ઉલટો તે અમારી સામે આંખો કાઢી અમને ડરાવે છે. (૨)

જે હાથમાં આવે તે ચપળતા પૂર્વક લઈ લે છે અને સામે જવાબ આપવામાં પણ શરમ નથી રાખતો. જ્યારે અમે જૂઓ તમારે ત્યાં આવ્યા છીએ પણ સંકોચ કે લાજને કારણે સાડીના છેડાથી મુખ ઢાંકીને વાત કરીએ છીએ. (૩)

ગિરિધર લાલે ગોપીના આવા હાલ કરી પોતે તો બિંદાસ મનમાં મુસ્કાતા દોડી ગયા. કેમ કે ચુતર્ભુજદાસના પ્રભુ ગોપીના મનની સાચી વાત જાણે છે. (૪)

વિશેષ ભાવાર્થ :

યશોદા, તૂ તારા બાળકને નથી ઓળખતી તેમ લાગે છે. હવેથી તું પણ તારા પુત્રની વાત જ સાંભળજે. અથવા સાંભળવા લાયક તો શ્રીહરિના ગુણગાન જ છે. જેનો યશ સર્વત્ર છે તેવી મતિવાળા જે વેદજ્ઞાતા છે તેમની કહેણી પણ અમે હવે તો અવગણીએ છીએ, કેમ કે તેમ કરીને હરિગાન કરીએ (એકનિષ્ઠ થઈને) તોજ

માખણ-દધિ જેવું સારરૂપ સ્વરૂપાનંદ પામીએ. કૃષ્ણ જે રસરૂપ છે તે અમારા ઘરમાં રહેલ નિરસ અહંતા-મમતારૂપ ભાજન - ભાનમાંથી સારરૂપ માખણ કાઢી બધાંને (ભગવદીઓને) વાંટે છે. (ગોપી પ્રેમ કી ધ્વજા) અને તે પણ સ્વયં પોતાના હાથથી. આ જ તો પુષ્ટિ છે. અને જેને આ રસ મળે છે તે ખૂબ જ ઉત્કટતા પૂર્વક ગ્રહણ કરી લે છે. અને બીજા સર્વ ફળ કર્મ-જ્ઞાન-ઉપાસના વગેરે ન્યૂન જ છે તેવું કહેતાં સંકોચ નથી પામતા. પરંતુ હું 'ગોપીનો પ્રેમ શુદ્ધ છે' તેવા સૌભાગ્યમદ યુક્ત વચનો કહેતાં-સાંભળતા પણ સંકોચાઉં છું. તેથી તો હું વસ્ત્રના છેડાથી કે (જે ઉપવસ્ત્ર પર ઠાકોરજી કૃપા કરીને બિરાજ્યા હતા) તેના વડે જ અમારા સૌભાગ્યમદને ઢાંકી દઉં છું. કેમે કે - અમને તે પ્રસંગ આજે પણ યાદ છે કે જેઓએ ગિરિધારણ લીલા કરીને અમારો નિરોધ આપમાં સિદ્ધ કર્યો હતો. તેમને અમારા નાનાસા મદનું મર્દન કરવા જે લીલા કરી હતી તેનાથી અમારા શું હાલ થયા હતા? મનમાં હસતા હસતા પ્રભુ કેવા અંતર્ધાન થઈ ગયા હતા? પરંતુ અમે સમજી ગયા છીએ કે અમે તો દાસ જ છીએ, માહાત્મ્ય કે પ્રભુતા તો આપની છે. જો એમ દૃઢ થાય તો તો આપ સદા હૃદયમાં બિરાજેલા રહો!

(૧૪૭) રાગ – બિલાવલ 3/૧૯3

માનોં યાકે બાબાકી હૈ કોઉ ચેરી
ઢીઠો દેત સંક નહિ માનત મારગ આવત ઘેરી ૧
કંચુકી ગહત ડરત નહિં મનમેં કહી અપનપો ટેરી
યામેં સબ સમુઝરી યશોદા ચિત્તવ દે ગત મેરી ૨
કબ લગ લાજ વાસકી કીજે કાન્હ ગુસાઈન તેરી
પરમાનંદ પ્રીતિ અંતરગત દરસન મિસ કર ફેરી 3

ભાવાર્થ :

ગોપી યશોદાજીને ફરિયાદ કરતાં છે. સીધી જ ઊંચા સૂરમાં વાત કહે છે - શું હું કંઈ તેના બાપની નોકર છું? ગુલામ છું? તેની દુષ્ટતા તો જૂઓ કે સ્હેજે શરમ નથી રાખતો અને મારગમાં જ મને ઘેરે છે! (૧)

મારી કંચુકીને પકડે છે અને તેને મનમાં પણ ડર નથી તેથી કહે છે કે - તારા કોઈ હોય તો બૂમ પાડને!

યશોદા, આટલામાં બધુ સમજી જા અને મારી વાત ચિત્તમાં લે. પુત્રપ્રેમમાં તું બધું અવગણે છે. (૨)

હવે ધમકી આપે છે કે - એક ગામમાં વાસ કરીએ છીએ તેથી તમારી શરમ ક્યાં સુધી રાખીએ ? કાન્હ કદાચ મોટો હોય તો તારા ઘરમાં !

આટલી બધી ફરિયાદ કરી પણ કનૈયા માટે તેના હૃદયમાં પ્રીતિ ભરેલી છે તેથી તો ફરી પાછી કોઈને કોઈ મિસ કરીને આવાં કારણો શોધીને આવ્યા કરે છે.

વિશેષ ભાવાર્થ :

એ તો માનવું જ રહ્યું કે સર્વ કોઈ એમના દાસ છે. કેમ કે બધું એની ઈચ્છાથી જ થાય છે. (વિવેકસ્તુ હરિઃ સર્વ નિજેચ્છાતઃ કરિષ્યતિ) બધા જ સ્થળ-મારગને એ વ્યાપીને રહેલો છે. કોઈ પોતાની સ્વતંત્ર ઈચ્છા કરે તો પ્રભુ તેને ***મારગ આવત ઘેરી,*** દરેકના મારગનું વરણ પણ આપે જ કર્યું છે. સર્વ દેવોને પ્રભુનો ડર છે, પ્રભુને કોઈનો નથી માટે તો કહે છે જે તારો દેવ હોય તેને પૂકાર. જીવના સ્વરૂપને ઢાંકવારૂપ, આવરણરૂપ જે માયા છે તેને છોડાવી શકનાર એક પ્રભુ જ છે અન્ય કોઈની નથી શક્તિ કે નથી હિંમત.

યશ આપનારી જે કોઈ શક્તિ છે તે આપણી અંદર છે તેનાથી જીવ ખુશ થઈ જાય છે પણ જીવ પોતાની તે શક્તિને કહે છે - આ પ્રભુના સ્વરૂપને સમજ અને આજે મારી સ્થિતિ શું છે તે ધ્યાનમાં લે. જે યશ-કીર્તિ-ઘર-ધન વગેરે સાથે આપણે રહી રહ્યા છીએ તે વાસ શું તેમની શરમ રાખી, તેમાં લાગી રહેશું ? હકીકત તો એ છે કે એકમાત્ર કનૈયો જ આપણો ગુસાંઈ સ્વામી છે.

જે કામનું છે તે તો હૃદયમાં રહેલ ભગવાન પ્રતિની પ્રીતિ છે. સંસારમાં જે ગતિ વિધિ (ફેરી) કરવાની છે તે માત્ર તે પ્રભુના દર્શન માટે જ કરવાની છે.

(૧૪૮) રાગ – બિલાવલ 3/૧૯3

લિયો મેરે હાથ તે છિડાઈ
તાવન કો લાવત હી માખન ડાર્યો હૈ કુંવર કન્હાઈ ૧
બુઝન લાગ્યો મો હી કો કૌન હૈ પાહુની કહા તેરો નામ
દેખીયત કહૂં ભલી માનસરી કહી દ્યોં તેરો ગામ ૨
દેખત રૂપ ઠગી સી ઠાડી મનમોહન રૂપનીકાઈ
પરમાનંદ દાસ કો ઠાકુર પ્રેમ ઠગોરી લાઈ 3

ભાવાર્થ :

ગોપી જાતે કરીને ઠગાઈ ગઈ છે જેથી આ ઠગાઈની વાત કંઈક ફરિયાદના સૂરમાં

પોતાની સખીને કરે છે કે -

તાવવા માટેનું માખણ લઈને હું આવતી હતી ત્યારે કનૈયાએ તે મારા હાથમાંથી છોડાવીને તેના હાથમાં સરકાવી દીધું કે મને ખબર જ ન પડી (૧)

કેમ કે તેણે મને વાતમાં નાખીને પૂછવા લાગ્યો કે તું કોણ છે ? અરે પાહુની (અતિથિ) તારું નામ તો કહે ! જોવામાં તો તું બહુ ભલી માણસ લાગે છે. તારા ગામનું નામ તોકહે ! (૨)

તેની વાતમાં આવી જઈને અને તેના રૂપને જોતાં જ હું તો સ્થિર થઈ ગઈ કેમ કે તે રૂપ સર્વશ્રેષ્ઠ અને મનમોહક હતું. તેનાથી હું તો મોહી ગઈ તેના પ્રેમમાં જ ઠગાઈ ગઈ ! (૩)

વિશેષ ભાવાર્થ :

મારો સમર્પણ ભક્તિવાળો સ્નેહ હું આપને સમર્પિત કરું તે પહેલાં તો આપે તે સ્વયં લઈ લીધો. તાપ-ક્લેશથી તવાઈને વિશુદ્ધ થાય તે પહેલાં જ !

મારા અધ્યાસો પણ ઉલટા ક્રમથી દૂર કર્યા. પૂછવા લાગ્યા મને કે તું કોણ છે ? સ્વરૂપ વિસ્મૃતિ હતી તે સ્મૃતિમાં આણી કે હું તો આપની દાસ છું, જનમો જનમની. હું કંઈ સોચુ-સમજુ, વિચારું, બોલું તે પહેલાં તો બીજો સવાલ કર્યો-પાહુની કહા તેરો નામ ? હું આ ભૂતલ પર અતિથિરૂપ જ છું મારું ધામ તો આપનું ચરણકમલ છે. અને મારું નામ તે તો આપ જે નામે બોલાવો તે... હવે મને ધ્યાનથી જોઈને પછી કહેવા લાગ્યા કે - તું તો (પુષ્ટિ દૈવી જીવ) ભલી માનસ લાગે છે અને પછી પૂછવા લાગ્યા તારું ગામ કયું ? મારો નિવાસ તો આપના ચરણકમલ જ છે. આ બધા જવાબ હું મનમાં જ રાખી શકી બોલી શકી નહિ, આપને તેવી અપેક્ષા પણ નથી. કેમ કે આપે મને ભલી માનસ કહી દીધી હતીને !

ચરણાને લાયક હતી પણ સ્વરૂપને લાયક આપે આપના મનમોહક સ્વરૂપથી બનાવી દીધી અને મારા દેહ, ઈન્દ્રીય-મન સર્વસ્વ જડવત બની ગયું કેમ કે મારા ચિત્ત સહિત સર્વ આપે આપના સ્વરૂપાનંદથી હરિ લીધું. કેમ કે આ ઠાકુર જે છે તે તો પરમાનંદરૂપ છે અને તેની દાસી પ્રેમઆનંદરૂપ છે જેથી ઠગાઈ ગઈ કેમ કે જ્ઞાન જેમાં બાધક છે તેવા જ્ઞાન રહિત થઈ, પણ સ્વસ્વરૂપજ્ઞાન અને પ્રભુસ્વરૂપજ્ઞાન થઈ ગયું કે જે ભક્તિમાં સાધક છે.

(૧૪૯) રાગ – બિલાવલ ૩/૧૯૩

ભાજ ગયો મેરો ભાજન ફોર
કહારી કહૂં સૂન માત યશોદા ઔર માખન ખાયો સબ ચોર ૧
લરકા પાંચ-સાત સંગ લીને રોકે રહત સાંકરી ખોર
મારગમેં કોઉ ચલ ન પાવત લેત હાથતેં દૂધ મરોર ૨
સમજ ન પરત યા ઢોટાકી રાત દિવસ રહે ગોરસ ઢંઢોર
આનંદે ફિરત ફાગસોં ખેલત તારી દેત હંસત મુખ મોર ૩
સુંદરશ્યામ રંગીલો ઢોટા સબ વ્રજ બાંધ્યો પ્રેમ કી ડોર
પરમાનંદ સયાની ગ્વાલિની લેત બલૈયા અંચર છોર ૪

ભાવાર્થ :

નાની જુવાન ગોપી માત યશોદાજીને ફરિયાદ કરે છે કે મારાં પાત્ર-વાસણ ફોડીને આપનો કનૈયો ભાગી ગયો. બીજું તો શું કહું કે બધું માખણ ચોરીને ખાઈ ગયો. (૧)

ચોરીથી અટક્યો નહિ, હવે તો લૂંટ ચલાવી છે તે સાંભળો - પાંચ-સાત તેના ગોઠીયાને સાથે રાખીને સાંકરી ખોરને રોકીને ઊભો રહે છે. તેથી તે રસ્તેથી કોઈ આવી શકતું નથી અને જે આવે તેનો હાથ મરડીને દૂધ પડાવી લે છે. (૨)

અમારુ તો કાંઈ મગજ જ નથી ચાલતું કે આ છોકરો રાતદિવસ શા માટે ગોરસને જ શોધતો ફરે છે ? અને ફાગના દિવસોમાં આનંદની કીલકારી કરીને ફાગ ખેલે છે. તાલીઓ પાડે છે, ખડખડાટ હસે છે અને મોઢાથી લટકાં કરે છે. (૩)

પરંતુ એક વાત નક્કી છે (મનમાં કહે છે) આ છોકરો છે રંગીલો ! અને આવી તોફાનમસ્તી કરવા છતાં તેણે પૂરા વ્રજવાસીઓને પ્રેમના તાંતણે બાંધી દીધા છે તેથી તો આ શાણી ગ્વાલિની પોતાની સાડીનો છેડો છોડી તેનાથી આ પરમાનંદ પ્રભુના ઓવારણા લે છે. ફરિયાદ કરવા આવી છે તે વાત જ વિસરી ગઈ ! (૪)

વિશેષ ભાવાર્થ :

હે યશોદા, (જેને યશની પણ પડી નથી, યશ તો તે બીજાને આપે છે તેવી) તેવી તું હોવાથી જ નિસ્પૃહ હોવાથી આ રસાત્મક વાત તને કહું છું - મારાં લૌકિકતારૂપ માટીનાં પાત્ર તેણે ફોડી નાખ્યા અને ભાગી ગયો, મને દર્શન પણ ન આપ્યા. કદાચ મારી પાસે સાધન કરાવવા ચાહતો હોય. પણ એકવાત નક્કી છે કે તેણે મારા હ્દયના શુદ્ધ સ્નેહના સમર્પણનો સ્વીકાર કર્યો છે. બલકે સામે ચડીને મારું

સમર્પણ લઈ લીધું છે. (માખન ખાયો સબ ચોર) પણ મને તો આ વાતની ખબર જ ન પડી (ચોર) તેણે આ પુષ્ટિભક્તિના સાંકડા માર્ગમાં પોતાના પાંચ-સાત ગોઠીયાને સાથે રાખ્યા છે (વિવેક-ધૈર્ય-આશ્રય-સેવા-કથા-ભગવદીય-સદ્‌ગુરૂ) જેથી પુષ્ટિ દૈવીજીવ છટકી જ ન શકે. જે આ મારગના વરણ વાળા નથી તેવા જે કોઈ છે તે તો ચાલી જ ન શકે તેથી આ માર્ગે આવે જ નહીં, પાછા વળી જઈ બીજા માર્ગથી જાય. આ મારગમાં તો ઠાકોરજી સ્વયં બિરાજી આપણી મમતા રૂપ દૂધને હાથ-મરડીને (લોક-વેદનો નાશ કરાવી) લઈ લે છે, છોડાવી દે છે. અને પુષ્ટિપ્રભુ તો સર્વદા ભક્તમાં રહેલ ભાવને જ ઢંઢોરીને જગાડે છે. એકવાર તે ભાવ જાગી ગયો પછી તો સખ્યભાવ આપી દેતાં પણ આપ વિચાર નથી કરતા. જેમ ફાગ માં આનંદની રેલમ છેલ હોય છે તેમ આપણી સાથે ખેલે છે, તારી આપીને પોતાની ખુશી ભક્ત સાથે વાંટે છે (તારી ટેંટીનું શાક બહું ભાવ્યુ વ.) હંસી-મજાક પણ કરી લે છે. (ચત્રભૂજદાસને કહે છે - રહેવાયું નહિં તે લગન કરી લીધું ? આવો જે એકમાત્ર સૌંદર્યનો ભંડાર છે તેવા શ્યામ પ્રભુ લોકવત્ (ઢોટા) થઈને પૂરા વ્રજને પ્રેમની દોરથી બાંધી દે છે. વ્રજ એ કે જે પ્રભુની સાથે સાથે ચાલે છે, ગતિ કરે છે અથવા જેમની ગતિ પ્રભુપ્રતિ છે તેવાઓ.

આનંદ જેને પ્રાપ્ત થયો છે અને પરમાનંદ પ્રાપ્ત થવાનો છે તેવી ગ્વાલિની (ઈન્દ્રિયધારી જીવ). પોતાની અહંતા જેને ત્યજી દીધી છે તેવીએ (સયાની) પ્રભુ સાક્ષાત્ મન્મથ મન્મથ પ્રકટ થયા ત્યારે ઓવારણા લઈ આપને બિરાજાવવા માટે ઉપવસ્ત્રનો છેડો છોડી રહી છે.

(૧૫૦) રાગ – બિલાવલ ૩/૧૯૩

લોગન કીતહૂ ઝૂઝત બોરી
દધીમાખન ગઠબંધન દે રાખત કરત ફિરત સૂત ચોરી ૧
જાકે ઘરકી હાની હોત નીત સો નહિ આન કહેરી
જાતપાતિ કે લોગન દેખત બહુ નહિ બાત બનેરી ૨
ઘર ઘર કાન્હ ખાઈબે ડોલત અતી કૃપન તૂ હે રી
સૂરશ્યામકો જબ જો ભાવે સોઈ તલ તૂ દેરી ૩

ભાવાર્થ :

લોકોની અકળામણ ક્યાં સુધી અટકાવીએ ? કેમ કે હે યશોદા, તૂ દહિ-માખનને તાળુ મારીને રાખે છે માટે તો તારો પુત્ર ચોરી કરતો ફરે છે ! (૧)

જેના ઘરમાં રોજ રોજ આવું નુકશાન તે કરે છે તે તને આવીને કહેતા નથી. પરંતુ જો, નાત-જાતના લોકોને આ વાત ખબર પડતાં વાર નહિ લાગે. (૨)

અરે, તું એવી તે કેવી કંજૂસ છે કે આ કનૈયો ખાવા માટે ઘરે ઘરે ભટકે છે? સૂરશ્યામને જ્યારે જે કંઈ ખાવાની ઈચ્છા થાય, ત્યારે તે વસ્તુ તું આપને! અથવા શ્યામને જે ભાવે છે તે તું તલ જેટલું સ્હેજ જ આપે છે! (૩)

વિશેષ ભાવાર્થ :

લોકોની અકળામણ ક્યાં સુધી રોકી રહે? ભક્તિરસમાર્ગને અભડાવવામાં કંઈ બાકી રહ્યું છે?

દધિ-માખન જેવા પ્રેમભાવને તો ઘાંસડીમાં પૂર્યો છે અને (યશ-લાભના ધજાગરા કર્યા છે) પછી તારો પુત્ર, તારો ઠાકુર તારા સ્નેહનો સ્વાદ શા માટે લે? તે તો પ્રેમભૂખ્યો છે તેથી બીજાને ઘરે જઈ પ્રેમ ચાખે છે. તે પ્રેમ કથાથી તુ અસ્પર્શ રહે માટે તો તારાથી છૂપાવે છે. જે પ્રેમી ભક્તને ઘરે લૌકિકતાની હાની થાય છે, તે પ્રેમી કહી બતાવે નહિ, કેમ કે તે તો તેથી ખુશ છે પણ તું તો તારી લૌકિક હાની થાય તો અકળાઈ ઉઠે છે.

હવે તો આ ભક્તિમાર્ગથી વિરુદ્ધ આચરણ, પુષ્ટિમાર્ગી તથા બીજા મર્યાદા ભક્તિમાર્ગી, બધાં જુએ છે. તેથી આ તારી દુષ્કૃતિ બહુ નહિ ચાલે. પ્રભુને આનંદ (ડોલત) તો ગૃહસેવામાંજ છે (ઘર-ઘર/ પ્રત્યેક ઘરમાં) હક્કિતમાં ત્યાં જ તે સેવા સ્વીકારે છે (ખાઈ લે). જ્યારે તૂ તો ખૂબ જ કંજૂસ છે, પ્રભુ પ્રતિના પ્રેમભાવમાં હજુય સમય છે, સમજી જા...

પ્રભુને જ્યારે જે કંઈ ભાવે ત્યારે તે તૂ દે. એટલે કે પ્રભુને ક્યારે શું મન થાય તે કેમ ખબર પડે? માટે દરેક પળે તેની સેવા માટે તત્પર રહે અને 'તુ દે' એટલે કે તારાથી પ્રાપ્ય (વિત્તજા) દે. તું જ આપ (તનુજા). આમ તત્પરતા પૂર્વક સદા સેવામાં રહી તનું-વિત્તજા કર.

(૧૫૧) રાગ – ધનાશ્રી ૩/૧૯૪

ભલી યહ ખેલવેકી બાન
મદનગોપાલ લાલ કાહૂકી રાખત નાહિન કાન ૧
સૂનો હો યશોદા કરતબ સૂત કે યહ લે માટ-મથાન
તોર ફોર દધિ ડાર અજરમેં કૌન સહે નિત હાન ૨

અપને હાથ દેત બનચરકૂં દૂધ-ભાત-ઘૃત સાન
જ્યોં બરજો તો આન દિખાવે પર ઘર કૂદ નિદાન ૩
ઠાડી હંસત નંદજૂકી રાની મુંદ કમલ મુખ બાની
પરમાનંદદાસ યહ જાને બોલ બૂઝ ઘોં આની ૪

ભાવાર્થ :

ગોપી યશોદાજીને ત્યાં ફરિયાદ કરવા આવી છે ત્યારે કટાક્ષમાં કહે છે કે આ આપના પુત્રની ખેલવાની બહુ સુંદર રીત છે ! તેથી તો આ મદનગોપાલ - લાલ કોઈનીય શેહ-શરમ નથી રાખતા. (૧)

હવે યશોદા તમારા પુત્રના કરતૂત સાંભળો - તેણે મથણીના માટલાં તોડીફોડીને દહિંને આંગણામાં ઢોળી દીધું. આવી રોજની હાની-નુકશાન કોણ સહન કરે ? (૨)

વધારામાં પોતાના જ હાથે દૂધ-ભાત-ઘી- વગેરે ભેગાં કરીને વનચર-વાંદરાને આપ્યા.

ગોપીને ખબર છે કે નંદરાની તેની વાત ધ્યાનમાં નથી લેવાના. તેથી કહે છે કે જો તેને ખિજાવાના હોવ તો, તમે આવો અને જૂઓ કે પરઘરમાં તે કેવા કૂદકા લગાવે છે, તેના નિશાન હજુ ત્યાં છે. (૩)

તો પણ યશોદાજી તો ઊભા ઊભા આંખો બંધ કરી, મોઢું બંધ કરી હસવા લાગ્યા કેમ કે તે જાણે છે કે આ તેના વચન તો કહેવા પૂરતાં જ છે. એટલે કે હકિકતમાં તો તે કાનને નિરખવાને બ્હાણે જ આવી છે. (૪)

(૧૫૨) રાગ – ધનાશ્રી ૩/૧૯૪

ભૂલી ઉહરાને કો દૈવો
પરિગએ દ્દષ્ટિ શ્યામઘન સુંદર ચક્રત ભઈ ચિતૈવો ૧
ચિત્રલીખીસી ઠાડી ગ્વાલીની કા સમઝે સમઝૈવો
ચતુર્ભુજપ્રભુ ગિરિધર મુખ નિરખત કઠીન ભયો ઘર જૈવો ૨

ભાવાર્થ :

ગોપી કનૈયાની ફરિયાદ લઈને યશોદાજીના ભવનમાં તો આવી પણ તે ઠપકો આપવાની વાત જ ભૂલી ગઈ, કેમ કે ત્યાં બિરાજેલા શ્યામઘન સુંદર ઉપર તેની દ્દષ્ટિ પડતાં જ તેનું ચિત્ત ચક્રાવે ચઢી ગયું. (૧)

તેથી તો તે જેમ ચિત્રમાં દોરેલ સ્થિર હોય તેવી જડ જેવી ઊભી રહી ગઈ. સ્થિતિ એવી થઈ ગઈ કે ન તેની પોતાની સમઝ રહી કે ન તે કોઈને સમજાવે તેવી રહી. ચતુર્ભુજદાસના પ્રભુ ગિરધારીનું મુખ નિરખતાં હવે તો ચિતની પરિસ્થિતિ એવી થઈ કે પાછું જવાનું કઠીન થઈ ગયું. (૨)

(૧૫૩) રાગ – આસાવરી ૩/૧૯૪

યશોદા વરજત કાહે ન માઈ
ભોજનભાન સબ દધિ ખાયો બાતેં કહી ન જાઈ ૧
હોં જુ ગઈ હી ખિરક આપને જૈસે આંગનમેં આઈ
દૂધ દહી કો કીચ મચ્યો હૈ દૂર તે દેખ્યો કન્હાઈ ૨
તબ અપને કરસોં ગહે તુમહી પે લે આઈ
પરમાનંદ ભાગ્ય ગોપીકો પ્રકટ પ્રેમ ફલ પાઈ ૩

ભાવાર્થ :

ગોપી કનૈયાને રંગે હાથ પકડીને લઈ આવી છે અને ફરિયાદ કરે છે છતાં યશોદા ચૂપ છે તેથી ગોપી કહે છે. હે યશોદા મા, તું આને ખિજાતી કેમ નથી? તેના કરતૂત સાંભળ - વાસણ-કૂસણમાં રાખેલ બધું જ દહિ ખાઈ ગયો છે. વાત આટલેથી પૂરી નથી થતી. (૧)

હું તો મારી ખિરકમાં ગઈ હતી ત્યાંથી જેવી આંગણમાં આવી, ત્યારે જોઉં છું તો દૂધ-દહીંનો કીચ્ચડ થઈ ગયો છે અને મેં દૂરથી તારા કનૈયાને પણ જોયો. (૨)

એટલે હું સમજી ગઈ તેથી દોડીને મારી જાતે તેને પકડીને તારી પાસે લાવી છું.

પરમાનંદ દાસજી કહે છે ગોપીના પરમ ભાગ્ય છે કે પ્રકટ પ્રેમ સ્વરૂપ જે ફળ છે તે ગોપીના હાથમાં છે. (૩)

વિશેષ ભાવાર્થ :

ભક્ત કે જે સંસારાસક્ત છે છતાં ફ્લોન્મુખ પણ છે તેને કોઈ ભગવદીયની કૃપા મળી જાય તો કામ થઈ જાય. આવું જેનું કામ બની ગયું છે તેવો ભક્ત (ગોપી) પરમ ભગવદીયને કહે છે (યશોદાજીને/મહાપ્રભુને) કે તમે મને વઢતા કેમ નથી કે જ્યારે હું સંસાર (ખીરક)માં જાઉં છું ત્યારે? ખિરકમાં ગાયો છે તેના દૂધ-દહીંથી તો ઘરસંસાર ચાલે છે. પરંતુ મારાં તો પરમ ભાગ્ય છે કે આપ જેવા ભગવદીયની કૃપાથી મારાં પ્રભુએ કૃપા કરી મારી અહંતા-મમતાને પોતાની

બનાવી તે સ્વીકારી લીધી છે, ખાધી છે. મારા આ ભાગ્યની વાત, કહી ન શકાય તેટલી આશ્ચર્યકારક છે. (બાતે કહી ન જાઈ) હું તો મારા સંસારમાં ગૂંથાઈ હતી પણ જેવી તેમાંથી થોડીક પણ બહાર નીકળી તો તો મારા પર કૃપાનો એટલો બધો વરસાદ વરસ્યો કે (દૂધ-દહીં) પ્રેમનો કીચ મચી ગયો. પ્રભુ જાણે મારી સંસારમાંથી સ્હેજ બહાર આવવાની વાટ જોતા હતા. (તેથી ઉલટું પરીક્ષિતની થોડીસી અશુદ્ધિની રાહ જોઈને બેઠેલો કલીયુગ તેનામાં પ્રવેશ્યો) અને પ્રભુએ જ આ કૃપા કરી છે તે દર્શાવવા દૂરથી દર્શન આપ્યાં. હું ખૂબ જ ઉત્સાહ પૂર્વ દોડી અને તેમને મારા હસ્તમાં પકડી લીધા. હવે આપની પાસે (મહાપ્રભુ પાસે) લાવી છું કે મને બ્રહ્મસંબંધથી આમની સાથે જોડી દો કે જેથી મારાથી ક્યારેય ભિન્ન ન થાય તેવી કૃપા કરો. આ એક એવું પ્રમેય (ભાગ્ય) છે (ગોપીનું) નિઃસાધનજીવનું કે એમ જ ફલરૂપ કૃષ્ણ હાથે લાગી ગયા !

(૧૫૪) રાગ – બિલાવલ ૩/૧૯૪

તેરી સોં સુન સુનરી મૈયા
યાકે ચરિત્ર તૂ નહિ જાનત બોલ બૂઝ સંકરષન ભૈયા ૧
વ્યાપી ગાય બછુરવા ચાટત હોં પીવત પ્રાતખન ધૈયા
યાહી દેખ ધોરી બિછુકાની મારનકોં દૌરી મોહી ગૈયા ૨
દ્વૈસિંગન કે બિચ પર્યો મૈં તહાં રખવારો કોઉ ન સહૈયા
તેરોપુન્ય સહાય ભયો હૈ અબ ઉબર્યો બાબા નંદ દુહૈયા ૩
યહ જો ઉખટ પરી હી મોં પૈ, ભાજ ચલી કહી દૈયા દૈયા
પરમાનંદસ્વામી કી જનની ઉર લગાય હંસ લેત બલૈયા ૪

ભાવાર્થ :

ગોપી કનૈયાની ફરિયાદ કરી રહી, યશોદાજીને. ત્યારબાદ ત્યાં બેઠેલ કનૈયો તે ગોપીની હાજરીમાં જ ગોપીની ફરિયાદ કરતાં પહેલાં સવારે બનેલો બનાવ કહે છે.

હે મૈયા તારી સોગંધ, મારી વાત તું સાંભળ સાચી કહું છું. આ જે મારી ફરિયાદ કરવા આવી છે તેના ચરિત્ર તું નથી જાણતી. પણ તું સંકરષન ભૈયાને બોલાવીને પૂછીને ખાત્રી કરી લે. (૧)

બન્યુ એવું કે આજે સવારે આપણી ધોરી ગાય, વીઆઈ હતી અને તે પોતાના વાછરડાને ચાટતી ત્યાં ઊભી હતી. ત્યારે હું તો રોજની જેમ ખીરકમાં ધૈયાં (પીતો) હતો. આ જોઈને ધોરી ગાય ભડકી અને મને મારવા દોડી. (૨)

ગાયે મને તેના બે શીંગડાની વચ્ચે નાખી દીધો ત્યારે મારી રક્ષા કરનારું કે મને સહાય કરનારું પણ કોઈ ન્હોતું. તે વખતે જે હું બચ્યો તેમાં તો તારું પુણ્ય જ મને કામમાં આવ્યું અને બીજી બાબાનંદજીની દુહાઈ કામમાં આવી. (૩)

પણ મારી સામે આ જે મારા માટે ઉખડી પડીને બોલે છે, તે ત્યાં હાજર હતી, તેને આ બધું જોયું છતાં મને બચાવવાને બદલે 'દૈયા દૈયા' કહીને ભાગી નીકળી. પરમાનંદસ્વામીની જનની એ આ વાત સાંભળીને કનૈયાને છાતી સરસો ચાંપીને તેના ઓવારણા લીધા અને આ બધી બનાવટી વાતોની મજા લઈને હસી પડી. (૪)

વિશેષ ભાવાર્થ :

પ્રભુ - કનૈયો શ્રીમહાપ્રભુને (મૈયાને) ફરિયાદ કરે છે આ જે નામધારી - બંડી તીલક ધારી - જય શ્રીકૃષ્ણ, જય શ્રીકૃષ્ણ વગેરે વૈષ્ણવી ભાષા બોલતો, વૈષ્ણવના નામે આવ્યો છે તેના ચરિત્ર તમને ખબર નથી. જો તમારે ખાત્રી કરવી હોય તો આપના પ્રમાણ - ગ્રંથ ઉપદેશાત્મક ગ્રંથ ખોલીને તેમાં બતાવેલા ઉપદેશોથી પૂછો કે તે સિદ્ધાંત મુક્તાવલી પ્રમાણે તનુ-વિત્તજા કરે છે ? સિદ્ધાંત રહસ્ય પ્રમાણે સેવા કરે છે ? નિરોધ લીલા પ્રમાણે ગુણગાન કરે છે ? વગેરે.

હું તો પ્રેમનો ભૂખ્યો છું. જેથી (વિઆયેલ ગાય પોતાના વાછરડાને ચાટતી હતી તે જોવા ગયો હતો) એટલે કે મારાં ગુણગાન જ્યાં ગવાય છે તેવા સત્સંગમાં ગયો હતો, હું હંમેશા જાઉં છું અને ત્યાં હું ભક્તોના (તાજા ધૈયા સમાન) પ્રેમને પીઉં છું. ત્યાં આ ઈર્ષ્યાના ભાવરૂપ 'નામધારી' પ્રેમમંડલીમાં બેઠો હતો. તે તો ત્યાં પણ ધન-યશ રૂપ બે શીંગડા ઉલાળતો શ્રોતા વૈષ્ણવોના ભાવ (તે ભાવ પણ હું જ) ને ડીસ્ટર્બ કરતો હતો. પણ તે એવો મોટો માણસ હતો કે તેનાથી બચવું મુશ્કેલ હતું. પરંતુ છતાંય (નંદબાબાની દુહાઈ અને તારા પુણ્ય) નિષ્ઠા અને દઢતા હોવાથી તેમનાં ભાવની (મારી) રક્ષા થઈ ગઈ અને આ જે જય શ્રીકૃષ્ણ કહેતો લરી લરીને લટકાં કરી રહ્યો છે તે તો ભગવદ્ મંડલીથી તોબા તોબા કરતો આશ્રયનું પદ ગવાય તે પહેલાં જ ઉઠીને ચાલતો થયો.

પ્રભુની સ્વકીય જનોની ચિંતા એ કંઈ નવી વાત નથી તેમ આચાર્યજી પ્રભુને કહે છે, નિત્યલીલામાંથી હું ભૂતલ પર પધાર્યો તે યાદ કરીને ! તેથી પ્રભુનો પ્રેમ જાણી પ્રભુને હૃદયે લગાવી દીધા.

(૧૫૫) રાગ – બિલાવલ ૩/૧૯૪

તેરે ભવન ભાવન ગોરી કબરી કરન ગયો માખન ચોરી
જાને કહા કટાક્ષ તીહારે કમલનયન મેરો તનકસૌ રી ૧
દે દે દગા બુલાય ભવનમેં ભેટત ભૂજ ભર ઉરજ કઠોરી
ઉરનષ દિખાવત ડોલત કાન્હ ચતુર ભયો તૂ અતી ભોરી ૨
નિત ઉઠ આય ઉરાહને મિસ, ચાહ રહત નિત ચંદ-ચકોરી
સૂર સ્નેહ શ્યામ ન અટક્યો નયન પ્રીતિ જાત નહિ તોરી ૩

ભાવાર્થ :

ગોપીની ફરિયાદ સાંભળીને યશોદાજી વળતો જવાબ આપે છે હે ભામિની ગોરી, તે તો કહે કે મારો કનૈયો તારા ભવનમાં ક્યારે માખન ચોરી કરવા ગયો ? એ વળી તારાં કામ-કટાક્ષને શું સમજે ? આ મારી આંખનો તારો કે આ કમલસમાન નયનવાળો તો તણખલા સમાન નાનકડો છે. (૧)

હકિકતમાં તો તું જ દગો કરીને તેને તારા ભવનમાં બોલાવે છે અને હે કઠોર ઉરજવાળી તું જ તેને ભૂજ ભરીને ભેટે છે. અને પછી તારા વક્ષસ્થળમાં પડેલ નખના નિશાન દેખાડતી ફરે છે. વાહ ! મારો કાન્હ આવું બધું તેની ચતુરાઈને લીધે કરે છે અને તું તો બડી ભોળી છે ! (૨)

સાચી વાત તો હું સમજું છું કે આમ ઝગડાના મીસે તું રોજ ઉઠીને મારે ત્યાં આવે છે કેમ કે તું જ મારા લાલનું મુખ જોયા વગર રહી શકતી નથી. ચંદ્ર અને ચકોરની જેમ તારા સ્નેહ ને લીધે તારા મનમાં શ્યામ અટકી ગયો છે. તે વાત તો તારી આંખમાં જ દેખાય છે, તારી પ્રીતિની વાતની ચાડી તારાં નયનાં જ ખાય છે !

આમ ગોપીની ચોરી યશોદાજી પકડી પાડે છે. (૩)

(૧૫૬) રાગ – સારંગ ૩/૧૯૫

જૂઠે હી દોષ ગોપાલ લગાવત
જહી જહી ખેલે મેરો મોહન તહીં તહીં ઉઠ ધાવત ૧
કબ તેરો દધિમાખન ખાયો એસેં હી આવત હાથ નચાવત
પરમાનંદ મદનમોહનકો વ્રજકી લીલા ભાવત ૨

ભાવાર્થ :

યશોદાજી ઠપકો આપવા આવેલી ગોપીને સામેથી ઉધડો લે છે. તું મારા ગોપાલને ખોટા ખોટા દોષ લગાવીને બદનામ કરે છે. તે તારા ત્યાં નથી આવતો પણ જ્યાં જ્યાં તે ખેલે છે તેની મોહની તને છે તેથી તો ઉઠી ઉઠીને તું તેની પાછળ પાછળ જાય છે. (૧)

તું એ તો બતાવ કે ક્યારે તારું દધિ-માખન એને ખાધું ? છે કંઈ જવાબ ? બસ એમ જ હાથ નચાવતી ધાંધલ મચાવતી ચાલી આવે છે ?

પરમાનંદદાસ આ લીલાના દર્શન કરતાં કહે છે કે આ મદનમોહનને વ્રજની સર્વ લીલામાં આનંદ આવે છે. (૨)

વિશેષ ભાવાર્થ :

બસ જીવને તો ટેવ જ પડી ગઈ છે કે જે તમારી ઈન્દ્રિયોને પોષણ કરી રહ્યા છે, જે આ સમસ્ત પૃથ્વી (ગો)નું પાલન કરી રહ્યા છે તેમની ઉપર જ દોષારોપણ કરવું છે. ભાગ્યને દોષ આપે છે.

પ્રભુ તો બધે જ ખેલે છે. એક સાથે અનેક સ્થળે વિવિધ વિચિત્ર લીલા કરી રહ્યા છે. તેને કંઈ તમારી ગરજ નથી પણ જીવે પ્રભુની સમક્ષ દાસ ભાવે જવું જોઈએ. જીવને એમ લાગે છે, મારી સંપત્તિથી હું પ્રભુની સેવા કરી રહ્યો છું. અને આ 'હું કરી રહ્યો છું', 'મારી સંપત્તિ' વગેરે શબ્દો ઉપર ભાર મૂકી પોતાના બન્ને હાથથી જગત સમક્ષ (અહંતા-મમતા રૂપ હાથથી) પ્રકટ કરે છે. પરંતુ પ્રભુની માલિકીનું જ સર્વ કંઈ છે પછી તારું દધિ-માખન થયું ક્યાંથી અને તેં જ ખવડાવ્યું ક્યાંથી ? તું પણ ક્યાં સ્વતંત્ર છે ? તું પણ તેમનો જ અંશ છે. પણ દાસ તરીકેની તારી ભૂમિકા છે તે કેમ ભૂલે છે ?

આ પ્રભુ તો પરમ આનંદ સ્વરૂપ છે તેને તું ખવડાવીને શું આનંદ આપવાનો હતો ? પરંતુ તે તો પોતાના અંશ પર પ્રેમ પ્રકટાવીને જીવને મોહી રહ્યો છે. પ્રભુને આ લીલા કરવી ગમે છે અને આ લીલા ચાલતી રહે તેમ ઈચ્છે છે. પોતાની રમણેચ્છા માટે તે આ કરી રહ્યા છે.

(૧૫૭) રાગ – ધનાશ્રી 3/૧૯૫

યશોદા ચંચલ તેરો પૂત
આનંદ્યો વ્રજ વીથન ડોલત કરે અટપટે સૂત ૧
દહ્યો દૂધ લે ઘૃત આગેં કર જહાંતહાં ધર્યો દૂરાય

અંધિયારે ઘરકો ઉન જાને તહાં પહીલે હી જાય **૨**
ગોરસ કે સબ ભાજન ફોરે માખન ખાય ચુરાય
લરકનકે કર કાન મરોરત તહાં તે ચલે રૂવાય **૩**
બાંટ દેત વન ચરન કૌતુક કરત વિનોદ વિચાર
પરમાનંદપ્રભુ ગોપીવલ્લભ ભાવેં મદન મુરાર **૪**

ભાવાર્થ :

ગોપી ફરિયાદ કરે છે કે યશોદા, આ તારો પુત્ર ખૂબ જ ચંચલ મનવાળો છે. આ નંદનો લાલ વ્રજની ગલીકુંચીમાં ફરતો રહે છે અને અટપટા-ઉલટાસુલટા કામ કરે છે. (૧)

લે ગણાવું - અમે દૂધ, દહીં, ઘી જ્યાં ત્યાં છૂપાવીને રાખીએ છીએ તો પણ તે તેમને શોધી કાઢે છે. અને જે ઘર દૂર હોય કે ઊંડે હોય કે જે ઘરમાં અંધારું હોય તેની તેણે જાણ હોય છે અને ત્યાં જ સૌ પહેલાં જાય છે અથવા ઘરના અંધારા ખૂણામાં સૌ પહેલો ત્રાટકે છે. (૨)

ગોરસ (દૂધ-દહીં-ઘી)ના વાસણ ફોડી નાખે છે અને ચોરી કરીને માખણ ખાય છે. અમારું બાળક ઘરમાં હોય તો તેના હાથ-કાન એટલા મરડે કે તે રડે અને આમ રડાવીને જ જાય. (૩)

વાંદરાને આ બધું વાંટી દે આવા ભાતભાતના નાટક કરી મજાક-મશ્કરી કરતા જાય છે. પરમાનંદદાસ કહે છે આ પ્રભુ, છતાં પણ ગોપીઓને પ્રિય છે અને આવા મદનમુરાર તેમને ગમે છે. (૪)

(૧૫૮) રાગ – ધનાશ્રી **૩/૧૯૫**

યશોદા કહાં લોં કીજે કાન
દિન પ્રતિ કૈસેં સહી પરત હૈ દૂધ દહીંકી હાન **૧**
અપને યા બાલકકી કરની જો તુમ દેખો આન
ગોરસ ખવાય જગાય લરીકનકોં ભાજન ભાજત ભાન **૨**
મૈં અપને મંદિર કે કોંરે રાખો માખન છાન
સોઈ જાય તુમ્હારે ઢોટા વહી લીયો પહચાન **૩**
બુઝે કહત બાલન જો મહિયા આયે સંકા માન
સુરદાસ પ્રભુ ઔરન આવેં ચેટી કાઢત પાન **૪**

ભાવાર્થ :

ગોપી થાકી-કંટાળીને ફરિયાદના સૂરમાં કહે છે - યશોદા, ક્યાં સુધી તમારી આંખની શરમ રાખીએ ? રોજે રોજનું આ દૂધ-દહીંનું નુકશાન અમને કેવી રીતે પરવડે ? (૧)

તમે પોતે જ આવીને આ તમારા બાલકના કર્મ જુઓ. એક તો ગોરસ ખવડાવી દે છે, મારા સૂતેલા બાળકને જગાડી દે છે. મારાં વાસણ-કૂસણ ફોડી નાખે છે. (૨)

વધારામાં મેં મારા ઘરમાં દૂર ખૂણે માખણ કાઢીને મૂકી રાખ્યું હોય છે તેને જ બરાબર જોઈ ઓળખીને લઈ લે છે. (૩)

પૂછીએ તો કહે છે કે, જે બાળકો અંદર આવે છે તેના પર જ તું શંકા કરે છે ? સુરદાસના પ્રભુ વળી કહે છે - બીજું કોઈ તો આવતું નથી જે આવે છે તે તો તારા દૂધમાંથી કીડીઓ કાઢવા માટે જ આવે અથવા કહે છે - બીજા કોઈક આવતા હશે અમે તો દૂધમાંથી ચેંટી કાઢી આપી પીવાલાયક બનાવીએ છીએ. (૪)

(૧૫૯) રાગ – ધનાશ્રી ૩/૧૯૫

કાહે ન બરજત હો નંદરાની
એકગામ વસે વાસ કહાં લો કરે હે નંદજુકી કાની ૧
વચન વિચિત્ર કમલદલ લોચન કહત સરસ બાની
અચરજ મહરિ તિહારે આગે અબ હી જીભ તુતરાની ૨
ના જાનો કહાં ધોં સીખે મોહનન મંત્ર સચાની
કોટી કામ રૂપ, ધરત હૈ, બાલક લીલા ઠાની ૩
કહાં તૂ રી ગ્વાલ તેરોં મોહન યહ વિપરીત ન જાની
બ્રહ્મદાસ ઉરહાને મિસ નાગરી મોહન તન મુસકાની ૪

ભાવાર્થ :

હે નંદરાની તું આ તારા પુત્રને કેમ ખિજાતી નથી ? આપણે એક જ ગામમાં અને એક જ મોહોલ્લામાં સાથે રહીએ છીએ તેથી નંદરાયની કાની રાખીએ છીએ પણ તે ક્યાં સુધી રાખીએ ? (૧)

તેનું બોલવાનું વિચિત્ર છે, આંખો તો કમલદલ જેવી મોટી રતુમડી સુંદર છે અને વાતો તો બહુ સારી કરે છે પણ નવાઈની વાત એ છે કે તારી સમક્ષ જ એની જીભ તોતડાઈ જાય છે. (૨)

ન જાણે આ બધું તે ક્યાંથી શીખ્યો ? કે જેનાથી બધાં મોહી જાય છે ? અનેક પ્રકારના કામ અને રૂપને એ ધારણ કરી લે છે અને પાછી બાળક જેવી લીલા કરે છે. (૩)

નવાઈ એ પણ છે કે ક્યાં ભોળી તું યશોદા અને ક્યાં આ તારો મોહન -મોહી લેતો ગ્વાલ બાળક ? આ વિપરીતતા કાંઈ સમજ નથી પડતી. ગોપી ઝગડો કરવાને મિસે આવી હતી અને મોહન પ્રતિ પ્રેમથી આશ્ચર્ય પામતી મુસકાતી પાછી ફરી. (૪)

(૧૬૦) રાગ – ધનાશ્રી   ૩/૧૯૫

ઐસે લરીકનકો આદેશ દીજે
ભયે દરશન દેખીયે, પાય માંગ કછૂ લીજે ૧
અબ હી હરિ ઢંઢોર માંટ સબ યા ક્ષણ મૌન ધર બૈઠે
હોં પચિહારી કહ્યો નહિ માનત બીનતી કરત જાત હૈ ઐઠે ૨
સૂનોં હો યશોદા કરતબ યા સુતકે ચોરી કર સાધ કહાયે
યદ્યપિ યહ ગુણ કમલનયનકે પરમાનંદ જિયેમેં ભાયે ૩

ભાવાર્થ :

ગોપી યશોદાજીને આવી છે ફરિયાદ કરવા પણ કટાક્ષની ભાષામાં વાત કરે છે - આવા છોકરાને કંઈક શિખામણ-હૂકમ તો કરો કે છૂપાઈને ન આવે પણ અમારી નજર સમક્ષ ઘરમાં આવે અને અમને વિનંતી કરીને કંઈક માંગે. (૧)

આ તમારી પાસે જે મૌન ધરીને બિરાજે છે તે હમણાં જ વાનરની જેમ બધા માંટ વગેરે ઢંઢોરીને આવ્યો છે. હું બૂમ મારુ છું તો માનતો નથી અને વિનતી કરું છું તો તે ધમંડ કરે છે. (૨)

યશોદા, તમારા પુત્રના કરતૂત તો જુઓ એક તો ચોરી કરે છે અને પોતાને સાધુ કહેવડાવે છે ! જો કે આ કમલ જેવા નેત્રવાળાના આવા ગુણ છે પણ અમારા પ્રાણને તે ખૂબ વ્હાલો લાગે છે. (૩)

(૧૬૧) રાગ – સારંગ   ૩/૧૯૬

મેરો હરિ ગંગાકો સો પાન્યો
પાંચ વરસ કો શુદ્ધ સાંવરો તે ક્યોં વિષયી જાન્યો ૧

નિત્ય ઉઠ આવત હાથ નચાવત કોન સહે નીક બાન્યો
ચૂડી ફોરત બાહ મરોરત માંટ દહીં કો ભાન્યો **૨**
ઠાડી હસત નંદજૂકી રાની ગ્વાલીન બચન ન માન્યો
પરમાનંદ મુસકાય ચલી જબ દેખ્યો નંદ ઘરાન્યો **૩**

ભાવાર્થ :

યશોદા, ગોપીને વળતો જવાબ આપે છે - મારો હરિ (લાલ) તો ગંગાના પાણી જેવો પવિત્ર છે. તેની આયૂ પણ માંડ પાંચ વરસની છે. તે તો પરમ શુદ્ધ સાંવરો છે. તેં તેવા નાના ગંગાજેવા લાલને વિષયી કેવી રીતે જાણ્યો ? (૧)

સવાર પડે ને આવે છે ! રોજ રોજ હાથ નચાવીને ન કહેવા જેવાં વચનો બોલે છે. આવું તે કોણ સહન કરે ? વળી તું મારા લાલ પર દોષ લગાવે છે કે - તે ચૂડી ફોડી નાખે છે, હાથ મરડી નાખે છે અને દહીંનાં માટ ઢોળી નાંખે છે ? (૨)

આ એકેય વાતમાં કંઈ દમ નથી. તેમ કહીને નંદરાણી સહજ પણે હસતાં તેની સામે તાકીને ઊભા રહ્યા. 'કેમ શું કહેવું છે ?' તેવા ટોનમાં. ત્યારે પરમાનંદદાસ આ લીલાના દર્શન કરતાં કહે છે કે આ ગોપીને હવે લાલો બહાર પધાર્યો તેના દર્શન થઈ જતાં હસીને ચાલી નીકળી. (૩)

વિશેષ ભાવાર્થ :

શ્રીકૃષ્ણ તો અવતારી છે, હરિ છે. સર્વના દુઃખ હરનારા તેવા સમર્થ છતાં કૃપાવંત છે અને ગંગા જેવા પવિત્ર કહેવા કરતાં, જે પ્રભુના ચરણ સ્પર્શ થવાથી ગંગા પવિત્ર થઈ અને પવિત્ર કરવા રૂપ સામર્થ્ય પ્રાપ્ત થયું તે જ પરબ્રહ્મ પરમ શુદ્ધ છે તેવું જે શ્રુતિ કહે છે, તે ઘનશ્યામ અહીં વ્રજમાં પાંચવરસના બાળક રૂપે લીલા કરે છે. તેમની આ લીલાને કોઈ પ્રાકૃત (વિષય સંબંધિની) કહે તેને માટે શું કહેવું ? અનેક મતના વાદીઓ નવી નવી વિચારધારા લઈને જોર-શોરથી પોતાનો મત રજૂ કરે છે પણ જો તેમાં વેદ-ગીતા-બ્રહ્મસૂત્ર-ભાગવતના વચનોથી એકસૂત્રતા નથી તો તેવા વચનોની કોઈ કિંમત નથી અને એવા વચનો સહન થઈ શકે પણ નહિ. આ કનૈયો જે ચૂડી ફોડવા રૂપ લીલા કરતો હોય તો તે સમજાવવા માંગે છે કે સર્વનો સ્વામી હું છું. તું જો બીજાને સ્વામી કહે છે તો તારી તે માન્યતાને હું તોડું છું. જો તારા હાથ અન્ય દેવની સેવા-પૂજા કરે છે અને તેને મારી સેવા-પૂજાના અંગરૂપ પણ નથી જાણતો તો હું તારા હાથ મરડીને તને સાચી સમજ આપવા માગું છું અને જો તારા વિચારોમાં વિકૃતિ આવી છે (દૂધનું દહીં થવું તે

વિકૃતિ) તો તેવા વિકૃતિરૂપ વિચારોને હું ઢોળી નાશ કરું છું. આ બધું સ્વરૂપ તે પરબ્રહ્મનું લીલારૂપે છે તેવું મહાપ્રભુ (ગોપી), યશોદાજીને કહે છે. ત્યારે સ્નેહમાત્ર જેમનામાં છે અને માહાત્મ્યજ્ઞાન અંશમાત્ર નથી તેવા યશોદા ગોપીનાં વચન નથી માનતાં. તે તો માને છે કે આ મારો નાનકડો પુત્ર જ છે !

માતાના આ સ્નેહને પોષણ કરતાં પ્રભુ બહાર પધાર્યા ત્યારે તેમના દર્શન કરી તે સ્નેહમય સ્વરૂપને હ્રદયમાં પધરાવી ગોપી મુસ્કાતી ચાલી ગઈ.

આ બન્ને ય લીલાના દર્શન પરમાનંદદાસે કર્યા.

(૧૬૨) રાગ – ટોડી ૩/૧૯૬

કબહૂ અકેલે પાય પ્રીતમ
ગોપી લે બેઠી ગોદ ઉરાહનો સિખાવત ચોરી મિસ આવો ગેહ
સામગ્રી ધર રાખી છિકન પર ભાવે સો લીજીએ યહ તુમ્હારી દેહ ૧
જિન કોઉ ઓર છીયે યહી બડો તાપ હીયે અકેલે હી ભાજન કરો
રસિક પ્રિતમ હમ આવેંગી ઉરાહને કે મિસ બરસાવો નેહ
જસુમતી કે આગેં તુમ મનમેં મત દીજો છેદ ૨

ભાવાર્થ :

ક્યારેક પોતાના પ્રીતમ કનૈયો ગોપીને એકાંતમાં મળી ગયો. ત્યારે ગોપી તેને ગોદમાં બેસાડી, 'ઠપકો આપવા જવાનો પ્રસંગ' ઉભો કરવા માટે કનૈયાને કહે છે - આપ મારા ઘરે ચોરી કરવાના મીસે જરૂર પધારજો. આપની મન ગમતી સામગ્રી છીંકા પર રાખેલી છે. જે ભાવે તે લેજો. આ દેહ જ આપનો છે પછી બીજી વસ્તુની શી વાત છે ? (૧)

આ આપના દેહને કોઈ બીજો સ્પર્શ કરે તે વાતનો જ મને ઘણો તાપ રહે છે માટે આપ એકલા જ પધારીને ભોજન કરો અને મારી પર તે રીતે પ્રેમ વર્ષા કરો.

તે પછી હે રસિક જનોના પ્રીતમ, હું ઠપકો આપવાના મિસે જસુમતિની પાસે આવીશ. પરંતુ આ ઠપકાને મિઠો જ ઠપકો માની તમે મને મનથી પણ દગો ન આપશો અને નિત્ય ચોરી મિસે આવ્યા કરજો અને હું પણ નિત્ય ઉરાહનાને મિસે આપના લાવણ્યનું પાન કરવા નંદગૃહે આવ્યા કરીશ. (૨)

(૧૬૩) રાગ – સારંગ ૩/૧૯૬

સયાને કબ લગી હોઈ હૌ લાલ
નાહિન સમુઝી પરતી તુમ્હારી ગતિ મોહન મદનગોપાલ ૧
દિન પ્રતિ ઘરહી ઉરહાનુ આવે અંબુજ નૈન વિશાલ
નવલછ ગોધન નંદરાઈ કે અજહું ન છાંડ હું ચાલ ૨
કહતિ જશોદા સુનું મેરે મોહન ચુંબૌ સુંદર ગાલ
પરમાનંદ પ્રભુ તજી ન શકતી છીનું બંધી પ્રેમકી જાલ ૩

ભાવાર્થ :

યશોદાજી પોતાના લાલને ગોદમાં બેસાડીને પ્રેમપૂર્વક શિખામણ આપે છે - લાલ તમે સમજણા ક્યારે થશો ? હે મોહન, મદનગોપાલ મને તો કોઈ સમજ નથી પડતી. (૧)

હે કમલનયન, રોજે રોજ આપણા ઘરે ઠપકો આવે છે, તેવું તમે શા માટે કરો છો ? દૂધ-માખણ-ઘીની આપણે ત્યાં ક્યાં ખોટ છે ? નંદરાયના ઘરે તો નવલાખ ગાયોરૂપ ધન છે. હવેથી તમે તેવી બીજાના ઘરે જવા રૂપ ‘ચાલ’ છોડી દો. (૨)

તમે ત્યાં માખણ-ઘી ખાવા જાવ છો તેથી મારાથી દૂર થાઓ છો, તે તમારાથી એકપળની દૂરી પણ મારાથી સહી શકાતી નથી. કેમ કે તમારી પ્રેમજાળમાં હું જકડાઈ, બંધાઈ ગઈ છું. (૩)

છાક કે પદ

(૧૬૪) રાગ – સારંગ ૩/૨૦૮

અકેલી વન-વન ડોલી રહી
ગાંઈ ચરાવત કહાં રહે હરિ કાહૂને ન કહી ૧
બડે સવારે નિકસે ઘરતેં પઠયો માઈ દહી
ભૂખ લગી વ્હૈ હૈ લાલનકો દુપહર જાળ સહી ૨
ઈતનો વચન સુનત મનમોહન નાગરી બીથા લહી
પરમાનંદદાસ કો ઠાકુર ગોકુલ રતિ નિબહી ૩

ભાવાર્થ :

ગોપી એકલી જ એકથી બીજા-ત્રીજા એમ વનમાં ભટકી રહી છે કેમ કે યશોદા

મૈયાએ તેની સાથે લાલન માટે દહી મોકલ્યું છે.

ગોપી મનોમન બોલવા લાગી - ગાય ચરાવતાં ચરાવતાં આ હરિ ક્યાં છે તે કોઈ જ કહેતું નથી. (૧)

આપ વહેલી સવારથી જ ઘરેથી નિકળી ગયા છે અને આપના ઘરથી દહી મારી સાથે મોકલ્યું છે, તે મારે હવે જલ્દી પહોંચાડવું છે પણ લાલનની ભાળ મળતી નથી. હવે ગોપીને ખૂબ આર્તી થાય છે અને જે મનમાં ભાવ છે તે બહાર વાણીમાં પ્રકટે છે કે - આ બપોરની વેળા થઈ છે અને લાલન ભૂખથી ખૂબ વ્યાકુળ થઈ ગયા હશે ! (૨)

મારું કશું જોર ચાલતું નથી. આવાં નિઃસાધન વચન સાંભળતાં જ, જે હરિ છે, જે સર્વના દુઃખ હરવા વાળા છે, જેમણે ગોકુલવાસીનાં મન હરિ લીધાં છે તેવા પ્રભુએ આ નાગરી-ગોપીની વ્યથા - આરતી લઈ લીધી અને ગોપી સામે પ્રકટ થઈ ગયા. કેમ કે આ પરમાનંદ તો તેમના જે દાસ છે તેમનો ઠાકુર - રક્ષક છે અને ગોકુલ પ્રતિની આપની રતિને નિભાવવા માટે તો અહીં પધાર્યા છે. (૩)

વિશેષ ભાવાર્થ :

જીવને શ્રીમહાપ્રભુ દ્વારા બ્રહ્મસંબંધ થયા પછી તેને ભાન થાય છે કે તે સહસ્ત્ર પરિવત્સરથી વિખૂટો પડી ગયો છે. જ્યારે તેને ખ્યાલ આવે છે કે તે કૃષ્ણનો અંશ તથા દાસ બન્ને છે. પ્રભુ સમગ્ર સૃષ્ટિના દુઃખને હરનાર હરિ હોવાથી તો આપ કૃપાળુ છે સર્વ જીવો (ગાંઈ-ગાય-ગો)ની ઈન્દ્રિયોનું પોષણ કરનાર ચરાવનાર આપ જ છે. તે જાણીને જીવની અહંતા દૂર થઈ ગઈ છે.

આ ભૂતલ પર આપની પ્રાપ્તિ માટે અનેક મહાપુરૂષોને પૂછયું તો કોઈએ કર્મ-જ્ઞાન ઉપાસના, મર્યાદાભક્તિ તથા ભૂત-પિશાચ-રાક્ષસ વગેરેની ઉપાસનાના માર્ગ બતાવ્યા પણ કોઈ જ માર્ગે આપ ન મળ્યા. (બડે સવારે) આપે સૃષ્ટિ રચિ ત્યારથી આ જીવ ભટકતો જ રહ્યો છે. (નિકસે ઘરતે) પ્રભુના ધામમાંથી નીકળીને સંસારમાં ભટકું છું. મને મોકલ્યો છે (પઠાયો મોઈ) પરંતુ આપ નહિ મળતાં હવે મને અત્યંત તાપ-ક્લેશ થઈ રહ્યો છે અને હું તેનાથી બળી (દહીં) રહ્યો છું. તદુપરાંત મને આપનું (લાલન કરવાની) સેવા કરવાની, દાસ પણું નિભાવવાની ભૂખ પણ લાગી છે પરંતુ આ જે જાળ-યામ-કાળ તો દૂપહર (બીજો પ્રહર) એટલે કે આપણે પ્રાપ્ત કરાવી આપે તેવો નથી પણ કળીકાળ છે. વિપરીત કાળ છે. આવા સંજોગોમાં હે પ્રભુ હું શું કરું ? મને આપ હરિ સિવાય કોઈ સહારો નથી

તેવો મનમાં પ્રબળ ભાવ થાય છે ત્યારે તુરત જ ભક્તના ક્લેશયુક્ત આટલા વચન સાંભળતાં જ જેમનું મન ભક્તમાં મોહ પામી જાય છે તેવા પ્રભુએ આ (નાગરી) જીવની વ્યથા લઈ (લહી) લીધી, એ રીતે કે આપ ભક્ત સમક્ષ પ્રકટ થઈ ગયા કેમ કે આપ પરમ આનંદરૂપ પ્રભુ, દાસ તેવા આ ભક્તના સ્વામી છે (ઠાકુર) (ગોકુલ) ભક્તો પર આપનો સ્નેહ (રતિ) છે તે નભાવવા માટે પણ પ્રકટે જ. નહિતો આપની ભક્તો પ્રતિની ભક્તિ ખંડિત થઈ જાય.

આવા પુષ્ટિ પુરૂષોત્તમ ત્રિલોકનાથ ગોકુળનો ઠાકુર બની અદ્‌ભૂત કૃપા કરવા જ આપણે માથે શ્રીવલ્લભની કૃપાથી બિરાજ્યા-પધાર્યા છે. તો આપણે દાસધર્મ ચૂકીયે તો કેવા નઠારા ગણાઈએ ?

પલકનની ભાવના

(૧૬૫) કાફી **૩/૨૨૭**

મેરે પલકનસોં મગ ઝારું
યા મગમેં પ્યારો મેરો આવત હૈ તન મન જોબન વારું **૧**
સેજ સવારું ચમર ઢૂરાવું મધુર મધુર સ્વર ગાઉં
રસિક પ્રીતમ પિય જો મિલે મોહે હંસ હંસ કંઠ લગાઉ **૨**

ભાવાર્થ :

ગોપી પોતાના પ્રિયના વિરહમાં સંયોગની આશાએ ભાવવિભોર થઈ ગઈ છે. અને પિય પધારશે તો શું શું કરીશ તે વિચારમાં ખોવાઈ ગઈ છે.

મારી આંખની પલકોથી પ્રભુને આવવાના આ માર્ગને હું સાફ સૂથરો કરી દઈશ.

આ જે ભક્તિમાર્ગ પર પ્રભુ પધારી રહ્યા છે તે માર્ગને એવો શુદ્ધ બનાવીશ કે મારી દૃષ્ટિમાં અન્ય કોઈ આવે જ નહિ. (મેરે પલન સોં મગ ઝારું - યા માર્ગમેં મેરો પ્યારો આવત હૈ), તથા તેમની પર મારું તન-મન તથા યૌવન સર્વવારી દઉં. તનમન વારે છે એટલે કે સમર્પણ કરે છે અને જોબનમાં અનેક કામના હોય તે ઓવારી દેતાં પોતે નિષ્કામ બને છે, પ્રભુની જે કામના હોય તે પ્રમાણે હું વર્તીશ તેવો ભાવ છે. (૧)

પ્રભુને બિરાજવાની પથારીને સરસ રીતે સજાવું તથા આપને ઠંડક લાગે માટે ચમ્મર ઢોળું અને મધુર મધુર સ્વરથી ગાણ કરું. પ્રભુને સુખ થાય તેવા સેવાના

સર્વ ઉપચારો કરું.

હવે ગોપીને ભાન થાય છે કે તે તો વિચારમાં ખોવાઈ ગઈ છે. તેથી કહે છે - મારો પ્રીતમ તો રસિક છે. રસપાય છે અને પીવે છે. તે જો આપની કૃપાથી મળી જાય તો તો મને એટલો બધો હરખ થાય કે સૌ પ્રથમ તો તેમને મારા કંઠ સાથે લગાવી દઉં. જેમ દીક્ષામાળા કંઠમાં ધર્યા પછી નિકળે નહિ તેમ મારા પ્રભુને હું મારા કંઠથી શ્વાસની જેમ અળગા જ ન કરું. (૨)

રાજભોગ દર્શન (ઉષ્ણકાળ)

(૧૬૬) રાગ – સારંગ ૩/૨૨૯

ચિતવત રહત સદા ગોકુલતન
વારવાર ખિરકી વ્હે ઝાંકત, અતી આતુર પુલકિત તન ૧
નમ્ર સખા સુખ સંગહી ચાહત ભરત કમલદલ લોચન
તાહી સમય મિલેરી ગોવિન્દપ્રભુ કુંવર વિરહ દુઃખ મોચન ૨

ભાવાર્થ :

અહીં કોઈ એક ગોપીની કથા નથી પરંતુ પ્રત્યેક ગોપીની કથા છે અને આ તો રોજે રોજની કથા છે. એમ લાગે કે તેઓ પોતાના સંસારમાં વ્યસ્ત છે પરંતુ તેમનું અંતર (ચિત્તવત) તો (સદા) હંમેશા (ગોકુલતન) કનૈયામાં જ લાગેલું રહે (રહત) છે. કનૈયો સમસ્ત ગોકુલવાસીઓનો દેહ છે. કોઈ ભક્ત તેની આંખ સમાન છે, તો કોઈ ચરણ સમાન, તો કોઈ હસ્ત, તો કોઈ હૃદય, તો કોઈ પ્રાણ, તો કોઈ નાસિકા, કોઈ ભાલ, કોઈ અધર, કોઈ ચિબુક... દરેક પોતપોતાનાં ભાવાનુસાર કનૈયાના શ્રીઅંગ છે. કનૈયો સૌનો અંગી (તન) છે. તેથી 'ગોકુલતન' અને આમેય પરબ્રહ્મ રૂપે તો તે સર્વ ઈન્દ્રિયધારીઓ (ગોકુલ) નો અંશી છે જ. અથવા જે ગોકુલમાં તેનું તન (દેહ) પુષ્ટ થયું, તેનો બાંધો બન્યો. તેથી ગોકુલતન. અથવા તે પરબ્રહ્મ હોવા છતાં પણ ગોકુલવાસીઓની જેમ ગોવાળીયો બન્યો તેથી તેમના જેવો ગોકુલતન.

આ જે કનૈયાની યાદી ગોપીના ચિત્તમાં છે, જ્ઞાનમાં છે તે હવે ક્રિયામાં પણ આવે છે. તેથી વારંવાર બારી પાસે આવીને દૂર દૂર નજર કરે છે. (વારવાર ખિરકી વ્હે ઝાંકત) જ્યારે આમ છતાં કનૈયાના દર્શન નથી થતાં તેથી મન-ચિત્ત બહુ આકુળ-વ્યાકુળ થઈ જાય છે. (અતી આતુર) અને દેહમાં તેની પ્રતિક્રિયા રૂપે પુલકાયમાન

થાય છે, રોમાંચ, શ્વાસ ઊંચો થવો, પેટમાં ગડગડાટ. આવી પ્રક્રિયા ૧૦ પ્રકારના પ્રાણમાં થવા લાગી. (૧)

આમ થવાનું કારણ શું ? કેમ કે આ ગોપીજનનો પ્રભુ પ્રત્યેનો સખ્ય ભાવ છે. પરંતુ તેઓ તામસ નથી, નમ્ર-દીન ભાવવાળા (સાત્વિક) છે (નમ્રસખા) તેમને જો કનૈયાનો સંગ મળી જાય (સખા) તો જ સુખ થાય અને જો તેમ ન થાય તો તેમનું ધૈર્ય ખૂટી જાય છે. તેથી તેમના ચિત્તવતમાં રહેલ દુઃખ તેમના કોમળ, વિશાળ, કમલ સમાન નેત્રોમાં જળરૂપે છલકાઈ જાય છે. (ભરત કમલદલ લોચન).

પરંતુ પ્રભુ તો ખૂબ જ કૃપાળુ છે, ભક્ત વત્સલ છે, ભક્તના દુઃખને સહી શકતા નથી કેમ કે આપ જ તો ગોકુલતન છે. તેથી તત્કાલ આપ તેવા ભક્ત સમક્ષ પ્રગટ થઈ જાય છે. આપ પ્રભુ-સમર્થ છે તેથી તો તત્કાલ જાણી શકે છે અને પ્રકટ થઈ શકે છે અને ગોવિન્દ હોવાથી વ્રજવાસીઓના રક્ષક છે અને ભાવના પોષક છે. ઈન્દ્રે આપેલું નામ ગોવિન્દને આપ સાર્થક કરે છે. નંદજીના કુંવર પધારીને ગોપીજનના વિરહરૂપ દુઃખને દૂર કરે છે. (તાહી સમયમિલેરી ગોવિન્દપ્રભુ કુંવર વિરહ દુઃખમોચન)

किलश्यमानान् जनान् दृष्ट्वा कृपायुक्तो यदा भवेत्
तदा सर्वम् सदानंदम् हृदिस्थं निर्गतम् बहि

પ્રભુ તો ગોપીના હૃદયમાં જ હતા તેથી તો તેની દશા જાણતા હતા અને બહાર પ્રકટ થવું પણ ''તાહી સમય મિલેરી'' સહજ થયું અને આપ આનંદ સ્વરૂપ છો તેથી આપના પધારવાથી દુઃખ ભાગી જાય જેમ પ્રકાશના આવવાથી અંધકાર ચાલી જાય તેમ !

(૧૬૭) રાગ – સારંગ 3/૨૩૩

બૈઠે હરિ રાધા સંગ, કુંજભવન અપને રંગ
કરમુરલી અધર ધરે સારંગ મુખ ગાઈ
મોહન અતી હી સુજાન પરમ ચતુર ગુણ નિધાન
જાનબુઝ એક તાન ચૂકકેં બજાઈ ૧
પ્યારી જબ ગહ્યો બીન સકલ કલા ગુણ પ્રવીન
અતીનવીન રૂપ સહિત વહી તાન સુનાઈ
વલ્લભ ગિરિધરનલાલ રીઝ દઈ અંકમાલ
કહત ભલેં ભલેં લાલ સુંદર સુખદાઈ ૨

ભાવાર્થ :

પ્રભુને, રાધાજીની હથોટી બીન પર કેવી છે ? તે માણવી છે. જગતમાં કે નિત્યલીલામાં જે કંઈ પ્રાકટય થયું છે, થવાનું છે કે થઈ રહ્યું છે તે બધું જ પ્રભુકૃત છે, પ્રભુથી અજાણ નથી. પરંતુ ભક્ત વત્સલતાના કારણે પ્રભુ ભક્તની દરેક કૃતિમાં અહોભાવ, અશ્ચર્ય તથા આનંદ પ્રકટ કરે છે.

પ્રભુ અને રાધાજી કુંજભવનમાં બિરાજેલા છે. કુંજભવનનું પણ આગવું સૌંદર્ય છે (અપને રંગ) ત્યારે પ્રભુ તે રંગના-માદક વાતાવરણમાં રંગાઈને, હાથમાં મુરલી જે ધરેલી છે તેમાંથી સારંગરાગ ગાય છે. પ્રભુ તો સર્વ કંઈ જાણનાર તેવા સુજ્ઞ છે અને સર્વ ચતુરાઈ આપમાં જ બિરાજે છે વળી આપ ગુણના ભંડાર પણ છે જેથી આપ જે કંઈ ચતુરાઈ કરે તે દોષરૂપ નથી, દુઃખ પેદા કરનાર નથી. તેથી પ્રભુએ ચતુરાઈ કરીને જાણે કે પોતે અજાણ હોય તેમ સારંગરાગની એક તાન ચૂકી ગયા, પણ આપે આ જાણી-સમજીને કર્યું છે. (૧)

ત્યારે રાધાજી સમજી ગયા કે સારંગ રાગ ખંડિત થયો અને તેથી જે શિતળતા થવી જોઈએ તથા આહ્લાદકતા લાગવી જોઈએ તે લાગશે નહિ તેથી પ્યારીએ પોતાનું બીન લઈ સ્વહસ્તમાં પધરાવ્યું. આપ પણ સર્વ પ્રકારની કલા યુક્ત તથા સર્વગુણો યુક્ત અને સર્વમાં પ્રવીણ છો. તેથી આપે જે સારંગની ધૂન ખંડિત થઈ હતી તે પૂરીખંડિત થાય તે પહેલાં જ પોતાના બિનના સૂરમાં ઉપાડી લીધી. તે તાનને બચાવી લીધી એટલું જ નહિ, પ્રભુ જે પ્રકારે ધૂનને છેડવા માગતા હતા તેનાથી કોઈક જુદા રૂપવાળી ધૂનની તાન આપે બજાવીને પ્રભુને સંભળાવી. બસ થયું... પ્રભુની તાન ચૂકવાનું કાર્ય સિદ્ધ થઈ ગયું. આપ રાધાજી પાસેથી બીન સાંભળવા માંગતા હતા. સીધી આંગળીએ ધી નિકળે તેમ ન્હોતું તેથી આપે વાંકી આંગળી કરી. શ્રીરાધાજીની નવીનતાપૂર્ણ તથા પ્રસન્ન કરી દેનારી ધૂન-તાન સાંભળીને આપ ખૂબ જ રીઝી ગયા, તેથી પોતાનો તે અનુભાવ પ્રકટ કરતાં, આપે જે માલા ધારણ કરી હતી તે શ્રીરાધાજીને આપી-પહેરાવી, ત્યારે સર્વ ભક્તવૃંદો આપ બન્નેની આ લીલાની ચરમસીમા નિહારીને પ્રસન્ન થઈને કહેવા લાગ્યા - ધન્ય હો ધન્ય હો લાલન તથા સુંદર સુખદાઈની રાધાજી... અથવા ધન્ય ધન્ય લાલ આપે આ સુંદર પ્રતિભાવ આપ્યો તે અમને ખૂબ જ સુખદાયક થયો.

પ્રભુએ પોતાના ભક્તસ્વરૂપો (માલા)ને શ્રી સ્વામીનીજીને હવાલે કર્યા. તેથી ભક્તોને હવે પ્રભુની સર્વ સેવા મળશે તે જાણીને 'ભલે ભલે લાલ' તેમ કહી પ્રસન્નતા જતાવી. (૨)

(૧૬૮) રાગ – આસાવરી

બલબલ હોં કુંવરી રાધિકા નંદસુવન જાસોં રતિ માની
વે અતી ચતુર તુમ ચતુર શિરોમણિ પ્રીત કરી કેસે રહી છાની ૧
વેનુ ધરત હે કનક, પિતપટ સો તેરે અંતરગત ઠાની
પુન શ્યામ સહજ તુમ શ્યામા અમ્બર મિસ અપને ઉર આની ૨
પુલકિત અંગ અબહી વ્હે આયો નિરખ સખી નિજ દેહ સયાની
સૂરસુજાન સખી કો બુઝે પ્રેમ પ્રકાશ ભયો બિકસાની ૩

ભાવાર્થ :

ગોપી પોતાની સખી કુંવરી રાધિકાના ઓવારણા લેતાં કહે છે કે તને ધન્ય છે, કેમ કે હે કુંવરી રાધિકા, નંદસુવને તારી સાથે રતિ માણી છે. જગતના પ્રાણી માત્ર સહજતયા પોતાના આત્માને ચાહે છે કેમ કે આત્મા પરમાત્માને ચાહે છે પરંતુ પરમાત્મા જે નિર્ગુણ હોવા છતાં જેના પ્રતિ પોતાની રતિ પ્રકટ કરે તે બડભાગી ગણાય!

નંદસુવન તો ખૂબ જ ચતુર છે અને હે રાધિકા, તું તો ચતુર શિરોમણિ છે. પ્રભુ જેને વશ હોય તે તો શિરોમણિ જ કહેવાય. આમ બન્ને ચતુર છો તેથી તો તમારી પ્રીતિ છાની ન રહેતાં પ્રકટ થઈ ગઈ! (૧)

પ્રભુ વેણુને ધારણ કરનાર છે. તે વેણુ કનક એટલે કે પીળા રંગની છે, તેમણે જે વસ્ત્ર ધારણ કર્યું છે તે પીળા રંગનું (પિતપટ) છે અને તારો વર્ણ પણ પિત-સોનેરી છે. તેથી તો તેવા પીત વર્ણને ધારણ કરનારા તારા અંતરમાં જઈને બેઠા છે. તેમનો વર્ણ શ્યામ છે અને તું સહજતયા શ્યામા છે, શૃંગાર રસ પૂર્ણ છે. તેં જે વસ્ત્ર ધારણ કર્યાં છે તે પણ શ્યામ (શ્યામા અમ્બર) તેથી શ્યામ વસ્ત્રના બહાણે તેમણે તને પોતાના હૃદયમાં ધારણ કરી.

સૌંદર્યં નિજહૃદ્‌ગતં પ્રકટિતં સ્ત્રીગૂઢભાવાત્મકં

આ ઠાકુરજીનો ભાવ શ્યામાજીમાં બિરાજ્યો તે ગૂઢ સ્ત્રીભાવ અને સ્વામિનીજીનો ગૂઢ પુ.-ભાવ પ્રભુમાં પધાર્યો. (૨)

હવે સખી રાધાજીને કહે છે તમારી પ્રીતિ કેવી રીતે પ્રકટ થઈ ગઈ તે કહું. તમારાં રોમે રોમ પૂલકિત થઈ ગયાં છે, પરસ્પર પ્રીતિનું આદાન-પ્રદાન થવાથી! તે તો અમને રોમાવલી જોતાં જ જણાઈ જાય છે. હે શાણી-ચતુર, તું જાતે જ જોઈ લે

ને ! (પુલકિત અંગ અબહી વ્હે આયો નિરખ સખી નિજ દેહ, સયાની !)

કેમ કે સંશ્લિષ્ટાવુભયોર્બભૌ રસમયઃ કૃષ્ણો હી તત્ સાક્ષિકમ્

બન્ને પ્રિયા-પ્રીતમનો ભાવ એકબીજામાં બન્ને ઠેકાણે રમમાણ થઈ રહ્યો છે. તેનો અનુભાવ (સાક્ષી) રોમાંચ છે. આ પ્રકારે બન્નેના હૃદયમાં રહેલો પ્રેમ રૂપ પ્રકાશ ફેલાયો.

આ પ્રકાશ ફેલાવનાર શ્રીઆચાર્યજી કે જે પ્રભુ અને સ્વામિનીજીના હૃદયમાં રહેલ પ્રેમનો અનુભાવ છે. હૃદયમાં થઈ રહેલો અનુભવ, અનુભાવ રૂપે મુખ પર, આંખોમાં પ્રકટ થઈ જાય છે. ભગવન્મુખાવતાર શ્રીમહાપ્રભુ આ પ્રકારે પુષ્ટિમાર્ગમાં પ્રેમમાર્ગને પ્રકટ કરીને, દૈવીજીવોને અલૌકિક ફલદાન કરવામાં પ્રભુને સહાયભૂત બન્યા છે. (૩)

(૧૬૯) રાગ – સારંગ ૩/૨૨૮

તા દિન તે મોહી અધિક ચટપટી
જા દિનતેં દેખે ઈન નયનન ગિરિધર બાંધે માઈ પાગ લટપટી ૧
ચલેરી જાત મુસકાત મનોહર હંસ જો કહી એક બાત અટપટી
હોં સુન શ્રવણન ભઈ અતી વ્યાકુલ પરી જોહૃદયમેં મદન સટપટી ૨
કહારી કરું ગુરુજન ભયે વૈરી વૈર પરે મોંસો કરત ખટપટી
પરમાનંદ પ્રભુ રૂપ વિમોહી નંદનંદન સોં પ્રીતિ અતીજટી ૩

ભાવાર્થ :

ગોપીનું મન કોઈક ચોક્કસ પ્રભુલીલાના કારણે આપમાં નિરુદ્ધ થઈ ગયું છે. તેના કારણે તેની શું સ્થિતિ થઈ છે તે પોતાની સખીને જણાવે છે - કે મારાં મનમાં તેમને મળવાની ખૂબ જ ચટપટી તે દિવસથી થઈ ગઈ છે કે જે દિવસે મેં મારી આ સગી આંખોથી આ ગિરિધરને પોતાની પાઘ બાંધતા નિરખ્યા છે મારું મન તે પાઘના આંટામાં લપેટાઈ ગયું છે. (૧)

વધારામાં તે મારી પાસેથી પસાર થયા ત્યારે લોભામણું મન હરિ લેતું હાસ્ય કર્યું અને કંઈક એવી રસમય વાત અટપટી બોલીમાં જ કહીને ચાલ્યા ગયા. તે શબ્દો મારા કાનમાં પડયા ત્યારથી હું આપને મેળવવા (પામવા) માટે વ્યાકુળ થઈ ગઈ છું. કેમ કે કાનમાં પડેલા શબ્દો હૃદયમાં પેઠા અને તે શબ્દોએ મદન નું રૂપ ધર્યું. તેથી મારાં હૃદયમાં હલબલ મચી ગઈ છે. (૨)

પણ હું આપને મળી શકતી નથી. આ મારા વડીલો મારા માટે વેરી બન્યા છે અને મારા રસ્તામાં પ્રતિબંધના પેંતરા કરે છે. (કરત ખટપટી). પરમાનંદ પ્રભુના રૂપમાં હું તો મોહી પડી છું. બીજું કંઈ સૂઝતું નથી અને હવે તો આ નંદનંદન સાથે પ્રીતિથી એવી જોડાઈ ગઈ છું કે તે છૂટે તેમ નથી.

આમ ગોપી પોતાની નિઃસાધનતા પ્રકટ કરે છે. (૩)

(૧૭૦) સારંગ ૩/૨૨૮

આનંદ સિંધુ બઢયો હરિતનમેં
રાધામુખ પૂરણશશિ નિરખત ઉમગ ચલ્યો વ્રજવૃંદાવનમેં ૧
ઈત રોક્યો યમુના ઉત ગાપીન કછુ એક ફૈલ પર્યો ત્રિભુવનમેં
ના પરસ્યો કરમઠ અરૂ જ્ઞાની, અટક રહ્યો રસિકનકે મનમેં ૨
મંદમંદ અવગાહત બુદ્ધિબલ ભક્તહેત લીલા છીન છીનમેં
કછુ એક લહ્યો નંદસૂનુ કૃપાતેં સો દેખિયત પરમાનંદ જનમેં ૩

ભાવાર્થ :

પ્રભુ રસો વૈસઃ છે અને તે જ પરબ્રહ્મ કૃષ્ણ સદાનંદ છે. આપ તો રસસમુદ્ર છો જે અગાધ અને અફાટ છે. પરંતુ તે રસ છલકાય તો જ મળી શકે. પરંતુ છલકાય ક્યારે ? સિંધુ તો છલકાય નહિ તેવો ગંભિર છે પરંતુ પૂર્ણિમાના ચંદ્રના દર્શને આ ગંભિર સમુદ્રમાં પણ ભરતી આવે છે. ત્યારે કીનારાની બહાર નિકળી જાય છે. આ પરમાનંદપ્રભુના હૃદય-વપુમાં આનંદની ભરતી આવે છે, ત્યારે કે જ્યારે શ્રી રાધાજીનું મુખચંદ્ર નિરખે છે. આ જ પૂર્ણશશિ છે એટલે કે નિર્દોષપૂર્ણ શશિ છે. તેમાં ભૌતિક ચંદ્ર જેવું કલંક નથી. પ્રભુનું સમોવડીયું હોવા છતાં પ્રભુ તેને અધિક જાણે છે. પ્રભુ આ રાધા મુખ શશિને નિરખતાં જ ઉભારઈ જાય છે. આ રસ છલકાઈને વ્રજ અને વૃંદાવનમાં વહેવા લાગ્યો. માટે તો વ્રજ અને વૃંદાવનમાં રસાત્મકતા છે. (૧)

શ્રીયમુનાજીએ પણ તે રસને પોતાનામાં રોકી લીધો જેનું વર્ણન યમુનાષ્ટકમાં 'શ્રમશ્રમજલાણુ'થી વર્ણિત છે. તો વ્રજનાં નિઃસાધન ભાવવાળાં ગોપીજનોએ પણ તે રસને આકંઠ પીધો અને ત્રિભુવનમાં પણ જે કંઈક અંશે રસાત્મકતા જણાય છે તે આ રસ છલકાઈને જ ફેલાયો તેના કારણે છે, ભૂવં ભૂવન પાવની પરંતુ ભગવદીયો જેને આ રસનું દાન કરાવતા નથી તેવા કોણ ? રસમાં ભિંજાયા વગર કોરા જલકમલવત્ રહ્યા તે કોણ ? શાસ્ત્રોનું અવગાહન કરવા છતાં તેમાં

રહેલ પ્રભુના પ્રેમતત્ત્વને ના પીછાન્યું તેવા કર્મમાર્ગી માત્ર (કરમઠ) તથા કેવલ જ્ઞાનમાર્ગી.

આ રસના અધિકારી રસિક તરીકે ઓળખાય છે. 'સિંહણ કેરું દૂધ હોય તે સિંહણ સૂતને જરે કનકપાત્ર પાખે સૌ ધાતુ ફોડીને નિસરે, જે કોઈ પ્રેમઅંશ અવતરે.' આ પ્રેમ અંશ તે જ રસિકજન (૨)

પ્રભુ ક્ષણેક્ષણે નૂતનપ્રકારની લીલાકરે છે તેનો પ્રકાશ ભક્તના અંતઃકરણમાં પડે છે. તેનો આનંદ ભક્ત ચાટણની જેમ ધીમે ધીમે માણે છે. પરમાનંદદાસજી કહે છે કે નંદસૂનુની કૃપાથી કંઈક મને પણ તે રસનો લાભ મળ્યો છે.

શ્રીમહાપ્રભુજીએ શ્રીમદ્ ભાગવતની અનુક્રમણિકા સંભળાવી તેથી ભગવલ્લીલા તેમના (પરમાનંદદાસના) હૃદયમાં સ્થિર થઈ ગઈ.

પરમાનંદદાસ દીનતા પ્રકટ કરી રહ્યા છે કે તેથી તો ભગવદીયજનોનો (પરમાનંદ-જન) મને મેળાપ-દર્શન થાય છે (દેખીયત)

આ પ્રકારે ભગવદ્રસનું ભૂતલના જીવો, અલૌકિક સ્થળો, અલૌકિક પ્રવાહમાં દાન કોના મીસે થયું અને કયા પ્રકારે થયું તે પરમાનંદદાસજીએ અવગાહન કરાવ્યું. (૩)

(૧૭૧) સારંગ ૩/૨૨૮

નંદનંદન નવલકુંવર વ્રજવર સૌભાગ્યસીમ
વદનરૂપ નિરખત સખા નયનન મન હરતરી
શ્યામશ્વેત અતીપ્રવીણ વંક ચપલ ચિતવની
માનો શરદકમલ ઉપર ખંજન દ્વૈ લરતરી **૧**
અલકાવલી મધુપ પાત અંગઅંગ છબિ કહીન જાત
નિરખ સુંદર વદન મદન કોટી પાંચ પરતરી
કુંભનદાસ પ્રભુ ગિરિધરસ્યામ રૂપમોહની
દીવ-ભૂ પાતાલ યુવતી સહજે વશ કરત રી **૨**

ભાવાર્થ :

શ્રીનંદજીના નંદનના સૌંદર્યનું વર્ણન કરે છે. આ નંદનંદન સૌથી અનોખા જ કુંવર છે. કુંવર કહેતાં કુમારિકાઓએ જેમને વર તરીકે વરણ કર્યા છે. તેમના માટે આ સર્વતોશ્રેષ્ઠ ભાગ્ય છે કે જે ભાગ્યની સિમા નથી - વિધાતા જે કંઈ સુખ

આપે તે ભાગ્ય. પણ વિધાતાની સીમા બહારનું જે સુખ છે તે પૂર્ણાનંદ. તે તો માત્ર નંદકુંવર જ આપી શકે. તેથી સૌભાગ્યસીમ કહ્યા છે.

આપનું મુખકમળ એવું આકર્ષક છે કે નિરખતાં માત્રમાં જ, જેઓને આપે સખ્યનું દાન કર્યું છે તેવા ભક્તો આપમાં નિરૂદ્ધ થઈ જાય છે. એટલે કે જે મનભ્રમર ભક્તની અંદર હતો તે ઊડીને તુરત જ તે વદનકમળનો રસ પીવા ત્યાં દોડી જાય છે અને આ એવું કમળ છે કે જે કદી સૂર્યાસ્ત થયા પછી બિડાતું નથી કે નથી તેમાંથી રસ ઘટતો, રસરૂપ છે.

આપ શ્યામ વર્ણના છો પરંતુ ઉજ્જવલકાન્તિવાળા (શ્વેત) અને આપની દૃષ્ટિ તીરછી કરીને અનેક ભાવ જતાંવવામાં આપ અતી પ્રવીણ છો. તે બે ભમ્મર એવાં લાગે છે કે જાણે શરદઋતુના સ્વચ્છ જળમાંથી પ્રકટેલા

(૧૭૨) સારંગ ૩/૨૩૨

ચલોકીન દેખન કુંજ કૂટી
મદનગોપાલ જહાં મધ્યનાયક મન્મથ ફૌજ લૂટી ૧
સુરત સમરમેં લરત સખીકી મુક્તામાલ ટૂટી
ઉરજતેં જુ કંચુકી ચૂરકૂટભઈ કટીપટ ગ્રંથી છૂટી ૨
રસિક શિરોમણી સૂર નંદસૂત દીની અધર ઘુટી
પરમાનંદ ગોવિન્દ ગ્વાલીનકી નીકી જોટ જૂટી ૩

ભાવાર્થ :

ગાપીઓ ભેગી થઈને એકબીજાને કહે છે કે ચાલો જોવા જઈએ. એક નવતર લડાઈ જામી છે તે જોવાનો મોકો ફરી નહિ મળે. વનમાં કુંજ છે - ઘાડી વનરાઈ છે અને તેની અંદર એક કુટીર છે ત્યાં જવાનું છે. (ચલો કીન દેખન કુંજકુટી.)

ત્યાં એક પક્ષે ગોપાલ - સર્વ ઈન્દ્રિય ધારીઓના પાલક (ભર્તા-ભોક્તા) સ્વયં છે તેમનામાં આજે જુસ્સો (મદન) પ્રકટ થયો છે. તેથી તેમને એકલાએ જ સૌંદર્યની ફોજ (મન્મથ ફોજી)ને લૂંટી છે. તેવા તે સાહસિક છે. આખા વિશ્વના કર્તા અને રૂપ એક પરબ્રહ્મ છે. અને જેમ ચિત્ પદાર્થ સત્ પદાર્થનો ભોગ કરે છે તેમ આનંદ પદાર્થ જ ચિત્ સત્‌નો ભોગ કરે તે સહજ છે. (૧)

પરંતુ આ યુદ્ધ કંઈ કાપા-કાપીનું નથી પણ પ્રેમની અભિવ્યક્તિ (સુરત)ના મેદાન પર થઈ રહ્યું છે. તેથી પ્રેમના આવેશમાં જ સામે પક્ષવાળી સખી છે, તે કંઈ દુશ્મન

નથી પણ અતીપ્રિય છે. કેમ કે તે પોતાનું જ રૂપ છે. તેને ગળામાં મુક્તામાલ ધારણ કરી હતી. મોતીની માળા આ લડાઈમાં પ્રભુએ તોડી નાખી. પ્રભુ જાણે છે કે તેને તો મારા માયાના આવરણ રહિતનો શુદ્ધ સ્વરૂપાનંદ દેવો છે અને તું મોક્ષ-મુક્તાની માળાથી બંધાઈ ગઈ છે? તું મોક્ષ પુરૂષાર્થની દીક્ષા ક્યાં લઈ બેઠી? (ગળાની માળા) તારે તો મારી દીક્ષા લેવાની છે. તારા કંઠની માળા તો હું બનીશ. માટે જ શ્રીગોકુલનાથજી આજ્ઞા કરે છે આ માળા નહિ નિકળે. કાઢવી હશે તો પણ ગળુ કાપવું પડશે. દયારામભાઈ કહે છે - શિરસાટે નટવરને વરીયે... (મુક્તામાલ ટૂટી...)

ઉરજ તે જુ કંચૂકી ચૂરકૂટ ભઈ

હૃદયમાંથી જન્મતા જે કાચ (કંચ) કે જે સાચું મણિ નથી, (કંચુકી એટલે કાંચળી) સાપ જેમ અનાસક્ત ભાવે કાંચળી ત્યજે તેમ અહીં હૃદયમાંથી સંસારરૂપ ભાવ ખંડ-ખંડ થઈ ગયો. કંચુકી (રક્ષક) મારા રક્ષક મારો પતિ-પરિવાર કે દેવો છે તેવી માન્યતા પણ તૂટી ગઈ કેમ કે કૃષ્ણ સાથે રતિ થઈ. મણિરૂપ-રક્ષક-શુદ્ધ-ભજનીય કૃષ્ણ છે.

(કટીપટ ગ્રંથી છૂટી - કમર વસ્ત્રની ગાંઠ છૂટી ગઈ. કટ - દૂર થવું, કપાઈ જવું. પટ - ઘટપટ - જગતની ચીજવસ્તુ) જગતની ચીજવસ્તુ પરની આસક્તિ રૂપ ગાંઠ છૂટી ગઈ. કેમ કે તે બધી તો તુચ્છ અને નાશવંત દુઃખદાય છે. જ્યારે ભગવાન તો આનંદદાયક, મહાન અને નિરંતર છે. તેવા પ્રભુ મળી જાય તેથી જ કહે છે
ઉરજતેં જુ કંચુકી ચૂરકૂટભઈ કટીપટ ગ્રંથી છૂટી (૨)

હવે કૃષ્ણનું સ્વરૂપ કહે છે કે - તે તો રસિક શિરોમણી છે. જે સંસારમાં રસ છે તે તો તુચ્છ છે. જ્યારે કૃષ્ણ તો રસિક શિરોમણિ છે. સંસારરસ તો દૂધના અવેજમાં અપાતી રબ્બરની ટોટી છે. અને કૃષ્ણ કયો રસ પાય છે? તો કહે છે - ''દીની અધરઘુટી. અધર - આધાર વગરનું સ્થાન. આપ તો નિત્ય ધામમાં સ્થાન આપે છે. આ એવું ધામ છે કે તેને કોઈના આશ્રયની જરૂર નથી. સર્વકોઈને તેના આશ્રયની જરૂર છે તેવું તે અ-ધર છે.

ઘુટી - બાળકના પેટ ને પાચન લાયક બનાવનાર પ્રભુ, પોતાના ભક્તોને સ્વકીય જાણે છે. તેમની પાત્રતા જોતા નથી પણ તેને પાત્ર બનાવે છે. લાયક બનાવે છે અને પોતાના ધામમાં સ્થાન આપે છે. તેનું કારણ એ છે કે - (પરમાનંદ ગોવિન્દ ગ્વાલીનકી નીકી જોટ જૂટી.) આપ ગ્વાલીન - નિઃસાધન પ્રેમી ભક્તોના ગોવિન્દ

- રક્ષણહાર તરીકેની પ્રતિજ્ઞાવાળા છો અને આપનું મૂલસ્વરૂપ પરમાનંદ છે. આવા ભક્તોનું વરણ કરીને તેમને પોતાની સ્વયંની જોડી બનાવી દીધી છે. પોતાના તરીકેનો સ્વીકાર કર્યો છે. આવા સૌંદર્ય (નિકી)નો જોટો ક્યાંય ત્રિભુવનમાંય નથી. તેથી જ હે સખી ''ચલોકીન દેખન કુંજ કુટી'' આવી લીલા પ્રકટ નથી, સર્વ કોઈ માટે નથી, જેના પર પુષ્ટિ થઈ છે તેના માટે જ છે. સ્વકીય ભક્તો પૂરતી મર્યાદીત છે તેથી તો કુંજકુટીમાં લીલા થઈ રહી છે.

આપણું ઘર-મંદિર, કુંજકૂટી છે, જ્યાં સર્વકોઈને પ્રવેશ છે ત્યાં પ્રભુ પુષ્ટિલીલા નથી કરતા ત્યાં તો પૂજા સ્વીકારે છે, સેવા નહિ. તેથી તો શ્રીનાથજી કહે છે ''મારે જગતમાં પૂજાવું છે'' તે એવું રૂપ ધારીને ભૂતલ પર પધાર્યા છે કે આનંદની શોધ કરનારા સર્વને આકર્ષી લે.

આવા નંદનંદનથી મારી પ્રીતિ એવી જોડાઈને ગાંઠ ખેંચાઈ ગઈ (અતીજટી) કે હવે તે છૂટે તેમ નથી.

આમ ગોપીને કૃષ્ણમાં પ્રેમ કેવી રીતે થયો અને કેવી રીતે તે પ્રેમનો વિકાસ આસક્તિમાં થયો અને કેવી રીતે તે વ્યસનાવસ્થાને પામ્યો અને કેવી રીતે તે સર્વાત્મભાવમાં વિકસ્યો ? કેવી કેવી અડચણ પડી પણ પ્રેમ સાબૂત રહ્યો તે પુનઃ યાદ કર્યું. (૩)

(૧૭૩) રાગ – સારંગ ૩/૨૨૮

ઐસી પ્રીતિ કહું નહિ દેખી
યશુમતીસુત શ્રીવલ્લભસુત જૈસી શેષ સહસ્ત્ર મુખ જાતન લેખી
આજ્ઞામાંગ ચલે શ્રીગોકુલ ફિરફિર ઝાંક ઝરોખન પેખી
સુનીયત કથા જલદ ચાતકકી કુમુદીની ચંદ્ર ચકોર વિશેખી
ઈનકો કીયો સબૈ જીય ભાવત કરત શૃંગાર વિચિત્ર વિશેખી
ગોવિંદ ગોવર્ધન પે માંગત બિછૂરો પલછીન અર્ધન મેખી

ભાવાર્થ :

અહીં શ્રીગોવર્ધનધર તથા શ્રીગુસાંઈજીની પરસ્પરની પ્રીતિની પ્રસંશા કરી છે કે તેમના જેવી પ્રીતિ ક્યાંય જોઈ નથી. આ પ્રીતિનો યશ શેષજી (વેદ) પોતાના સહસ્ત્રમુખથી કરે તો પણ પૂરી ગાઈ ન શકે ! (૧)

આવી પ્રીતિ ક્યાં જોવા મળે છે તે તરફ નિર્દેષ કરે છે. જ્યારે શ્રીગુસાંઈજી

જતીપુરામાં શ્રીગોવર્ધનનાથની સેવા પહોંચીને પાછી ગોકુળ જવા માટે શ્રીગોવર્ધનનાથની આજ્ઞા માંગી ને જાય છે ત્યારે ઠાકોરજી ઝરૂખામાં આવીને ખડા છે ત્યારે ગુસાંઈજી વારંવાર પાછળ દૃષ્ટિ કરીને તેમને નિહારે છે. જલદ-ચાતકની કુમુદિની-ચંદ્રની કથા તો સાંભળી છે પણ આ તો નજર સમક્ષનું ઉદાહરણ છે. (૨)

તેથી તો શ્રીગુસાંઈજીની પ્રત્યેક સેવા શ્રીગોવર્ધનનાથને પ્રિય લાગે છે અને તેથી જ શ્રીગુસાંઈજી ખૂબ જ પ્રેમપૂર્વક ગોવર્ધનધરના જાતભાતનાં શૃંગાર કરીને પોતાની પ્રીતિને પ્રકટ કરે છે.

ગોવિન્દસ્વામી પોતાના સ્વામી ગોવર્ધનનાથ પાસે માંગે છે કે તમો શ્રીગુસાંઈજીને એક અડધી ક્ષણ માટે પણ વિરહ દુઃખ ન દેતા ! (૩)

વિશેષ ભાવાર્થ :

યશોમતિ એટલે કે જેની મતિ વિશુદ્ધ પ્રકારની, દરેકમાં યશ (સારુ) જ જોવાની છે તેવાના સુત કૃષ્ણ-ઠાકોરજીના જેવી પ્રીતિ ક્યાંય જોઈ નથી તથા શ્રીવલ્લભ સુત એટલે કે જે બધાનું પ્રિય જ કરવાવાળા છે તેમના સુતના જેવી પ્રીતિ પણ ક્યાંય જોઈ નથી. આ બન્નેની પ્રીતિ પોતાના સેવકો પ્રતિ એવી છે કે તેવી બીજે ક્યાંય નથી જેનાં વખાણ શેષ - વેદ, સહસ્ત્રમુખથી એટલે કે અનેક શ્રુતિઓથી કરે તો પણ પૂરી ન થાય, બાકી (શેષ) જ રહે. તેવી આ પૂર્ણ પ્રકારની પ્રીતિ છે.

શ્રીપ્રભુચરણ જ્યારે પરબ્રહ્મ પરમાત્મા કૃષ્ણ પાસે આવે છે અને ત્યાંથી વિદાય માટે આજ્ઞા માંગીને પોતાના સેવકો કે જે ઈન્દ્રિયધારીનો સમૂહ (ગોકુળ)માં છે તે પ્રતિ જાય છે, ત્યારે ઠાકુરજીને શ્રીગુસાંઈજીમાં પ્રીતિ છે તથા પોતાના ભૂતલ પરના સેવકો પ્રતિ પણ પ્રીતિ છે જેથી તે બન્નેને નિહાળવા તથા કલ્યાણ માટે ફરી ફરીને ઝરૂખા પર ચડીને પણ જૂએ છે અને યાદ કરાવે છે કે જલદ (પોષણ કરનાર) ચાતક (અનન્ય ભક્ત)ની કથા યાદ છે ને ? તેમ જ મારા ભક્તો અને આપના સેવકો પ્રતિ તમે જલદ થઈને ભાવનું પોષણ કરજો. કુમુદ (રાત્રે ઉગતા કમળ) જેમ ચંદ્રને જોઈ ખીલે તેમ તમે ગોકુલચંદ્ર છો જેથી તમારા થકી જ આ ભક્તોમાં રહેલ પ્રેમ ખીલી ઉઠશે અને ચકોર પક્ષીને જેમ ચંદ્રમાં આસક્તિ છે તેમ આ ભક્તોને અમારી આસક્તિ છે તેથી તો તેમને પ્રભુનું કરેલ બધું જ ગમે છે. પ્રભુ જે ભક્તનો જેવો ભાવ હોય તે પ્રમાણે શૃંગાર કલ્પદ્રુમ રૂપ થઈને તે તે ભક્ત માટે તેવો શૃંગાર-રૂપ ધારણ કરી તેના ભાવનું પોષણ કરે છે. આમ વિચિત્ર,

ભાત-ભાતના રૂપ (શૃંગાર) આપ ધારણ કરી ભક્તને પરમાનંદનું દાન કરે છે.

ઈન્દ્રે ગોવિંદ નામ એટલે જ આપ્યું કે વ્રજભક્તોનું રક્ષણ કરનાર જે છે તે ગોવિંદ પણ તેમના ભાવનું વર્ધન, (વિકાસ) પ્રેમથી, આસક્તિથી, વ્યસનથી સર્વાત્મભાવ સુધી પહોંચાડનાર ગોવર્ધનતો તમો પ્રભુચરણ જ છો. જેથી ગોવિંદ (ઠાકોરજી) ગોવર્ધન (ગુસાંઈજી) પાસે માગે છે કે મારા પ્રિય ભક્તોને એક અડધી ક્ષણ માટે પણ છોડતા નહિ. મને તે દૈવી જીવો ખૂબ પ્રિય છે. મેં તમને તેમના ભાવના પોષણ માટે સોંપ્યા છે. અગાઉ મહાપ્રભુજીએ રામાનંદને છોડયા તો તે કેવા ભાવદુર્બળ થઈ ગયા હતા ? જોકે મારું નામ ગોવિંદ હોવાથી મેં તેમનું રક્ષણ કર્યું હતું કે જેથી તે માર્ગથી વિમુખ તો થાય જ નહિ.

આવી શ્રીઠાકોરજી તથા શ્રીગુસાંઈજીને ભક્તો માટેની અતીશય પ્રીતિ છે.

જેમ શ્રીવલ્લભ ઠાકોરજીને પ્રિય હોવા છતાં ભૂતલ પર દૈવી જીવોના ઉદ્ધારાર્થે પ્રભુ મોકલે છે કેમ કે દૈવી જીવો પણ પ્રિય છે અને તેથી તો એ બે વખત આજ્ઞા કરે છે કે ‘પાછા આવો’ પણ શ્રીઆચાર્યજી બન્ને આજ્ઞાને ઉલ્લંઘે છે કેમ કે ઠાકોરજીની દૈવી જીવો પ્રતિની પ્રિયતા પોતે જાણે છે તેવા જ પ્રસંગની આ પ્રતિકૃતિ છે.

આવની કે પદ

(૧૭૪) રાગ – પૂર્વી ૧/૯૭

દેખી ગોપાલકી આવની
કમલનયન સ્યામસુંદર મૂરતી મનભાવની ૧
બરૂહચંદ સીસમુકુટ ગુંજામની લાવની
પરમાનંદ પ્રભુ ગિરિધર અંગઅંગ નચાવની ૨

ભાવાર્થ :

ગોપાલ આવી રહ્યા છે તે જૂઓ. કેટલા તાપ પછી પ્રભુ પધાર્યા તેથી સૌ આનંદથી એકબીજી સખીઓને કહી રહ્યા છે કે જૂઓ ગોપાલ આવ્યા. આપના સ્વરૂપાનંદનો આનંદ કંઈક આ પ્રકારે લઈ રહ્યા છે.

એક કહે છે આપના નયન, કમલ સમાન રતુમડા, પ્રફૂલ્લિત, નિર્મળ, સ્નેહાળ છે. આપ શ્યામ-શૃંગાર રસાત્મા છે અને સુંદર છે. આપનું સ્વરૂપ ભક્તના મનમાં ભાવ-પ્રેમને ખીલવનારું છે. (૧)

આપના સીસ ઉપર જે મુકુટ છે તેમાં મોર પિચ્છ છે. આપે જે ગુજામણિને ધારણ કર્યા છે તે લાવણ્યમય શોભાયમાન છે. આવા શૃંગાર ધારી પ્રભુ પરમઆનંદ આપવાવાળા છે. આવા પ્રભુ અમારા માટે ગિરિધર બન્યા છે અને પોતાના અંગેઅંગ નચાવતા પધારી રહ્યા છે. (૨)

(૧૭૫) રાગ – પૂર્વી ૩/૨૯૦

મુરલી અરૂન અધર ધરે આવત હરિ હરે હરે
ગાવત રસિકતાન સુરભીન સંગ લીને
મોર પિચ્છ સિસમુકુટ મકરાકૃત કુંડલ છબિ
વૈજ્યંતીમાલ અંગ ચંદન હી દીને ૧
કાછિની કટી નુપૂર પદ નિપટ વચન અટપટે રટ
નટવર વપુ ગ્વાલ સંગ શોભિત રંગભીને
ગોવિંદપ્રભુ ગિરિવરધર ગ્વાલિ નિરખી થકીત રહી
ધાવત મુખ વારિજ ઉપર મકરદગ કીને ૨

ભાવાર્થ :

પ્રભુ આ ગ્રિષ્મકાળમાં વનમાંથી વ્રજમાં પધારી રહ્યા છે ત્યારે ભક્તોને આપના દર્શન થાય છે તેનું સ્મરણ કરે છે. યા તો પ્રેમના ઉભરામાં અન્યને કહી રહ્યા છે - આપ રતુમડા અધર ઉપર મુરલી ધરીને ધીમું ધીમું ગાન છેડતા પધારી રહ્યા છે તથા સાથે સાથે પોતે પોતાના મુખથી રસ ઉપજાવે તેવો તાન પણ આપી રહ્યા છે. એવા પ્રભુ પોતાની સુરભી (દેવ-ગાય) સમાન કે કહો તેથી પણ અધિક તેવી ગાયોને પોતાના સંગ-સુખનું દાન કરતા કરતા પધારી રહ્યા છે. કેમ કે આ મધુર - રસિક રવ તે પણ સાંભળે છે. આ ગાન કેવું છે - તે આપના આભરણ સમાન છે. એટલે કે ભક્તો માટે આપનું આ ગાન જ આપની શોભા છે કેમ કે આપના દર્શન પહેલાં પણ આ સ્વરે ભક્તોની કર્ણેન્દ્રિયોને રસ પાયો છે. વળી આ ગાન રસ ઉપજાવનાર છે, આપના સ્વમુખની વાણી છે, વેદ તુલ્ય છે તથા તેના સૂર ભીના છે એટલે કે સ્નેહાળ છે (સુરભીન) આવા નાદબ્રહ્મથી સૌ પહેલાં વ્રજભક્તોને સંગ કરાવી તેમના વિરહદુઃખને ઠારનારા છે. એ ગાન નિષ્કામ-ક્રિડામાં પ્રેરનાર છે (મોરપિચ્છ) તથા તે ગાન અમારા મસ્તકના મુકુટ સમાન છે એટલે કે અમે તે ગાનના શરણાગત છીએ. જેમ મકર (મગર) જલ અને સ્થલમાં રહે છે તેમ સર્વસ્થળે (જલ-સ્થળ) તે ગાન જ અમારા માટે સાંખ્ય-યોગ છે. એટલે કે જ્ઞાન

અને (નિરોધ) ધ્યાન છે. અમારા ધ્યાનમાં તે હરિની જ છબી છે અને અમારા પ્રભુ તો નિઃસાધન તથા વિવિધ ભાવવાળા ભક્તોને પોતાના કંઠમાં ધારણ કરી અંગસુખ આપે છે. અમારા પ્રભુ તો પોતાના ભક્તોથી શોભાયમાન થાય છે. આવા ભક્તોમાં ભક્તિની સુગંધ છે અને પ્રભુ માટે પોતાની જાતને ઘસી નાખનારા છે. પ્રભુને સુખ દેવામાં તત્પર છે. જેમ ચંદન ઠંડુ છે, ગ્રિષ્મમાં સુખદ છે. (૧)

આપ કાછિની ધારણ કરીને આપના પૂર્ણસ્વરૂપને પ્રકટ નથી કરતા. આપના ચરણમાં ઘુંઘરું છે જે જગતને નચાવે છે. તે શા માટે ઘુંઘરું બાંધે છે તે અમને સમજાતું નથી અથવા તો શું આપ આપના ચરણથી અવાજ કરી ભક્તોને ચરણમાં સ્થાન આપવા બોલાવી રહ્યા છો ? આ પણ આપની શોભા (આ પણ શબ્દભાષા) અને આપ જે વચનો બોલો છે તેવા વચનો અમને ખૂબ જ સ્પર્શી જાય તેવા છે. પણ અટપટા છે, જેથી અમારી બુદ્ધિને સ્પર્શતા નથી. તેવી શોભા આપ પ્રકટ કરો છો. આપનું વપુ નટવત્ - વરવત્ તેમ બે પ્રકારનું છે. આપ ચરણ સેવા અને સખ્ય ભક્તિ સાથમાં દેનારા છો. આવા આપના ભિન્ન-ભિન્ન રંગ પ્રકટાવી આપ શોભી રહ્યા છો. (સોભીત રંગભીને) આવા પ્રભુ, ગોવિન્દ -ગાયોનો આનંદ આપનારા અમે ઈન્દ્રિયધારીઓને આનંદ સુખ આપનારા છે અને ગિરિવરધારી એટલે કે અમારા દુઃખોને પોતાની આંગળી ઉપર ઉઠાવી લેનાર પણ છે. આ પણ શોભા. આવી વૈવિધ્યતાને એક સાથે ધારણ કરનાર પ્રભુને નિરખીને સ્તબ્ધ થઈ જઈ જેમ કમળ ઉપર ભમરો દોડે તેમ આ વ્રજભક્તોની દૃષ્ટિ આપના મુખમંડળ પર દોડી ગઈ. (૨)

(૧૭૬) રાગ – ગૌરી ૩/૨૯૧

ઝુક રહી સુન મુરલી કે ટેર
ઉતતેં આઈ પનિયાંકે મિષ ગૌ આવનકી બેર ૧
મોરચંદ્રિકા મુકુટ બિરાજત ચપલ નયનકી ફેર
પરમાનંદ પ્રભુ મિલે ખિરકમેં ચાતેં ભઈ અબેર ૨

ભાવાર્થ :

પ્રભુએ વ્રજભક્તો ઉપર કૃપા કરવા પ્રમેયથી આકર્ષિત કરવા મુરલી બજાવી. તે મુરલીસ્વરથી જાણે કે તેને બોલાવી અને તે સાંભળતાં જ ગોપી પ્રભુને આધીન (ઝુક) થઈ ગઈ. જેમ પ્રભુ ચતુર છે તેમ ગોપી પણ ચતુર છે તેથી આ બાજુથી પ્રભુ ગાયો ચરાવીને પધારી રહ્યા છે તો આ બાજુથી જલ ભરવાને બહાને ગોપી

આવી રહી છે. સામાન્ય રીતે સરિતા સાગર ભણી ધસમસતી આવે પણ અહીં તો વિરુધ્ધ ધર્માશ્રયની પ્રમેય લીલા છે. તેથી સાગર ઘુઘવાટ કરી નદીને બોલાવે છે અને સાગર નદી તરફ ધસે છે અને નદી સાગર બન્નેનો ભેટો થાય છે. નિષ્કામ સ્નેહરૂપા યમુનાજીના તટે. (૧)

તેથી તો પ્રભુએ જ મુકુટ ધાર્યો છે તે મોરચંદ્રિકાનો છે. પ્રભુ કહે છે હું તો નિર્દોષ છું પણ તમે જો મને મળવા ચાહતા હો તો આ યમુનાજી સમાન તથા મારી મોરચંદ્રિકાને જોઈને સમજી લો કે કોઈપણ પ્રકારની અપેક્ષા વગર આવો, તો હું ધર્મી તમને મળીશ. આપના નયન ખૂબ જ ચપલતાથી ફરી રહ્યા છે એટલે કે ભક્ત દંભાદિરહિત છે કે નહીં તેને તુરત પકડી પાડનાર છે. પરંતુ જ્યારે બધી પાત્રતા પૂર્ણ થાય છે ત્યારે પ્રભુ ખિરકમાં કે જ્યાં ગાયોનું દૂધ દહોવાય છે જ્યાં રસરૂપ ગાયોનો વાડો છે ત્યાં રસરૂપ પરમાનંદનું દાન પ્રભુ ગોપીજનોને કરે છે. જેથી તો ગોપી કહે છે કે હું (અબેર સમય સાથે નહિ બંધાયેલી) નિરપેક્ષ થઈ ગઈ. હું બંધાઈ છું તો તે માત્ર પ્રભુ સાથે. (૨)

(૧૭૭) રાગ – ગૌર ૩/૨૯૨

દેખન દેત બૈરીન પલકેં
નિરખત વદન લાલ ગિરિધરકી બિચ પરત માનો વ્રજકી સલકેં ૧
બનતે આવત બેનુ બજાવત ગોરજ મંડિત રાજત અલકે
માથે મુકુટ શ્રવન મણિકુંડલ લલિત કપોલન ઝાંઈ ઝલકે ૨
ઐસોમુખ નિરખન કો આલી કૌન રચી બિચ પૂત કમલકે
નંદદાસ સબ જડનકી ઈહિ ગતિ મીન મરત ભાયે નહિ જલકે ૩

ભાવાર્થ :

પ્રભુ સાંજે પધારી રહ્યા છે ત્યારે ગોપીજનો પ્રભુને એકીટસે નિહારીને પી રહી છે ત્યારે તેઓને પલકભરનો વિરહ ખમાતો નથી જેથી કહે છે કે આ મારી આંખની જે પલક છે તે જ મારી વૈરી બની ગઈ છે, જે મને પ્રભુને નિહાળવામાં અડચણરૂપ બને છે. આ લાલગિરિધરના વદનકમળને નિરખવામાં આ વ્રજની કણી-શલાકા જેવી પલકો નડતરરૂપ બને છે. (૧)

હવે જેના દર્શન માટે તડપે છે તે કેવા છે ? પ્રભુ વેણુ બજાવતાં બજાવતાં પધારી રહ્યા છે આપની અલકાવલી ગોરજથી મંડિત થયેલ છે. આપના શિર પર મુકુટ છે કર્ણમાં મણિકુંડલ ધારેલા છે અને તેનો પ્રકાશ ગાલ ઉપર સુંદર પ્રકાશે છે. (૨)

આવા મધુરામુખકમળને નિરખવા માટે હે સખી, આ બ્રહ્માજીએ વચ્ચે આ પાંપણને કેમ બનાવી ?

નંદદાસજી કહે છે જડબુદ્ધિવાળાની આવી જ રીત હોય છે, જેમ માછલું મરે તેમાં જલને શું ? તેવું જ આ બ્રહ્માજીએ વિચાર ન કર્યો કે પાંપણ મૂકવાથી આ ગોપીજનોની શું દશા થશે ? (૩)

(૧૭૮) રાગ – પૂર્વી ૩/૨૯૨

દેખોરી આવત હૈ ગોપાલ ગોપ ગાયન પાછે ગોપજન મન હરત હેરત ૧
ફૂલનકી પાગ બની ફૂલનકી માલ ઉર ફૂલી ફૂલી નવલાસી કર ફૂલનકી ફેરત ૨
વ્રજકી વીથન મેં પ્રવેશ હોત જાકે હેત
જાકે દ્વાર ઠાડે વચન સુનાયવેકો સખાન ટેરત ૩
કલ્યાણ કે પ્રભુ ગિરિધારી કો મુખારવિંદ દેખવેકું
દૌરી આઈ જીયમેં ઝેરત ૪

ભાવાર્થ :

જૂઓ આ ગાયોના રખેવાળ (આપણે પણ ઈન્દ્રિયધારી ગાયો જ છીએને ?) આવી રહ્યાં છે, જે સૌના સ્વામી ત્રિભુવનનાથ હોવા છતાં આપણા માટે ગોપ બનીને સૌની આગળ હોવા જોઈએ પણ આપણી સૌની પાછળ પાછળ અનુસરણ-અનુકરણ કરી રહ્યા છે. તે કેવું આશ્ચર્ય છે દેખો... અને તેથી તો આપે આપણ સૌ ગોપજનનું મન હરિ લીધું છે અને આપણાં મનમાં પેસીને આપણાને શોધી રહ્યા છે અથવા કહો કે આપણાને જોઈને પ્રસન્નતાથી પૂકારી રહ્યા છે. (૧)

આવા વ્રજભક્તોનું સ્વરૂપ ફૂલ છે એટલે કે કોમળ સ્વભાવના છે તેથી તો પ્રભુના સુખે સુખી અને પ્રભુના દુ:ખે અતી દુ:ખી થાય તેવા દાસ છે. આવા વ્રજભક્તોને પ્રભુએ પોતાની પાઘ બનાવી શીરે ધાર્યા છે. (આ વ્રજભક્તોનું ઋણ હું કોઈ રીતે ફીટાવી શકું તેમ નથી. તેમ આપ કહે છે.) અને આપ ફૂલમાળા રૂપે આ વ્રજભક્તોને પોતાના હૃદય ઉપર ધારણ કરે છે. જેમ નવોઢા તરૂણી ફૂલાય તેમ આ વનમાલા રૂપ વ્રજભક્તો પોતાના ભાગ્યને વિચારી ફૂલાય છે. આપના શ્રીહસ્તમાં પણ ફૂલ છે તે કમલફૂલ - સ્વામીનીજી તેમની સાથે પણ આપ રમણ કરીને વિશેષ સુખ આપી રહ્યા છે. (ફેરત) (૨)

આ વ્રજભક્તો પ્રતિ હેત (પુષ્ટિ) હોવાના કારણે તો આપ આ નાનાસા ગોકુલની સાંકડી ગલીઓમાં પ્રવેશી રહ્યા છે અથવા કહો કે આપ વ્રજભક્તોનો સ્નેહ હોવાને

કારણે જ તેમની ઈન્દ્રિયો તથા દેહમાં પ્રવેશીને આંતરસુખ આપી રહ્યા છે.

આ ગોપીજનો તો પોતાના દ્વારે ઠાડા છે પણ પ્રીતિવશ આપ પ્રમેય કરીને આ પુષ્ટિભક્તોના ઘરે બિરાજે છે, પધારે છે અને ઠાડા રહેવા રૂપ શ્રમને શ્રમ નથી ગણતા (જેમ રાખે તેમ રહે છે) પણ ભક્તોના મનોરથો પૂર્ણ કરવા રૂપ વચનો સંભળાવી રહ્યા છે. મર્યાદારૂપ વેદસખા જે કરવાથી મર્યાદા ન લોપાય તેમ બૂમો પાડીને કહે છે પણ પ્રભુ પ્રેમવશ મર્યાદાભંગ કરે છે. (૩)

જે જીવ પ્રભુનું કલ્યાણ (તત્સુખ) જ ઈચ્છે છે ત્યાં પ્રભુ તેવા ભક્તોનો ભાર વહી લે છે (ગિરિધરન) અને વિશેષમાં નિરોધ - સ્વરૂપાનંદનું દાન કરે છે. (મુખારવિંદ દેખવેકું દૌરી આઈ) તાપકલેશ પૂર્વક ઉચાટ જીવથી કે પ્રભુને વનમાં કેવી કેવી તકલીફો પડી હશે ? તેવા વિચાર સહિત દર્શન માટે દોડી આવી. (૪)

(૧૭૯) રાગ – ગૌરી ૩/૨૯૩

વે દેખો આવત હૈ ગિરિધારી
કછુક ગાય આગે અરૂ પાછે સોભિત સંગ સખારી ૧
ખસ રહી પાગ લટપટી સુન્દર અપને હાથ સંવારી
મોતિન કી લર ઉરકે ઉપર રુરક્ત વનમાલા રી ૨
અંગઅંગ છબિ ઉઠત તરંગન કા પૈ જાત નિહારી
શ્રીવિઠ્ઠલ ગિરિધરન સબનમેં ચાહ તિહારી ન્યારી ૩

ભાવાર્થ :

ગોપીજનો પ્રભુના આવવાની રાહ એકટશે જોઈ રહી છે ત્યારે ક્ષિતિજ ઉપર એક ગોપીને પ્રભુની આવવાની આકૃતિ દેખાઈ રહી છે અને જેમ નજીક આવતાં જાય તેમ સ્પષ્ટ થતી જાય છે. તેથી આગળને આગળ વર્ણન કરતી રહે છે - જૂઓ તે ગિરિધારી આવી રહ્યા છે. તેમની આગળ કેટલીક ગાયો છે અને કેટલીક પાછળ છે. અને આપ સખાઓ સાથે શોભી રહ્યા છે અથવા સખા તથા ગાયોની શોભારૂપ આપ છો. (૧)

અને જૂઓ જે પાઘ આપે શિર પર બાંધી છે તે ખસી ગઈ છે તેને આપ સ્વહસ્તે સંવારી રહ્યા છે. આપના હૃદય પ્રદેશ સુધીની લાંબી મોતીઓની માળા અને વનમાલા બન્ને હાલી રહી છે. (૨)

આવા દર્શનથી આપણા અંગેઅંગમાં - રોમાવલીમાં તરંગો ઉઠી રહ્યા છે અને એ

નથી સમજાતું કે આપના કયા સૌંદર્ય દર્શનથી આ થઈ રહ્યું છે ? અથવા કહો કે આ પ્રકારે આપને નિરખવાથી અમે શિથિલ થઈ ગયાં છીએ (અતીશય ભાવાવેશને કારણે). અમારી આપ પ્રતિની ચાહત હે શ્રીવિઠ્ઠલ ગિરિધર, બસ સૌથી નિરાળી જ છે. મતલબ કે તેવી ચાહત કોઈમાં જ નથી. (૩)

(૧૮૦) રાગ – ગૌરી ૩/૨૯૮

હરિમારગ જોવત ભઈ સાંઝ
દિનમણિ અસ્ત ભયો ગોધૂરક આવત બને મંડલી માંઝ ૧
બાજત બેનુ રેનુ વન મંડિત વનમાલા ઉર લોચન ચારૂ
બરુહા મુકુટ શ્રવન ગુંજામની વન જ ધાતુકો તિલક સિગારૂ ૨
ગોપીનને ભૃંગ રસલંપટ સાદર કરત કમલ મધુપાન
વિરહ તાપ મોચન પરમાનંદ મુરલી મનોહર રૂપનિધાન ૩

ભાવાર્થ :

પ્રભુ જે માર્ગે પધારવાના છે તે માર્ગ ઉપર પ્રભુની રાહ મારા નયનાં જોઈ રહ્યા છે અને હવે તો સાંજ પણ પડી ગઈ. આ સૂર્ય પણ આથમી ગયો હવે ગાયોની રજ ઉડતી જણાય છે અને આપ પોતાના મંડળ સહિત પધારી રહ્યા છે તેમ લાગે છે. (૧)

બીજી સખી કહે છે, વાત બિલકુલ બરાબર છે, કેમ કે વેણુ પણ વાગી રહી છે. તો ત્રીજી કહે છે, જૂઓ હવે તો આપનું સ્વરૂપ પણ સ્પષ્ટ જણાય છે. આપનું વપુ રેણુથી મંડિત તથા સુંદર લોચન પણ દેખાઈ રહ્યા છે. આપના શીર પર ઉત્તમ મુકુટ તથા કાનમાં ગુજામણિના કુંડળ તથા ભાલ ઉપર વનધાતુના તીલક આવો આપે શૃંગાર ધર્યો છે. (૨)

આ ગોપીઓ જે રસ માટે લંપટ ભમરા જેવી છે તેઓ આ કમલ સમાન પ્રભુના મુખારવિંદનું રસપાન આ પ્રમાણે કરી રહી છે. કેમ કે આ પ્રભુ પરમ આનંદ રૂપ છે અને વિરહ-તાપ રૂપ દુઃખોનો નાશ કરવાવાળા છે. મુરલી શબ્દથી તથા રૂપ નિધાન રૂપથી મનને હરિ લેનારા છે એટલે કે ગોપીનું મન રસલંપટ કરનાર આ પ્રભુ જ છે. (૩)

(૧૮૧) રાગ – ગૌરી ૩/૩૦૦

મોહન તીલક ગોરોચન મોહન મોહન લલાટ અતી રાજૈ
મોહન સિર પર મોહન કુલ્હી મોહન સુરંગ અતી ભાજે ૧

મોહન શ્રવન કુસુમ જુ મોહન કપાલ અવતંસ વિરાજે
મોહન અધર પુટપૈ મોહન મુરલી મોહન બાજૈ **૨**
મોહન મુખારવિંદ પૈ ઝૂમત મોહન અલક અલી મધુ કાજૈ
ગોવિંદ પ્રભુ નખસિખ જુ મોહન મોહન ધોખ સિરતાજૈ **૩**

ભાવાર્થ :

પ્રભુ વનમાંથી સાંજ સમયે વ્રજમાં પધારી રહ્યા છે ત્યારે આપના સ્વરૂપના જેવા દર્શન થાય છે તે વર્ણન આ પદમાં ગોવિન્દસ્વામી કરે છે.

આપે સર્વ શૃંગાર ગોપીજનોને મોહ પમાડવા એટલે કે લોક વેદમાંથી હટાવી દેવા જ ધર્યા છે. આપે મોહ પમાડવા માટે ગોરોચન (પીળારંગનું સુગંધી દ્રવ્ય)નું તીલક કર્યું છે. આપનું લલાટ પણ ખૂબ જ શોભે છે, આપના શીર પર કુલ્હે ધરી છે અને તેનો સુંદર રંગ ખૂબ જ શોભે છે. મોહ પમાડવા માટે. (૧)

આપના કાનમાં ધરેલાં ફૂલ મોહ પમાડે છે તથા આપનાં કપોલને (ગાલ) શોભિત કરી મોહ પમાડી બિરાજે છે. આપના મોહક અધર (જેનાથી મુખ ઢંકાય છે તેના) ઉપર મોહક મુરલી મોહ કરી વાગી રહી છે. (૨)

આપના મોહક મુખારવિંદ ઉપર મોહક અલકાવલિ જાણે મધુ પ્રાપ્તિ માટે ઝુમતા હોય તેમ જણાય છે. વિશેષ શું કહીયે ? આજે ગોવિંદ - અમારા સ્વામી છે, પ્રભુ છે તે તો ચરણના નખથી તે શીખા પર્યંત મોહ પમાડનારા છે. આવા મોહન અમારા ધો (ગૃહ) ના સર્વોચ્ચ સ્થાને છે. (૩)

(૧૮૨) રાગ – ગૌરી

દુહું દિસ છોર દુમાલેકી અતિ નિકી પરમ સુહાયે રી માઈ
ગાયન કે સંગ વન તે આવત નાગર કુંવર કન્હાઈ માઈ **૧**
અધર જુ મુરલી ધરે નંદનંદન બેનુ બજાઈ રિઝાઈ રી માઈ
ગોપીજન કે જુથ રાધિકા શ્રવન સુનત ઉઠ ધાઈ રી માઈ **૨**
ગોકુલ ગલીન પ્રવેશત દેખત ફૂલી અંગ ન સમાઈરી માઈ
કુસુમકલી જુ બરખત સુરપૂર પરમાનંદ બલી જાઈ રી માઈ **૩**

ભાવાર્થ :

હે માઈ, હે સખી આ કન્હાઈ કુવરની છબિ તો જૂઓ - આપે શિર પર ધરેલ દુમાલાના બે છોગાં ખૂબ ખૂબ ઉત્તમ શોભાય છે. આપ ગાયો સાથે વનમાંથી

પધારી રહ્યા છે. (૧)

આપે અધર ઉપર મુરલી ધરીને જે વેણુ બજાવી છે તેનાથી સર્વ વ્રજભક્તોને પ્રસન્ન કરી દીધા છે અને તેથી તો રાધિકાની સંગી ગોપીજનોના જૂથ તે સાંભળતાં જ જ્યાં હતા ત્યાંથી ઊઠીને દોડયાં છે. (૨)

અને આપશ્રી ગોકુલની ગલીઓમાં પ્રવેશ્યા તે જોઈને તેમના અંગે અંગ પૂલકિત થઈ ગયાં છે. (આકાશમાંથી) સ્વર્ગમાંથી દેવપત્નીઓ કુસુમકળીઓને વરસાવે છે આવા ઉત્સવના દર્શનથી પરમ આનંદ છવાઈ ગયો છે અને તેના ઓવારણા પરમાનંદદાસ લે છે. (૩)

(૧૮૩) રાગ – ગૌરી 3/

આજ લાલ ટિપારે છબિ અતી બની
બિચ બિચ ચારૂ સિખંડ બીચ બીચ મંજુરી નૂત વિરાજન ૧
ધેન રેનુ રંજિત અલકાવલી રગમગાત સોંધે સેની
મધુપ જૂથ ઉડિ ઉડિ બૈઠત સખી પારીજાતિ અવતંસની ૨
અંગદ વલય કર મુદ્રિકા ખચિત નગ કટિતટ પીત કાછેં કાછની
શ્રીવત્સ લચ્છ ઉરહાર વિસદ સખિ કંઠ લસત કૌસ્તભ મની ૩
ત્રિજગ ભંવરી લેત સુધર ગ્રગતા વીધીધીકર થગથગની
ગ્વાલતાલ ગતિ ઉઘટની **ગોવિન્દ**પ્રભુ ત્રૈલોક વિમોહત
નિર્તત રસિક શિરોમણી ૪

ભાવાર્થ :

પ્રભુ ગૌ ચરાવીને વ્રજમાં પધારે છે ત્યારે આપની છબિના દર્શન થતાં જ શીશથી ચરણ સુધી દ્રષ્ટિ ભક્તોની ફરે છે ત્યારે તેમના મનોભાવ ગોવિન્દસ્વામી કીર્તનરૂપે પ્રકટ કરે છે.

આજે આ લાલે જે ટીપારો ધારણ કર્યો છે તેથી આપનું સૌંદર્ય નિખરે છે કેમ કે વચ્ચે વચ્ચે પાછી સુંદર મોરપીચ્છ (સિખંડ) છે અને ફલરૂપ મંજૂરી પણ છે. આમ આપ અમારી મનોકામના પૂરી કરશો પણ અમારી કામના અતીશુદ્ધ પ્રભુને લાયક હોવી જોઈએ (નિષ્કામ - લૌકિક કામના રહિત) મંજૂરી છે તો ફલ પણ થશે.(૧)

આપની અલકાવલી ધેનુ રેણુથી રંજિત છે એટલે કે તેમાં રજ ભળી ગઈ છે ઊંડે સુધી તેથી આપ નિઃસાધનભક્તોથી બિલકુલ અંતર રાખવાવાળા નથી તેમ સૂચિત

થાય છે. જે ભક્તો ભ્રમરની જેમ આપના મુખકમળમાં એકચિત્ત થાય છે તેવા ભક્તો માટે વિશેષ કરીને આપ સુખ દેનાર ભક્તિમય સુગંધ વાળા છે ! આપના કર્ણમાં પારીજાત દૈવી પુષ્પો - દૈવી ભક્તો - પુષ્ટિભક્તો જ બીરાજે છે આ ભક્તો સ્વર્ગના એટલે કે દૈવી છે.

(૧૮૪) રાગ – પૂર્વી 3/

સોહત કનક કુસુમ કરન
અરૂ સોહત મોતીન અવતંસ લટકત મનમથ મનહરન ૧
લાલપાગ આધે સીર કુલહે ચંપક બરન
ગોવિન્દપ્રભુ સિંઘદ્વારે ઠાડે પિય સખા અંસભૂજ ધરન ૨

ભાવાર્થ :

વનમાંથી પધારી રહેલા ઠોકારજીનું ગોવિન્દ સ્વામીજી વર્ણન કરે છે - આપશ્રીના કર્ણમાં સુવર્ણના કુસુમ આકારના આભારણ શોભી રહ્યા છે અને મોતીના આભૂષણ (માળાદિ) લટકી રહ્યા છે તેવા મન્મથભક્તોના મનનું માનથન કરીને મનને હરિ લેવાવાળા પ્રભુ છે. (૧)

આપે શીરના અડાધા ભાગમાં લાલરંગની પાઘ શોહે છે અને તેમાં જે કુલ્હેના ભાગ છે તે ચંપક વર્ણના છે.

આવા પ્રભુ ગોકુલમાં નંદજીના સીંધપોળના દ્વાર સુધી આવીને ઠાડા છે. તે જ અમારા પીય છે, પ્રિય છે અને તે સખાના ખભા પર થોડો ટેકો લઈને ઠાડા છે.

આ વર્ણન એટલા માટે કરેલ છે કે પ્રભુ આવીને બિરાજી ગયા છે માટે ચાલો સન્મુખ થઈએ તેમ જણાવે છે. (૨)

(૧૮૫) રાગ – પૂર્વી 3/

ગાયનકે પાછેં નટવર કાછેં કાછે
બન્યો હૈ ટિપારો આછો લાલ ગિરિધારીકે
ધાતુકો તિલક કીયે બની ગુંજા માલ ટિપે
વનકે સિંગાર સબ વિપિન બિહારી કે ૧
નટવર વેષ કિયે ગ્વાલનકો સંગ લીયે
ગાવત બજાવત દેત કર તારીકે
ગોવિન્દપ્રભુ વનતેં વ્રજ આવત
દૌર દૌર વ્રજનારી ઝીંકત મધ્ય જારીકે ૨

ભાવાર્થ :

સાંજના સમયે પ્રભુ ગાયોને હંકારી તેમની નજીક નજીક નટવર વેશધારી થઈને પધારી રહ્યા છે. આપે ખૂબ જ સુંદર ટીપારો ધારણ કર્યો છે. આપ છે નાનકા લાલ પણ સૌ ગાયોના રક્ષક (ગિરિધારી) હોય તેમ જણાય છે. ધાતુના રંગથી તીલક કર્યું છે તથા હૈયા ઉપર ગુંજામાલ બિરાજે છે. આ પ્રભુ જે વનમાં જ વિહાર કરે છે તેમણે શિંગાર પણ વનની સામગ્રીના જ ધર્યા છે. (૧)

આપની સાથે ગ્વાલ બાળકો છે અને આપે નટવર વેશ કર્યો છે એટલે કે શ્રેષ્ઠ નટ બન્યા છે. તેથી તો ગાન કરે છે પણ આપ અને બજાવે છે પણ આપ અને સાથે સાથે બધાંને તાલી આપીને રમઝટ મચાવી છે. આવા શૃંગારી તથા ખેલતા પ્રભુ, ગાયો-ગોપો સાથે વનમાંથી વ્રજમાં પધારી રહ્યા છે તે જાણીને વ્રજની નારી દોડી દોડીને ઘરની જાળીઓની વચ્ચેથી આપને અનિમેષ નયને નિરખવા લાગી. (૨)

(૧૮૬) રાગ – ગૌરી 3/

વનતેં આવત નટવરલાલ
ઝૂમત આવત મત્ત ગયન્દ સમ છબિ નિરખત વ્રજબાલ ૧
સિસ ટિપારો બન્યો અનુપમ મંલ્લકાછ કટિ રાજે
પગ નુપૂર ધુનિ રુનઝુન બાજે હંસત કમલ કર સાંજે ૨
સુરભિવૃંદ ચહું દિસ રહી ઠાડી, સિંઘપોર આનંદ
સૂર નિરખી અતી પ્રફૂલ્લિત માત જસોદા નંદે ૩

ભાવાર્થ :

વનમાંથી પ્રભુ પધારી રહ્યા છે આપ કોઈના માટે નટરૂપ છે (અન્યપૂર્વા) તો કોઈને માટે વરરૂપ છે (અનન્યપૂર્વા માટે). આવા પ્રભુ મદથી મસ્ત થઈને ઝૂમતા-ડોલતા મસ્તીમાં (પોતાની) ચાલતા હોય તેવા દૃશ્યને (પોતા માટે તેવા બની રહે તેવા મનોરથપૂર્વક) વ્રજબાળાઓ નિરખી રહી છે. આપે શિશ ઉપર ટિપારો ધર્યો છે જેથી ત્રણે પ્રકારના ભક્તો (સાત્વિકાદિ) ને સુખ આપશે અને તે સુખ પણ ઉપમા ન આપી શકાય (અનુપમ) તેવું હશે. (૧)

આપે મલ્લકાચ્છ ધારણ કર્યો છે તેથી જ પ્રતીત થાય છે કે આપ આપનો વીર્ય ધર્મ પ્રકટ કરો છો. આથી આપનો યશ પ્રકટ થાય છે. આપ મંદસ્મિત કરી રહ્યા છે. તે આપની પ્રસન્નતાનો સાનુભાવ સહુને કરાવી રહ્યા છે. તે આપનું જ્ઞાન પ્રકટ કરે છે અને આપના શ્રીહસ્તમાં કમલ ધારણ કર્યું છે તેમાં સુકોમળતા નિર્દોષતા નિર્મળતા જલકમલવત્ પણ છે. આમ, આપ પોતાના વૈરાગ્યભાવની સુવાસ પ્રસરાવો છો. (૨)

આવા ધર્મ સહિતના ધર્મીના દર્શન થવાથી જે સુરભી એટલે દેવતાઓની ગાય, એટલે કે દિવ્ય ઈન્દ્રિયધારી વ્રજસ્ત્રીઓ કે જેઓ નિષ્કામભાવવાળી છે, સર્વાત્મ ભાવવાળી છે, તેઓ પ્રભુની ચારેબાજુ સ્થિત થઈ ગઈ છે. અને સિંધપોર કહેતા વ્રજમંડલમાં આનંદ પ્રકટીને ફેલાઈ રહ્યો છે.

દેવતાઓ આ દૃશ્ય જોઈને ખૂબ જ પ્રફૂલ્લિત થઈ ગયા છે અથવા આ દૈવી દેહ ધારીઓના હૃદય (પ્રફૂલ્લિત) ખૂબ વિકસી ગયા છે. સાથે સાથે માત યશોદા પણ પોતાના વાત્સલ્ય ભાવથી આનંદપામે છે અથવા કહો કેપ્રભુ સ્વયં જે સર્વસૃષ્ટિના જનક (જનની) છે તે આ વ્રજભક્તોમાં અનુપમ સ્નેહ પ્રકટ કરીનેતેમની જગતમાં કીર્તિ પ્રકટાવી રહ્યા છે. (જશોદા) તથા તે લીલામાં આપ વિશેષ આનંદ પામે છે.
(ગોપી પ્રેમકી ધ્વજા - યશ) (૩)

આશ્રય

(૧૮૭) રાગ – બિહાગ ૩/૩૯૧

લગે જો શ્રીવૃંદાવન કો રંગ
મનકે મૈલ સબે છૂટ જૈહે અરૂ વિષયન કો સંગ ૧
રાધાવર સેવત અરૂ સુમરત ઉપજત લહર તરંગ
સખીભાવ સહજ હોય છીનમેં પુરૂષભાવ હોય ભંગ ૨
દેહઅભિમાન સબૈ છૂટ જૈહૈ મનસા હોય અપંગ
પરમાનંદ નંદનંદન ભજ મિટી હૈ કોટી અનંગ ૩

ભાવાર્થ :

પરમાનંદદાસજી નંદનંદનનો અનન્યાશ્રય કઈ રીતે થાય તેનું બયાન કરે છે. સૌ પ્રથમ તો કહે છે કે જો વૃંદાવનનો રંગ લાગી જાય તો મન પર જે અવિદ્યાના અશુદ્ધ પોપડા લાગ્યા છે તે ખરી પડે અને વૃંદાવનનો રંગ લાગે તો વિષયોનો સંગ છૂટી જાય. વૃંદા એટલે કૃષ્ણનાં પ્રિય ગોપીજનો. આ ગોપીજનોનો સમૂહ તે જ વૃંદાવન. આવાં આપણા ગુરૂ ગોપીજનોનો રંગ લાગે એટલે કે તેમના જેવો પ્રભુપ્રતિનો ભાવ આપણામાં જાગે તો તો પછી ભગવાન સ્વયં આપણી અવિદ્યા રૂપ પૂતનાને મારી નાખશે. આ પ્રકારે આધિભૌતિક અવિદ્યા દૂર થતાં મન પવિત્ર થશે. હવે પ્રમેય લીલાથી જેમ વ્રજભક્તોની આધ્યાત્મિક અવિદ્યા દૂર કરીને આસક્તિ કરાવી તેમ વૃંદાવનના સંગથી વિષયોનો ઈન્દ્રિયો સાથેનો સંગ છોડાવશે અને

વિષયાસક્તિ ભગવદાસક્તિમાં પલટાશે. તે પછી સાધન પ્રકરણમાં જેમ પ્રભુ વ્રજભક્તો માટે સાધન લીલા કરે છે તેમ આધુનિક જીવો પાસે પ્રભુ રાધાવર - શ્રીકૃષ્ણની સેવા અને અનવસરમાં કથા સ્મરણ કરાવશે. તેના કારણે ભક્તને પ્રભુમાં વ્યસન થતાં તેના હૃદયમાં પ્રભુલીલાની લહેરો-તરંગો ઉઠશે જેના પર તે ભક્ત વિહાર કરશે. (૧)

તેવા જીવને પ્રભુ સખ્યભાવનું દાન કરે છે. આ દાનમાં પ્રભુ જ સાધન બને છે તેથી સખીભાવરૂપ ફલ સહજતાયે - વિના પ્રયાસે થાય છે અને તે માટે પ્રભુ સ્હેજે વિલંબ નથી કરતા (છીનમેં) તેવા જીવનો પુરૂષભાવ નષ્ટ પામે છે. એટલે કે પુંભાવ ક્યારેય પ્રકટ નથી થતો. એટલે કે પ્રભુપ્રતિ સદાય દૈન્યભાવ જ રાખે છે. સખી હોવા છતાં માન નથી કરતા. 'દૈન્યમ્ તત્ તોષ સાધનમ્.' (૨)

તે દૈન્ય એવા સ્વરૂપને ધારણ કરે છે કે તેનામાં સર્વસમર્પણ ભાવ દૃઢ થઈ જાય છે અને ત્યારે દેહ પણ પોતાના અધિકારમાં નથી તેવો ભાવ થતાં દેહાભિમાન સર્વ પ્રકારે છૂટી જાય છે અને જ્યારે બહારના અંગો પ્રભુના થઈ ગયાં તો અંદરના અંગો અંતઃકરણ પણ પ્રભુનાં જ હોવાથી, મન પણ પોતાનું ન રહેતાં પ્રભુનું થઈ જાય તેવી દૃઢતાં થતાં કોઈપણ મનસા (મનમાં જાગતી ઈચ્છા-અપેક્ષા) પણ રહેતી નથી. મનસા અપંગ થઈ જાય છે એટલે સ્વ-અર્થ અપેક્ષા લુપ્ત થાય છે, ભગવદ્ સંબંધિ મનોરથો તો રહે છે. તેથી અપંગ કહી છે.

તે પછી પ્રભુ પરમાનંદ-ભજનાનંદનું દાન કરશે. માટે કરવા લાયક જે કંઈ છે તે તો નંદનંદનને ભજવા છે. તે જે પરમરસ પાશે તે તો કોટી-કામદેવના રસ કરતાં ય અનેક ઘણો હશે. કેમ કે કામરસ તો લૌકિક છે અને ભગવદ્રસ તો આલૌકિક છે. કોટી અનંગ આ ભજનાનંદ પર ન્યોછાવર છે. (૩)

વસંત બહાર

(૧૮૮) રાગ – માલકૌંસ ૪/૧

લહેકન લાગી બસંતબહાર સખી ત્યોં ત્યોં બનવારી લાગ્યો બહેકન
ફૂલ પલાસ નખ નાહર કૈસે તેસે કાનન લાગ્યો મહેકન ૧
કોકીલ મોર શુક સારસ હંસ ખંજન મીન ભ્રમર
અખીયાં દેખી અતી લલકન ૨
નંદદાસ પ્રભુ પ્યારી અગવાની ગિરિધર પિયકોં દેખ ભયો શ્રમકન ૩

ભાવાર્થ :

પ્રીતને ખિલવાની આ ઋતુ વસંત છે. તેથી વૃક્ષ પરનાં ખરી પડેલાં પાંદડાની કૂંપળો ફૂટે છે, ફૂલ ખિલે છે. ગોપી પોતાની સખીને કહે છે કે - આ વસંતની મસ્તી જેમ જેમ લહરાવા લાગે છે, તેમ તેમ આ બનવારી - કૃષ્ણ પણ મદમસ્ત થઈ રહ્યો છે. જેમ વાઘના નખ વધીને વાંકા થઈ જાય તેમ આ પલાસના ફૂલની પાંદડીઓ ખિલીને વાંકી થઈ રહી છે અને જેમ પલાસના ફૂલો ખિલવા લાગ્યા છે તેથી તો આખું ઉપવન (કાનન) મહેકવા લાગી ગયું છે. (૧)

હવે આ વનનાં પક્ષીઓ - કોયલ, મોર, પોપટ, સારસ, હંસ, ખંજન પક્ષી (જે ખૂબ ચંપલ છે) માછલી, ભ્રમર આ બધાં જ ગિરિધરપ્રભુના ખિલેલાં નેત્રોને જોઈને ખૂબ જ સુંદર અવાજમાં લલકાર કરે છે અથવા તો નેત્રદર્શનથી લલચાઈ રહ્યાં છે. (૨)

આપણાં સૌની આગેવાની લેનાર તો પ્રભુનાં પ્યારી શ્રીસ્વામિનીજી. તેમના પથપ્રદર્શનથી આપણે સૌ ગિરિધરપિયનું સ્વાગત કરવા જઈ રહ્યા છીએ. નંદદાસના પ્રભુના દર્શન થતાં જ આવેગના કારણે રાધિકાજીના શ્રમકણ ઝળક્યા છે ! (દેખત ભયો શ્રમકન) (૩)

(૧૮૯) રાગ – માલકૌંસ ૪/૨

લલિત બાલાપન ગયોરી અબ આયો જોબન કામિની કે મન ફૂલે
પિયસંગ હાસબિલાસ રંગન ખેલેંગે યમુના ફૂલેં ૧
યહ અવસર નીકોં સુન સજની ઓર અવસર નાહીં સમતુલેં
પ્રીત કરો સખી સ્યામસુંદરસોં સૂર રસિક સમૂલેં ૨

ભાવાર્થ :

જેમ ઋતુનો ફેરફાર છે તેમ દેહમાં પણ ફેરફારનો ક્રમ છે તેમ ભાવનો ફેર છે. આ બધી વિવિધતા પ્રભુ અર્થે છે. જે બાળપણ છે તેમાં વાત્સલ્યભાવ (લલિત) છે. ઠંડીના દિવસો બાળપણ સમાન છે તેમાં દેહનું પાલન વિશેષ છે. ખાવા-પીવા ઓઢવા વગેરેમાં દેહનું પાલન છે.

પરંતુ તે હવે ચાલી ગયું છે. હેમંત વિદાય થયો છે અને હવે તો જે ઋતુ છે તે વસંત છે તેમાં યૌવન (જોબન) ખિલ્યું છે અને તેના કારણે જે બાળા હતી તે

કામિની બની છે. તેનું મન જે મુરઝાયેલું હતું તે ફૂલ્યું છે. કામનાનો ય વિકાસ થયો છે. (અબ આયો જોબન કામિનીકે મન ફૂલેં) જે ભાવ છે તે ક્રિયા રૂપે વ્યક્ત થઈ જાય છે. તેથી હવે પિયની સાથે હાસ્ય (ફૂલ ખિલે તેમ) અને વિલાસ જેમ ફૂલ પર ભ્રમરા બેસે તેમ. તથા એક બીજા પર વિવિધરંગ છાંટીશું. પોતાના વિભિન્ન ભાવનું પ્રત્યારોપણ એકબીજા પ્રતિ કરીશું. પિયસંગ હાસ વિલાસ રંગન ખેલેંગે. ક્યાં ખેલશે ? શ્રીયમુનાજીના કિનારે. (પિય સંગ રંગભરી કરી કલોલેં) તેવા નિર્ગુણ પ્રીતવાળાં શ્રીયમુનાજી એમને પ્રીતની રીત શિખવશે. પ્રભુ હંમેશાં યમુનાજી - નિર્ગુણભાવના કિનારે બિરાજીને રાજસ, તામસ, સાત્વિક ત્રણે ભાવો સાથે ખેલે છે. પ્રભુ પર જે રંગ નાખવો હોય તે નાખી શકો છો (રંગન ખેલેંગે યમુના ફૂલે) (૧)

હે સખી તું સાંભળ ધ્યાનથી, આજે અવસર - સમય - યૌવન - કાળ છે તેના સમાન બીજો કોઈ અવસર નથી. યૌવન જ એવું છે કે જેમાં સામર્થ્ય - શક્તિ વગેરે છે તેથી તે એમ જ ખોવા જેવું નથી. (યહ અવસર નીકો સુન સજની ઓર અવસર નાહીં સમ તુલે) વૃદ્ધાવસ્થા અને બાળપણની તુલનામાં આ યૌવન ઉત્તમ છે. જેમાં વૃત્તિઓ પૂરબહારમાં ખીલે છે તેવી ખિલેલી વૃત્તિ સહિતનો દેહ પ્રિયને સમર્પિત કરવાનો છે. તેથી જે જીવનનો સાર છે તે જ પ્રિત છે, જેમ ફૂલમાંનો રસ. તેથી આ રસરૂપ સ્યામ છે તે માત્ર સ્યામ નથી પણ સુંદર બન્યો છે. (તેમને પ્રીત કર પ્રીત કરો સખી સ્યામ સુંદર સોં)

તે પ્રીતમ માત્ર સૂર - સામર્થ્યવાન - મહાત્મ્યજ્ઞાન યુક્ત જ નથી, રસિક - સ્નેહયુક્ત પણ છે અને સ્નેહયુક્ત જ નહિ, પણ રસરૂપ રસિક છે અને રસિક જ માત્ર નહિ, પણ રસમય પણ છે. પૂર્ણપણે (સમૂલેં) રસ છે તેવા પ્રીતમને પ્યાર કરવામાં હવે સમય ખોવા જેવો નથી, નહિતો આપણું જોબન વ્યર્થ થઈ જશે. (૨)

(૧૯૦) રાગ – માલકૌંસ ૪/3

નઈરી ઋતુકો આગમ ભયો સજની જબતેં બિદા ભયો હેમંત
વિહરની કે ભાગિનતેં સજની આવત ચલ્યો હેં બસંત ૧
તન સિહાય ત્રીય ચલે ભરભાવ, ચલ્યો તાહીકો કંત
ચત્રભૂજ પ્રભુ પિય તારી બજાવત યા જાડેકો આયો અંત ૨

ભાવાર્થ :

ગોપી કહે છે કે આ નવી ઋતુનું આગમન ત્યારે શક્ય બન્યું કે જ્યારે હેમંત ઋતુ વિદાય થઈ. (નઈરી ઋતુકો આગમ ભયો સજની જબ તેં બિદા ભયો હેમંત)

ગોપી પ્રભુને હેમંતની ઠંડીને કારણે બહાર મળવા જઈ શકતી ન્હોતી પણ હવે તેના ભાગ્ય ખૂલી ગયાં છે તેથી તો વસંત આવી રહ્યો છે. (વિરહનીકે ભાગીને તેં સજની આવત ચલ્યો હેં વસંત). (૧)

મારા દેહમાં પ્રભુ માટે ઘણી અભિલાષા (સિહાય) છે તેથી તો ગોપીજન ભાવથી ભરેલા હોય તેમ ચાલી રહ્યા છે અને તે ભાવ તેમનો કંત (પતિ) છે તે તેની પૂંઠે પૂંઠે ચાલી રહ્યો છે કે જે પ્રભુ આગળ આગળ તાલી બજાવતા ચાલી રહ્યા છે. પ્રભુની આ તાલીના ઈશારે તો આ ઠંડી ઋતુનો અંત આવી ગયો અથવા પ્રભુ પણ પોતાની પ્રસન્નતા તાલી બજાવીને બતાવી રહ્યા છે કે હવે શિતકાળ ગયો. અથવા પ્રભુ તાલી બજાવીને ગોપીજનોને ઈશારો કરીને કહે છે કે હવે શિતકાળ ગયો છે. તમારી અભિલાષા પૂરી કરીશ.

(ચત્રભૂજ પ્રભુ પિય તારી બજાવત યા જાડેકો આયો અંત) (૨)

(૧૯૧) રાગ – માલકૌંસ ૪/૪

બિધાતા અબલનકોં સુખ દી જૈ
બેરી ભયો મનોજ અંગ અંગ સીત લાગે તન છીજૈ ૧
કેધો પ્રીતમ પરઘર જે હે સે દુઃખ તુમ સુન લીજૈ
સૂરદાસ પ્રભુ યા જાડેકો અબ હી બિદા કરી દીજૈ ૨

ભાવાર્થ :

વ્રજલલના વિધાતાને વિનવે છે કે હું તો અબળા છું, સાધન બલ વગરની છું. મને સુખ થાય તેવું કંઈક કરો. કેમ કે સુખ મારા બળથી પ્રાપ્ત થઈ શકે તેમ નથી.

મારા મનમાં જે અભિલાષ જાગી છે તે જ મારી દુશ્મન છે. અથવા તો આ ચંદ્ર મારો વેરી થયો છે કેમ કે તે તો શિતળ છે તેના કારણે મારા પ્રત્યેક અંગને શિત લાગે છે મારી અભિલાષા શિતળ થઈ રહી છે, આશાભંગ થઈ રહ્યો છે. (૧)

કેમ કે મારો જે પ્રીતમ છે તે તો પારકીના ઘરે ગયો લાગે છે. (કેંધો પ્રીતમ પરઘર જે હેં) બસ મારું આ જ દુઃખ છે તે હે વિધાતા, તું સાંભળી લે. (એ દુઃખ તુમ સુન લીજૈ) હે વિધાતા, મારી એટલી જ વિનતી છે કે આ ઠંડી ઋતુને તું હવે વિદાય કરી દે - કે જેથી અમે પ્રીતમને મળી શકીયે. (૨)

(૧૯૨) રાગ – માલકૌંસ ૪/૫

ભોર ભોર કાન તુ મેરો કહ્યો માન
આથમેગો ભાન મેં આપ ચલી આઉંગી
તુમ તો ચતુરનાર છાંડ દે હમારો કર
તુમ કો તો નાહિ ડર મૈં લાજન મર જાઉંગી ૧
તુકો તો ચહિયે ભોગ ભોગકો નાહી સંજોગ
દેખેંગે નગર લોક અબ ન આઉંગી
રસિકકે સ્વામી શ્યામ ધરુંગી તુમ્હારો ધ્યાન
અબ આયો વસંત મેં તુકો રીઝઉંગી ૨

ભાવાર્થ :

ગોપી કનૈયાને સમજાવે છે કે તું તો ભોરો છે તમને કાંઈ લોકની સમજણ નથી. તેથી તું મારા કહ્યા પ્રમાણે કર. તારામાં સમજણ હોત તો તો ઠીક હતું. (ભોર ભોર કાન તુ મેરો કહ્યો માન). તું હમણાં જીદ ન કરે, જેવો સૂર્યાસ્ત થશે કે તુરત હું મારી જાતે જ તારી પાસે આવી જઈશ. (આથમેગો ભાન મૈં આપ ચલી આઉંગી). હવે ગોપી પલટી મારે છે કેમ કે કનૈયો માનવાને બદલે હવે તો હાથ પકડી લે છે. તેથી ભોરો કહેવાને બદલે હવે કહે છે - તું તો ચતુરનર છે, તને તો કંઈ ડર નથી પણ હું તો લાજની મારી જ મરી જઈશ તેથી મારો હાથ છોડી દે. જરા તારી ચતુરાઈ વાપર (તુ તો ચતુર નર છાંડ દે હમારો કર, તુમકો તો નાહિન ડર મૈં લાજન મર જાઉંગી).

તને તો બસ ભોગમાં જ રસ છે પણ સમય-સંજોગોનો તો વિચાર કરવો જોઈએ કે નહીં ? અત્યારે તો નગરના લોકો આપણને જૂએ છે, તેથી હમણાં તો હું આવી શકું તેમ નથી. હમણાં તો સંયોગનો યોગ નથી. જેથી તમારા વિરહ વિયોગમાં તમારું ધ્યાન ધરીને જ દિવસ વિતાવીશ. પરંતુ જેવો યોગ્ય મોકો આવશે એટલે કે કાળ વગેરેની અનુકૂળતા આવશે, મારા હૃદયમાં ભાવની વસંત ખિલશે ત્યારે, કે જ્યારે વસંત આવશે ત્યારે, હું તમને રીજવી દઈશ. હું જાણું છું તમે તો રસિકોના સ્વામી છો પરંતુ વસંત આવવા સુધી ખમો. (૨)

(૧૯૩) રાગ – માલકૌંસ ૪/૬

પ્રીતમ કો કછુ દોષ નહિ રી યહ તો શીત વેરી હમારો
પ્રીતમ કો મગ જોવન કારન રાખન નહિ દેત બદન ઉઘારો. ૧
શિતલ પવન અકેલી જાન કે પઠવત આલસ કરન સંધારો
વ્રત કો તજી આકત નિદ્રાસો મિલી ઠગત રે ઠગારો ૨

કહુંગી જનાય જાય અજ મિલે મોહે પ્રીતમ પ્યારો
ચત્રભુજ પ્રભુ નેહ ટોલી જાડેકી કીજે મુંહ કારો ૩

ભાવાર્થ :

પ્રીતમ મારી પાસે નથી પધાર્યો તેમાં તેમનો કંઈ દોષ નથી તેમ ગોપી વિચારે છે. મૂળે દોષ તો આ શીત-ઠંડીનો છે, તેજ અમારો વેરી છે. તે અમારું મિલન નથી થવા દેતો. પ્રીતમનો રસ્તો જોવા માટે ઘરબહાર જવું પડે અને ત્યાં તો ખૂબ ઠંડી છે. મોઢું ખૂલ્લું રાખીને ઊભી રહી શકું તેમ નથી. મારી આતુરતાના દર્શન થાય તો જ પધારેને ! (પ્રીતમકો કછુ દોષ નહિ રી, યહ તો શીત વેરી હમારો પ્રીતમ કો મગ જાવન કારન રાખન નહિ દેત બદન ઉઘારો). (૧)

શીતના પાછા ઘણાં સાથી છે. તેમાનો એક પવન છે. તેણે જાણી લીધું કે હું તો એકલી છું (શીતલ પવન અકેલી જાનકે) તેથી તેણે મારી પાસે આળસને મોકલી આપી કે જેથી હું શિતને જ વેરી સમજુ છું તેમ ન સમજતાં મિત્ર સમજું છું કેમ કે આમ અમારી વચ્ચે વેર મિટાવવા, સંધી કરવા મોકલી આપી (પઠવત આલસ કરન સંધારો) તેના કારણે મારા પીયુ વગર હું રાતભર જાગ્યા કરું તેવું જે મારું વ્રત હતું તે તેણે તોડાવ્યું અને પીયુને બદલે નિદ્રામાં આકર્ષાઈ ગઈ (વ્રતકો તજી આકરત નિદ્રાસો) આ બધાં ઠગોએ ભેગાં મળીને મારી સાથે ભારે ઠગાઈ કરી (મિલી ઠગત રે ઠગારો) (૨)

હવે આજે હું મારા પ્રીતમ પ્યારાને જઈને મળીશ અને તેમને કહીશ કે પ્રભુ મને તો આપમાં જ નેહ છે. (કહૂંગી જનાય જાય આજ મિલે પ્રીતમ પ્યારો ચત્રભૂજ પ્રભુ નેહ) પરંતુ આ શિત-જાડેની ટોળકી છે, તેમને મને ભરમાવી - ઠગી તેથી હું આપને વિસરીને રસ્તામાં ઊભા રહી આપની રાહ ન જોઈ, શરીરમાં આળસ ભરાઈ, નિદ્રાસુખને માન્યુ.

તેથી તમે આ જાડેની ટોળકીનું મોઢું કાળુ કરીને તેને કાઢી મૂકો (ટોલી-જાડેકી કીજે મુંહ કારો) કે જેથી તે અપમાનીત થયેથી હવે પછી આપણી વચ્ચે પ્રતિબંધ ન બને ! (૩)

(૧૯૪) રાગ – બિહાગ ૪/૭

સૂની રી તૂ ક્યોં ભઈ હે નચીલી કરી કૈ માન મનમોહન સોં અબાર
યહ સમયો હસનકો નાહિ બ્રજ પર ધાયો મનમથ સંભાર ૧

સુક પીક ચાત્રક હંસ મોર મૃગ મધુકર મધુરી કરતી રાર
આયો બસંત કંત ભજ ભામિની લાયો રતિપતિ પંચસર લાર ૨
વે જબ તીય આઈ લગેગેં તબ હી ભજેગી ભવન બિસાર
દાસ તબે જાડો ઊઠી ભાજ્યો અબ આવેંગી વસંત બહાર ૩

ભાવાર્થ :

ગોપી સ્વામિનીજીને સમજાવે છે અને સાથે સાથે ચેતવણી પણ આપે છે કે તારું રૂષણું ચાલશે નહિ, જ્યારે વસંત આવશે ! તેની સામે તું અસમર્થ થઈ જઈશ.

હે સખી સાંભળ, તું શા માટે સૂનમુન (નચીતી) થઈ ગઈ છે (સુની રી તુ કયૌ ભઈ હે નચીતી).. આ જે કનૈયો છે તે તો તારા ચિત્તને મોહ કરી દેનાર છે, તુ ભલેને અચીતી થઈ તેથી આ માન કરવા માટેનો કસમય છે (અબાર) કદાચ તું કહેતી હોય કે હું તો મશ્કરી - અર્થે માન કરુ છું તો સમજી લે કે આ સમય હસી-મજાકનો નથી (યહ સમયો હસનકો નાહી) કેમ કે મન્મથ-કામદેવ આ વ્રજ પર ચડી આવ્યો છે તેથી તું તારી જાતને સંભાળી લે કામદેવના આક્રમણ સામે તું નહિ ટકી શકે. પ્રભુની જ આ મોહની લીલા છે (બ્રજ પર ધાયો મનમથ સંભાર) કઈ રીતે મન્મથ ધસી આવ્યો છે. (૧)

તેના પ્રમાણ બતાવું પોપટ, કોયલ, ચાતક, હંસ, મોર, મૃગ, ભ્રમર તે બધાં જ રસ ઉદ્દીપન કરવા માટે મધુરાં ગાન કરી રહ્યા છે. (સુકપીક ચાતક હંસ મોર મૃગ મધુકર માધુરી કરતી રાર).

વસંત આવી ગયો છે. તેથી તું સ્વામીને પ્રસન્ન કર, કેમ કે તું તો ભામિની છે. (આયો બસંત, કંત ભજ ભામિની)

આ જે કામદેવ કે જે રતિપતિ છે, તે તેની સાથે પાંચબાણ લઈને આવ્યો છે તે બાણ બહુ જ તીક્ષ્ણ અને સુંવાળા છે (લાયો રતિપતિ પંચસર બાર) આપણે રતિ છીએ અને કનૈયો આપણો પતિ છે તે આપણને મોહિત કરવા સજીધજીને આવ્યો છે.

તે કનૈયો (વસંત) આવી રહેશે (આવી લાગશે) ત્યારે તો તું ઘરને વિસરીને તેમના પ્રતિ ભાગીને પહોંચી જઈશ. તેવું તેનું સામર્થ્ય છે (તે જબતીય આઈ લગેંગે તબ હી ભજેગી) ભાગશે (ભવન બિસાર). આ જાડો-શિત તો તેમનો દાસ છે તું જો તો ખરી, તેમના આગમનથી તે ઊઠીને કેવો ભાગી રહ્યો છે ! હવે જોજે વસંતની ખુશીની લહેર કેવી આવશે, તેનો તને અનુભવ થશે. મારી કહેલી બધી વાત સાચી પડશે. (અબ આવેગી વસંત બહાર). (૨)

(૧૯૫) રાગ – બસંત ૪/૨૪

સહજ પ્રીતિ ગોપાલેં ભાવે
મુખ દેખે સુખ હોય સખી રી પ્રીતમ નૈનસોં નૈન મિલાવે ૧
સહજ પ્રીતિ કમલ ઓર ભાને સહજ પ્રીતિ કુમોદીની ચંદે
સહજ પ્રીતિ કોકીલા વસંતે સહજ પ્રીતિ રાધા નંદનંદે રે ૨
સહજ પ્રીતિ ચાત્રક ઓર સ્વાંતે સહજ પ્રીતિ ધરણી જલધારે
મનક્રમ વચન દાસ **પરમાનંદ** સહજ પ્રીતિ કૃષ્ણ અવતારે ૩

ભાવાર્થ :

પરમાનંદદાસજી પ્રીતિની વ્યાખ્યા કરે છે, ઉદાહરણ આપે છે અને ભક્તની ભગવાન પ્રતિની પ્રીતિ - બાબતે પણ સમજણ આપે છે તે સમજણ એ છે - કે ગોપાલને સહજ પ્રીતિ - કુદરતી પ્રેમ ગમે છે સહજનો મતલબ શુદ્ધ, સહજનો મતલબ નિઃસાધનતા એટલે કે તેને પ્રકટ થવામાં કોઈ સાધનનો ઉપયોગ ન કર્યો હોય જેમ કે માહાત્મ્યજ્ઞાનના કારણે થતી પ્રીતિ, દુઃખ આવી પડે તેથી ભગવાન યાદ આવે અથવા કોઈથી ભય આવી પડ્યો હોય ત્યારે અથવા સુખની પ્રાપ્તિ અર્થે પ્રીતિ કરે આ બધી સકામ કે સપ્રયોજન પ્રીતિ છે. પ્રીતિ તો ડુંગરમાંથી ફૂટતા નિર્મળ ઝરણા જેવી... હોય,

શ્રીઆચાર્યજી, પુષ્ટિ પ્રવાહ મર્યાદામાં પુષ્ટિજીવની વ્યાખ્યા આપતાં કહે છે તે વિષ્ણુ-કૃષ્ણનો છે અથવા તેનું કૃષ્ણત્વ તદીયત્વ પણું સહજ હોય. સપ્રયોજન નહીં વૈષ્ણવત્વમ્ હિ સહજમ (સહજ પ્રીતિ ગોપાલે ભાવે)

તેને પ્રભુના મુખ-દર્શનમાં સુખ થાય અન્ય કોઈ પ્રકારે સુખ ન થાય (મુખ દેખે સુખ હોય સખીરી).

શ્રીઆચાર્યજી ભક્તિપુરૂષાર્થનો કામ તે કૃષ્ણદર્શન લાલસા છે તેમ કહે છે.

પોતે તો પ્રભુનું મુખ દેખે તેથી સુખ થાય. તે આનંદ પણ ગોપાલ છે, અમારુ પોષણ કરનાર પતિ છે. તે જો પ્રીતમ થઈ જાય તો પછી તેને પણ અમરું મુખ જોવાથી જ સુખ થાય અને જો તેવું બને તો તો પછી પરમાનંદ પ્રકટ થાય. (પ્રીતમ નૈન સો નૈન મિલાવે) (૧)

હવે ઉદાહરણ આપે છે કે - કમલને સૂર્ય પ્રતિ સહજ પ્રીતિ છે. તે સૂર્ય ઉગતાં જ પોતાની પત્તીઓને ફેલાવે છે. ભક્તિમાર્ગાબ્જ માર્તંડના પ્રકટ થતાં સહજતયા

દૈવી જીવોમાં રહેલ ભક્તિ બીજને અંકૂર ફૂટે છે. (સહજ પ્રીતિ કમલ ઓર ભાન). ભગવાનના દર્શન થતાં ભક્તનું હૃદયકમળ ખિલી ઉઠે છે. (સહજ પ્રીતિ કુમોદીની ચંદે) તો રાત્રે ઉગતાં કમળ પોયણા ચંદ્રદર્શને ખિલી ઉઠે છે. પ્રભુ જેમ સંયોગસુખ દે છે તેમ હૃદયમાં બિરાજેલા ચંદ્રરૂપ પ્રભુ ભક્તના હૃદયમાં વિપ્રયોગાનંદ પણ આપે છે. (સહજ પ્રીતિ કોકીલા વસંતે) વસંત આવતાં જ કોયલ ટહૂકવા લાગે છે તેમ અનવસરમાં પ્રભુભક્ત પ્રભુને પોકારે છે. શ્રવણરૂપ કીર્તનરૂપ કે સ્મરણરૂપ. ગોપાલાદાસ (પુરૂષોત્ત્મદાસના બેટાં) સેવાના અનવસરમાં પ્રભુને પોકારતા ત્યારે પ્રભુ હોંકારો દેતા. તો આવા ભક્ત પ્રભુની ચિંતા કરતાં ફરી પૂકારે છે કે ''આપ શા માટ જાગો છો ? મને તો ટેવ પડી છે'' આ કોયલની સહજ પૂકાર છે એમને મન પોતાના સેવ્ય વસંત છે. બહાર છે, શોભા છે, મદનમોહનજી છે ને !

તેવી જ પ્રીતિ રાધાજીની નંદનંદન પ્રતિ સહજ છે. કેમ ન હોય ? બે દેહ અને એક આત્મા છે (દો વપુ) કેમ કે સદ્વિતીયમ્ અભવત્ (તે જ બીજો થયો) તેમ વેદમાં કહે છે તેથી પોતાને પોતાના પ્રતિ સહજ પ્રીતિ જ હોય. આપણે આપણને પ્રીતિ કરવા પાછળ કોઈ કારણ, પ્રયોજન નથી. તેથી જ પ્રભુનો ગૂઢસ્ત્રીભાવ પ્રકટ સ્ત્રીભાવ બની ગયો તે જ તો રાધાજી અને રાધાજીના હૃદયમાં પણ જે પ્રકટ પુંભાવ વાળા પ્રભુ ગૂઢભાવ રૂપે બિરાજે છે. તેમ પરસ્પર એક બીજાના આત્મામાં રહેલા હોવાથી સહજ પ્રીતિ નંદનંદે છે. ભક્ત પણ પ્રભુના અંશ હોવાથી તેને પ્રભુ પ્રત્યે સહજ પ્રીતિ જ હોય પરંતુ પ્રભુના સ્વરૂપનું અને પોતાના સ્વરૂપનું અજ્ઞાન થઈ જવાથી સહજ પ્રીતિ નથી થતી. અનવતાર કાળમાં, તેથી ગ્રંથોમાંથી પ્રભુના માહાત્મ્ય થકી સ્વરૂપજ્ઞાન થતાં જે પ્રીતિ પ્રયાસે પ્રકટી છે તે સહજરૂપ ધારણ કરે છે કે જ્યારે આસક્તિની ટોચે તે પ્રીતિ પહોંચે છે ! (૨)

(સહજપ્રીતિ ચાતક ઓર સ્વાંતે) આ સહજ પ્રીતિનું કાર્યલક્ષણ છે. ચાતક સ્વાતીબુંદ સિવાય મરી જશે પણ અન્ય જળ પીશે નહિ. તેમ શ્રીઆચાર્યજી પણ આજ્ઞા કરે છે ભગવાન તમારા પતિ-સ્વામી સ્ર્વસ્વ છે. તેથી બોધ કર્યો છે કે કંઠે પ્રાણ આવી જાય તો પણ વૃત્યર્થ /કોઈપણ પ્રયોજનાર્થ ભગવદ્કથા ન કહેવી. પદ્મનાભદાસ સાચા અર્થમાં ચાતક હતા. તેમને મહાપ્રભુને દગો નથી દીધો. મહાપ્રભુના અતીપ્રિય તેવા પુષ્ટિપ્રભુ પ્રતિ સહજ પ્રીતિ પ્રકટ કરી છે.

વાદળને ધરણી પ્રતિ સહજ પ્રીતિ છે તેથી તો વાદળમાં સ્નેહ - જલ ખૂબ ભરાય છે તેમ તેમ તે ધરણીની નજીક આવે છે. તરસી ધરણીના દેહ પર ચીરા પડી જાય છે, તે તડપ છે. ત્યારે ઘન જલરૂપે વરસી પડે છે. જલ અને જમીન એકરૂપ થઈ જાય

છે. રસબસ થઈ જાય છે. વાદળની તે સાર્થકતા છે અને તે જ જલ પાછુ ધરણી વાદળને આપે છે. આ પરસ્પર લેણ-દેણ છે પણ તેમાં કંઈ અપેક્ષા નથી. આ સહજ ક્રમ છે, પ્રેમની આ રીત છે.

જે કોઈ ભક્ત ભગવાનનો દાસ થાય અને તેનું દાસત્વ મન, કર્મ, વચન ત્રણે પ્રકારે નભાવે અને તે પણ નિષ્કામભાવે, તેવી સહજતા દાસત્વમાં પ્રકટે તો પ્રભુમાંથી પણ સહજતયા પરમાનંદરસ ભક્ત હૃદયમાં પ્રકટે. આ શરત નથી પણ સહજ પ્રક્રિયા છે.

જેમ પેટમાં ખોરાક જાય કે સહજતયા પાચકરસો ઝરવા લાગી જાય છે તેમ, તેમાં જઠર અનાજ પર ઉપકાર નથી કરતું અને અનાજ લોહી બની જઠરને જીવાડે છે તેમાં ઉપકાર નથી.

તેથી ભક્તે તો પ્રભુનો જે કૃષ્ણાવતાર છે તેમાં સદાનંદ પૂર્ણત્વ જ છે તેના પ્રતિ સહજ પ્રીતિ કરવાની છે. મેં આટલી સેવા કરી છતાં હું નિર્ધન કેમ ? છતાં પ્રભુ મને દર્શન કેમ નથી દેતા ? મારી સાથે વાતો કેમ નથી કરતા ? આ સહજ પ્રીતિ નથી.

ગોપીજનોએ પ્રભુને પેટમાં દુઃખતું જાણી નરકનો ભય રાખ્યા વગર પોતાની ચરણરજ આપવા તત્પર થઈ ગઈ, તે સહજ પ્રીતિ છે. તે જ હિલગ છે.

વસંત પાલને

(૧૯૬) રાગ – બસંત ૪/૨૭

જસોદા નહિ બરજે અપનો કાન્હ અપનો કાન્હ સુંદર સુજાન
નીર ભરત ગઈ યમુના ઘાટ નહિ જાન દેત ધર રોક બાટ ૧
કબે ઝગર કહે લાવો દાન ઝપટ ચીર કરે ખેંચતાન ૨
પયપીબત, ઘુટરૂવન ચલત લાલ, યહ યમુના તટ ગયો કોને ચાલ ૩
તેરી બાત સુનત મોહી હાંસી આત, યહ પલના ઝુલત કછુ નહિ ખાત ૪
ગૌચર નિરખે તરૂન સબે છલત ફીરત કરે એસે કામ ૫
સકુચાય ગ્વાલ રહી મુખ વિહાર, **સૂરસ્યામ**કી લીલા અપાર ૬

ભાવાર્થ :

ગોપી યશોદાજીને ત્યાં ફરિયાદ કરવા માટે આવી છે અને તેમાં તે સૌ પહેલાં તો

જસોદાજી પર જ આક્ષેપ મૂકે છે કે હે જસોદા, તું તો તમારા કાન્હના અપલક્ષણ હોવા છતાં તેને વઢતી જ નથી જાણે કે પોતાનો કાન્હ ખૂબ જ ડાહ્યો ડમરો હોય ! (જસોદા નહિ બરજે અપનો કાન્હ અપનો કાન્હ સુંદર સુજાન). તેનાં કરતૂત સાંભળો, હું યમુનાના ઘાટે પાણી ભરવા ગઈ તો મને જવા નથી દેતો રસ્તો રોકી રાખે છે (નિર ભરન ગઈ યમુનાઘાટ જાન ન દેત ઘર રોકે બાટ) તો ક્યારેક ઝગડો ઊભો કરીને દાન માંગે છે તો ક્યારેક એકદમ અમારા અંગવસ્ત્રોની ખેંચ-તાણ કરે છે. (કબ ઝગર કહે લાવો દાન, ઝપટ ચીર કરે ખેંચતાણ).

ગોપીની ફરિયાદ સાંભળી લીધા પછી યશોદાજી ધીરેકથી કહે છે - તું તારી જાતે જ જો, તે તો હજુ સ્તનપાન કરે તેવડો જ છે અને હજુ તો ઢીંચણ ભર જ ચાલે છે. તો પછી તે યમુનાના કીનારે કોના પગે ચાલીને ગયો ? (પયપીવત ઘુટરૂવન ચલત લાલ યહ યમુના તટ ગયો કોને ચાલ)

તારી વાત સાંભળીને તો મને હસવું આવે છે (તું મજાક કરે છે કે પાગલપનમાં બોલે છે) તું તારી જાતે જ જો આ તો પાલનામાં ઝૂલે છે, તેવડો નાનો છે અને વળી હજુ અન્ન પણ નથી ખાતો. તા પછી તારી ફરિયાદનો તું જ ન્યાય કર.

ગોપી આ સાંભળી અને જોઈને ખૂબ જ વિસ્મિત થઈ ગઈ. તે વિચારે છે - હું તો સ્યામને ગાયો ચારે તેવો તરૂણ જોઉં છું, વળી તે તો બધાંની સાથે કપટ કરતો, છેતરતો ફરે છે. આવાં તો તેના કામ છે. (ગૌચારન નિરખે તરૂન સ્યામ સબે છલત ફિરત કરે એસે કામ).

હવે આ બન્ને પ્રકાર એકમાં કઈ રીતે હોઈ શકે તેમ વિચારતાં ગોપીની બુદ્ધિ કુંઠીત થઈ ગઈ તેથી તે શરમાઈ-સંકોચાઈને યશોદાજીનું મોઢું જ વકાસીને જોતી રહી. સૂરશ્યામ કહે છે આ સ્યામ કનૈયાની લીલા બુદ્ધિની સીમાની પાર છે (અપાર).

ધમાર કે પદ

(૧૯૭) રાગ – કાફી ૪/૭૨

રાધાવર ખેલત હોરી નંદગામ કે ગ્વાર ઈતે ઉત બરસાનેકી ગોરી
ડફ કરતાલ બજાવત ગાવત કેસર કુંકુમ ધોરી પરસ્પર રંગને બોરી ૧
ગાવત ગારી ગ્વાર માનો નવનાગરી નવજોવન જોરી
નંદલાલ બડો રસિયા હૈ હમ તેં કરત બરજોરી ફાગુનમેં કોનકી ચોરી ૨
દશોદીશ મેં ગુલાલ ધુમડ રહ્યો કાહૂ લખન પર્યોરી

ઔચક આપ ધાય ચંદ્રાવલી લલિતાદિક સબદૌરી, ગહ્યો કુંવર વર જોરી ૩
મોર મુકુટ વનમાલ મુરલીકા પિતાંબર લીયો છોરી
ભામિન વેશ બનાય કહત હૈં નંદરાયકી છોરી, બની છબિ કામ કમોરી ૪
દેદે તારી નચાવત ગ્વાલીન અપની અપની ઓરી
વા દિન કી સુધ ભૂલે લલારે યમુના તટ ચિર હર્યોરી આજ સખી દાવ પર્યોરી ૫
કૃષ્ણ રંગ ફગવા જો ભામતો દેકર બહોત નિહોરી
વ્હે આધીન વૃષભાન સુતાકે વિનતી કરે કર જોરી, દેઉ અપનો કર છોરી ૬

ભાવાર્થ :

જે શ્રીરાધાને અતીપ્રિય છે તેવા અને જેમને શ્રીરાધાજી અતીપ્રિય છે તેવા કૃષ્ણ હોળી ખેલે છે. આ ખેલમાં એક બાજુ નંદગામના ગ્વાલ છે અને બીજા પક્ષે બરસાનાગામની સ્ત્રીઓ છે. હોળીનો રંગ જામે માટે - ડફ, કરતાલ વગેરે વાજિંત્રો વગાડે છે અને સાથે સાથે ગાય છે અને કેસર-કુમકુમ વગેરેનો ઘોર-રઘડો બનાવીને જે રંગ બન્યો તેનાથી પરસ્પરને તળબોળ કરી દે છે. (૧)

આ બરસાનાની ગોરીઓ નાગરી કહેવાય છે. પરંતુ નંદલાલને તેમના ગાનમાં ગંવારની જેમ ગાળોને જોડી દઈને ગાય છે. એમનું યૌવન તાજું છે માટે તો નાગરીપણું ભૂલાઈ ગયું છે અને બીજું કારણ આ નંદલાલ પણ બહુ જ રસિક છે અને તેની રસિકતા બળજબરીથી પ્રકટ કરે છે તેથી. વળી ત્રીજુ કારણ ફાગુન માસમાં વનમાંપણ ફૂલ ખિલે છે તો અમારી વાણી ખૂલે તેમાં કોઈ ચોરી નથી. (૨)

કેમ કે પુરી પ્રકૃતિ ખીલી ઉઠી છે તો અમે કેમ ન ખિલીએ? ચારે બાજુ એટલો બધો ગુલાલ ઉડી રહ્યો છે કે કંઈ જ દેખાતું નથી. તેનો લાભ લઈને અચાનક ચંદ્રાવલીજી દોડી આવી અને સાથે લલિતા વગેરે બધી ગોરી પણ દોડી આવી અને કુંવર કન્હૈયાને પકડીને ઉઠાવી લઈ ગયા. (૩)

તે પછી તો તેમનો મોરમુકુટ, વનમાળા તથા પિતાંબર બધું જ ઉતારી લીધું અને તેમને સ્ત્રીવેશ ધારણ કરાવ્યો અને કહે - આ નંદરાયની છોરી તો મન ચોરી લે તેવી દેખાય છેને! અને બધીઓ જ તાળીઓ પાડી પાડીને પોત પોતાની બાજુ એમને નચાવવા લાગી. (૪)

આવું કેમ કર્યું તેનું કારણ કનૈયાને કહે છે - તે દિવસની યાદી ભૂલી ગયા લાગો છો. લલ્લા, કે જ્યારે તમોએ યમુનાજીને કિનારે અમારા ચિર હરી લીધા હતા. આજે હવે અમારો દાવ આવ્યો છે. (૫)

કૃષ્ણ તેઓને મનગમતું આપીને બહુ પ્રાર્થના કરીને આખરે વૃષભાનસુતા રાધાજીને આધીન થઈ ગયા. ત્યારબાદ હાથ જોડી પ્રાર્થના કરી કે હવે તો મારો હાથ છોડો. (૬)

વિશેષ ભાવાર્થ :

ગોપીપતિ એટલે કે જે નિઃસાધન છે તેવાના સ્વામી બનીને રહે છે. તે જેમનું રક્ષણ પોષણ કરે છે તેવા ઐશ્વર્યવાન પ્રભુ તેમના સમાનતાના ભાવે આવી આનંદમયી લીલા ક્રીડા કરી રહ્યા છે. ચિત્ર-વિચિત્ર સ્વચ્છંદ આનંદમયી લીલા તે જ હોરી. લીલા એક થઈ તો સંભવે નહિ તેથી 'બહુસ્યામ્' થયા. બહુસ્યામ્ કહેતાં શ્યામ જ અનેક થયા તેથી તો આપે કૃષ્ણ નામ ધર્યું. વ્રજમાં પતિશ્ચ-પત્નીશ્ચ પોતે જ થયા. જે પતિશ્ચ થયા તે રાધાવર. રાધાવર શબ્દમાં જ બહુસ્યામ નો અર્થ સમાઈ જાય છે. પુંભાવવાળા નંદગામના ગ્વાર થયા અને સ્ત્રીભાવવાળા બરસાનાની ગોરી થયા. બન્નેના ભાવ પણ વિરુદ્ધ, રંગ પણ વિરુદ્ધ. એક શ્યામ-કૃષ્ણ અને બીજા ગોરા. એક ઘનશ્યામ અને બીજાં તેની બરસવાની રાહ જોનારાં (બરસાના) ભક્ત. એક ભગવાન સર્વકાંઈ ધારણ કરવાવાળા અને બિજાં નિઃસાધન ભક્ત છતાંય આજે એવો (ખેલ) લીલા કરે છે કે ડફ, કરતાલ બજાવે છે. ડફ પુંભાવાત્મક ધ્વનિ તો કરતાલ સ્ત્રીભાવાત્મક ધ્વનિ કરનાર સાધન. ડફ તો (વાજિંત્ર) જોઈએ જ. કરતાલ ન હોય તો હાથેથી બજાવાતી તાળીને પણ કરતાલ કહેવાય. નિઃસાધન ભક્તો માટે કીર્તનના સાધનો પણ નથી તેથી તો પોતાનો દેહ એ જ સાધન અને તેથી ગળામાંથી અવાજ કાઢી ગાય છે. કુમકુમ રૂપ અનુરાગ અને કેસરરૂપ ઉત્સવના રંગથી પ્રભુ અને તેમના ભક્તો એકબીજાને ભિંજવી રહ્યા છે.

આ જે ભક્તો છે તે નાગરી છે સુસંસ્કૃત છે પણ તે તેથીય વિશેષ નવનાગરી છે. એટલે કે ધર્મ સહિતના ધર્મી જે છે તેવા ભગવાનને ચાહનારા સુસંસ્કૃત છે અને તેવાના મુખેથી જે શબ્દ નીકળે તે ગારી હોવા છતાં પણ પ્રભુને તો તે પ્રશસ્તિ જ લાગે છે. (શિશુપાલની દીધેલ ગાળોનો અર્થ શ્રીઆચાર્યજીએ પ્રશસ્તિના અર્થમાં ફેરવી દીધો તેમ) કેમ કે આ ભક્તો તો ગંવાર છે, તેમને કોઈ જ્ઞાનનો સ્પર્શ જ નથી તેથી તેમના શબ્દમાં જ્ઞાન નથી પણ પ્રેમ છે. આ ભક્તો તો ગારીનો અર્થ પણ પ્રેમ જ જાણે છે. તેઓના માટે તો સર્વ શબ્દોનો અર્થ કૃષ્ણપ્રેમ જ થાય છે. જેમ ચતુઃશ્લોકીમાં ચારે ય પુરૂષાર્થોના અર્થ કૃષ્ણપ્રતિ - કૃષ્ણથકી, કૃષ્ણમાં કૃષ્ણથી, કૃષ્ણમાંથી, કૃષ્ણનું તેમ દરેક વિભક્તિ કૃષ્ણમાં લાગે છે. તેથી તો વિભક્તિ ૮

હોવા છતાં અધિકતા સમસ્ત કહેતાં ૯ નવજોબન જે કંઈ બને છે તે કૃષ્ણાર્થ છે. જોરી કહેતાં કૃષ્ણ સાથે જોડે છે.

આ જે સારસ્વત કલ્પમાં નંદજીના ઘરે લાલનરૂપે જે પ્રકટ થયો છે. તે કોણ છે ? તો કહે છે, રસોવૈસઃ તે તો રસિયા જ નહિ 'બડો રસીયા' તેના સમાન કોઈ નથી અને તે અમારા ઉપર બરજબરી કરે છે એટલે કે પ્રમેય કરે છે. સુબોધિનીમાં કહે છે આ ગોપીકાઓ વ્યભિચારીણી છે. સવારથી રાત સુધી સંસારના કામમાં રચીપચી થાકી જાય છે અને રાત્રે ઊંઘી જાય છે. તેવી સંસારસક્ત તામસ અન્ય દેવોમાં વિશ્વાસ રાખનારીઓની ઉપર ભગવાને પ્રમેય કૃપા વિચારી તેમના નિરોધ પોતામાં સિદ્ધ કરી દીધો. આવી ગોપીઓ એકરાર કરે છે કે પ્રભુએ બળ-જોર કરીને અમને તેમના બનાવ્યા છે. આ ફાગણ માસ છે. અમારા જીવનની સાચી વસંત ખિલી છે. ત્યારે હવે જો અમે કુલ-કાન, લોક-વેદની મર્યાદામાં બંધાઈએ તો તો લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મોઢું ધોવા જવા જેવું થાય. અમે કંઈ ચોરી તો નથી કરતા કેમ કે અમે જેની સાથે પ્રેમ કરીએ છીએ તે સર્વ વ્યાપક છે. તે સર્વની અંદર-બહાર છે. તેના સાથેનો સંબંધ ખાનગી હોય જ કેવી રીતે ? તેથી આ કોઈ ચોરી નથી.

અમારા અંગે અંગમાં ગુલાલ (ગુલ;અલલ = કોમળ આભૂષણ) આ ખૂબ જ કોમળ તેવા પ્રભુ જ અમારા માટે આભૂષણ કહેતાં શૃંગાર બની ગયા છે અને એ પ્રભુ તો રસરૂપ છે. આ અલૌકિક કોમળ શૃંગાર કલ્પદ્રુમ અમારી દશે દિશામાં છવાઈ ગયો છે. તેમના સિવાય અમને કંઈ જ દેખાતું નથી. આપમાં બિરાજી રહેલા ધર્મો પણ દેખાતા નથી અને લોક કે વેદ પણ દેખાતા નથી. ત્યારે આવાં પ્રભુને માણવા માટે તલપાપડ તેવા અમારો દિવ્ય રાજસભાવ અચાનક પ્રભુ પ્રતિ દોડી ગયો (ચંદ્રાવલી), સાથે સાથે તામસભાવ પણ દોડયો અને 'આદિ' કહેતાં સાત્વિક ભાવ પણ સાથે ગયો. અમે સૌએ સાથે મળી (જોરી) ત્રણે ભાવ સહિત આજે કુમાર છે કે જે ત્રિલોકમાં શ્રેષ્ઠ છે (કુંવર વર) તેમને પકડી લીધા જે ન મળતા હોય તે મળી જાય ત્યારે પકડયા કહેવાય. જે છૂપાઈ ગયા હોય સહસ્ત્રં પરિવત્સરથી અને જ્યારે જીવના નિઃસાધનભાવથી લાચાર થઈ પ્રકટ થઈ જાય ત્યારે પકડાઈ જાય. જેનો અત્યંત વિરહભાવ થઈ નિઃસાધન થયા છે તેનાથી પ્રભુ પકડાઈ જાય છે. પણ જીવના સંતોષ ખાતર જીવે પકડી પાડયા તેવો ખેલ પ્રભુ જ કરે છે.

આવા ધર્મ સહિતના પ્રભુને માણવામાં ગોપીજનોને અડચણ આવે છે. આ

ફાગુણમાં તો જ્યારે પ્રભુએ સખ્યભાવની રમત છેડી છે, તેવી લીલા કરવી છે તો તેવી લીલાને અનુકૂળ બન્નેએ થવું પડે. જ્યારે જીવે સર્વ સાધનો છોડયા તો પ્રભુ પોતાના ધર્મો સાથે બિરાજે તે કઈ રીતે ચાલે ? તેથી આ ભક્તો પ્રભુના સર્વધર્મરૂપ મોરમુકટ-ઐશ્વર્ય - વીર્ય, વનમાલ યશ-શ્રી, મુરલીકા-જ્ઞાન, પિતાંબર-વૈરાગ્ય બધું જ દૂર કરે છે. ભક્તો દીનભાવ વાળા-સ્ત્રીભાવ વાળાં છે જેથી પ્રભુને પણ પોતાના સમાન ભાવવાળા બનાવવા ભામિની વેશ ધારણ કરાવે છે.

પ્રભુ સર્વસમર્થ હોવાથી પુંભાવાત્મક છે. આપે સ્ત્રીભાવને અનુભવવો છે જેમ રસરૂપ આનંદરૂપ પ્રભુને પોતાનો આનંદ માણવો છે તેથી તો 'એકોહમ્ બહુસ્યામ્' બન્યા અને આનંદમય બન્યા. કૃષ્ણમાંથી શ્રીકૃષ્ણ બન્યા, આનંદમાંથી પરમાનંદ બન્યો તે લીલા માટે તો આ ખેલ રચાયો છે. તેથી હવે ભક્તો પ્રભુને એવું સુખ આપવા રૂપ લીલા સંપન્ન થઈ જેથી પ્રસન્ન થઈને તારી બજાવે છે અને દરેક ગોપી પોતાના ભાવાનુસાર પ્રભુના રૂપને બનાવે છે. (અપની અપની ઓરી) પ્રભુ સર્વ-નારૂપના બનાવનાર છે તેવા પ્રભુના નામરૂપ ગોપી પોતાના મનોરથાનુસાર કરી રહી છે. પ્રભુનું નામ નંદરાયકી છોરી કર્યું, કામમોરી બન્યા. જે ભક્તો હતા તે આજે ભોગ્ય બન્યા. (સ્નેહ પ્રકટ અને માહાત્મ્ય અપ્રકટ) આ લીલા આજે પ્રભુ નથી કરતા પણ ગોપી કરી રહી છે. જે પર-પ્રભુ થાય તે પરનો અર્થ આજે ભક્ત બની ગયો છે. પ્રભુને આ ગોપીજનો યાદ કરાવે છે કે આપે ચિરહરણની લીલા કરીને અમારામાં રહેલા લૌકીક વેશ-વસ્ત્ર આપે હરિ લીધા હતા. અમે જ્યારે દીન થઈને હાથ જોડી આપ સમક્ષ ઊભા રહ્યા હતા (નિઃસાધન બની ત્યારે) ત્યારે આપે કૃપા કરી અમારો મનોરથ પૂરા કરી દેવાનો સંકલ્પ પ્રકટ કર્યો હતો. આપ તો સત્યસંકલ્પ છો જેથી આજે અમે તે અવસ્થાનો લાભ લઈ લીધો છ અને આપનું નામ સાર્થક કર્યું છે.

અમારા માટે ફગવા તે તો કૃષ્ણ રંગ એટલે કે જે સદાનંદરૂપ કૃષ્ણ છે તે જ રંગ, તેજ પૂર્ણાનંદ અમને ખૂબ જ પ્રિય છે તે કૃપા કરીને મળતો રહે. આવા પ્રભુ કે જે વૃષભાનસુતા - પરમાનંદરૂપા સ્વામીનીજી છે તેમને આધીન થઈ ગયા. સદાને માટે તેવા ભક્તોને પરમાનંદનું દાન આપવાનું વચન આપી દીધું હવે ભગવાન પોતાની ક્રિયાશક્તિ-કર તથા જ્ઞાનશક્તિ - વિનતી કરે એ બધું-સર્વ એકત્ર કરીને, એટલે કે આ વ્રજભક્તોને સર્વાત્મભાવનું દાન કરીને કહે છે, હવે તો મને મારા સર્વધર્મો, જે આપના કાબુમાં રાખ્યા છે તેને છોડો ! આ બ્રહ્માંડનાયક બનવાની છૂટ આપો !

(૧૯૮) રાગ – કાફી ૪/૭૩

નેહ લગ્યો મેરો સ્યામ સુંદરસોં
આયો બસંત સબી બન ફૂલે ખેતન ફૂલી સરસોં
મેં પીરી પિયાકે વિરહ્ સે નિકસત પ્રાણ અધરસોં
કહો જાય બંસીધરસોં ૧
ફાગુનમેં બહોરી ખેલત હૈ અપને અપને બરસોં
પિયકે વિયોગ જોગન વ્હૈ નિકરી ધૂર ઉડાવત કરસોં
ચલી મથુરાકી ડગરસોં ૨
ઉધો જાય દ્વારકામેં કહીયો ઈતની અરજ મેરી હરિસોં
બિરહવ્યથાસે જિયરા ડરત હૈ જબતેં ગયે હરિ ઘરસોં
દરસ દેખનકોં હોં તરસો ૩
સૂરદાસ મેરી ઈતની અરજ હૈ કૃપાસિંધુ ગિરિધરસોં
ગહેરી નદીયાં નાવ પુરાની અબકેં ઉબારો સાગરસોં
અરજ મેરી રાધાબરસોં ૪

ભાવાર્થ :

મારા હૃદયમાં રહેલો સ્નેહ સ્યામસુંદરથી લાગી ગયો છે. તે સ્યામ-કપટી હોવા છતાં પણ મારે મન તો સુંદર છે. આપના શૃંગારરસ (સ્યામ)માં એક અનેરું સૌંદર્ય છે. મારો સ્નેહ તેમનામાં જ લાગ્યો છે. બીજે ક્યાંય નથી લાગ્યો. (પરંતુ વિધિની વક્રતા તો જુઓ) કે વસંત - મદનરૂપે આવ્યો છે તેથી પોતાનો રસ સૌમાં પ્રકટ કર્યો છે તેથી બધાં જ વન ખિલી ઉઠયા છે. ઉત્સાહિત થઈને ફૂલ્યા છે. પોતાનું હૃદયસૌંદર્ય પ્રકટ કરી દીધું છે, પોતાના સ્નેહને વાચા આપી છે અને ખેતરોમાં સરસવ પણ ફૂલી - ખિલી છે જેથી પૂરું વન અને ક્ષેત્ર બધું જ પીળોરંગી થઈ ગયું છે. તેઓનો પીળોરંગ સંયોગ - ઉત્સાહનો છે પણ મારી પીળાશ તો ફીકાશને કારણે છે. મારામાં રહેલો રસ તો તિરોહિત થઈ ગયો છે કેમ કે મારો પ્રિય તો મારાથી દૂર છે. તેનો વિરહ, આ વસંત જોઈને ખૂબ જ તિવ્ર થઈ ગયો છે. હે ઉદ્ધવ, તમે જઈને એ મારા પ્રિય બંસીધરને એટલું જ કહો કે તારી પ્રિયતમાનો રસ તો તેની દસમી દસાએ પહોંચવાની તૈયારીમાં છે. તને પોકારતાં પોકારતાં તેના અધરમાંથી તલસાટથી પ્રાણ નિકળવાની તૈયારી જ છે. (૧)

તેનું કારણ એ છે કે આ ફાગુન માસ તો પિયુ-પ્રિયાની મિલનની ઋતુ છે. બધી

સ્ત્રીઓ પોતપોતાના વર (શ્રેષ્ઠ)ની સાથે ખેલે છે - પણ મારું વરણ જેની સાથે છે તે તો મારી સમિપ નથી, તેથી પિયાના વિયોગ દુઃખને કારણે હું તો જોગણ થઈ ગઈ છું. તારા વગર મને સર્વ ચિજ-વસ્તુમાં વૈરાગ્ય આવી ગયો છે. હું તો તે સર્વને તુચ્છ-ધૂળ જેવી જાણી ઉડાડી-ફેંકી દઈ રહી છું. પરંતુ મારી ગતિ તો, તું જે રસ્તેથી મારાથી દૂર ગયો હતો તે મથુરાના રસ્તે છે. (ચલી મથુરાકી ડગર સોં) (૨)

હે ઉદ્ધવ, તું ઠીક સમયે અહીં વ્રજમાં આવી ગયો. હવે ગોપીને ભાન થાય છે કે કૃષ્ણ તો મથુરા છોડી દ્વારકામાં બિરાજવાના છે. તેથી કહે છે હે ઉદ્ધવ તું દ્વારકા જઈને મારી આટલી અરજ તે હરિ પાસે પહોંચાડ. તે હરિ - દુઃખને હરવાવાળા છે તો માત્ર મારા જ દુઃખ કેમ નથી હરતા ? તું જ તો તેમનો સંદેશ લઈને મથુરાથી આવ્યો હતો તો હવે તું જ મારો સંદેશ પણ લઈ જા. તેમને કહે કે વિરહની વ્યથા હવે અસહ્ય થઈ ગઈ છે. મારા જીવને ડર છે કે તે ક્યાંય દર્શન વગર તો નિકળી નહિ જાયને ? આપ વ્રજ ત્યજીને ગયા ત્યારથી અમારી આ જ દશા છે (જબતેં ગયે હરિ ઘરસોં) અમારી દૃષ્ટિ માત્ર આપના દર્શનની પ્યાસી છે. આજ અમારો કામ-પુરૂષાર્થ છે (ઉદ્ધવ આવ્યાનો ભ્રમ છે). (૩)

હું તો સૂરદાસ - આંખોથી અંધ છું. મને તારા સિવાય કંઈજ દેખાતું નથી. જોવું પણ નથી. મારી વિનતી ફરી એકવાર સાંભળ અને તેનું કારણ પણ સાંભળ - તું તો કૃપાનો સાગર છે અને હું તો માત્ર તારી એક ઝલકની પ્યાસી છું. (તૂ પ્યારકો સાગર હૈ... તેરી એક બુંદ કે પ્યાસે હમ...) વળી તે તો વ્રજમાં અમારી એક માત્ર પૂકાર ''કૃષ્ણ બચાવ'' માત્રથી ગિરિને ધારણ કરીને ઈંદ્રના કોપથી બચાવી લીધા હતા ! ત્યારે તો પાણીની એક બુંદ પણ અમને સ્પર્શી ન્હોતી. પર્વતની એક કાંકરી પણ ખરી ન્હોતી અને તું ૭ દિવસ સન્મુખ હતો. પરંતુ આજે હું જે નાવમાં બેઠી છું તે નાવ તો એવી જૂની - પૂરાણી થઈ ગઈ છે કે ક્યારે ફાટી જાય તે કોણ જાણે ? મારા આયુષ્યનો કોઈ ભરોસો નથી. અને જે સંજોગ રૂપી નદી છે તે તો ખૂબ ઊંડી છે તેમાં પડયા પછી બચવાની કોઈ આશા નથી અને તું તો આ નદીને પેલે પાર દૂર ઊભો છે. આ નદી નદી નથી સાગર જેવી ખારી - ભયંકર ઉછાળા મારતી છે. હવે તો તું બચાવે તો જ બચાય. મારી પાસે તો મારાં કર્યાં કોઈ સાધન નથી. તું અમારી લાયકાતને કારણે તો અમને બચાવીને તારા દર્શન આપે તેવા અમે નથી પણ રાધાજીનો તો વર છે ને ! તો તેમની આડીથી તો અમને બચાવ ! અમો તો જ બચીયે, જો તું અમને મળીને દર્શન આપે ! (૪)

દ્વિતીય પાટ

(૧૯૯) રાગ – સારંગ ૨/૨૪૩

લાલ નેક દેખીયે ભવન હમારો
દ્વિતીય પાટ સિંહાસન બૈઠે અવિચલ રાજ તિહારો ૧
સાસ હમારી ખરીક સિધારી પીય વન ગયો સવારો
આસપાસ ઘર કોઉ નાહીં યહ એકાંત હૈ ન્યારો ૨
ઓટયો દૂધ સદ્ય ધોરી કો લેહુ શ્યામ ઘન પીજે
પરમાનંદદાસ કો ઠાકુર કછુ કહ્યો હમારો કીજે ૩

ભાવાર્થ :

ગોપી લાલનને પોતાના ઘરે પધારવા વિનવે છે. કે લાલન, જરાક મારું ઘર તો જોઈ જાઓ. આ મારો દેહ-ભવન તરફ આપની કૃપાદૃષ્ટિ કરીને આપના ચરણ તો મારા હૃદય, મસ્તક, નેત્ર પર ધરો ! (લાલ નેક દેખીયે ભવન હમારો).

આજે દ્વિતીય પાટ ઉત્સવ છે. એટલે કે લાલ તું પહેલાં શ્રી યશોદા નંદને ત્યાં પાટે બેઠો, આજે હવે મારે ત્યાં પાટે બેસ. અમારો સ્વામી-રાજા તું છે તેથી મારે ત્યાં, મારી સર્વ વસ્તુનો અંગીકાર કરીને મારા હૃદય સિંહાસન પર બિરાજ.

તો યશોદાજી કહે છે, આજે દ્વિતીય પાટોત્સવ છે. તું પહેલાં વસુદેવ-દેવકીના હૃદયનો તારો બન્યો હવે તું મારા હૃદયનો તારો બન્યો છે. તું અવિચલ ધ્રુવ-તારો છે મારા માટે મારા હૃદયમાં તારું અવિચલ રાજ છે.

ગુસાંઈજીના બાળકો કહે છે - શ્રીનાથજીને કે - આપ પહેલાં આપની ઈચ્છા મુજબ ગોવર્ધન પર્વત પર હરિદાસવર્યનું સિંહાસન બનાવીને જગતમાં પુષ્ટિ ભક્તિનો વાવટો ફરકાવવા બિરાજ્યા પણ આજે હવે આપ અમારા શતધરા ઘરમાં બિરાજ્યા છો. તો અમારા કુલદેવતા છો તેથી હવે હંમેશા અમારા તથા અમારા સેવકોના ઘરમાં બિરાજેલા રહો. અમારા દારાગાર પુત્ર આ લોક પરલોક તન-ધન-મન આત્મા સર્વ કંઈ આપનું છે. તમે જ તો અમારા સ્વામી છો અને અમે દાસ છીએ. તેમ કહીને સાતે બાળકો, વહુ, બેટી સર્વે સર્વકંઈ સમર્પિત કર્યું. શ્રીનાથજીએ પોતાની પ્રસન્નતા પ્રકટ કરવા તથા હું તમારે ત્યાં બિરાજ્યો છું તેવી ખાત્રી કરાવવા બેટીજીની નાનીસી વારી પણ માગી લીધી. (૧)

ગોપી કહે છે મારી સાસુ અને મારો પીય બન્ને બહિર્મુખ છે. તે સાસુ તો ગાયોની ખિરકમાં ગઈ છે. તે તો આપની અડધી સેવા કરે છે. ગાયોની સેવાથી આપની પરોક્ષ સેવા કરે છે અને લોકમાંનો મારો પિયુ તો વનમાં ગયો છે. તેને મારામાં પ્રિયતા નથી, તે તો વૈરાગી છે. તેથી તો વનમાં ગયો છે અને સાસુને લોકમાં મમતા છે તેથી ખિરકમાં છે. વળી ભક્તિ તો ભગવાન અને ભક્ત વચ્ચેનો માત્ર એકાંતિક સ્નેહનો પ્રકાર છે. ઘરમાં મારી આસપાસ સંસાર નથી જગત છે. તેથી આવું ન્યારું એકાંત છે. (૨)

તમોને જે ધૌરી ગાય અતી પ્રિય છે, જેને તમે પોતે જ ચરાવી લાવો છે તેના તાજા દૂધને ખૂબ ઉકાળીને મેં ઘાડુ બનાવ્યું છે તેને હે શ્યામ ઘન, આપ પીઓ.

જે પુષ્ટિજીવોને આપ દિનમાં આપ આપની સાથે ફેરવો છો અને કથા રસથી પુષ્ટ કરો છો તેવી ધૌરી ગાય જેવા અમે છીએ. આપના પ્રતિનો સ્નેહ અમે દિનભર આપના વિયોગમાં ખૂબ ખૂબ ઉકાળ્યો છે અને તેથી તો પ્રેમ ઘાડો થયો છે. આપ તો શ્યામ છો જેથી સર્વકોઈ આપનો ભાવ ધારણ કરી શકે તેમ નથી. પણ અમારા આ ઘાડા રસને પ્રેમને આપ રસઘન શ્યામ જરૂર આરોગો.

અમારા સ્નેહનો વિનિયોગ આપમાં થાય તો જ અમારું સમર્પણ સાર્થ થાય. દાસત્વ સાર્થક થાય. અમોને આપ તેના બદલામાં અલૌકિક આનંદ આપો છો. આપ આનંદ આપો છો કેમ કે આપ જ પરમાનંદ છો અને અમે દાસને તે નહિ આપો તો કોને આપશો ? કેમ કે આપ અમાર ઠાકુર છો.

બસ આટલી વિનતી અમારી સ્વીકારો અમારું કહ્યું આટલું કરો કે - લાલન દેખીયે ભવન હમારો... (૩)

વર્ષાકાલ – છાક

(૨૦૦) રાગ – મલ્હાર ૩/૪૨૦

દેખો ભૈયા ચહુંદિશ છાયે બાદર
સમજ બિચાર જિન મનમેં ફરી ફીરોગે નિરાદર ૧
બરખા રિતુ બન છાહન લીજે ભોજન સંગ બિરાદર
નિર્મલ તાલ તલૈયા કે જલ બોલત નીકે દાદુર ૨
હરી હરી ભૂમિ છાંડ કીત જઈએ ઓર કદમતર કાદર
ખિસલ પરે પરમાનંદ તબ હરિ જુર મિલ બૈઠે આદર ૩

ભાવાર્થ :

છાકનો સમય થયો છે, જેથી ભોજન વેળાસર લઈ લેવા માટે કનૈયાને ગોપબાળકો આગ્રહ કરે છે. ગોપબાળ કનૈયાને કહે છે જુઓ ભૈયા આકાશમાં ચારોદિશામાં વાદળ છવાઈ ગયા છે. તેથી જો તમે તમારા મનમાં વિચાર નહિ કરો કે સમજશો નહિ તો પછી ભોજન વગરના રહી જશો અને એમ જ ઉદ્વેગ સાથે ભટક્યા કરવું પડશે. (૧)

માટે આ વર્ષાઋતુમાં તો પોતાના મિત્રો સાથે આ વનમાં છાંયો પકડી લેવો જોઈએ. જૂઓ આપણા આચવન માટે બાજુમાં જ ચોખ્ખા જળનું તળાવ છે અને આ દેડકાં પણ સુંદર અવાજ કરે છે. (૨)

હવે આવી સુંદર હરિયાળી છોડીને બીજી કઈ જગા સારી મળવાની છે ? વળી અહીં તો મજબૂત (કાદર) કદમની છાયા પણ છે. એવામાં પ્રભુ-કનૈયો જ્યારે લપસી પડયો ત્યારે આપ ગોપબાળકો સાથેની મંડળીમાં આવીને શાંતિથી ભોજન માટે બિરાજ્યા. (૩)

વિશેષ ભાવાર્થ :

જીવ તો દૈવી છે પરંતુ અહંકારથી ભ્રમિત મન વાળો થઈ ગયો છે. સાચી વાત કહેનારની વાત નથી માનતો ત્યારે શ્રીઆચાર્યજી તેવા જીવને નમ્ર ભાવે કહે છે કે, જૂઓ ચારે દિશાથી કળીયુગનો પ્રભાવ છવાઈ ગયો છે. તે કળીયુગ ક્યારે પ્રહાર કરશે તે અનિશ્ચિત છે માટે જો તમે આ સંબંધ એટલે કે તમારા આત્મિક કલ્યાણ સંબંધે વિચાર જ નહિ કરો કે સાચું ખોટું શું ? તેની સમજ નહિ કેળવો તો સમય વિતે પસ્તાશો. પછી આ ભૂતલ ઉપર હીનયોનિમાં ભટક્યા કરશો.

કળિયુગના સૌથી મોટો ગુણ છે કે હરિનો સંગ કરવામાં આવે તો ઉદ્ધાર થઈ જાય. કર્મ-જ્ઞાન માર્ગનું અત્યારે સામર્થ્ય નથી કેમ કે તે તો ચિત્ત શુદ્ધિ થયા પછી જ અધિકાર મળે તેમ વેદમાં કહે છે. વેદતો ક્રિયા (પૂર્વ કાંડ) જ્ઞાન (ઉત્તર કાંડ)નો ઉપદેશ કરનાર છે. ભક્તિની આ વિશિષ્ટતા છે માટે ભક્તિનો આશ્રય લઈ લો (છાંહન લીજે). આ (બન) સંસારમાં, આ યુગમાં એ આધાર છે જેમાં પ્રભુની સાથે રહીને તમારું જીવન જીવો. પ્રભુને તમારા જીવન સાથે જોડી દો. (ભોજન સંગ બિરાદર).

અહીં તો શુદ્ધ ભજનાનંદ જે અમૃતથી પણ અધિક છે. તેવા રસના સરોવર ભર્યા પડયા છે. જીવનના અંતે, તેના પાનથી જીવનપૂર્ણ થઈ જશો (ભોજન પૂરું થયે

જલ-આચમન વગેરે) અને પ્રભુના ગુણગાન પણ આનંદ આપનારા છે (બોલે નીકે દાદુર) આવી સુંદર ભક્તિમાર્ગને છોડીને બીજે ક્યાં જવા જેવું છે ? વળી, અહીં તો અતીદૃઢ તેવા પૂર્ણબ્રહ્મ પુરૂષોત્તમ શ્રીકૃષ્ણાનો આધાર છે. તેમના જેટલું સમર્થ કોઈ નથી.

પરમાનંદદાસ કહે છે કે - પણ હું જ્યારે લપસણી ભૂમિ પર ફસડાઈ ગયો ત્યારે મને શ્રીઆચાર્યજીની વાણીમાં યથાર્થતા સમજાઈ અને ત્યારે હું જે સૌના દુઃખ (ભગવદઅપ્રાપ્તિરૂપ) હરવાવાળા છે તેમની સાથે મારા જીવનને જોડી દઈને (જૂર) બેઠો જીવન જોડવા માટે સ્નેહની પ્રાથમિક આવશ્યક્તા છે. પરંતુ આ સમર્થ ઈશ્વર છે તે પણ નથી ભૂલવાનું માટે આદર પૂર્વક બેઠો. આમ પુષ્ટિમાર્ગીય ભક્તિની વ્યાખ્યા સમજી વિચારી બેઠો. હવેગમે તેવી દિશાઓથી વાદળ ઘન-આવે તો પણ હું ભટકીશ નહિ. અરે પરમાનંદરૂપ ભોજન ભજનનાનંદના નિર્મળ જલનું પાન પણ કરીશ.